સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૫ ▪ Volume 69 ▪ Issue 21 ▪ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ સુદ - ૯ ▪ મુંબઈ ▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૪ મે ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### જોર કા ઝટકા, ધીરે-ધીરે સે લગે...
## પેટ્રોલ, ડીઝલ, સીએનજીના ભાવ ફરી વધ્યા

**દસ દિવસમાં જ ઈંધણ લિટરદીઠ પાંચ રૂપિયા મોંઘું થયું**

નવી દિલ્હીઃ દેશમાં પેટ્રોલ, ડીઝલ અને કૉમ્પ્રેસ્ડ નેચરલ ગૅસ (સીએનજી)ના ભાવમાં ફરી વાર શનિવારે વધારો થયો હતો. દેશમાં છેલ્લા દસ દિવસમાં જ વાહનોના ઇંધણના ભાવમાં લિટર-દીઠ અંદાજે રૂપિયા પાંચનો વધારો થયો છે.

પેટ્રોલનો ભાવ લિટર-દીઠ ૮૭ પૈસા, ડીઝલનો ભાવ લિટર-દીઠ ૯૧ પૈસા અને સીએનજીનો ભાવ કિલોગ્રામ-દીઠ રૂપિયા એક વધ્યો છે.

અખાતમાં ચાલી રહેલા યુદ્ધને લીધે ઇંધણની ઊભી થયેલી અછત અને તેના વધી રહેલા ભાવનો બોજો ઇંધણ વેચતી સરકારી કંપનીઓએ જનતા પર નાખવાનું શરૂ કર્યું છે.

દિલ્હીમાં પેટ્રોલનો ભાવ લિટર-દીઠ રૂપિયા ૯૮.૬૧થી ૮૭ પૈસા વધીને રૂપિયા ૯૯.૫૧ થયો છે.

દેશની રાજધાનીમાં ડીઝલનો ભાવ લિટર-દીઠ રૂપિયા ૯૧.૫૮થી ૯૧ પૈસા વધીને રૂપિયા ૯૨.૪૯ થયો છે.

દિલ્હીમાં સીએનજીનો ભાવ રૂપિયા ૮૦.૦૯થી રૂપિયા એક વધીને રૂપિયા ૮૧.૦૯ થયો છે.

સરકારી કંપનીઓ દ્વારા વાહનોના ઈંધણમાં કરાતા ભાવ-વધારાને ધ્યાનમાં રાખીને નાયરા એનર્જી જેવી ખાનગી ફ્યુઅલ રિટેલર્સે પણ ભાવ-વધારો કર્યો છે. નાયરા એનર્જીએ માર્ચમાં પેટ્રોલના ભાવમાં લિટર-દીઠ રૂપિયા પાંચ અને ડીઝલના ભાવમાં લિટર-દીઠ રૂપિયા ત્રણનો વધારો કર્યો હતો.

શૅલે પહેલી એપ્રિલથી પેટ્રોલનો ભાવ લિટર-દીઠ રૂપિયા ૭.૪૧

(જુઓ પાનું ૨) ▸▸

OLD GOLD UPGRADE
Festival
GET 100% VALUE
+ ₹250 PER GRAM EXTRA
ON EXCHANGE OF OLD GOLD
TODAY'S GOLD RATE
₹ 14,562/-
PER 1 GRAM OF 22KT
ANTARA GOLD & DIAMONDS
T&C Apply
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

માનવતાના પ્રતિકને અગણિત પ્રણામ
પૂજ્ય આચાર્ય શ્રી ચંદનાજી સાધ્વીજી
વિરાયતન - રાજગિર, બિહાર



આપનો સર્વેને હૃદયસ્પર્શી સંકેત
" स्मृतियाँ बढ़ाई जा सकती है,
तर्क तीक्ष्ण किया जा सकता है,
बुद्धि भी तीव्र हो सकती है,
पर वह कौन-सा सूत्र और शास्त्र है,
जिससे दिल बड़ा किया जा सके
ऐसा शास्त्र लिखा जाना अभी शेष है..."
: વિનીત :
ચંદ્રકાંત ગોસાલિયા
B.E. (CIVIL)
(Ex M.L.A.)
M.: 9820283099
આશિષ ગોસાલિયા
B.E. (Constn.), D.A.M., M.E. (Constn. Mgmt.)
Tel.: 2888 9911

**પ્રથમ દર્શન બાબા બર્ફાનીનાઃ** અમરનાથ ગુફામાં બનેલા અંદાજે સાત ફૂટ ઊંચા શિવલિંગના સૌથી પહેલાં દર્શન શનિવારે સૈનિકોએ કર્યાં હતાં. અમરનાથયાત્રા ત્રીજી જુલાઈથી શરૂ થશે. બે મહિના ચાલતી અમરનાથયાત્રામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ ભાગ લઈને શિવલિંગના દર્શન કરે છે. અમરનાથયાત્રાનું એડવાન્સ રજિસ્ટ્રેશન ૧૫ એપ્રિલથી શરૂ થયું છે. બૅન્કોની નિર્ધારિત ૫૫૪ શાખામાંથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા કરાય છે. રક્ષાબંધનને દિવસે એટલે કે ૨૮ ઑગસ્ટે અમરનાથયાત્રા પૂરી થાય છે.



**અમેરિકાએ વિઝાના નીતિનિયમો બદલ્યા**
## ગ્રીન કાર્ડ ઈચ્છુક ૧૨ લાખ ભારતીય પરિવાર મુસીબતમાં

વૉશિંગ્ટનઃ યુએસ સિટીઝનશિપ ઍન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઈએસ)એ ગ્રીન કાર્ડ માગી રહેલા વિદેશી નાગરિકોનો વસાહતીનો માર્ગ સીમિત કરતી નવી નીતિની જાહેરાત બાદ નીતિના અમુક પાસાં પાછા લીધા હતા જેથી ભારતીય કામદારો સહિત આંતરરાષ્ટ્રીય પ્રોફેશનલ્સ મુશ્કેલીમાં મુકાયા છે

યુએસસીઆઈએસએ શુક્રવારે નવી નીતિનો મેમો જાહેર કર્યો હતો જેનાથી કાયમી વસવાટ કે ગ્રીન કાર્ડના ઈચ્છુક અને હંગામી વિઝા ધરાવતા વિદેશી નાગરિકોને માટે માર્ગ વિકટ બન્યો હતો. આની સીધી આસરે ૧૨ લાખ ભારતીય-અમેરિકન પરિવારો પર પડશે.

નવી નીતિ પ્રમાણે હંગામી વિઝા પર અમેરિકા રહેતા વિદેશી નાગરિકોએ તેમના દેશમાં પાછા ફરીને અમેરિકન એલચીકચેરી કે રાજદુતાલયમાં ગ્રીન કાર્ડની અરજી કરવાની રહેશે અને અમેરિકામાં જ રહીને વિઝાની કેટેગરી બદલવાનો

(જુઓ પાનું ૨) ▸▸

## કૉક્રોચ જનતા પાર્ટીને લાગ્યું તાળું

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ શનિવારે આક્ષેપ કર્યો હતો કે અમારા બધા સોશ્યલ મીડિયા અકાઉન્ટ્સનું ઍક્સેસ બંધ કરાયું છે. મારું અંગત ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પણ હૅક કરાયું છે. તેણે સોશ્યલ મીડિયા 'એક્સ' પરની પૉસ્ટ પર જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

## પધારો વાઈટ હાઉસમાંઃ ટ્રમ્પનું મોદીને આમંત્રણ

**અમેરિકાના વિદેશ પ્રધાન માર્ક રુબિયોને મળ્યા પછી મોદીએ કહ્યું કે ભારત અને અમેરિકા વૈશ્વિક હિતાર્થે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે**

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોની સાથે પશ્ચિમ એશિયાની કટોકટી અને બન્ને દેશ વચ્ચેના સંરક્ષણ, વેપાર, ઊર્જા સુરક્ષા, વ્યૂહાત્મક ટૅક્નોલૉજી સહિતના ક્ષેત્રના સહકાર અંગે દ્વિપક્ષી મંત્રણા કર્યા બાદ જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વૈશ્વિક હિતાર્થે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

રુબિયોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળીને દ્વિપક્ષી સંબંધ ઉપરાંત આંતરરાષ્ટ્રીય મુદ્દે પણ મંત્રણા કરી હતી અને ભારતના વડા પ્રધાનને નજીકના ભવિષ્યમાં વાઇટ હાઉસની મુલાકાત લેવા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વતી આમંત્રણ આપ્યું હતું. અગાઉ, અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ શનિવારે નવી

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકા-ઈરાન શસ્ત્રવિરામ લંબાશે?

**બે મહિના માટે શસ્ત્રવિરામ લંબાવવા બંને દેશ તૈયારઃ ટૂંકમાં જાહેરાત**

વૉશિંગ્ટનઃ જો અમેરિકા અને ઇરાન વચ્ચે હાલ ચાલી રહેલી મંત્રણામાં છેલ્લી ઘડીએ શાંતિ કરાર નહીં થાય તો અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઇરાન પર ફરી હુમલો કરવાનું વિચારી રહ્યા છે, એવો અહેવાલો વચ્ચે પાકિસ્તાનથી આવેલા અહેવાલો મુજબ બંને દેશ વચ્ચે બે મહિના કે ૬૦ દિવસ માટે શસ્ત્રવિરામ લંબાવવામાં આવે એવી શક્યતા છે. બંને દેશ આના માટે તૈયાર છે અને આ સંબંધી જાહેરાત ટૂંકમાં જ કરવામાં આવે એવી શક્યતા છે. બંને દેશ શસ્ત્રવિરામના ગાળામાં ઇરાનના અણુકાર્યક્રમ સંબંધે મંત્રણા કરે એવી શક્યતા છે. પાકિસ્તાનના લશ્કરના વડા અસીમ મુનીર તહેરાનની મુલાકાત લીધી હતી અને શાંતિ

(જુઓ પાનું ૨) ▸▸

રાજસ્થાની મહારાજ સાથે
શીખરજી | સ્પીતિ
કોંકણ | ચારધામ
અયોધ્યા | ગોવા
કેરલા | લેહ લદાખ
Pankaj Chheda 98695 59938
HAZEL Treks N Tours SINCE 2003 KHAR WEST

## આંતરરાષ્ટ્રીય કરારો ભારતીય યુવાનોને લાભ મળે એ માટે જ કરાયા છેઃ વડા પ્રધાન


નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું કે ભારતની આંતરરાષ્ટ્રીય ભાગીદારી દેશના યુવાનોની સેવા કરવા માટે હેતુપૂર્વક રચાયેલી છે અને ડઝનબંધ દેશોનું પ્રતિનિધિત્વ કરતા વૈશ્વિક કોર્પોરેશનોના નેતાઓએ ભારતના યુવાનો અને તેની ટેકનોલોજીકલ પ્રગતિ વિશે વાત કરી છે.

'રોજગાર મેળા'માં ૫૧,૦૦૦થી વધુ યુવાનને કેન્દ્ર સરકારની નોકરીઓ માટે નિમણૂક પત્રોનું વર્ચ્યુઅલી વિતરણ કર્યા પછી, મોદીએ એમ પણ કહ્યું કે આવનારા વર્ષોમાં 'વિકસિત ભારત' ના વિઝનને સાકાર કરવામાં યુવાનો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

તાજેતરમાં પૂર્ણ થયેલા પાંચ દેશના તેમના પ્રવાસ વિશે માહિતી આપતા, એમણે ડઝનબંધ દેશોનું પ્રતિનિધિત્વ કરતા વૈશ્વિક કોર્પોરેશનોના નેતાઓએ ભારતના યુવાનો અને તેની ટેકનોલોજિકલ પ્રગતિ વિશે વ્યક્ત કરેલા ઉત્સાહને અભિવ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું કે, દુનિયા ભારતની વિકાસ યાત્રાનો ભાગ બનવા માંગે છે. મોદીએ સ્પષ્ટ કર્યું કે

(જુઓ પાનું ૨) ▸▸






## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૪-૫-૨૦૨૬ થી તા. ૩૦-૫-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સમગતિએ મેષ રાશિમાં સમગ્ર માસમાં ભ્રમણ કરે છે. બુધ વૃષભ રાશિમાંથી તા. ૨૯મીએ શીઘ્ર ગતિએ પ્રવેશે છે. સમગ્ર માસમાં બુધ અતિચારી ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. માર્ગી શુક્ર મિથુન રાશિમાં અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે સિંહ રાશિમાં રહે છે. તા. ૨૫મીએ કન્યામાં, તા. ૨૭મીએ તુલામાં પ્રવેશે છે. તા. ૩૦મીએ વૃશ્ચિકમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં આ સપ્તાહમાં સાપ્તાહિક દૈનિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૨૯ શુભ જણાય છે. નવા કારોબારનો પ્રારંભ થાય. કાર્યક્ષેત્રે સ્વતંત્રપણે નિર્ણયો લઈ શકશો. મહિલાઓને સંતાનની જવાબદારીમાં સાવધાની દાખવવી જરૂરી છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસની તક પ્રાપ્ત થાય. મિત્રોનો સહયોગ પ્રાપ્ત થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં આત્મવિશ્વાસ દઢ બનશે. સપ્તાહના ટ્રેડિંગના કામકાજમાં નિયમિત રહેશો. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૨૯ શુભ જણાય છે. નોકરીના નિર્ણયો એકંદરે સફળ પુરવાર થશે. સામાજિક રાજકીય પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીના કામકાજ સફળ બની રહેશે. મહિલાઓનો સહપરિવાર પ્રવાસ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નિર્ણયો લેવા માટે મિત્રોનો સહયોગ પ્રાપ્ત થશે.

મિથુન (ક, છ, ઘ) : ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારથી નાણાં લાભ મેળવશો. નવું રોકાણ શક્ય છે. નોકરીમાં તા. ૨૪, ૨૫, ૩૦ શુભ જણાય છે. નોકરીના અધિકારીની કૃપા પ્રાપ્ત કરશો. સામાજિક, રાજકીય, જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં સાવધાની દાખવવી જરૂરી છે. નાણાંના વ્યવહારમાં સતર્કતા દાખવવી જરૂરી છે. મહિલાઓને વડીલોનો સહયોગ પ્રસંગોની જવાબદારીમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ અપેક્ષિત અભ્યાસના નિર્ણયો લઈ શકશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન પદ્ધતિનું કામકાજ પ્રારંભી શકશો. કાર્યક્ષેત્રે વગ વધશે. પ્રતિષ્ઠા વધશે. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૩૦ શુભ જણાય છે. નોકરી અર્થેનો પ્રવાસ ઉપયોગી જણાશે. નાણાંની આવક વધશે તથા નવા આવકનાં સાધનો પણ પ્રાપ્ત કરશો. મહિલાઓ કુટુંબીજનોમાં સંપ અને એકવાક્યતા અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબના નિર્ણયો લેવા માટે પરિવારજનોની મદદ પ્રાપ્ત થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા પ્રકારના કામકાજને અપનાવવામાં સફળ રહેશો. નોકરી માટે તા. ૨૫, ૨૮, ૨૯ શુભ જણાય છે.ભાગીદારીના નિર્ણયોમાં આ સપ્તાહ શુભ પુરવાર થશે. કારોબારના મિત્રોમાં સંપ જાળવી શકશો. નાણાં આવકની મૂંઝવણ હળવી થશે તથા આર્થિક જરૂરિયાતો પણ સંપન્ન થશે. મહિલાઓ આ સપ્તાહમાં પતિનો સહયોગ નિજી પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત કરશે. અનારોગ્યમાં ઝડપી સુધારો થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં પરિવર્તનો જણાય છે. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૨૯ શુભ જણાય છે. સપ્તાહના પ્રવાસ શુભ નીવડશે. કુટુંબના કારોબારમાં પ્રગતિ જણાશે. નાણાવ્યવસ્થા જળવાઈ રહેશે. તા. ૨૬, ૨૭, ૩૦ કાર્યક્ષેત્રે મહિલાઓને સફળતા દર્શાવે છે. મહિલાઓને પરિવારજનોનો સહયોગ પણ કામકાજમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસની પ્રવૃત્તિઓ માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં નિયમિતતા જાળવી શકશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકાણ માટેના નિર્ણયોના અમલમાં વિલંબ થાય તેમ છે. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ નીવડશે. નોકરી માટે તા. ૨૪, ૨૫, ૨૮, ૨૯ શુભ જણાય છે. નોકરીના મિત્રો જૂનાં કઠિન કાર્યો પૂર્ણ કરવા માટે ઉપયોગી થશે. સામાજિક જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યશસ્વી પુરવાર થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારની પ્રવૃત્તિઓ સફળ જણાશે. નાણાઆવક જળવાઈ રહેશે. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૨૭ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં એકવાક્યતા જળવાશે. મિલકત–વાહનની ખરીદીમાં સાવધાની દાખવવી જરૂરી છે. ભાગીદાર સાથેના વિવાદોનો ઉકેલ આવશે. નાણાવ્યવહાર જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થાય. મહિલાઓના સ્વાસ્થ્યમાં ઝડપી સુધારો થાય. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા જાળવી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું નિયમિત કામ જળવાઈ રહેશે, પરંતુ વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. મુસાફરી દ્વારા નોકરીના કામકાજ સંપન્ન થાય. નોકરી માટે તા. ૨૪, ૨૫, ૨૭ શુભ જણાય છે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ કરી શકશો. નાણાંની અનુકૂળતાઓ અનુભવશો. આ સપ્તાહમાં મહિલાઓ કુટુંબીજનોમાં માન–પાન મેળવશે. પરસ્પર સમજૂતી જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓના અભ્યાસેત્તર પ્રવૃત્તિના કામકાજ નિયમિત જળવાઈ રહેશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લે–વેંચનો વેપાર લાભદાયી પુરવાર થશે. શેરબજારની પ્રવૃત્તિઓ એકંદરે ઉત્સાહપ્રેરક બની રહેશે. નોકરી માટે તા. ૨૮, ૨૯, ૩૦ શુભ જણાય છે. નોકરીના અધિકારી તથા સહકાર્યકરો સહયોગી બનશે. વાહન–મકાન–મિલકતનો નિર્ણય લઈ શકશો. પ્રવાસથી નાણાલાભ મેળવશો. કુટુંબમાં મહિલાઓનું માન–પાન વધશે. વગ વધશે. સાધન–સગવડતાઓ મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે જરૂરી સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં બેધ્યાનપણું આવે તેમ છે. નુકસાન દર્શાવતા ગોચરગ્રહો દર્શાવે છે, પરંતુ લાંબા સમયનું નાણારોકાણનો નિર્ણયનો અમલ કરી શકશો. નોકરી માટે તા. ૫, ૨૫, ૨૬, ૨૯ શુભ જણાય છે. ઉદ્યોગો પાછળ નવું નાણારોકાણ ગોચરગ્રહ ફળ દર્શાવતું નથી, પરંતુ નવી પ્રવૃત્તિઓનો પ્રારંભ શક્ય જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજ માટે સફળ તકોની પ્રાપ્તિ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનો સહયોગ મળશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજ નિયમિત બનતા જણાશે. નોકરી માટે તા. ૨૪, ૨૫, ૨૯, ૩૦ શુભ પુરવાર થશે. મુસાફરી દ્વારા નોકરીના કામકાજ સંપન્ન થશે. વ્યવસ્થા જાળવવા માટે સતર્કતા દાખવવી જરૂરી છે.સાહસિકતાથી નવી પ્રવૃત્તિઓનો પ્રારંભ થઈ શકશે. હસ્તગત કામકાજની પ્રવૃત્તિઓ સફળ બની રહેશે. નિયમિતતા અને કાર્યક્ષમતાનો પૂર્ણ ઉપયોગ મહિલાઓ પોતાના કાર્યક્ષેત્રે સફળતાથી કરી શકશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત કરશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, રવિવાર, તા. ૨૪-૫-૨૦૨૬, શ્રી હરિ નવમી

ભારતીય દિનાંક ૩, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ સુદ –૯
જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ સુદ–૯
પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
મીસરી રોજ ૮મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૦ સુધી (તા. ૨૫), પછી ઉત્તરા ફાલ્ગુની.
ચંદ્ર સિંહમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૫, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
ભરતી ઃ સવારે ક. ૦૬–૧૫, રાત્રે ક. ૧૮–૩૯
ઓટઃ બપોરે ક. ૧૨–૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૩૯ (તા. ૨૫)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અધિક જયેષ્ઠ શુક્લ – નવમી. શ્રી હરિ નવમી
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, ખાખરાનું વૃક્ષ વાવવું, નિત્ય થતાં દુકાન–વેપાર, સ્થાવર લેવડદેવડના કામકાજ, વિશેષરૂપે શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સ્વામીનારાયણ મંદિરોમાં હરિનવમીનો વિશેષ પૂજા ઉત્સવ.
પુરુષોત્તમ માસ મહિમાઃ ઈશ્વરની સેવા પૂજા, ભજન કીર્તન, કથા વાર્તા, દેવદર્શન, પરમાર્થ, પરોપકાર, પુણ્યદાન, વગેરે પુરુષોત્તમ માસના વિશિષ્ટ પુણ્યદાયી કાર્યો છે.આ મહિનામાં સોના, ચાંદી, તામ્ર કે કાંસાના પાત્રમાં માલપુઆ મૂકીનેતેનું દાન કરવું પરમ કલ્યાણકારી અન પિતૃદોષ નિવારક માનવામાં આવેછે. અધિક માસમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૫મા અધ્યાય (પુરુષોત્તમ યોગ)નું નિયમિત પઠન કે શ્રવણ કરવાથી અજ્ઞાનતાનો નાશ થાયછે.
આચમનઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ જુઠ્ઠું બોલવાની આદત.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ
ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–મેષ, માર્ગી બુધ–વૃષભ, માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૪-૫-૨૦૨૬ થી તા. ૩૦-૫-૨૦૨૬

રવિવાર, અધિક જયેષ્ઠ સુદ–૯, વિ. સં. ૨૦૮૨, તા. ૨૪મે, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૦ સુધી (તા. ૨૫), પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ નવમી. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, અધિક જયેષ્ઠ સુદ–૧૦, તા. ૨૫મી. નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૮–૦૮ સુધી (તા. ૨૬), પછી હસ્ત. ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૯–૦૬ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ગંગા દશહરા સમાપ્તિ. શુભ દિવસ.

મંગળવાર, અધિક જયેષ્ઠ સુદ–૧૧, તા. ૨૬મી, નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૨૯–૫૬ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. એકાદશી વૃદ્ધિ તિથિ છે. ભદ્રા સાંજે ક. ૧૭–૪૨ થી મધ્યરાત્રિ પછી ક. ૩૦–૨૧ (તા. ૬). શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, અધિક જયેષ્ઠ સુદ–૧૧, તા. ૨૭મી, નક્ષત્ર ચિત્રા. ચંદ્ર કન્યામાં સાંજે ક. ૧૮–૫૯ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. કમલા એકાદશી (કેરી), શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, અધિક જયેષ્ઠ સુદ–૧૨, તા. ૨૮મી, ૨૦૨૬, નક્ષત્ર ચિત્રા સવારે ક. ૦૮–૦૭ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, બકરી ઈદ (મુસ્લિમ). (શુભ દિવસ)

શુક્રવાર, અધિક જયેષ્ઠ સુદ–૧૩, તા. ૨૯મી, નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૧૦–૩૭ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલામાં સવારે ક. ૦૬–૩૮ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. બુધ મિથુનમાં ક. ૧૧–૧૪. શુભ દિવસ

શનિવાર, અધિક જયેષ્ઠ સુદ–૧૪, તા. ૩૦મી, નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૩–૧૯ સુધી, પછી અનુરાધા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, ભદ્રા પ્રારંભ સવારે ક. ૧૧–૫૭, વિંછુડો પ્રારંભ સવારે ક. ૦૬–૩૮. શુભ કાર્ય વર્જ્ય છે. ■

# ચીનમાં કોલસાની ખાણમાં વિસ્ફોટઃ ૯૦નાં મોત

બેઇજિંગઃ ઉત્તર ચીનમાં એક કોલસાની ખાણમાં ગેસ વિસ્ફોટ થતાં મોટી દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં ૯૦ ખાણિયાઓનાં મોત નીપજ્યા હતા. તેમજ અત્યાર સુધીમાં ૨૦૧ ખાણિયાઓને બચાવી લેવામાં આવ્યા છે. આ અહેવાલ ચીનના સરકારી મીડિયાએ શનિવારે આપ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર આ વિસ્ફોટ શુક્રવારે સાંજે લિયુશેન્યુ કોલસા ખાણમાં થયો હતો. હજુ પણ બચાવ કામગીરી ચાલી રહી છે. સરકારી અખબાર ચાઇના ડેલીના અહેવાલ મુજબ ચીનના ઉત્તરી શાંક્સી પ્રાંતના ચિનયુઆન કાઉન્ટીમાં કોલસાની ખાણ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ૯૦ થવા પામ્યો છે. ચીનના પ્રમુખ શી જિનપિંગે મોટા પાયે બચાવ અભિયાન ચલાવવા અને ઘાયલોની સારવારના આદેશ આપ્યા છે. તેમણે દુર્ઘટનાના કારણોની સંપૂર્ણ તપાસ કરાવવાનો પણ આદેશ આપ્યો છે. શીએ ભારપૂર્વક જણાવ્યું કે દેશભરના અધિકારીઓએ આ દુર્ઘટનામાંથી બોધ લેવો જોઇએ, કાર્યસ્થળો પર સલામતીને લઇને સતર્ક રહેવું જોઇએ. ■

## દિલ્હી ઍરપોર્ટ પર ૪૮ કરોડનો હાઇડ્રોપૉનિક ગાંજો જપ્ત

નવી દિલ્હીઃ દિલ્હીના ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ ઍરપોર્ટ ખાતે ૪૮ કરોડ રૂપિયાના હાઈડ્રોપૉનિક ગાંજા સાથે બે થાઈ નાગરિક ઝડપાયા હોવાનું અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

ધરપકડ કરાયેલા બંને થાઈ નાગરિક બૅંગકોકથી આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

દિલ્હી આઈજીઆઈ ઍરપોર્ટ ખાતે તાજેતરમાં ઝડપાયેલો ડ્રગ્સનો આ સૌથી મોટો જથ્થો હોવાનું તેમણે કહ્યું હતું.

દિલ્હી ઍરપોર્ટ કસ્ટમ્સ કમિશનર અરવિંદ સરણે કહ્યું હતું કે તાજેતરના વરસોમાં દેશના અન્ય કોઈપણ ઍરપોર્ટ પર ઝડપાયેલો ડ્રગ્સનો આ સૌથી મોટો જથ્થો હતો. (એજન્સી) ■

## ઈવાન્કા ટ્રમ્પની હત્યા કરવા માગતું હતું ઈરાન?

વૉશિંગ્ટનઃ એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની પુત્રી ઇવાન્કા ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઇઆરજીસી)ના આતંકવાદી દ્વારા હત્યાના પ્રયાસનું નિશાન બની હતી. એક અહેવાલમાં જણાવાયું હતું કે કાવતરા પાછળના શંકાસ્પદ, જેની ઓળખ મોહમ્મદ બાકર સાદ દાઉદ અલ-સાદી તરીકે થઈ છે, તેણે ૨૦૨૦માં ઇરાની લશ્કરી કમાન્ડર કાસેમ સુલેમાનીની હત્યાનો બદલો લેવા માંગ્યો હતો. સૂત્રોને ટાંકીને અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ૩૨ વર્ષીય અલ-સાદીએ, ઇવાન્કાને મારવાનું વચન આપ્યું હતું અને તેના ફ્લોરિડા ઘરનો બ્લુપ્રિન્ટ પણ ધરાવે છે.

આ ઇરાકી નાગરિકે કથિત રીતે સોશ્યલ મીડિયા પર ધમકીઓ પોસ્ટ કરી હતી જેમાં અમેરિકનોને ચેતવણી આપવામાં આવી હતી કે હું અમેરિકનોને કહું છું કે આ ચિત્ર જુઓ અને જાણો કે તમારા મહેલો કે સિક્રેટ સર્વિસ તમારું રક્ષણ નહીં કરે. ■

# અમેરિકાનાં ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડનું રાજીનામું

વૉશિંગ્ટનઃ અમેરિકાના નેશનલ ઇન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ભારતીય મૂળના અમેરિકન નેતા ગબાર્ડે તેમના પતિ કૅન્સર સામે ઝઝૂમી રહ્યા હોવાથી પદ છોડવાની ફરજ પડી રહી હોવાનું જણાવ્યું હતું. ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન રાજીનામું આપનારા તેઓ ચોથા કેબિનેટ અધિકારી છે.

સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરેલા રાજીનામા પત્રમાં ગબાર્ડે જણાવ્યું કે તેણીએ ટ્રમ્પને જણાવી દીધું છે કે તે ૩૦ જૂને પદ છોડી દેશે. તેણીએ કહ્યું કે તાજેતરમાં જ તેમના પતિને હાડકાના એક દુર્લભ પ્રકારના કૅન્સરનું નિદાન થયું છે. હવે આગામી અઠવાડિયા અને મહિનાઓમાં તેમને મોટા પડકારોનો સામનો કરવો પડશે. ■

## યુક્રેનના ડ્રૉન હુમલા પછી રશિયાના ઑઇલ ટર્મિનલમાં ભીષણ આગ

કીવઃ રશિયાના ક્રાસ્નોદર પ્રદેશના સ્થાનિક અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે રાત્રે યુક્રેનિયન ડ્રૉન હુમલાથી બીજા રશિયન તેલ ટર્મિનલમાં આગ લાગી હતી, જે મોસ્કોના મહત્ત્વપૂર્ણ તેલ ઉદ્યોગ પરનો તાજેતરનો હુમલો હોવાનું મનાય છે. નોવોરોસિયસ્ક શહેરના અધિકારીઓએ સુવિધાનું નામ લીધા વિના જણાવ્યું હતું કે ડ્રૉનનો કાટમાળ પડવાથી તેલ ટર્મિનલમાં આગ લાગી હતી, જેમાં બે જણ ઘાયલ થયા હતા. યુક્રેનિયન ડ્રોને શેશખારિસ તેલ ટર્મિનલ અને ડેપો પર હુમલો કર્યો હતો, જે રશિયન સરકાર-નિયંત્રિત પાઇપલાઇન કંપની ટ્રાન્સનેફ્ટની આ પ્રદેશમાં મુખ્ય તેલ પાઇપલાઇન્સ માટેનું ટર્મિનસ છે. ■

## યુવાન 'કૉક્રોચે' સાફ કરી યમુના

મથુરાઃ ઉત્તર પ્રદેશમાં યમુના નદીમાં વધતા પ્રદૂષણથી રોષે ભરાયેલો મથુરાનો એક યુવક 'કૉક્રોચ'નો વેશ ધારણ કરીને નાચતો-ગાતો શુક્રવારે મ્યુનિસિપલ કૉર્પોરેશન ઓફિસે પહોંચ્યો હતો. સામાજિક કાર્યકર્તા દીપક શર્માએ વંદાના વેશમાં ચેતવણી આપી કે જો આ મુદ્દાઓ પર તાત્કાલિક ધ્યાન નહીં આપવામાં આવે તો આગામી દિવસોમાં યમુનાની સ્થિતિ વધુ ખરાબ થશે. શર્માએ કહ્યું કે ગદંકી પ્રત્યે તદ્દન આંખ આડા કાન કરનારા 'અક્ષમ' અધિકારીઓની આંખો ખોલવા માટે તેમને વંદા જેવો વેશ ધારણ કરવાની ફરજ પડી હતી. ■

## સમાચાર સંક્ષેપ

### સભ્યતા કા ક્રેશ કૉર્સ કર લોઃ રુબિયોને સલાહ

તહેરાનઃ અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયો શનિવારે પ્રથમ જ વાર ભારતની મુલાકાતે આવી પહોંચ્યાનાં તુરંત બાદ ઈરાને 'થોડા શિખ લો યાર... સભ્યતા કા ક્રેશ કૉર્સ, ફ્રી મે મિલ જાયેગા'ની ટિપ્પણી કરી સોશ્યલ મીડિયા મારફતે તેમના પર આકરાં પ્રહાર કર્યા હતા. મુંબઈ આવેલા રુબિયાની પૉસ્ટને ટાંકીને મુંબઈસ્થિત ઈરાનની એલચી કચેરીએ સોશ્યલ મીડિયા પર આ ટિપ્પણી કરી હતી. ગયા વર્ષના મધ્યથી બંને દેશ વચ્ચે વણસેલા સંબંધોને ફરી સુધારવા રુબિયો ભારત આવ્યા છે. (એજન્સી)

### 'ભવ્ય સ્કીમ' માટે ચાર મહિનાની મહેતલ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે શનિવારે કહ્યું હતું કે ૩૩,૬૬૦ કરોડની 'ભારત ઔદ્યોગિક વિકાસ યોજના' ('ભવ્ય') અંતર્ગત રાજ્યો પચાસ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા ચાર મહિનાની અંદર અરજી કરી શકશે. કેન્દ્રીય પ્રધાનમંડળે આગામી છ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૬-૨૭થી વર્ષ ૨૦૩૧-૩૨ સુધીમાં દેશભરમાં ૧૦૦ પ્લગ ઍન્ડ પ્લે ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિકસાવવાની યોજનાને ૧૮મી માર્ચે મંજૂરી આપી હતી. (એજન્સી)

### વીબી-જી રામ જીના નિયમોનો મુસદ્દો જાહેર

નવી દિલ્હીઃ 'વિકસિત ભારત-ગૅરન્ટી ફૉર રોજગાર ઍન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) ઍક્ટ, ૨૦૨૫' (વીબી-જી રામજી) અંતર્ગત કેન્દ્ર સરકારે શનિવારે નિયમોના મુસદ્દાની ઔપચારિક જાહેરાત કરી હતી. પહેલી જુલાઈથી 'મનરેગા'નું સ્થાન લેનાર નવી ગ્રામીણ રોજગાર યોજનાને અમલી બનાવવા સંસ્થાકીય માર્ગદર્શક અને વહીવટી માળખાની જાહેરાત કરી હતી. આ મુસદ્દાને અંતિમ સ્વરૂપ આપવા સરકારે લોકોને સૂચનો અને ભલામણો મોકલવા જણાવ્યું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### પેટ્રોલ, ડીઝલ

અને ડીઝલનો ભાવ લિટર–દીઠ રૂપિયા પચીસ વધાર્યો હતો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રિઝ લિમિટેડ અને બીપી પીએલસીના સંયુક્ત સાહસ જિયો-બીપી દ્વારા પોતાના પમ્પ્સ ખાતે વાહનોના ઈંધણના ભાવ જાહેર ક્ષેત્રની કંપનીની સાથે-સાથે વધાર્યા હતા.

જાહેર ક્ષેત્રની કંપનીઓ દ્વારા શનિવારે વાહનોનો ઈંધણના કરાયેલા ભાવ–વધારા બાદ તેઓના મુંબઈમાંના પમ્પ્સ ખાતે પેટ્રોલ લિટર–દીઠ રૂપિયા ૧૦૮.૪૯ અને ડીઝલ લિટર–દીઠ રૂપિયા ૯૫.૦૨ના ભાવે વેચાતું હતું. કોલકાતામાં પેટ્રોલ રૂપિયા ૧૧૦.૬૪ અને ડીઝલ રૂપિયા ૯૭.૦૨, જ્યારે ચેન્નઇમાં પેટ્રોલ રૂપિયા ૧૦૫.૩૧ અને ડીઝલ રૂપિયા ૯૬.૯૮ના ભાવે વેચાતું હતું.

દેશમાં વિવિધ રાજ્યમાંના સ્થાનિક કરવેરાને લીધે ઈંધણનો ભાવ બધે અલગ–અલગ છે.

દેશમાં ઈંધણની માર્કેટમાં સરકારી માલિકીની કંપનીઓ - ઈન્ડિયન ઑઇલ કોર્પોરેશન (આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)નો ૯૦ ટકા હિસ્સો છે. પેટ્રોલ અને ડીઝલનો ભાવ ૨૦૨૨ના મે પછી અત્યારે સૌથી વધુ છે. (એજન્સી) ■

### ગ્રીન કાર્ડ

વિકલ્પ કાઢી નખાયો હતો. નવી નીતિ જાહેર કરવાના કલાક બાદ યુએસસીઆઈએસએ અમુક સુધારા પાછા ખેંચ્યા હતા અને બે અપવાદ 'આર્થિક લાભ' અને 'રાષ્ટ્રીય હિત' દાખલ કર્યા હતા.

યુએસસીઆઈએસના પ્રવકતા ઝેક કાહલરે એક નિવેદનમાં કહ્યું હતું કે સ્ટેટસ અરજીમાં કૉંગ્રેસના આશયની વર્ષો સુધી અવગણના કર્યા બાદ યુએસસીઆઈએસ હવે એ આશયને ફરી સ્થાપિત કરે છે અને એનો પુનરૂચ્ચાર કરે છે. અમે આ આશયને અમલમાં મૂકવા માગીએ છીએ પરંતુ જે લોકોની અરજી આર્થિક લાભ પૂરો પાડશે અથવા તો રાષ્ટ્રીય હીતમાં હશે એ લોકો અમેરિકામાં રહીને સ્ટેટસ બદલવાની અરજી કરી શકશે. જોકે બે વ્યાપક શરત એટલે કે આર્થિક લાભ અથવા તો રાષ્ટ્રીય હીતમાં હશે આવા નાગરિકો અમેરિકામાં રહીને ગ્રીન કાર્ડની અરજી કરી શકશે.

આ હિલચાલથી એચ વનબીના વિઝા સાથે રહેતા ભારતીય નાગરિક સહિત વિદેશી નાગરિકોને લાભ થશે. ઈબી-બે અને ઈબી-ત્રણ બેકલોગ કેટેગરીમાં અરજી કરનારા ભારતીય નાગરિકોને નુકસાન થશે. આ કામદારોને વિઝા નંબર મેળવવા દસથી પંદર વર્ષથી રાહ જોવી પડે છે. આ ભારતીય કામદારોને હવે અમેરિકા છોડીને ગ્રીન કાર્ડની અરજી પોતાના દેશમાં જઈને કરવી પડશે. (એજન્સી) ■

### પધારો વાઈટ હાઉસમાં

દિલ્હીમાં અમેરિકાની એમ્બસીના સપોર્ટ ઍનેક્સ બિલ્ડિંગના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે ભારતમાંના બિઝનેસ પ્રૉફેશનલ્સને પ્રાધાન્ય આપવા માટે 'અમેરિકા ફર્સ્ટ' વિઝા શેડ્યૂલ શરૂ કરવામાં આવ્યું છે અને તેને લીધે ભારત - અમેરિકાના દ્વિપક્ષી આર્થિક તેમ જ વ્યૂહાત્મક સંબંધને વધુ મજબૂત બનાવવામાં મદદ મળશે.

રુબિયોએ ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધને હિંદ-પ્રશાંત વિસ્તારમાંના અમેરિકાના અભિગમની 'આધારશિલા' ગણાવી હતી.

ચાર દેશ (ભારત, અમેરિકા, જાપાન અને ઑસ્ટ્રેલિયા)ના સંગઠન 'ક્વાડ' (ક્વૉડ્રિલેટરલ સિક્યોરિટી ડાયલૉગ)ના વિદેશ પ્રધાનોની બેઠકની પહેલાં રુબિયો રવિવારે ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરને પણ મળશે. રુબિયો મંગળવારે 'ક્વાડ'ની બેઠકમાં ભાગ લેતા પહેલાં સોમવારે આગરા અને જયપુરની મુલાકાત પણ લેવાના છે.

અમેરિકાના વિદેશ પ્રધાને દિલ્હી જતાં પહેલાં કોલકાતામાં મધર ટેરેસાના 'મિશનરી ઑફ ચેરિટી'ની મુલાકાત લીધી હતી.

અગાઉ, ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પાંચ અઠવાડિયાં પહેલાં ત્રણ દિવસની વૉશિંગ્ટન ડીસીની મુલાકાત લીધી હતી અને અમેરિકાના ઉચ્ચ અધિકારીઓ સાથે મંત્રણા કરી હતી. (એજન્સી) ■

### કૉક્રોચ જનતા

અનેક 'ટેકડાઉન્સ' (બંધ કરવું) અને 'હૅકિંગ'ની શ્રેણીબદ્ધ ઘટના બાદ અમને અમારા સોશ્યલ મીડિયા અકાઉન્ટ્સની ઍક્સેસ નથી મળતી.

કૉક્રોચ જનતા પાર્ટીનું 'એક્સ' પરનું અકાઉન્ટ બંધ કરાવાયું, તેના બે દિવસ પછી અભિજિત દીપકેએ નવું અકાઉન્ટ ખોલ્યું હતું.

મેડિકલ કૉલેજોમાં પ્રવેશ માટેની પરીક્ષા 'નીટ-યુજી ૨૦૨૬'ના પેપર ફૂટી ગયા અને લેવાયેલી આ પરીક્ષા રદ કરીને નવેસરથી આ ટેસ્ટ લેવાની તારીખ જાહેર કરાતા કેન્દ્રના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી કરતી શરૂ થયેલી ઝુંબેશના ભાગરૂપે શુક્રવારે કૉકરોચ જનતા પાર્ટીની રચના કરાઇ હતી. અભિજિત દીપકેએ પોતાને મોતની ધમકી આપતા સંદેશાના સ્ક્રીનશૉટ પણ શૅર કર્યા હતા.

તેણે જણાવ્યું હતું કે કૉકરોચ જનતા પાર્ટી સામે કડક પગલાં લેવાઇ રહ્યા છે. ઇન્સ્ટાગ્રામ પૅજ હૅક કરાયું છે. મારું અંગત ઇન્સ્ટાગ્રામ પણ હૅક કરાયું છે. ટ્વિટર અકાઉન્ટ બંધ કરાવાયું છે. બૅક અપ અકાઉન્ટ પણ બંધ કરાવાયું છે.

અભિજિત દીપકેએ જણાવ્યું હતું કે અમારા કોઇ પણ (સોશ્યલ મીડિયા) પ્લેટફૉર્મ્સની ઍક્સેસ નથી. હવે પછી તેના પર મુકાનારી કોઇ પણ પૉસ્ટ કૉકરોચ જનતા પાર્ટીનું સત્તાવાર નિવેદન નહિ ગણાય.

કૉક્રોચ જનતા પાર્ટીની વૅબસાઇટ - cockroachjantaparty.org - બંધ કરાવાઇ છે અને તે ખોલી નથી શકાતી. (એજન્સી) ■

### આંતરરાષ્ટ્રીય કરારો

ભારતની આંતરરાષ્ટ્રીય ભાગીદારી હેતુપૂર્વક તેના યુવાનોની સેવા કરવા માટે રચાયેલ છે.

ઉદ્દેશ એ છે કે ભારતના યુવાનોને રોજગાર અને વૈશ્વિક સ્તરે એક્સપોઝર મળે, એમ તેમણે કહ્યું.

યુએઇ, નેધરલેન્ડ્સ, સ્વીડન, નોર્વે અને ઇટાલીની તેમની મુલાકાતોના રાજદ્વારી અને આર્થિક પરિણામો વિશે વિગતવાર વાત કરતા, પીએમએ દરેક રાષ્ટ્ર સાથે થયેલા ક્ષેત્ર-વિશિષ્ટ કરારો અને સંવાદોની રૂપરેખા આપી હતી.

તેમણે કહ્યું કે નેધરલેન્ડ્સ સાથે સેમિકન્ડક્ટર, પાણી, કૃષિ અને અદ્યતન ઉત્પાદન પર ચર્ચાઓ થઈ; સ્વીડન સાથે એઆઇ અને ડિજિટલ નવીનતાના ક્ષેત્રોમાં સહયોગ પર; નોર્વે સાથે ગ્રીન ટેકનોલોજી અને દરિયાઈ સહયોગ પર યુએઇ સાથે વ્યૂહાત્મક ઊર્જા અને ટેકનોલોજીની ભાગીદારી પર અને ઇટલી સાથે સંરક્ષણ, મહત્ત્વપૂર્ણ ખનિજો અને વિજ્ઞાન અને ટેકનોલોજી પર કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. મોદીએ આ સહયોગના લાંબા ગાળાના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે આ એવા ક્ષેત્રો છે જે આગામી પચીસ વર્ષ માટે વૈશ્વિક વિકાસને વ્યાખ્યાયિત કરીને ઉદ્યોગોને આકાર આપશે.

શનિવારે દેશભરમાં ૪૭ સ્થળે 'રોજગાર મેળો' યોજાયો હતો. ભારતના તમામ ભાગોમાંથી પસંદ કરાયેલ યુવાનો વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં જોડાશે, જેમાં રેલવે, ગૃહ બાબતો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, નાણાકીય સેવાઓ અને ઉચ્ચ શિક્ષણ વિભાગો, વગેરેનો સમાવેશ થાય છે. ■

### અમેરિકા-ઈરાન

કરાર કરવાના છેલ્લી મિનિટના પ્રયાસમાં મુનીરની સાથે કતારનું પ્રતિનિધિમંડળ પણ જોડાયું હતું.

અમેરિકા દ્વારા નવેસરથી સૈન્ય હુમલા કરવામાં આવે તેવી વધી રહેલી આશંકાઓ વચ્ચે ઇરાને પોતાનો એરસ્પેસ (હવાઇ સીમા) સંપૂર્ણપણે બંધ કરી દીધી છે.

ટ્રમ્પે શુક્રવારે સવારે ઇરાન અંગે પોતાના સુરક્ષા ચીમના સિનિયર અધિકારીઓ સાથે વાતચતી કરી હતી. પ્રમુખ સાથે સીધી વાતચીત કરનાર સૂત્રોએ માહિતી આપી હતી કે જો શાંતિ સંધિના છેલ્લી ઘડીના પ્રયાસો સફળ નહીં થાય તો ટ્રમ્પ ઇરાન પર નવેસરના હુમલા કરવા ગંભીરતાથી વિચારી રહ્યા છે.

મુનીર ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોરના કમાન્ડર જનરલ અહમદ વાહીદી સાથે શનિવારે વાતચીત કરી હતી. ઇરાનની નિર્ણય લેવાની પ્રક્રિયામાં વાહીદ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

અમેરિકાના અધિકારીએ કહ્યું હતું કે ચર્ચા નિરુત્સાહી રહી છે અને મુસદ્દા દરરોજ પાછળ અને આગળ જાય છે.

શુક્રવારની બેઠકમાં ટ્રમ્પ ઉપરાંત ઉપપ્રમુખ જેડી વૅન્સ, સંરક્ષણપ્રધાન પીટ હેગસેથ, સીઆઈએના ડિરેક્ટર જોન રેટક્લિફે, વાઇટ હાઉસના કર્મચારીનાં વડાં સુઝી વેલ્સ અને બીજા અધિકારીઓ હાજર રહ્યા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે ઇરાન કરાર કરવા મરી રહ્યું છે. આપણે જો ઈએ શું થાય છે. અમે ઇરાન પર ભયંકર હુમલો કરીશું અને અમારી પાસે વિકલ્પ નથી કારણ કે ઇરાન પાસે અમુ હથિયારો ન હોવા જોઈએ. (એજન્સી) ■

# મતદાર યાદીમાં તમારું નામ અને સરનામું બદલવા માગો છો?

મુંબઈઃ રાજ્ય ચૂંટણી પંચની શુક્રવારે પત્રકાર પરિષદ યોજાઈ હતી. રાજ્ય ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોક્કલિંગમે આ અંગે માહિતી આપતાં કહ્યું કે, આગામી સમયમાં મતદારયાદી અંગે મહત્વની કામગીરી કરવામાં આવનાર છે. આ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું કે, અમે દર વર્ષે સુધારણા માટે જઈએ ત્યારે અમે પૂછીએ છીએ કે હાલની યાદીમાં તમારે કોઈ ફેરફાર કરવો છે? તમારું સરનામું, ફોટો કે લગ્ન પછી તમારું નામ બદલવું છે? જો આવા કોઈ ફેરફાર કરવાના હોય, તો અમે ફોર્મ ભરાવીએ છીએ. જો કોઈ ફેરફાર ન હોય તો ફોર્મ ભરતા નથી, આ અમારા સમરી રિવિઝનની પ્રક્રિયા છે, એવી માહિતી એસ. ચોક્કલિંગમે આપી હતી. ''૨૦ જૂનના રોજ મતદારયાદીમાં સામેલ પ્રત્યેક મતદારનું એન્યુમરેશન ફોર્મ તૈયાર કરવામાં આવશે. એટલે કે ૨૦ જૂનના રોજ મતદારયાદીમાં જે મતદારોના નામ છે, તેમનું નામ, સરનામું અને તમામ વિગતો એન્યુમરેશન ફોર્મમાં પ્રિન્ટ કરીને આપવામાં આવશે, તે દરેક લોકોના ઘરે લાવવામાં આવશે. ત્યાં તેમને બે પ્રશ્નો પૂછવામાં આવશે કે જે માહિતી બતાવવામાં આવી રહી છે તે સાચી છે કે તેમાં કોઈ ફેરફાર થયો છે?' ફેરફાર હોઈ શકે છે. આ તમામ ફેરફારો કરવા માટે તક આપવામાં આવી રહી છે,'' એવી તેમણે માહિતી આપી હતી. અમે ચાર પ્રશ્નો પૂછીએ છીએ. શું કોઈને ખબર છે કે મતદાર અહીંથી ત્યાં ક્યાં ગયો છે? પછી તેને ગેરહાજર તરીકે નોંધવામાં આવે છે. શું મતદાર બીજી જગ્યાએ ગયો છે? અમે તેનું રેકોર્ડ કરીએ છીએ. જો કોઈનું મૃત્યુ થાય છે, તો અમે મૃત્યુ પ્રમાણપત્રની નકલ લઈએ છીએ અને તેની પ્રક્રિયા કરીએ છીએ. ઉપરાંત, જો કોઈ ડુપ્લિકેટ હોય, તો અમે કાર્યવાહી કરીએ છીએ. ચૂંટણી પંચ ડુપ્લિકેટ નામો શોધવા માટે કામ કરી રહ્યું છે. જો નામો મેળ ખાય છે, તો બધું તપાસવું પડશે અને એક સરખા ફોટાવાળા નામો શોધવા માટે નવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે, ચોક્કલિંગમે વધુમાં જણાવ્યું હતું. તમે જાણો છો કે, આપણા રાજ્યમાં ઘરે-ઘરે જઈને જનગણના ચાલી રહી છે. તેથી રાજ્ય સરકારે વિનંતી કરી હતી કે, જ્યાં સુધી વસ્તી ગણતરીનું કામ પૂરું ન થાય ત્યાં સુધી ચૂંટણી પંચે એસઆઈઆરની કામગીરી શરૂ ન કરવી જોઈએ. તે મુજબ ચૂંટણી પંચે આ વિનંતી માન્ય રાખી છે. ૩૦ જૂનથી ૨૯ જુલાઈ સુધી અમારા બીએલઓ ઘરે-ઘરે આવશે. આ સમય દરમિયાન આપણા મતદારોએ કઈ માહિતી આપવી તે ખૂબ જ મહત્વપૂર્ણ છે', તેમ એસ. ચોક્કલિંગમે જણાવ્યું હતું.

તેમણે વધુમાં માહિતી આપતાં કહ્યું કે, જ્યારે ૨૦૦૨ થી ૨૦૦૪ દરમિયાન એસઆઈઆર થયું હતું, ત્યારે તમે ક્યાં હતા? તેની માહિતી આપવી જરૂરી છે. તેને આપણે મેપિંગ કહીએ છીએ. તે કામ અમે આંતરિક રીતે છેલ્લા બે મહિનાથી કરી રહ્યા છીએ. ■

# મુંબઈ એરપોર્ટ પર ૧૧.૨૫ કરોડનું ડ્રગ્સ જપ્ત

## ચાર પ્રવાસી ઝડપાયા

મુંબઈઃ ડિરેક્ટરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર બે અલગ અલગ કાર્યવાહીમાં આશરે ૧૧.૨૫ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડ્યું હતું અને આ પ્રકરણે ચાર વિદેશી નાગરિકની ધરપકડ કરી હતી.

ડીઆરઆઇની ટીમે મળેલી માહિતીને આધારે ૨૨ મે, ૨૦૨૬ના રોજ અદિસ અબાબાથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવેલા બે પ્રવાસીને આંતર્યા હતા, જેમાં એક મહિલાનો સમાવેશ હતો. પૂછપરછમાં તેમણે કબૂલ્યું હતું કે તેઓ ડ્રગ્સ ભરેલી કેપ્સ્યૂલ્સ શરીરમાં છુપાવીને લાવ્યા છે. આથી બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં અને તેમના પેટમાંથી ૮૪ કેપ્સ્યૂલ્સ કાઢવામાં આવી હતી, જેમાં ૧.૪૦ કિલો કોકેઇન હતું અને તેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત સાત કરોડ રૂપિયા છે. એ અગાઉ ડીઆરઆઇના અધિકારીઓએ ૧૯ મે, ૨૦૨૬ના રોજ કરેલી કાર્યવાહીમાં ૪.૨૫ કરોડ રૂપિયાનું કોકેઇન પકડી પાડવામાં આવ્યું હતું. એ દિવસે પણ અદિસ અબાબાથી મહિલા સહિત બે વિદેશી પ્રવાસી મુંબઈ એરપોર્ટ પર આવી પહોંચ્યાં હતાં. તેઓ પણ ડ્રગ્સ ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળીને આવ્યાં હતાં. બંને પ્રવાસીના પેટમાંથી ૬૩ કૅપ્સ્યૂલ્સ નીકળી હતી, જેમાં ૮૫૦ ગ્રામ કોકેઇન હતું, જેને પગલે બંનેની ધરપકડ કરવામાં આવી હતી. ■

# ચોપાટી પર આવતા પર્યટકોની સુરક્ષા માટે લાઈફગાર્ડની સંખ્યામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસામાં દરિયાકિનારા પર આવતા પર્યટકો અને મુંબઈગરાની સુરક્ષા માટે લાઈફગાર્ડની સંખ્યામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે ચોમાસામાં ભરતી દરમ્યાન પર્યટકોના દરિયામાં તણાઈ જવાના બનાવ વધી જતા હોય છે તેથી તેને ધ્યાનમાં રાખીને લાઈફગાર્ડની સંખ્યા વધારવામાં આવી છે.

ચોમાસામાં દરિયામાં ઊંચા મોજાં ઉછળતાં હોય છે અને આ સમય દરમ્યાન દરિયાકિનારા પર ભારે ભીડ જોવા મળી રહી છે. તેથી શહેરના ૧૪૯ કિલોમીટર લાંબા દરિયાકિનારા પર પર્યટકોના ડૂબી જવાનો સતત ભય રહેતો હોય છે. મુંબઈ ફાયર બ્રિગેડે ભરતીના પ્રવાહો, ભૂપ્રદેશ અને પર્યટકોની સંખ્યા (ઘનતા) જેવાં પરિબળોને આધારે ગિરગાંવ, દાદર, જુહુ, વર્સોવા, આક્સા અને ગોરાઈને ઉચ્ચ જોખમી દરિયાકિનારા તરીકે વર્ગીકૃત કર્યા છે. દરિયાકિનારા પર સલામતીનું સંચાલન કરવા માટે, બીએમસી વાર્ષિક ધોરણે ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા ૯૩ લાઇફગાર્ડ્સ તૈનાત કરે છે, જ્યારે ૧૧ પાલિકા કર્મચારીઓની વધારાની સ્ટેન્ડબાય રેસ્ક્યુ ટીમ કટોકટીની ઘટનાઓ માટે સતર્ક રહે છે.

પાલિકાએ ૨૦૨૨માં દૃષ્ટિ લાઇફ સેવિંગ પ્રા.લિ. ની નિમણૂક કરી હતી, જેની ૩૦ જૂન, ૨૦૨૫ના કૉન્ટ્રેક્ટ પૂરા થતા ત્રણ વર્ષનાં સમયગાળા માટે મુંબઈ ફાયર બ્રિગેડ હેઠળ લાઇફગાર્ડ કામગીરી અને જાળવણીનું સંચાલન કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, નવી એજન્સી માટે નવા ટેન્ડર બહાર પાડવા છતાં પાલિકાએ ઔપચારિક રીતે કરાર લંબાવ્યા વિના હાલની વ્યવસ્થા ચાલુ રાખી હતી.

મુંબઈના દરિયા કિનારા પર ૨૪ કલાક નજર રાખવા અને કટોકટી દરમિયાન ઝડપી પ્રતિભાવ આપવા માટે, શહેરના દરિયાકિનારા પર બે શિફ્ટમાં લાઇફગાર્ડ્સ તૈનાત કરવામાં આવશે એવું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. હાલમાં, મુંબઈના દરિયાકિનારા પર ૯૩ લાઇફગાર્ડ્સ તૈનાત છે. તાજેતરનાં વર્ષોમાં દરિયાકિનારા પર મુલાકાતીઓની સંખ્યામાં વધારો થવાને કારણે, નવી એજન્સીની નિમણૂક થયા પછી નાગરિક વહીવટીતંત્ર આ સંખ્યા વધારીને ૧૩૭ કરવાની યોજના ધરાવે છે. ■




# ૨૪૧ કરોડનું કૌભાંડઃ બીડના ભૂતપૂર્વ કલેક્ટર બરતરફ

બીડઃ મહારાષ્ટ્ર સરકારે બીડના ભૂતપૂર્વ કલેક્ટર અવિનાશ પાઠકને બરતરફ કરવાનો આદેશ જારી કર્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ૨૪૧ કરોડ રૂપિયાના કથિત જમીન સંપાદન વળતર કૌભાંડના સંબંધમાં પટહકની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૧૩ બેચના આઈએએસ અધિકારી પાઠક (૫૫)ની બીડ પોલીસની વિશેષ તપાસ ટીમ દ્વારા સાતમી મેએ લાતુરમાં ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તેઓ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા આપવામાં આવેલી જાણકારી અનુસાર પાઠકને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને આ આદેશ તેમની ધરપકડની તારીખથી અમલમાં આવશે. સસ્પેન્શન દરમિયાન પાઠકનું સત્તાવાર રીતે નિયુક્ત મુખ્ય મથક બીડમાં રહેશે.

પોલીસના જણાવ્યા અનુસાર બીડના શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં પાઠક સહિત ૧૦ વ્યક્તિ વિરુદ્ધ જમીન સંપાદન વળતરના ખોટા આદેશોના આરોપસર કેસ નોંધવામાં આવ્યો હતો. બીડ જિલ્લામાંથી તેમની બદલી થયા પછી પણ પાઠકના નામ, હોદ્દા અને બનાવટી સહીઓનો ઉપયોગ કરીને નકલી વળતર મંજૂરીઓ જારી કરવામાં આવી હતી. પાઠક સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, તેમજ ભ્રષ્ટાચાર નિવારણ કાયદાની કલમ સામેલ છે. (પીટીઆઈ)■

# પીડિત બાળકો માટે હેલ્પલાઇન શરૂ કરવા વિનંતી

મુંબઈઃ જે બાળકો સાથે દુર્વ્યવહાર થયો હોય અને જેમને મજૂરીમાં ધકેલી દેવામાં આવ્યાં એવાં બાળકોને ઉગારી લેવામાં મદદ મળે અને બાળકોને અન્ય જગ્યાએ ખસેડી દેવામાં ફાયદો થાય એવા વિલંબને દૂર કરી શકાય એ માટે ગૂગલ મેપ્સ સાથે સંકલિત ચોવીસ કલાક ચાલુ રહે તેવી વોટ્સએપ હેલ્પલાઇન શરૂ કરવા બાળ અધિકાર જૂથે અધિકારીઓને વિનંતી કરી છે.

મહાત્મા ફૂલે સમાજ સેવા મંડળે ગુરુવારે રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અને મહારાષ્ટ્ર રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પત્ર લખીને માગ કરી છે કે પ્રસ્તાવિત હેલ્પલાઇન પર જીઓટેગ કરેલા પુરાવા મળ્યાના ૨૪ થી ૪૮ કલાકની અંદર બચાવ કામગીરી શરૂ કરવી ફરજિયાત બનાવવામાં આવે.

સંસ્થાના પ્રમુખ પ્રમોદ ઝિંજાડેએ જણાવ્યું હતું કે સામાન્ય જનતાને મજૂરીમાં ધકેલી દેવાયેલા અથવા દુર્વ્યવહારનો સામનો કરી રહેલાં બાળકોના જીઓટેગ કરેલા ફોટોગ્રાફ્સ, વીડિયો અને લાઇવ લોકેશન સીધા અધિકારીઓ દ્વારા સંચાલિત સત્તાવાર વોટ્સએપ નંબર પર મોકલવાની મંજૂરી હોવી જોઈએ. આવી સિસ્ટમ સામાન્ય નાગરિકોને બાળ અધિકારોના રક્ષક તરીકે કાર્ય કરવામાં મદદ કરશે. એટલું જ નહીં તેઓ આસાનીથી મોબાઇલ ફોન દ્વારા ગેરરીતિની જાણ કરી શકશે.

પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે જનતા પાસે ઘણીવાર બાળ દુર્વ્યવહારના ફોટો, વીડિયો અને લાઇવ લોકેશન પુરાવા હોય છે. જોકે, ફોટા ૧૦૯૮ પર મોકલી શકાતા નથી અને એનસીપીસીઆર પોર્ટલ પર ફરિયાદો નોંધાવવી એ સામાન્ય નાગરિકો માટે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં આસાન નથી.' સંસ્થાએ એનસીપીસીઆરને બાળ સુરક્ષા સંબંધિત ફરિયાદો માટે ચોવીસ કલાક કાર્યરત રાષ્ટ્રીય સ્તરનો સત્તાવાર સરકારી વ્હોટ્સએપ હેલ્પલાઇન નંબર જાહેર કરવા વિનંતી કરી હતી. (પીટીઆઈ) ■

# સીએસએમટી નજીક ત્રણ પિસ્તોલ, ૪૫ કારતૂસો વેચવા આવેલી ત્રિપુટી ઝડપાઈ

## પંજાબના બે આરોપી ૨૦૨૨થી હત્યાના કેસમાં ફરાર હતાઃ પોલીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) નજીક ઘાતક શસ્ત્રો વેચવા આવેલી ત્રિપુટીને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખાએ ઝડપી પાડી હતી. ત્રણેય આરોપી પાસેથી વિદેશી બનાવટની ત્રણ પિસ્તોલ અને ૪૫ જીવંત કારતૂસ જપ્ત કરવામાં આવી હતી. આમાંના બે આરોપી પંજાબના રહેવાસી હોઇ તેઓ ૨૦૨૨થી હત્યાના કેસમાં ફરાર હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

ખંડણી વિરોધી શાખાએ ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ પંજાબના પટિયાલાના જશનપ્રિત મંગલસિંહ (૨૪), સુરવિંદર ચંદ્રપાલ (૨૪) તેમ જ રાજસ્થાનના ઝાલાવાડના અરબાઝ અનવર ચૌધરી (૩૪) તરીકે થઇ હતી. તેમની વિરુદ્ધ એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસ અધિકારીએ કહ્યું હતું.

ખંડણી વિરોધી શાખાના અધિકારીને માહિતી મળી હતી કે અમુક શખસો ઘાતક શસ્ત્રો વેચવા માટે શુક્રવારે રાતે સીએસએમટી નજીક પી. ડિમેલો રોડ પર સેન્ટ જ્યોર્જ હોસ્પિટલ પાસે આવવાના છે. આથી પોલીસની ટીમે રાતે ઉપરોક્ત સ્થળ છટકું ગોઠવ્યું હતું. દરમિયાન એ સ્થળે આવેલા ત્રણ શખસની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસની ટીમે ત્રણેયને તાબામાં લીધા હતા.■

# મહારાષ્ટ્ર સરકાર કોન્સર્ટને ફટાફટ પરવાનગી આપશે

મુંબઈઃ મનોરંજન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે, મહારાષ્ટ્ર સરકાર લાઇવ ઇવેન્ટ્સ, કોન્સર્ટ અને સમાન કાર્યક્રમો સંબંધિત પરવાનગીઓ માટે સિંગલ-વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ રજૂ કરવા માટે તૈયાર છે જેથી મંજૂરીઓને સરળ અને ઝડપી બનાવી શકાય એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારે આ પહેલ માટે મુખ્ય એજન્સી તરીકે માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશાલયને નિયુક્ત કરી હોવાનું એજન્સીના વડા અને મુખ્ય સચિવ બ્રિજેશ સિંહે જણાવ્યું હતું.

શુક્રવારે રાજ્ય-સ્તરીય સમિતિની પ્રથમ બેઠકમાં સિંહે તમામ સંબંધિત વિભાગોને લાઇવ ઇવેન્ટ્સ સંબંધિત પરવાનગીઓ માટે એક વ્યાપક માનક સંચાલન પ્રક્રિયા તૈયાર કરવા માટે સૂચનો અને સહયોગ આપવા વિનંતી કરી. ■

# કલ્યાણમાં શસ્ત્રના ઘા ઝીંકી યુવકની હત્યાઃ ત્રણ જણની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં વિવાદને કારણે ૩૦ વર્ષના યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરવા બદલ ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

કલ્યાણ તાલુકાના મ્હારલગાંવ વિસ્તારમાં શુક્રવારે રાતે નવ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી અને પોલીસે કલાકો બાદ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

મૃતકની ઓળખ રવીન્દ્ર ઉર્ફે પિંટ્યા ઉર્ફે ડોક્યા યશવંત આહિરે તરીકે થઇ હોઇ તેને શુક્રવારે રાતના આરોપી દીપક સુખદેવ ડાંગે, વિજય ભીડે અને પરશુરામ ભીડેએ ઘેરી લીધો હતો, એમ કલ્યાણ તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર મૂકેશ ધાગેએ કહ્યું હતું.

રવીન્દ્ર આહિરે અને દીપક ડાંગે વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો અને રવીન્દ્રએ તેની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યું હતું.

આની જાણ થતાં ડાંગે રોષે ભરાયો હતો અને તેણે બે સાથીદાર સાથે મળીને રવીન્દ્રને આંતર્યો હતો અને તેના પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દીધા હતા, જેમાં ગંભીર ઇજાને કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. દરમિયાન રવીન્દ્રના ભાઇએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (૧) (હત્યા) અને ૬૧ (૨) (ગુનાહિત કાવતરું) હેઠળ ગુનો દાખલ કરીને ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)■

# કેરીનો રસ પીધા બાદ એક જ પરિવારના લોકોને ખોરાકી ઝેરની અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં એક જ પરિવારના ચાર લોકોના કલીંગર અને બિરયાની ખાધા પછી મોત થયા હોવાની ઘટના હજી તાજી છે ત્યારે રાજ્યાના અહિલ્યાનગર જિલ્લાના શેવગાંવમાં એક જ પરિવારના સાત લોકોના કેરીના રસ પીધા બાદ ખોરાકી ઝેરની અસર થઈ હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે.

શેવગાવમાં રહેતા જાયભાઉં પરિવારના સાત લોકોને ગયા રવિવારે કેરીનો રસ પીધા પછી ફૂડ પોઈઝનિંગ થયું હતું. આ પરિવારની સારવાર કરી રહેલા ડોક્ટરોના જણાવ્યા અનુસાર સંબંધિત પરિવારના સભ્યોએ કાચી કેરીઓ પકવવા માટે કેલ્શિયમ કાર્બાઇડનો ઉપયોગ કર્યો હોવો જોઈએ. હાલમાં કેરીની સિઝન ચાલી રહી હોવાથી વિવિધ જાતની કેરીઓ બજારમાં વેચાણ માટે આવી છે. શેવગાંવ શહેરના આરે વસાહતમાં રહેતા ભાઉસાહેબ જાયભાઉંએ પણ બજારમાંથી કેરી ખરીદી હતી. આખા પરિવારે કેરીનો રસ પીધો હતો, ત્યારબાદ પરિવારના સાત સભ્યોને ચક્કર આવવા લાગ્યા અને સંતુલન ગુમાવવાનું શરૂ થયું. સંબંધીઓએ શરૂઆતમાં બધાને સારવાર માટે શેવગાંવની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, પરંતુ તેમની સ્થિતિ વધુ ખરાબ થતાં તેમને અહિલ્યાનગર શહેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

તેમની સારવાર કરી રહેલા ડો. સચિન પંડુલેએ જણાવ્યું હતું કે આવી સમસ્યાઓ કેટલાક રસાયણોના સેવનને કારણે થઈ શકે છે. દરમિયાન, સાત દર્દીઓમાંથી છ દર્દીઓને અલગ અલગ દિવસોમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે અને એક હજુ પણ સારવાર હેઠળ છે, પરંતુ તે બધાની હાલત સ્થિર છે. જાયભાઉં પરિવારની સારવાર કરી રહેલા ડોક્ટરોના જણાવ્યા અનુસાર એવું કહેવામાં આવ્યું હતું કે સંબંધિત પરિવારના સભ્યોએ ખાધેલી કેરીઓને પકવવા માટે કેલ્શિયમ કાર્બાઇડનો ઉપયોગ કર્યો હશે. કેલ્શિયમ કાર્બાઇડ ભેજના સંપર્કમાં આવે ત્યારે એસિટિલીન નામનો ગેસ છોડે છે, જે મનુષ્યો માટે હાનિકારક છે. ■

# અકસ્માતગ્રસ્ત એસયુવીમાંથી ૭૦ લાખનું અફીણ, પિસ્તોલ મળી આવ્યાં

થાણેઃ નવી મુંબઈના પામ બીચ રોડ પર અકસ્માત બાદ ત્યજી દેવાયેલી એસયુવીમાંથી ૭૦ લાખ રૂપિયાનું અફીણ અને પિસ્તોલ મળી આવ્યાં હતાં.

રાજસ્થાનના રજિસ્ટ્રેશન નંબર ધરાવતી એસયુવીનો શુક્રવારે પરોઢિયે ૪.૩૦ વાગ્યે પામ બીચ રોડ પર સીવૂડના સિગ્નલ નજીક અકસ્માત થયો હતો અને બાદમાં ડ્રાઇવર એસયુવી છોડીને ત્યાંથી પલાયન થઇ ગયો હતો.

અકસ્માતની જાણ થતાં એનઆરઆઇ પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ આદરી હતી. એસયુવીમાંથી તીવ્ર દુર્ગંધ આવી રહી હોવાથી પોલીસ ટીમે તલાશી લેતાં પ્લાસ્ટિકની થેલીમાંથી ૭૦ લાખ રૂપિયાનું અફીણ મળ્યું હતું.

બીજી તરફ ડેશબોર્ડમાંથી પણ દેશી બનાવટની પિસ્તોલ મળી આવી હતી.

દરમિયાન આ પ્રકરણે અજાણ્યા ડ્રાઇવર વિરુદ્ધ એનડીપીએસ એક્ટ, આર્મ્સ એક્ટ, મોટર વેહિકલ એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■




# કેન્દ્ર સરકારે દીવાને નવો પિન કૉડ આપતા લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાઓનો અંત આવ્યો

થાણે : દીવાના રહેવાસીઓ માટે એક મહત્ત્વપૂર્ણ સમાચાર છે. કેન્દ્ર સરકારે શહેરને સત્તાવાર રીતે એક નવો, સ્વતંત્ર પિન કોડ - ૪૦૦૬૧૧ નંબર ફાળવ્યો છે. આ પગલાથી સ્થાનિક લોકોની લાંબા સમયથી ચાલી આવતી માગણી પૂર્ણ થઈ છે.

અગાઉ દીવાના રહેવાસીઓએ પડોશી વિસ્તાર મુંબ્રાનો પિન કોડ (૪૦૦૬૧૨) શેર કરવો પડતો હતો. જેથી રહેવાસીઓએ વર્ષોથી, ટપાલ વિતરણમાં વિલંબ, મહત્ત્વપૂર્ણ સરકારી અને વહીવટી દસ્તાવેજો મેળવવામાં મુશ્કેલીઓ, બેંકિંગ ભૂલો અને ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરતી વખતે તકનીકી ખામીઓનો સામનો કરવો પડતો હતો.

નવા પિન કોડના અમલીકરણ સાથે, આ કામગીરીમાં આવતી અડચણો કાયમી ધોરણે દૂર થવાની અપેક્ષા છે. મેઇલ અને કુરિયર સેવાઓને સુવ્યવસ્થિત કરવા ઉપરાંત, વિશિષ્ટ પિન કોડ દીવા માટે સ્પષ્ટ વહીવટી અને ભૌગોલિક ઓળખ સ્થાપિત કરશે. આ સફળતા નાગરિકો અને સામાજિક સંગઠનો દ્વારા વર્ષોથી ચાલી રહેલા સતત પ્રયાસોનું પરિણામ છે. અગ્રણી વિજય ભોઇરના નેતૃત્વ હેઠળ સામાજિક સંગઠન ''જાગો હો દીવેકર'' (જાગો, દીવાવાસીઓ) ના બેનર હેઠળ, આ મુદ્દાને ઉચ્ચ વહીવટીતંત્ર સુધી પહોંચાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા હતા.


સ્થાનિક નેતૃત્વને રાજકીય સમર્થન મળતા ગતિ મળી. સંજય કેલકર અને નિરંજન દાવખરે (ધારાસભ્યો, થાણે): સંબંધિત સરકારી વિભાગો અને પક્ષના નેતૃત્વમાં સતત આ મુદ્દાની હિમાયત કરી. વિનય સહસ્રબુદ્ધે (ભૂતપૂર્વ સાંસદ): નવી દિલ્હીમાં અધિકારીઓ સાથે સીધો પત્રવ્યવહાર કર્યો, ઝડપથી વિકસતા ટાઉનશિપ માટે અલગ પોસ્ટલ ઝોનની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત પર ભાર મૂક્યો. થાણે પોસ્ટ ઓફિસ દ્વારા અવિરત ફોલો-અપ્સ અને અસંખ્ય વખત સ્થળ નિરીક્ષણો પછી, પોસ્ટ વિભાગે સત્તાવાર રીતે પિનને મંજૂરી આપી અને અમલમાં મૂક્યો. ■

# જાતિ વસ્તી ગણતરીમાં પીછેહઠ કરવાનો અને ઓબીસીને છેતરવાનો આરોપ

થાણેઃરાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી) ના નેતા જિતેન્દ્ર આવ્હાડે શુક્રવારે કેન્દ્ર સરકાર પર જાતિવાર વસ્તી ગણતરી કરવાના પોતાના વચનથી પીછેહઠ કરીને અન્ય પછાત વર્ગ (ઓબીસી) સમુદાય સાથે છેતરપિંડી કરવાનો આરોપ કરી બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા મતોને છેતરવા માટે કરવામાં આવી હોવાનું કહ્યું હતું. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં આવ્હાડે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રીય વસ્તી ગણતરીમાં અનુસૂચિત જનજાતિ (એસટી), ઓબીસી અને પછાત વર્ગ સમુદાયોની જાતિવાર વિગતવાર ગણતરીનો સમાવેશ થવો જોઈએ.

જો તેમની માગણીઓને અવગણવામાં આવશે તો સમુદાય વિરોધમાં ઊભા થશે એવી ચેતવણી આપી આરોપ કર્યો હતો કે ભાજપ સરકાર મહિલા અનામતની આડમાં મતવિસ્તારોમાં છેડછાડ કરીને બંધારણને કચડી નાખવાનો પ્રયાસ કરી રહી છે. ઇન્ટરનેટ સામગ્રી પરના વિવાદાસ્પદ આકરા પગલાં વિશે આવ્હાડએ મરાઠી યુવાન, અભિજીત દિપક દ્વારા સ્થાપિત વ્યંગાત્મક ડિજિટલ સંગઠન કોકરોચ જનતા પાર્ટીને જાહેરમાં સમર્થન કર્યું હતું. (પીટીઆઈ)■

ઓમ શાંતિ
ની પ્રેમાળ સ્મૃતિમાં



**શ્રી વિનોદભાઈ દત્તાણી**

(સ્વ. શ્રી વ્રજલાલ દત્તાણી અને સ્વ. શ્રીમતી શાંતાબેન દત્તાણીના પુત્ર)

અત્યંત દુઃખ સાથે આપને જણાવવાનું કે
શ્રી વિનોદભાઈ દત્તાણી
શનિવાર, ૨૩ મે ૨૦૨૬ ના રોજ
શ્રીજી ચરણ પામેલ છે.

શોકાકુલ પરિવાર

શ્રીમતી. કલ્પના દત્તાણી ના પતિ,
સંગીતા અને મોનાલીના પિતા,
મિહિર ચોક્સીના સસરા
અને અમાયાના દાદાજી
સ્વ. શ્રી વાલજીભાઈ સિમરીયાના જમાઈ,
શ્રી વલ્લભભાઈ દત્તાણીના, શ્રી દિનેશભાઈ દત્તાણી, શ્રી અનિલભાઈ દત્તાણી,
શ્રી પરેશભાઈ દત્તાણી,
શ્રીમતી. ચંદેનબેન ચંદારાણા,
શ્રીમતી. નિરુપમા સયાણી,
શ્રીમતી. રાખીબેન માખેચા અને
શ્રીમતી. સુધાબેન કાપડિયાના ભાઈ,

દત્તાણી અને ચોક્સી પરિવાર અને સનાથન ટેક્સટાઇલ્સના મેનેજમેન્ટ અને સ્ટાફ દ્વારા ખૂબ શોક વ્યક્ત કરવામાં આવ્યો છે.

તેમની સ્મૃતિમાં પ્રાર્થના સભા યોજાશેઃ
સોમવાર, ૨૫ મે ૨૦૨૬
સમયઃ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી
વાય. બી. ચૌહાણ સેન્ટર હોલ,
નરીમન પોઈન્ટ, મુંબઈ ખાતે.
(વેલેટ પાર્કિંગ ઉપલબ્ધ છે.)

ઈશ્વર તેમના આત્માને દીર્ઘ શાંતી અર્પે એવી પ્રાર્થના.




# મહારાષ્ટ્રમાં ભેજ ધરાવતી જમીન ધરાવતા ૨૩ હજાર મેદાનના રક્ષણની માગણી

થાણેઃ શુક્રવારે આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા (બાયોલોજિકલ ડાયવર્સિટી) દિવસ નિમિત્તે પર્યાવરણવાદીઓએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને રાજ્યભરમાં ભેજ ધરાવતાં ૨૩ હજારથી વધુ મેદાનો માટે કાનૂની રક્ષણ ઝડપી બનાવવા વિનંતી કરી હતી. એટલું જણાવી વધુ વિલંબથી જૈવવિવિધતાનું નુકસાન અને આબોહવા વધુ બગડશે એવી ચેતવણી પણ ઉચ્ચારી હતી.

આ પર્યાવરણવિદોએ જણાવ્યું હતું કે નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટે મહારાષ્ટ્રના ૨૩ હજાર ૪૧૫ વેટલેન્ડ્સમાંથી ૨૩ હજાર ૪૦૪ માટે દસ્તાવેજીકરણ અને ગ્રાઉન્ડ વેરિફિકેશન પૂર્ણ કરી લીધું છે. હવે પુણે જિલ્લામાં ફક્ત ૧૧ સ્થળ બાકી છે.


ચકાસવામાં આવેલી માહિતી હવે વેટલેન્ડ્સ નિયમો હેઠળ અંતિમ કાનૂની સૂચના માટે જિલ્લા વહીવટીતંત્રો અને રાજ્ય વેટલેન્ડ ઓથોરિટી પાસે મોકલવામાં આવશે. એનજીઓ વનશક્તિ દ્વારા કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટના નિર્દેશોને અનુસરીને ઝડપી ચકાસણી શરૂ કરી હવામાનની તીવ્ર અસરોને ઘટાડવા માટે સમયબદ્ધ સીમાંકન કરવાની વિનંતી કરવામાં આવી છે. (પીટીઆઈ) ■

# સંસ્થા સમાચાર

## શ્રી કાનજી ખેતશી કન્યા છાત્રાલય

મધ્યમ વર્ગની બહારગામ રહેતી ગુજરાતી વૈષ્ણવ તથા ગુજરાતી હિન્દુ કુટુંબની જે કોલેજમાં ભણતી ગ્રેજ્યુએટ સુધીની વિદ્યાર્થિનીને રહેવા તથા જમવાની સગવડ પૂરી પાડે છે. વધુ વિગત માટે સોમવારથી શુક્રવાર સવારે ૧૧થી ૫. કાનજી ખેતશી ચેરિટીઝ, ૬૫, મીંટ રોડ, ફોર્ટ, જી.પી.ઓ. પાસે, મુંબઇ-૪૦૦૦૦૧.

## આજથી નવી દિલ્હીમાં પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની 'શ્રીમદ્ ભાગવત કથા'નો મંગલ પ્રારંભ



નવી દિલ્હી: દેશના પાટનગર નવી દિલ્હીના પ્રતિષ્ઠિત તાલકટોરા સ્ટેડિયમ ખાતે પ્રખ્યાત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના મુખારવિંદથી દિવ્ય 'શ્રીમદ્ ભાગવત કથા'નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. જ્યેષ્ઠ પુરુષોત્તમ માસના પવિત્ર અને શુભ સંયોગે આયોજિત આ જ્ઞાનયજ્ઞ આગામી ૨૪મી મે થી ૩૦મી મે, ૨૦૨૬ દરમિયાન યોજાશે.

નવી દિલ્હીમાં પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના મુખારવિંદે યોજાનારા શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવનું આયોજન કેઈઆઈ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. આ કથાના મુખ્ય મનોરથી અર્ચના ગુપ્તા અને અનિલ ગુપ્તા છે. દિલ્હી સહિત દેશ-વિદેશના લાખો શ્રદ્ધાળુઓ ઘેરબેઠા આ કથા શ્રવણનો લાભ લઈ શકે તે માટે ટીવી ચેનલો અને ડિજિટલ પ્લેટફોર્મ પર વ્યાપક પ્રસારણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ શ્રીમદ્ ભાગવત કથા ૨૪મી મેથી ૩૦મી મે, ૨૦૨૬ સુધી તાલકટોરા સ્ટેડિયમ, નવી દિલ્હી ખાતે સાંજે ૪ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી યોજાશે. ભારત સહિત વિશ્વભરના વિવિધ દેશોમાં સમયના અનુકૂળ તાલમેલ સાથે કથાનું પ્રસારણ ધર્મ સંદેશ, સાંદિપની ટીવી અને આસ્થા ચેનલ પરથી કરવામાં આવશે.

જ્યેષ્ઠ પુરુષોત્તમ મહિનાના આ ભક્તિમય માહોલમાં પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની અમૃતવાણીનો લાભ લેવા માટે ભક્ત સમુદાયમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ■

## ભાજપના કાર્યકર

ઘાટકોપર પશ્ચિમમાં નવરોજી લેનમાં આવેલી પ્રેમકુંજ બિલ્ડિંગમાં રહેતા પીયૂષ દાસે (૬૪) જણાવ્યું હતું કે શુક્રવારે બપોરના હાઉસિંગ ફેડરેશનને લઇ મને કૉલ આવ્યો હતો અને મારો આધાર કાર્ડ તથા ફોટા માગ્યા હતા. સાંજના પાંચ વાગ્યાની આસપાસ વોટ્સઍપ પર હું બધા મેસેજ જોઇ રહ્યો હતો ત્યારે અજાણ્યા નંબર પરથી આવેલી એક ફાઇલ મારાથી ઑપન થઇ ગઇ અને તરત જ મારો મોબાઇલ હૅક થઇ ગયો, જેને કારણે હું મોબાઇલમાં કંઇ જોઇ શકતો નહોતો કે કોઇને કૉલ પણ કરી શકતો નહોતો.

મેં મારા દીકરાને મોબાઇલ બતાવ્યો હતો અને બાદમાં મોબાઇલ રિપેર કરવાવાળા પાસે પહોંચી ગયો હતો. તેણે મને કહ્યું હતું કે તમારો મોબાઇલ હૅક થઇ ગયો છે. હું બાદમાં ઘાટકોપર સાયબર સેલમાં ગયો હતો અને પોલીસ કર્મચારીને આ અંગે જાણ કરી હતી. તેમણે બારકૉડનો ઉપયોગ કરી મારો મોબાઇલ બંધ કરી દીધો હતો અને કહ્યું હતું કે બીજે દિવસે તમારો મોબાઇલ ચાલુ થઇ જશે અને બધુ બરાબર થઇ જશે. જોકે મારો મોબાઇલ બંધ થયો એ પહેલાં મારા કોન્ટેક્ટ લિસ્ટમાંના ઘણા લોકોને મારા નંબર પરથી મારા પુત્રના લગ્નની આમંત્રણપત્રિકા સૅન્ડ થઇ ગઇ હતી. જેની સાથે ગુજરાતીમાં મેસેજ પણ હતો કે 'સહકુટુંબ પધારજો.'

મારા મોબાઇલમાં પંદરસો જેટલા લોકોના નંબર સૅવ છે અને મને શનિવાર બપોર સુધી પાંચસોથી વધુ લોકોએ ફોન તથા મેસેજ કર્યા હતા. મારા મોબાઇલ નંબર પરથી જે લોકોને આમંત્રણપત્રિકા સૅન્ડ થઇ હતી તેમાં પોલીસ, પાલિકાના અધિકારીઓ, ડોક્ટર, વિદેશમાં રહેતા મારા રિલેટીવ્સનો સમાવેશ હતો. હું કેમિકલ બ્રોકર હોવાથી મારા મોબાઇલમાં મુંબઈ, ગુજરાત તથા અન્ય રાજ્યોના ઘણા વેપારીઓના નંબર સૅવ છે અને તેમને પણ આવા મેસેજ મળ્યા હતા. તેમણે બાદમાં મારો સંપર્ક પણ સાધ્યો હતો.

જેમણે પોતાના મોબાઇલમાં એ લગ્નપત્રિકા જોઇ તેમના મોબાઇલ પણ હૅક થઇ ગયા હતા, એવું જાણવા મળ્યું હતું. અમુક લોકોએ મને બાદમાં મેસેજ કર્યો હતો કે આમંત્રણપત્રિકા ઑપન થતી નથી. મેં તેમને મેસેજ દ્વારા જાણ કરી કે મારો મોબાઇલ શુક્રવાર સાંજથી હૅક થઇ ગયો હતો અને તમે એ ફાઇલ ઑપન નહીં કરતા. મેં શનિવારે આ અંગે ફેસબૂક તથા ઇન્સ્ટાગ્રામ પર મેસેજ પણ પોસ્ટ કર્યા હતા. મારો મોબાઇલ હૅક થયા બાદ જે પણ કાંઇ મારી સાથે બન્યું એવું બીજા કોઇ સાથે ન બને. લોકોએ સાવધાની રાખવી જરૂરી છે, એમ પીયૂષ દાસે કહ્યું હતું. ■

## બાંદ્રાના

પાડવામાં આવેલા વીડિયો અનુસાર, ડિમોલિશન કવાયત પછી વિસ્તારમાં મોટા પ્રમાણમાં કાટમાળ પથરાયેલો જોવા મળ્યો હતો. સ્થળ પર કાટમાળ દૂર કરવા માટે જેસીબી મશીનો અને ટ્રકો તૈનાત કરવામાં આવી હતી અને ટીમની સફાઈ કામગીરી ચાલુ હતી.

ગરીબ નગરના અગાઉના કોઈ પણ રહેવાસીઓ સ્થળ પર હાજર રહેવા દીધા નહોતા અભિયાનના અંતિમ દિવસ મોડી સાંજે સફાઈનું કાર્ય લગભગ પૂર્ણ થયું હતું. પશ્ચિમ રેલ્વેએ અગાઉ પુષ્ટિ આપી હતી કે કામગીરીનું ડિમોલિશન પાસું ચોથા દિવસે જ પૂર્ણ થઈ ગયું હતું, ત્યારબાદ અધિકારીઓએ તોડી પાડવામાં આવેલા બાંધકામોના અવશેષોને સાફ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે કાટમાળ હટાવવાનું લગભગ ૫૦ ટકા કામ ગઈકાલે પૂર્ણ થઈ ગયું છે, જ્યારે બાકીનો ભાગ શનિવારે સાફ કરવામાં આવ્યો હતો. ■

## વિધાન પરિષદની

જ બેઠકો પર સર્વસંમતિ પર પહોંચી ગયું છે. જોકે, ભાજપ હાલમાં શિવસેનાને જોઈતી એક પણ બેઠક છોડવા તૈયાર નથી, ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણ અને પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે એકનાથ શિંદેને મળ્યા હતા. ત્યારબાદ, સુનીલ તટકરે પણ તાત્કાલિક એકનાથ શિંદેને મળ્યા હતા. આ બેઠકોમાં, લગભગ બધી બેઠકો પર સર્વસંમતિ સધાઈ ગઈ છે. પરંતુ એવું માનવામાં આવે છે કે શિવસેનાએ વધુ એક બેઠકની માંગણી કરી છે. હવે, આ અંગે અંતિમ નિર્ણય દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને સુનેત્રા પવારની બેઠકમાં જ લેવામાં આવશે.મહાયુતિમાં જે પ્રારંભિક ફોર્મ્યુલા પર કામ ચાલી રહ્યું હતું તે મુજબ, એવી ચર્ચા હતી કે ભાજપ ૧૨ બેઠકો, શિવસેના ૩ બેઠકો અને ગઈઙ ૨ બેઠકો પર ચૂંટણી લડશે. ત્રણેય પક્ષોના વરિષ્ઠ નેતાઓ મહાયુતિ તરીકે સાથે લડવા પર સહમતિ સાધી ચૂક્યા છે, તેમ છતાં કેટલીક પરંપરાગત બેઠકોની અદલા બદલી કરવામાં આવશે તેવું માનવામાં આવે છે. દરમિયાન, રાયગઢ જિલ્લામાં શિંદેની શિવસેના તરફથી ઉમેદવાર ઉતારવાની તૈયારી ચાલી રહી છે. આ સાથે,

### ભાજપે થાણે બેઠક પર દાવો કર્યો છે

ભાજપે થાણે વિધાનસભા બેઠક પર દાવો કર્યો છે અને ભાજપના ધારાસભ્ય સંજય કેળકરે માંગ કરી છે કે કોર્પોરેટરોની સંખ્યા વધુ હોવાથી આ બેઠક ભાજપને આપવામાં આવે. તેમણે દાવો કર્યો છે કે થાણેમાં ભાજપના ૪૪ કોર્પોરેટરો છે અને શિવસેના અને જીજાઉ સંસ્થાના ૩૪૬ કોર્પોરેટરો છે. કેળકરે એમ પણ કહ્યું હતું કે મહાયુતિની ચર્ચાઓમાં ભાજપની સ્થિતિ મજબૂત છે અને થાણે જિલ્લામાંથી એક ચહેરો થાણે વિધાનસભા માટે ઉમેદવાર હશે. ■

છેલ્લા પાનાનું ચાલુ

## વીજળીના ધાંધિયા

માંગને કારણે પાવર ગ્રીડ પર ભારે દબાણ આવી રહ્યું છે.

શનિવારે સવારે, દાદર પશ્ચિમમાં ટર્મિનેશન કેબલમાં આગ લાગતા સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ ફરી એક વખત અનેક વિસ્તારોમાં વીજળી પુરવઠો ખોરવાઈ ગયો. ગરમીમાં સતત લાઈટ જતી રહેતી હોવાથી ઉશ્કેરાઈ ગયેલા સ્થાનિક રહેવાસીઓના કહેવા મુજબ મે મહિનાના બીજા અઠવાડિયાથી આ પ્રકારે સતત વીજ પુરવઠો ખંડિત થવાના બનાવ વધી ગયા છે. ખાસ કરીને મોડી રાતના સમયે જ્યારે ગરમી વધુ હોય અને તેને કારણે ઍર કંડિશનર અને અન્ય ઠંડક ઉપકરણોનો ભારે ઉપયોગ થાય છે, જેના કારણે વીજળીની માંગમાં તીવ્ર વધારો થાય છે.

શુક્રવારે રાત્રે દાદરના કિંગ્સવે રીસીવિંગ સ્ટેશન અને ગિરગાંવ ચોપાટી પર મલ્ટીપલ ફોલ્ટને કારણે શહેરના ઘણા ભાગોમાં વીજળી ગુલ થવાના એક દિવસ બાદ ફરી વીજપુરવઠો ખંડિત થઈ ગયો હતો. બેસ્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે કિંગ્સવે સ્ટેશન પર ટ્રાન્સફોર્મર નંબર ૨ અને ૩ માં ઍર ટ્રીપને કારણે દાદર, મહેશ્વરી ઉદ્યાન, નાયગાંવ અને વડાલા પૂર્વમાં વીજળીનો પુરવઠો ખોરવાઈ ગયો હતો, જ્યારે ગિરગાંવ ચોપાટી પર ટ્રાન્સફોર્મરમાં આગ લાગવાથી ગિરગાંવ ચોપાટી અને ગાંવદેવીના કેટલાક ભાગો લગભગ એક કલાક સુધી વીજળી વગર રહ્યા હતા.

બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ કિંગ્સવે રીસીવિંગ સબ-સ્ટેશન-ચાર ૩૩,૦૦૦-વોલ્ટ એક્સ્ટ્રા હાઇ-વોલ્ટેજ ફીડર લાઇન દ્વારા કામ કરે છે. ટ્રાન્સફોર્મર નંબર-એક સાથે જોડાયેલ એક ફીડર પહેલાથી જ સમારકામ હેઠળ હતું, જ્યારે ટ્રાન્સફોર્મર નંબર ૩માં શુક્રવારે સાંજે ખામી સર્જાઈ હતી, જેના કારણે ટ્રાન્સફોર્મર નંબર-બે પર લોડ આવી ગયો હતો. ૩૦ મિનિટની અંદર તે ફીડર પણ ટ્રીપ થઈ ગયું, જેના કારણે ઘણા વિસ્તારોમાં લાઈટ જતી રહી હતી.

બેસ્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે કિંગ્સવે આરએસએસ ટ્રાન્સફોર્મર નંબર-બે કેબલ રાત્રે ૮.૩૦ વાગ્યાની આસપાસ ટ્રીપ થઈ ગયો, જેના કારણે ત્રણ ટ્રાન્સફોર્મર બંધ થઈ ગયા. મધ્યરાત્રિથી ૩ વાગ્યાની વચ્ચે લગભગ ૮૦% સપ્લાય પુનઃસ્થાપિત કરવામાં આવ્યો, જ્યારે બાકીના વિસ્તારોમાં સવારે ૫.૨૦ વાગ્યા સુધીમાં વીજ પુરવઠો પૂર્વવત્ થયો હતો. જોકે, સીતાલાદેવી-સાઈ શરણ કેબલ ટ્રીપ થયા બાદ શનિવારે સવારે ૧૧.૧૦ વાગ્યે દાદરમાં ફરી એકવાર લાઈટ જતી રહી હતી, જેમાં બપોરે ૧૨.૧૫ થી ૧.૩૦ વાગ્યાની વચ્ચે તબક્કાવાર સપ્લાય પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો.

### એરકંડિશન અને કુલરથી વીજ માગ વધી

વીજળી નિષ્ણાતના કહેવા મુજબ એર કંડિશનર અને કૂલિંગ ઉપકરણોના વ્યાપક ઉપયોગને કારણે વધતી વીજળીની માંગ નેટવર્ક પર ભારે તાણ લાવી રહી છે. બેસ્ટ સપ્લાય વિસ્તારોમાં ઘણા કેબલ અને ઇલેક્ટ્રિકલ સિસ્ટમ્સ જૂની થઈ ગઈ છે અને તેમને તાત્કાલિક રિપ્લેસમેન્ટની જરૂર છે.

### વીજળીની માગ ૪,300 મેગાવોટને વટાવી ગઈ

બેસ્ટ કમિટીના અધ્યક્ષ તૃષ્ણા વિશ્વાસરાવે જણાવ્યું હતું કે બેસ્ટ વીજ પુરવઠાના ડેટા અનુસાર મુંબઈની વીજળીની માંગ આ અઠવાડિયે લગભગ ૪,૫૦૦ મેગાવોટની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીને વટાવી ગઈ છે, જે મે ૨૦૨૪માં નોંધાયેલા ૪,૩૦૦ મેગાવોટના અગાઉના શિખરને વટાવી ગઈ છે. ફક્ત શનિવારે જ, શહેરની માંગ ૧૨.૩૦ વાગ્યા સુધીમાં ૩,૮૭૮ મેગાવોટ પર પહોંચી ગઈ હતી. અગાઉ ૧૪ મેના રોજ, સીતલાદેવી રીસીવિંગ સબસ્ટેશન પર કેબલ ખામીને કારણે દાદર, સીતલાદેવી અને માટુંગા રોડના બેસ્ટ ગ્રાહકો લાંબા સમય સુધી વીજળી વગર રહ્યા હતા. ■

## ઍર ઈન્ડિયાની

મંત્રાલય સંકુલમાં હાલમાં પાંચ માળની નવી ઇમારતનું બાંધકામ ચાલી રહ્યું છે. ઍર ઇન્ડિયા બિલ્ડિંગના સંપાદનની પ્રક્રિયા પણ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આ સમગ્ર પ્રક્રિયાની જવાબદારી જાહેર બાંધકામ વિભાગને સોંપવામાં આવી છે. વિભાગના મુંબઈ પ્રાદેશિક શહેર વિભાગે ખરીદી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે એક કાનૂની સલાહકારની નિમણૂક કરી છે. સલાહકારે ખરીદી સંબંધિત જરૂરી દસ્તાવેજો તૈયાર કર્યા છે. દસ્તાવેજો મંજૂર થયા પછી, જાહેર બાંધકામ વિભાગ (PWD) એર ઇન્ડિયાની ગૌણ સંપત્તિ અને લોનનું સંચાલન કરવા માટે સ્થાપિત કંપની AIAHL સાથે વ્યવહાર કરશે. પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટના એક્ઝિક્યુટિવ એન્જિનિયર વિદ્યાધર પાટસ્કરના જણાવ્યા અનુસાર, ઍર ઇન્ડિયા બિલ્ડિંગની ખરીદી પૂર્ણ કરવા માટે સરકારને ₹૧,૬૦૧ કરોડની રકમ મળી છે. હાલમાં કાનૂની પ્રક્રિયા ચાલી રહી છે અને AIAHL સાથે ખરીદી પ્રક્રિયા લગભગ એક અઠવાડિયામાં પૂર્ણ થશે. ■

## પેટ્રોલ - ડીઝલના

છે એ બાબત પર ધ્યાન દોર્યું હતું. મુખ્ય પ્રધાન સંરક્ષણ અને એરોસ્પેસ સંકુલના ઉદ્ઘાટનમાં ભાગ લેવા શિરડી પહોંચ્યા હતા. ગ્રામીણ વિસ્તારોમાં ઇંધણની અછતના અહેવાલો વચ્ચે જિલ્લા વહીવટી તંત્રને ખેડૂતોને ડીઝલ મળતું રહે એની સૂચના આપવામાં આવી હોવાનું જણાવી તેમણે ઉમેર્યું હતું કે 'ગ્રામ્ય વિસ્તારોમાં હાલમાં પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ નથી. આ સંદર્ભમાં, મેં બધા જિલ્લા કલેક્ટરો અને વિભાગીય કમિશનરોને સૂચનાઓ જારી કરી છે કે જ્યાં જરૂર હોય ત્યાં ખેડૂતોને ડીઝલ ઉપલબ્ધ કરાવો.'

પશ્ચિમ એશિયાના સંકટને કારણે ઇંધણ પુરવઠામાં સંભવિત વિક્ષેપના ભયથી ઉદ્ભવેલી ગભરાટની ખરીદી વચ્ચે, મે મહિનાના પ્રથમ પખવાડિયામાં મહારાષ્ટ્રમાં પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં લગભગ ૨૦ ટકાનો વધારો નોંધાયો છે. વંદે ભારત ટ્રેનમાં શિરડી આવનારા ફડણવીસે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ટ્રેન સેવા દ્વારા દેશને એક અનોખી ભેટ આપી છે, જે વિશ્વભરના વિકસિત દેશો જેટલી સક્ષમ છે. ટ્રેન મુસાફરીનો અનુભવ સારો રહ્યો. મુસાફરી દરમિયાન, મેં ફાઇલો મંજૂર કરી અને ઘણા લોકોને મળ્યો.' શિરડીમાં સંરક્ષણ સંકુલ વિશે ફડણવીસે જણાવ્યું હતું કે 'ધાર્મિક શહેર ભક્તિ અને શક્તિ બંનેના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે. શિરડી શક્તિના કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે એ આનંદની વાત છે. ■

## મુંબઈગરા

હતું. તો ઉપનગરમાં દિવસનું તાપમાન સરેરાશ કરતા વધારે રહ્યું. સાંતાક્રુઝમાં મહત્તમ ૩૫.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે સામાન્ય કરતાં ૨.૭ ડિગ્રી વધારે હતું, જ્યારે કોલાબામાં ૩૪.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે સામાન્ય કરતાં થોડું વધારે હતું. ઊંચા તાપમાનની સાથે જ કોલાબામાં ભેજનું પ્રમાણ ૯૧% અને સાંતાક્રુઝમાં ૭૪% સુધી પહોંચ્યું હતું, જેના કારણે વાસ્તવિક તાપમાન કરતાં પણ ગરમી વધુ જણાઈ રહી હતી.

આ દરમ્યાન શનિવારે સવારના મુંબઈના અનેક વિસ્તારોમાં વાદળિયું વાતાવરણ રહ્યા બાદ ભારતીય હવામાન વિભાગે રવિવારે મુંબઈ અને થાણેમાં હળવો વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે, જેનાથી હવામાનમાં થોડી રાહત મળી શકે છે. જોકે, ૨૫ થી ૨૭ મે દરમિયાન શુષ્ક હવામાન પાછું આવવાની ધારણા છે. મુંબઈમાં નૈઋત્યના ચોમાસાનું સત્તાવાર આગમન ૧૧ જૂનના થાય છે, ત્યારે હવામાન નિષ્ણાતોએ ગયા વર્ષે ૨૬ મેના રોજ અસામાન્ય રીતે વહેલા ચોમાસાના આગમન પછી પ્રારંભિક સીઝનના વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

### સાત જૂન સુધી મુંબઈમાં વરસાદ

હવામાનના નિષ્ણાતના કહેવા મુજબ વર્તમાન હવામાન પેટર્ન સૂચવે છે કે મુંબઈમાં ૭ જૂનની આસપાસ ચોમાસાની શરૂઆત થઈ શકે છે, જેમાં બે દિવસનો ફેરફાર શક્ય છે.તે પહેલાં, બે જૂન પછી મુંબઈ મેટ્રોપોલિટન રિજનની આસપાસ વધુ લાક્ષણિક પ્રી-મોન્સૂન વાવાઝોડાની પ્રવૃત્તિ દેખાવાનું શરૂ થઈ શકે છે, જો પરિસ્થિતિ હાલમાં અનુમાન મુજબ બદલાઈ શકે છે. હાલ પૂરતું મુંબઈમાં ભેજનું પ્રમાણ વધતું રહેવાની, વાદળછાયું આકાશ, રાત્રિ અને સવારના સમયે ઝરમર વરસાદ અને છૂટાછવાયા વાવાઝોડાની પ્રવૃત્તિ સપ્તાહના અંતે ચાલુ રહેવાની શક્યતા છે. પશ્ચિમી ઘાટ પ્રદેશો અને દક્ષિણ-પશ્ચિમમ મહારાષ્ટ્રના પુણેથી કોલ્હાપુર સુધીના ભાગોમાં, જ્યાં વાતાવરણીય અસ્થિરતા વધુ રહે છે, ત્યાં હાલમાં વધુ મજબૂત વાવાઝોડાની પ્રવૃત્તિ વધુ અનુકૂળ દેખાય છે. ■

## મુંબઈના

નબળા ચોમાસાની આગાહી વચ્ચે પાણીકાપને કારણે અને ૧૭ ઓગસ્ટ સુધી જળાશયોમાં રહેલું પાણી વાપરી શકાય એ પ્રકારનું આયોજન કરવું પડ્યું છે. શનિવાર સવાર સુધીમાં જળાશયોમાં પાણીનો સ્ટોક કુલ ક્ષમતાના માત્ર ૧૮.૮૬ ટકા રહ્યો છે. મુંબઈને પીવાના પાણીનો પુરવઠો સાત જળાશયો, ભાતસા, અપર વૈતરણા, મિડલ વૈતરણા, મોડક સાગર, તાનસા, વિહાર અને તુલસી તળાવોમાંથી મળે છે. માહિતી અનુસાર, જળાશયોમાં હાલમાં ૧૪,૪૭,૩૬૩ મિલિયન લિટરની કુલ સંગ્રહ ક્ષમતા સામે ૨,૭૨,૯૮૨ મિલિયન લિટર પાણીનો સંગ્રહ બચ્યો છે.

આ વર્ષે નબળા વરસાદના વર્તારાને પગલે પાલિકા પ્રશાસને પાણી કાપ રજૂ કર્યો હતો. ભારતીય હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલ આગાહી મુજબ, દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનો વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની ધારણા છે, જેના કારણે અધિકારીઓ ઉપલબ્ધ ભંડારને જાળવવા માટે સાવચેતીનાં પગલાં તરીકે પાણીકાપ મૂક્યો હતો. પાલિકા હવે ૧૭ ઓગસ્ટ સુધી હાલનો પાણીનો જથ્થો જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનું લક્ષ્ય રાખી રહી છે.

શહેરની પાણીની સ્થિતિને મજબૂત બનાવવા માટે, પાલિકાના અધિકારીઓએ અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા વૈતરણા અને ભાત્સા જળાશયોમાંથી વધારાના ૨૩૭ મિલિયન ઘન મીટર પાણીની માગ કરી છે. જ્યારે વર્તમાન સંગ્રહ ચિંતાનો વિષય છે. પાલિકાના અધિકારીઓએ નોંધ્યું છે કે જળાશયોનું સ્તર છેલ્લાં બે વર્ષના સમાન સમયગાળા કરતા તુલનાત્મક રીતે સારું છે. ૨૩ મે, ૨૦૨૫ ના રોજ, સાત તળાવોમાં પાણીનો જથ્થો ૧૬.૫૨ ટકા હતો, જ્યારે ૨૦૨૪ માં સમાન સમયગાળા દરમિયાન, સંગ્રહ સ્તર ઘટીને ૧૦.૨૮ ટકા થઈ ગયું હતું. હવામાન વિભાગે આગાહી કરી છે કે નૈઋત્યનું ચોમાસું આ વર્ષે ૧૦ જૂને મુંબઈમાં આવવાની ધારણા છે. તેની સરખામણીમાં, શહેરમાં ૨૦૨૫ માં ચોમાસાની શરૂઆત વહેલા થઈ હતી, જ્યારે ૨૫ મે ના રોજ વરસાદ પડ્યો હતો. ■

## મેટ્રો-૧૧

પાઇપલાઇન, વીજળીની લાઈનો, ટેલિકોમ કેબલ અને અન્ય સુવિધાઓના નકશા તૈયાર કરાશે. સંબંધિત કંપનીઓ પાસેથી માહિતી એકઠી કરીને તેનો વિગતવાર અહેવાલ એક મહિનામાં તૈયાર કરીને વહીવટીતંત્રને સોંપવામાં આવશે. આ માટે કન્સલ્ટન્ટ કંપનીની નિમણૂક કરવામાં આવશે, જેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. માર્ચ મહિનામાં રાજ્ય સરકારે મેટ્રો-૧૧ રૂટને બાંદ્રા ટર્મિનસ સુધી લંબાવવાની સૂચના આપી હતી. ધારાવી થઈને થનારો આ વિસ્તાર અંદાજે આઠ હેક્ટર વિસ્તારને આવરી લેશે. શરૂઆતમાં આ પ્રોજેક્ટને મેટ્રો-૪ નો જ એક ભાગ માનવામાં આવતો હતો. જોકે, વર્તમાન સ્થિતિમાં વડાલાથી બાંદ્રા ટર્મિનસ સુધીનો આ એક સ્વતંત્ર મેટ્રો રૂટ રહેશે. બાંદ્રાના ગરીબનગરમાં અતિક્રમણ હટાવવાની ઝુંબેશ બાદ હવે બાંદ્રા ટર્મિનસના વિસ્તરણને વેગ મળશે. બાંદ્રા ટર્મિનસના પુનઃવિકાસમાં તેને સીધા વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે સાથે જોડવાનું આયોજન છે. એવામાં હવે અંડરગ્રાઉન્ડ મેટ્રોના કારણે ભવિષ્યમાં બાંદ્રા ટર્મિનસ એક 'મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ' તરીકે વિકસિત થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

રાજ્ય સરકારે ૨૦૨૬-૨૭ના બજેટમાં આ ૧૬.૫ કિમી લાંબા પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૨૩,૪૮૭ કરોડ રૂપિયા હોવાનું જણાવ્યું છે.

## સોમવારથી

સંગ્રહ ક્ષમતા ૧૯૦,૮૯૦ ડે.એલ.જી.એમ. છે. હાલમાં, ૩૬.૪૭૦ ડે.એલ.જી.એમ. જેટલી છે. નવી મુંબઈ મહાનગરપાલિકા વિસ્તાર માટે હાલમાં પૂરતો પાણીનો સંગ્રહ ઉપલબ્ધ છે છતાં આ વર્ષ અને આગામી વર્ષ માટે પાણીનું સચોટ આયોજન કરવું જરૂરી છે. તેમ જ નવી મુંબઈ વિસ્તાર અને મોરબે ડેમ વિસ્તારમાં નિયમિત મહત્તમ તાપમાનમાં વધારો અને ડેમના પાણીના અનુરૂપ મહત્તમ બાષ્પીભવનને કારણે પાણીનો સંગ્રહ ૧૦ ટકાથી ઓછો થયા પછી સાવચેતીના પગલા તરીકે ૧૦ ટકા પાણીનો ઘટાડો અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે. ■

# હિન્દુ મરણ

**કપોળ**

મહુવા નિવાસી હાલ માટુંગા, સ્વ. વિનાયકભાઈ ગોપાળદાસ સંઘવીના ધર્મપત્ની શકુંતલાબેન (ઉં. વ. ૯૧) તે અમરેલીવાળા હરિલાલ જેઠાલાલના દીકરી. સુધીરભાઈ, સ્વ. ઉપેન્દ્રભાઈ, મુરારી, સુહાસના માતુશ્રી. રાગીણી, ઉષા, રૂપલના સાસુ. આનંદ, વૃંદા, કૃતિ, આલોક, અભિજીતના દાદી. ૨૧/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ**

પાલિતાણા નિવાસી હાલ દહિસર, અનંતરાય (અનુભાઈ) જગજીવનદાસ સોલંકીના ધર્મપત્ની અ.સૌ. જ્યોત્સનાબેન સોલંકી (ઉં. વ. ૫૯) ૨૧/૫/૨૬ના રોજ રામશરણ પામેલ છે. તે સેજલબેન રાહુલકુમાર, જીનલબેન પરેશકુમાર, પ્રથમના માતુશ્રી. હર્ષદભાઈ, હરેશભાઇ, ગીતાબેન અરવિંદકુમાર, જ્યોતિબેન જીતેન્દ્રકુમાર, ચેતનાબેન યોગેશકુમાર, સોનલબેન રાજેશકુમારના ભાઈના પત્ની. પિયરપક્ષે ધોળા નિવાસી સ્વ. રામજીભાઈ વશરામભાઈ ગોહેલના દીકરી. સ્વ. હિમ્મતભાઈ, સ્વ. રજનીભાઇ, રમેશભાઈ તથા જગદીશભાઈના બહેન. તેમની પ્રાર્થનાસભા ૨૫/૫/૨૬ના રોજ સમય ૪ થી ૬. દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ વાડી, સ્વયંભુ ગણપતિ મંદિર સામે, અશોક ચક્રવર્તી રોડ, અશોકનગર, કાંદિવલી ઈસ્ટ.

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ સુથરી, હાલે મુલુંડ, સ્વ. ચાપબાઈ હીરજી ઉગાણીના સુપુત્ર સ્વ. ભવાનજી હિરજી ઉગાણી (ઉં. વ. ૮૫) ૨૨/૫/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ગ.સ્વ. મણીબેનના પતિ, હરેશભાઈના પિતા. વર્ષાબેનના સસરા. કેવિન હરેશ રાજગોરના દાદાજી. ગામ સુથરીના સ્વ. મૂળજી કાનજી નાકરના જમાઈ. સ્વ. હંસરાજ અને જમનાદાસના ભાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪/૦૫/૨૬ રવિવારે સાંજે ૫ થી ૭. સ્થળ: બ્રહ્માંડેશ્વર હોલ, જે.એન.રોડ, આર્ય સમાજ હોલની પાછળ, મુલુંડ વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ નવાગામ કલ્યાણ હાલ ડોમ્બિવલી, જગદીશભાઈ મોહનલાલ પૌરાણા (ઉં. વ. ૭૮) તા. ૨૨/૦૫/૨૬ને શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દિવાળીબેન મોહનલાલ પૌરાણાના સુપુત્ર, સ્વ. ચંદ્રિકાબેનના પતિ. સ્વ. ચિરાગ, રશ્મી, સ્વાતિના પિતા. સ્વ. નારાયણદાસ, વિજુબેન લલીતભાઈ કોટેચાના ભાઈ. ગુણવંતીબેન નંદલાલ પોપટના મોટાભાઈ. અલ્પેશ, કમલેશભાઈના સસરા. કાંતાબેન વ્રજલાલ કાનાબારના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા દરજી**

મુંબઇ નિવાસી અશોકભાઇ ખીમચંદભાઇ મકવાણા (ઉં. વ. ૫૨) તે માધવીબેનના પતિ. તે દેવ અને રિદ્ધિના પિતા. રાજેશભાઇ અને સાગરભાઇના ભાઇ. પ્રીતીબેન (સોનાબેન) અને નીતાબેનના ભાઇ. તા. ૨૦-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૨૫-૫-૨૬ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. લોહાર સુથાર વાડી. દત્ત પાડા રોડ, બોરીવલી (ઇસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ મુંદરા હાલ મુંબઇ ગં. સ્વ. કુસુમબહેન શ્રીકાંત ટોડાઇ (ઠક્કર) (ઉં. વ. ૭૮) તે ૫. ધા. શ્રીકાંત નારણદાસ ટોડાઇ (ઠક્કર)ના ધર્મપત્ની.તે જતીન, પંકજ અને ભાવેશના માતુશ્રી. સ્વ. જાદવજી ગોવિંદજી લસણવાલાના સુપુત્રી. કાજલ, ફોરમ અને દિપાલીના સાસુ. ઉમંગ, હર્ષિત, મીત અને વિધીના દાદીમા. રમેશભાઇ, ઉમેશભાઇ, સુધીરભાઇ અને સ્વ. હંસાબહેનના બહેન. ગુરુવાર તા. ૨૧-૫-૨૬ના ધામગમન થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૫-૨૬ના રવિવારે સાંજે ૫.૩૦થી ૭. ઠે. ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ચરોતર રૂખી સમાજ**

ગામ ઉમેટાના હાલ વિરાર સ્વ. નટવર શીવા મહિડા (ઉં. વ. ૭૫) તા. ૧૯-૫-૨૬ મંગળવારના દેવલોક પામેલ છે. તેઓના ગં. સ્વ. ધર્મપત્ની મધુબેન. મુકેશભાઇના પિતા. મનિષાબેનના સસરા. વિપુલભાઇના દાદા. છાયાબેનના દાદા-સસરા. તેમના સુતક સુંવાળા તા. ૨૫-૫-૨૬ સોમવારના સાંજે ૪થી ૬. ઠે. ભાથીજી મહારાજ મિત્ર મંડળ, વિરાર (પશ્ચિમ).

**કપોળ**

મોણપરવાસી હાલ ભાવનગરવાળા સ્વ. મોહનલાલ જાદવજી સંઘવીના ધર્મપત્ની સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૧૦૫) તા. ૧૬-૫-૨૬ના વડોદરા મધ્યે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અમૃતલાલભાઇ, સ્વ. રળીયાતબેન, સ્વ. બાલુભાઇ, સ્વ. મંગળાબેન, સ્વ. ગંગાદાસભાઇ, સ્વ. અનંતરાય, સ્વ. મનુભાઇના ભાભી. પિયર પક્ષે કુંઢડાવાડા, સ્વ. ગીરધરલાલ ધરમશી ભૂતાના દીકરી. દેહદાન કરેલ છે. પ્રાર્થનાસભા તથા સર્વે લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ગં. સ્વ. પુનિતાબેન જશવંતભાઇ રવેશિયા (ઉં. વ. ૮૪) હાલ મુલુંડ તે સ્વ. જશવંતભાઇ વલ્લભદાસ રવેશિયાના ધર્મપત્ની. સ્વ. મેનાબેન અનિલભાઇ રાચ્છનાં સુપુત્રી. નિરવ, નમિતાનાં માતુશ્રી. શિલ્પા, સંદીપના સાસુ. સ્વર, શ્રીયાનાં દાદી. નિહાર, સ્પર્શના નાની તા. ૨૧-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સત્તાવીસ સાબરકાંઠા બ્રાહ્મણ**

ગામ દેરોલ હાલ બોરીવલી અનંતભાઇ કાંતિલાલ જાની (ઉં.વ. ૮૦) તા. ૨૨-૫-૨૬ શુક્રવારના કૈલાસવાસી થયા છે. તે સ્વ. કુંદનબેનના પતિ. જાગૃત અને ઉત્કર્ષના પિતા. રૂપાલી અને સેજલના સસરા. વિનયભાઇના ભાઇ. શૈલેન્દ્રભાઇ, કૌટીલ્યભાઇ અને પ્રાશાંત ભટ્ટના બનેવી. ધૃવ, ઇશા, રુદ્રાંશ અને રુગ્વેદાના દાદા. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છ વાગડ લોહાણા**

જયંતીલાલ ધરમશી નાથાણી (ઉં. વ. ૭૩) ગામ ભચાઉ હાલ મુંબઇ કલ્પનાબેનના પતિ. રીમા, જયોતિ, ગં. સ્વ. જયોત્સના, હિતેન્દ્રના પિતાશ્રી. હિતેશ, મુકેશ, સ્વ. ભાવિન, ભૂમિના સસરાજી. સૌમ્યા, જિયાન્શના દાદા. સ્વ. ધરમશી કેશવજી તથા સ્વ. પાર્વતીબેનના પુત્ર. સ્વ. દમયંતીબેન લાલજી જીવાણી (નેર-બંધડી)ના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૪-૫-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. ગીતા હોલ, સ્ટેશન રોડ, ભાંડુપ (૫), લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

જીમી પીરોજશા મંદરોઇના તે નરગીસના ધની. તે મરહુમો રતનમાય પીરોજશા મંદરોઇના દીકરા. તે પીનાઝના પપા. તે હોમાય તથા મરહુમો સોલી, અદી, પરવેઝ, કુમી ને હોવાવીના ભાઇ. તે કેરફેગર, પરવીઝ, કેશમીરા, નીલુફર, ગવેર, ખુદાબક્સના મામા. તે બહાદુરશાના મમાવાજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. કાંગા બિલ્ડિંગ, રૂમ-૫, ૧લે માળે, ડો. આંબેડકર રોડ, દાદર (ઇસ્ટ). મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૪-૫-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, નારીયલવાલા અગિયારીમાં છેજી.

રુસી બેહરામજી પેસુના તે મરહુમ તેહમીના ધની. તે મરહુમો સીલ્લામાય બેહરામજી પેસુનાના દીકરા. તે પરવીનના માસીના દીકરા. તે રુમીના નેવીયુ. તે શેહઝરીનના નીઇસ. તે આરમીનના ભાભી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ગુલ રુખ, ૮૩, વરલી સી-ફેસ, ફલેટ નં.૮-બી, ખાન અબ્દુલ ગફર ખાન રોડ, મુંબઇ-૪૦૦૦૩૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૪-૫-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, બેનેટ નં.૫માં ડુંગરવાડી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જામનગર નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. છબલબેન અમૃતલાલ દડિયાના સુપુત્ર સ્વ. પન્નાલાલ અમૃતલાલ દડિયા, તે રશ્મિબેનના પતિ. ફાલ્ગુની તથા ચિરાગના પિતાશ્રી, કેતન- એમીના સસરા. આકાશ, આયુષ, ઉષ્મા અને ખુશીના નાનાજી. સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. હસમુખભાઈ, ડો. અરવિંદભાઈ, ધિરેન્દ્રભાઈ, રોહિતભાઈ, સ્વ. ભાનુબેન મહેતા, સ્વ. રમાબેન મહેતાના ભાઈ. શુક્રવાર તા. ૨૨ મે નાં રોજ સ્વર્ગવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દેપલાનિવાસી, હાલ મલાડ સ્વ. કપૂરબેન અમૃતલાલ દોશીના સુપુત્ર રમેશભાઈ (ઉં. વ. ૮૩) શુક્રવાર તા. ૨૨/૦૫/૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૪-૦૫-૨૬ના સવારે ૯:૩૦ થી ૧૨:૦૦. લોટસ બેન્કવેટ, ૪થે માળે, રઘુલીલા મોલ, પોઈસર ડેપોની પાછળ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના દામજી મોરારજી ગાલા (ઉં. વ. ૭૮) તા. ૨૨-૫-૨૬ના અવસાન પામ્યા છે. મણીબેન મોરારજીના પુત્ર. પ્રવિણાના પતિ. સમીર લીનાના પિતા. તારાબેન, દેવચંદ, તારાચંદ, જિતેન્દ્રના ભાઈ. રાયણના તેજબાઈ પ્રેમજીના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ૧૨ નવકાર ગણવા. નિવાસ : સમીર ગાલા, સી/૭૦૧, આદિનાથ ટાવર, નેન્સી કોલોની, એસ.ટી. ડિપોની સામે, દહિસર (ઈ).

રાયણના ધીરજલાલ (ચેતન) ટોકરશી બોરીચા (ઉં. વ. ૭૯) ૨૨-૦૫-૨૬નાં અવસાન પામેલ છે. સ્વ. વેલબાઇ ટોકરશી મોનજીના પુત્ર. લક્ષ્મીના પતિ. મેહુલના પિતા. ના.આસંબીયાના મેઘબાઇ મુરજી ઉમરશી ગાલાના જમાઇ. જયંતી, મગન, પ્રેમજી, શાંતિ, ધનજી, લક્ષ્મી વેરશી, હાંસબાઇ મુરજીના ભાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુભાઇ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. નિ. લક્ષ્મી શાહ, એ-૯, લેન્ડમાર્ક, કદમવાડી, વાકોલા, સાંતાક્રુઝ (ઇ).

**દશા સ્થા. જૈન**

સરસઇ નિવાસી હાલ માલેગામ સ્વ. જયસુખલાલ પ્રાણજીવન દેસાઇના સુપુત્ર જિતેન્દ્ર (ઉં. વ. ૬૯) તે સ્વ. મિનાક્ષીબેનના પતિ. જિનલ નિરવભાઇ શેઠના પિતા. રાજુભાઇ, અશ્વિનભાઇ, ભાવેશભાઇ, પારુલબેન અશ્વિનકુમાર હેમાણીના ભાઇ. દલીચંદ રામજી શાહના જમાઇ. રાજેન્દ્ર જસવંતલાલ શેઠ (અમલનેર)ના વેવાઇ તા. ૨૨મે ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગઢ પાલનપુર જૈન**

ગં. સ્વ. સુશીલા પ્રવીણભાઇ ઝવેરી (ઉં. વ. ૯૦) તા. ૨૦-૫-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. સમીર, વિપુલ, પ. પૂ. દેવર્ષિવિજયજી મહારાજ (સંસારી નામ રૂપેશ) ના માતુશ્રી. જગદીશભાઇ, રમણિકભાઇ, જયંતિભાઇ, નવીનભાઇ, મંજુબેન, વિમળાબેન, નિરંજનાબેનના બહેન. રાજેશભાઇના ભાભી. હર્ષા, સુનીતાના સાસુ. બિંદલ, કિંજલ, રૂષિલના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુલુંડ સ્વ. વંસતરાય ડાહ્યાલાલ દોશીના ધર્મપત્ની કાંતાબેન (ઉં. વ. ૮૫) શુક્રવાર તા. ૨૨-૫-૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે માનકુંવરબેન જયંતીલાલ વેજાણી, સ્વ. વેણીલાલ, સ્વ. હસમુખલાલ, સ્વ. નગીનભાઇ, સ્વ. ધીરુભાઇના ભાભી. જિતેન્દ્ર, જયશ્રીબેન, હિનાબેન, હરેશના માતુશ્રી. કિરીટકુમાર વોરા (પાલિતાણાવાળા) પ્રકાશકુમાર વાસા (ચોગઠવાળા), સુધાબેન, કિરણબેનના સાસુ. શેઠ ચુનીલાલ દેવચંદ શાહ (વરલવાળા)ની દીકરી. પૂજ્ય રવિશેખર સુરીશ્વર મ. સા.ના સંસારીબેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળ સ્થા. જૈન**

ભાવનગર (ગઢડા) નિવાસી હાલ ઘાટકોપર હસુમતીબેન તે જિતેન્દ્ર કામદારના ધર્મપત્ની (ઉં. વ. ૭૩) તે મિતલ, જૈમીનના માતુશ્રી. ક્ષમા તથા દર્શનના સાસુ. યશ, યાશી, સંયમીના દાદી. નયના, દિપક, બિમલનાં કાકી. દ. સં. મધુબાઇ મ.ના સંસારી ભાભી માયાબેન તથા અતુલભાઇના મામી. ધીરજલાલ તારાચંદ મિયાણીના દીકરી. તા. ૨૧-૫-૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૫-૨૬ રવિવારના સવારે ૧૦થી ૧૨. ઠે. જોલી જીમખાના, વિદ્યાવિહાર સ્ટેશન પાસે, ફાતીમાં સ્કૂલ સામે, ઘાટકોપર (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રી સ્થા. જૈન**

જોરાવરનગર નિવાસી હાલ કાંદિવલી સ્વ. ચંપાબેન ગોરધનદાસ સંઘવીના પુત્ર ગિરીશભાઇ (ઉં. વ. ૮૪) શુક્રવાર તા. ૨૨-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હસુમતીબેનના પતિ. નિપા, હિતલ, ચિરાગના પિતા. આશીતા, સેજલના સસરા. તે પારસ, આદીત્ય, શ્રેયાંસ, પ્રિયંશના દાદા. તે જિતેન્દ્રભાઇ, નરેશભાઇ, સ્વ. કમળાબેન, સ્વ. પ્રેમીલાબેનના ભાઇ. સ્વ. શાંતિલાલ હરીલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## મંદિરનાં ટ્રસ્ટ

ડ્રાફ્ટ કાયદાને બિનશરતી પાછો ખેંચવાની માંગ કરવામાં આવી છે. મહાસંઘ મંદિરના ટ્રસ્ટીઓ, પૂજારીઓ અને ધાર્મિક સંગઠનોનું રાજ્ય-સ્તરીય ગઠબંધન છે. મહાસંઘનો ઉદ્દેશ્ય મંદિરના વહીવટને એકસૂત્રે બાંધી ધાર્મિક સંપત્તિઓનું રક્ષણ અને મંદિર સંસ્કૃતિને પ્રમાણિત કરવાનો છે. સંગઠને દાવો કર્યો છે કે પ્રસ્તાવિત કાયદો છત્રપતિ શિવાજી મહારાજ અને અન્ય શાહી રાજવંશો દ્વારા આપવામાં આવેલી જમીન છીનવી લેશે. (પીટીઆઈ) ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**




એક સમયનાં ગુજરાતી બાળનાટકો આજે ગાયબ છે.



'બતકનું બચ્ચું'

# ...તો માતૃભાષા ગુજરાતીનો સુવર્ણયુગ જરૂર પાછો આવશે!

**મરાઠીભાઉઓના ભાષાપ્રેમને સલામ કરવી પડશે. માત્ર સલામ જ નહીં, જો આપણી ભાષાને જીવંત રાખવી હશે તો એમણે ભાષા માટે કરેલાં કાર્યોનું અનુકરણ પણ કરવું જ પડશે અને એ પણ બહુ ઝડપભેર!**

કવર સ્ટોરી
નીલેશ દવે
feedback@bombaysamachar.com

શનિવાર ૧૬ મે, ૨૦૨૬ના બોરીવલીના પ્રબોધનકાર ઠાકરે નાટ્યગૃહમાં એક અકલ્પનીય ઘટના બની. સવારના ૧૧ વાગ્યે ધોમધખતા તડકામાં અનેક મા-બાપ પોતાનાં બાળકો સાથે નાટ્યગૃહ પહોંચી ગયાં હતાં. ૧૧ વાગ્યે નાટક શરૂ થાય એ પહેલાં લગભગ આખું નાટ્યગૃહ બાળકો અને તેમનાં મા-બાપથી છલકાઈ ગયું હતું. આ તમામ લોકો એક નાટકના પ્રયોગમાં આવ્યા હતા. આમાં સહુને નવાઈ લાગે કે નાટક તો અનેક વખત સવારના શોમાં ભજવાતાં હોય છે અને અનેક સંસ્થાઓ દ્વારા યોજાતાં આવાં અનેક નાટકો હાઉસફુલ પણ જતાં હોય છે, આમાં નવું શું છે?

યસ, આમાં નવું એ છે કે આ નાટક એ ગુજરાતીમાં કે હિન્દીમાં ભજવાતાં નાટકો જેવું નાટક નહીં, પરંતુ કોઈપણ ભાષાને જીવાડવામાં જે ઑક્સિજનનું કામ કરે છે તેવું બાળનાટક હતું.

૨૮ બાળકલાકારો સાથે ભજવાયેલું આ મરાઠી બાળનાટક એટલે 'બાબલ્યા ચે દોસ્ત પાંચ ઘોસ્ટ'

કોકણમાં એક મા-બાપ વગરનો બાળક પોતાના મિત્રોને પોતાના ગામ બોલાવે છે અને મોબાઇલના આ યુગમાં તેના તમામ મિત્રોને કેવી રીતે પાછો કુદરત તરફ વાળે છે તેની આખી વાત સુંદર રીતે રજૂ કરવામાં આવી છે, આ નાટકમાં ખાલી થઈ રહેલાં ગામડાં અને વધી રહેલા શહેરી વિસ્તારોનો મુદ્દો પણ ખૂબ જ સરસ રીતે માંડવામાં આવ્યો છે. નાટક પૂરું થયા પછી આવેલા પ્રેક્ષકો (બાળપ્રેક્ષકો પણ ખરા) સાથે સુંદર મજાની પ્રશ્નાવલી પણ થાય છે. સૌથી મજાની વાત એટલે બાબલ્યાના દોસ્ત એવા પેલા પાંચ ઘોસ્ટ એટલે ભૂત નહીં, પરંતુ પંચમહાભૂતની વાત પણ ખૂબ જ આકર્ષક રીતે સાંકળી લેવામાં આવી છે.

માત્ર આ 'બાબલ્યા ચે દોસ્ત પાંચ ઘોસ્ટ' એ એક જ મરાઠી બાળનાટક હાલ નથી ચાલી રહ્યું, તેની સાથે સાથે વિક્રમ વેતાળ, ધુરંધર મોગલી, માકડેચાળે, રાક્ષસ શક્તિમાન મુલ યુક્તિમાન, બાળ ટુર ટુર જેવાં બીજાં અનેક મરાઠી બાળનાટકો તખ્તો ગજાવી રહ્યાં છે. દરેક નાટક મોટા ભાગે હાઉસફુલ જાય છે. એપ્રિલ મહિનાની શરૂઆત સાથે જ મરાઠી રંગભૂમિ પર બાળનાટકોની સિઝન શરૂ થઈ જાય છે. ધંધાદારી નાટકો કરનારા ખાસ કરીને આ સમયગાળા દરમિયાન પોતાના પ્રયોગ જતા કરીને પણ બાળનાટકોને નાટ્યગૃહની તારીખો આપી દેતા હોય છે, મહારાષ્ટ્રનાં નાટ્યગૃહ પણ વેકેશનના આ ખાસ સમય દરમિયાન બાળનાટકોને પ્રાધાન્ય આપે છે. મરાઠી રંગભૂમિ, ફિલ્મો, સિરિયલના મોટા ગજાના કલાકારો, નિર્માતા, નિર્દેશક, લેખકો ખાસ સમય કાઢીને બાળનાટકો જોવા આવે છે, માત્ર જોવા જ નથી આવતા, પરંતુ આ નાટકોને પ્રમોટ કરવામાં, તેમાં કામ કરતાં બાળકોનો ઉત્સાહ વધારવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવતા હોય છે, કોઈ પણ રકમ કે શિરપાવની આશા વગર.




કારણ? કારણ છે માતૃભાષા પ્રત્યેનો પ્રેમ... આવનારી પેઢીનું ઘડતર અને રંગભૂમિને આવનારા સમયમાં પ્રેક્ષકો મળી રહે તેની તકેદારી. આને કારણે જ મરાઠી રંગભૂમિ આપણાથી જોજનો આગળ છે, મરાઠી સાહિત્ય ઘણું વિશાળ છે, મરાઠી ભાષા ખૂબ જ સમદ્ધ છે અને આ મરાઠી પ્રજા પોતાનો સમય અને પૈસા બંને ખરચીને તેનું જીવની જેમ જતન કરે છે. હેટ્સ ઑફ ટુ યુ ઑલ મહારાષ્ટ્રિયન્સ!

સિદ્ધાર્થ રાંદેરિયા, દિલીપ જોશી, અસિત મોદી, સંજય છેલ, સંજય ગોરડિયા, વિપુલ વિઠલાણી, ધર્મેશ મહેતા, નીતિન અને નિમિષા વખારિયા, વંદના વિઠલાણી જેવા અનેક કલાકારો જે આજે રંગભૂમિ, ટેલિવિઝન, ફિલ્મી સ્ટેજ ગજાવી રહ્યાં છે તેમની સફળતા પાછળનું મુખ્ય કારણ શું છે ખ્યાલ છે?

નામદેવ લહુટે, વનલતા મહેતા, સરયુ શાહ, વિદ્યુત શાહ, જીવરામ જોષી, પ્રાગજી ડોસા, નટખટ જયુ જેવા દિગ્ગજ લોકો જેમણે બાળનાટકો દ્વારા આ આખી પેઢીને ઘડવાનું કામ કર્યું છે. એકસમયે આ તમામ લોકો ખૂબ ભાવથી બાળનાટકો કરતા. આ બાળનાટકો દ્વારા અનેક કલાકારોનું ઘડતર થતું હતું. એટલું જ નહીં, પરંતુ એ સમયે આવાં બાળનાટકોમાં ઉપેન્દ્ર ત્રિવેદી, કાંતિ મડિયા, વિષ્ણુકુમાર વ્યાસ જેવા દિગ્ગજો પણ આ બાળકલાકારો સાથે સ્ટેજ શેર કરતા હતા, કદાચ વ્યસ્તતાને કારણે ગુજરાતી બાળનાટકોમાં કામ ન કરી શકે તો શનિ કે રવિવારે ખાસ આ બાળનાટકોમાં હાજરી આપી બાળકલાકારનો ઉત્સાહ વધારતા હતા. એ સમયે ખાસ કરીને શાળાઓમાં પણ વિશેષ ડિસ્કાઉન્ટ સાથે બાળનાટકોની ઑફરો આપવામાં આવતી હતી, અનેક સ્કૂલોમાંથી ખાસ ડિસ્કાઉન્ટ રેટની ટિકિટો સાથે સેંકડો બાળકો આ બાળનાટકો જોવા જતાં. આ માત્ર એક વ્યવસાય ન હતો. એ દિગ્ગજો માત્ર રંગભૂમિને કેટલાક સારા કલાકારો, લેખકો કે દિગ્દર્શકો જ નહોતા પૂરા પાડતા, પરંતુ આવનારા સમયમાં નાટકો જોનારી- દર્શકોની એક આખી પેઢીનું નિર્માણ કરતા હતા. એ સમયે બાળનાટકો એ ઑડિયન્સ કલ્ટીવેટ કરવાનું નાટકોમાં રુચિ વધારવાનું મુખ્ય સાધન હતું. માત્ર પ્રેક્ષકો જ નહીં, પરંતુ એ લોકો આપણી સંસ્કૃતિનું જતન કરતા હતા. આપણી ભાષા, આપણા રીતરિવાજ, આપણા સમાજને સમૃદ્ધ કરવાનું મહાન કાર્ય કરતા હતા.













તાજેતરમાં ધૂમ મચાવી રહેલા મરાઠી બાળનાટકો, જેને કારણે મરાઠી ભાષા અને સાહિત્ય અકબંધ છે.

લગભગ ૧૯૯૦ સુધી ગુજરાતી રંગભૂમિ પર બાળનાટકો ભજવવાનું ચાલુ હતું. કાળક્રમે એ લુપ્ત થવા માડ્યું. આજે ગુજરાતી શાળાનાં બાળકો માત્ર ઍન્યુઅલ- ડેના દિવસે એક દિવસ અંગ્રેજી ભાષામાં એકાદ નાનકડો સીન કરીને ખુશ થઈ જતાં હોય છે. આ સિવાય ગુજરાતી રંગભૂમિ પરથી બાળનાટકો ગાયબ છે. આજે અનેક ધંધાદારી નાટ્યનિર્માતાઓ ગુજરાતી નાટકોને પ્રેક્ષકો નથી મળતા એવી ફરિયાદ કરતા હોય છે. મરવાના વાંકે જીવી રહેલી ગુજરાતી રંગભૂમિ પણ આજે નહીં તો કાલે પ્રેક્ષકો આવશે, નાટ્યગૃહો છલકાઈ જશે તેવી આશામાં કોઈ ચમત્કારની રાહ જોઈ રહી છે, પરંતુ કોઈને મૂળ રોગ શું છે તે જાણવામાં રસ નથી. આજે મરાઠીમાં એક સાથે ૧૫ કરતાં વધુ નાટકો ચાલી રહ્યાં છે, બીજી તરફ ગુજરાત અને મહારાષ્ટ્રને ભેગા કરો તોય ગુજરાતીમાં પાંચ સારાં નાટકો નથી બની રહ્યાં. નવા વિષયો પર જે રીતે મરાઠી ભાષામાં કામ થઈ રહ્યું છે તેવું ગુજરાતીમાં નથી થઈ રહ્યું એ એક કઠતી હકીકત છે.

જાણીતા કલાકાર પરેશ રાવલે એક પોડકાસ્ટમાં 'દેવબાભળી' નામના એક મરાઠી નાટકના વિષય અંગે વાત કરી હતી, એ વિષયની વાત કરતાં જ પરેશ રાવલ જેવા દિગ્ગજ કલાકારના ચહેરા પર એક પ્રકારનો અહોભાવ ઝળકતો હતો તો બીજી તરફ અંદરના ખૂણે ક્યાંક ઈર્ષ્યા પણ સળવળે કે સાલું આવું ગુજરાતીમાં કેમ નહીં?

આપણે ત્યાં અનેક સંપ્રદાયોની વાડાબંધી છે. જૈન શાળાઓમાં બાળકોને માત્ર જૈન સંપ્રદાયનું જ્ઞાન અપાય છે તો સ્વામીનારાયણ સંપ્રદાયની બાળસભાઓમાં માત્ર તેમની શિક્ષાપત્રી કે સંપ્રદાયની વાત જ શિખવાડવામાં આવે છે. વૈષ્ણવ બાળસત્સંગ મંડળોમાં વૈષ્ણવો વિશે જ્ઞાન અપાય છે. આ સંપ્રદાયના સર્વેસર્વાઓ એક વાત ભૂલી જાય છે કે જો ગુજરાતી ભાષા જ નહીં ટકે તો આ સંપ્રદાયો કેટલા સમય સુધી ટકી શકશે? બીજી તરફ, મરાઠીમાં આ બાળકોને પહેલાં મરાઠીપણું શીખવાય છે બાદમાં કોઈ સંપ્રદાય કે ધર્મનું જ્ઞાન અપાય છે એટલે એ પ્રજા એટલીસ્ટ સાહિત્ય, સંસ્કૃતિની દૃષ્ટિએ તો આપણા કરતાં સમૃદ્ધ છે. જ્યારે આપણે ત્યાં ઊંધું છે, બાળકને બાળસભાઓમાં પોતપોતાના સંપ્રદાયનું જ્ઞાન અપાય છે, માતૃભાષાની કે આપણા સાહિત્ય-સંસ્કૃતિ અંગે કોઈ જાગરૂકતા નથી.

અહીં કોઈને ઉતારી પાડવાની વાત નથી, પરંતુ જે જાગૃત છે અને જે નિદ્રાવસ્થામાં છે તેની જ વાત છે. કેટલાક દાયકાઓ પહેલાં સુધી આવી કોઈ સમસ્યા નહોતી, આવનારા સમયમાં પણ કદાચ આ સમસ્યા નહીં હોય, જો આપણે સમયસર જાગી જાશું તો!

આપણી ભાષા, આપણું સાહિત્ય ખૂબ જ સમૃદ્ધ છે, દીવાની જેમ ઝળહળે છે, પરંતુ દીવાની ચારેબાજુ જે કાળી મેશ લાગી ગઈ છે તે દૂર કરવાની તાતી જરૂર છે. હા, શરૂઆતમાં એ મેશ હટાવવાની શરૂઆત કરાનારના હાથ જરૂર દાઝશે, પરંતુ ત્યાર બાદ એ જ્યોત વધુ પ્રજ્વલિત થઈને અંધારું દૂર કરશે જ... માત્ર જરૂર છે સૌથી પહેલાં એ હાથ દઝાડવાની શરૂઆત કોણ કરે છે તેની! ■

---

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ઉંમર વધી રહી છે, પણ જિંદગી જવાન થઈ રહી છે... હવે સાંઈઠે આવે છે વસંત!

સાંઇઠ વર્ષની ઉંમર અંગે આપણા સમાજમાં એક જૂની છબી છે; સફેદ વાળ, ધીમી ચાલ, દવાના ડબ્બા, બગીચામાં ચહેલકદમી, જવાબદારીઓ વગરના દિવસો અને પૌત્રો-પૌત્રીઓ સાથે મસ્તી... જાણે સાંઇઠનો માઇલસ્ટોન એક લાંબી યાત્રાનું અંતિમ સ્ટેશન હોય!

જોકે છેલ્લા અમુક દાયકામાં, દુનિયામાં એક મૌન ક્રાંતિ આવી છે : લોકોની આવરદા વધી રહી છે અને જેને આપણે ઘડપણ કહેતા હતા તે હવે ખસીને 'યુવાની'ના બ્રેકેટમાં આવી રહ્યું છે. હવે સાંઇઠે સક્રિય જીવન પૂરું નથી થતું, પણ એમાં એક નવું પ્રકરણ ઉમેરાઈ રહ્યું છે.

અમુક દાયકાઓ પહેલાં જીવનની એક નિશ્ચિત સ્ક્રિપ્ટ હતી; સ્કૂલ જાઓ, નોકરી કરો, પરિવાર બનાવો, બાળકો મોટાં કરો અને સાંઇઠની આસપાસ નિવૃત્ત થઈને ભજન કરો.... આ પૂરી પટકથા પાછળ એક વણબોલી ધારણા કામ કરતી હતી કે માણસ બહુ લાંબું નથી જીવતો- એટલે તેણે જીવનનાં મહત્ત્વપૂર્ણ કામો નક્કી સમયમાં કરી નાખવાં જોઈએ, જેથી અફસોસ કે અધૂરપ ન રહી જાય.

પૌરાણિક હિંદુ પરંપરામાં એટલા માટે જ ચાર પુરુષાર્થની વ્યવસ્થા બનાવવામાં આવી હતી- અર્થ- કામ-ધર્મ- મોક્ષ...

જેમાં દરેક પુરુષાર્થ માટે નિશ્ચિત સમય ફાળવવામાં આવ્યો હતો. ત્યારે પણ ધારણા એવી જ હતી કે ઈશ્વરે (પ્રકૃતિએ) દરેક માટે નિશ્ચિત જીવનકાળ નક્કી કર્યો છે અને તેનો જો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં ન આવે તો ઘણાં કામ અધૂરાં રહી જાય.



વીસમી સદીના મધ્યમાં જ્યારે વિશ્વમાં સામાજિક સ્ટક્ચર અને પેન્શનની વ્યવસ્થાઓ બનાવવામાં આવી ત્યારે સરેરાશ જીવન સિત્તેરની આસપાસ હતું (ભારતમાં ૧૯૪૭ની સાલમાં સરેરાશ ઉંમર ૩૨ હતી!). એટલે સાંઇઠ પછીના સમયને એક નાનકડો પડાવ માનવામાં આવતો હતો. આજે આ ગણિત બિલકુલ બદલાઈ ગયું છે. ભારતમાં સરેરાશ આવરદા હવે ૭૨ની પાર પહોંચી ગઈ છે અને તે વધી રહી છે. ૨૦૫૦માં તે ૭૮ વર્ષ સુધી પહોંચવાની ધારણા છે. એવું કહેવાય છે કે આજે જન્મેલું બાળક ૧૦૦ વર્ષને અડશે. ચિકિત્સા સુવિધાઓમાં જબ્બર પ્રગતિ, બહેતર આહાર, સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ અને જીવનશૈલીમાં બદલાવના કારણે લોકો હવે લાંબું જીવવા લાગ્યા છે.

એટલું જ નહીં, બલકે તેમના જીવનની ગુણવત્તા પણ બદલાઈ છે. ભારતમાં હવે વ્યવસાયિક કે સામાજિક રીતે નિવૃત્ત થઈ ગયેલા લોકો હવે નિષ્ક્રિય નથી રહેતા, તે બધા તેમનું અંગત જીવન વધુ ચુસ્ત રીતે, સમૃદ્ધ રીતે અને વધુ મજાથી જીવે છે.

'સંયુક્ત રાષ્ટ્ર સંઘ'નાં અનુમાનો અનુસાર ભારતમાં આજે લગભગ ૧૫.૩ કરોડ લોકો સાંઇઠ કે તેનાથી વધુ ઉંમરના છે. ૨૦૫૦ સુધી આ સંખ્યા વધીને લગભગ ૩૪.૭ કરોડ થઈ શકે છે. અત્યારે ભારતમાં ૬૫ ટકા આબાદી ૩૫ વર્ષની આસપાસ છે અને તેમાં પણ વધારો થઈ રહ્યો છે. આ કેવળ આંકડો જ નથી, પણ સમાજના ચહેરામાં થનારા એક વિશાળ પરિવર્તનનો સંકેત છે.

સંયુક્ત રાષ્ટ્રએ તો ૬૦ અને ૭૫ વર્ષની વય વચ્ચેના લોકોને 'યંગ-ઓલ્ડ' શ્રેણીમાં ગણવાના શરૂ કર્યું છે. આ એ લોકો છે જે શરીર અને મનથી સક્રિય છે- હોબીઓ સંતોષે છે, પ્રવાસ કરે છે એ નવી ટક્નૉલૉજીઓ અપનાવે છે. મજાની વાત એ છે કે વધતી ઉંમર હવે કેવળ 'જીવિત રહેવા'ની વાર્તા નથી, બલકે 'જીવન જીવવા'ની કથા બની ગઈ છે અને આવું આખી દુનિયામાં થઈ રહ્યું છે. થોડાં વર્ષો પહેલાં લોરા કારસ્ટેન્સન નામની અમેરિકન સમાજશાસ્ત્રી અને લેખિકાએ તેના પુસ્તક 'અ લૉંગ બ્રાઇટ ફ્યુચર'માં લખ્યું હતું કે મનુષ્ય જેમ-જેમ લાંબું જીવન જીવવા લાગ્યો છે, તેમ-તેમ ઉંમરના અંતિમ ચરણમાં આપણી સમજ પણ બદલાઈ રહી છે. તેના મતે અમેરિકામાં વૃદ્ધાવસ્થા નિર્ભરતાની સ્થિતિ નથી, બલકે અવસરોનો સમય છે. અર્થાત્‌, જીવનમાં એવાં અનેક કામ છે જે માત્ર ઘડપણમાં જ થઈ શકે તેમ છે અને તેના માટે તમારે જાતને તૈયાર કરવી પડે.

આ વાત આસપાસમાં દેખાય છે. લાંબી ઉંમરે જીવનમાં એક એવો નવો કાલખંડ જોડી દીધો છે, જેને પહેલાં ગંભીરતાથી જોવામાં આવ્યો નહોતો. ભારતનાં શહેરોમાં આ ફરક સાફ દેખાય છે. દિલ્હી, અમદાવાદ, વડોદરા, પૂણે, બેંગ્લોર કે હૈદરાબાદ જેવાં શહેરોમાં સવારે કોઈ પણ પાર્કમાં આંટો મારી આવજો. સાંઇઠ અને સત્તર વર્ષની ઉંમરવાળા 'સિનિયર સિટિઝન્સ' યુવાનોને શરમાવે તે રીતે તેજ ગતિએ ચાલતા હોય છે, યોગ કરતા હોય છે, સાઇકલ ચલાવતા હોય છે, લાફ્ટર કરતા હોય છે અથવા સમૂહમાં વ્યાયામ કરતા હોય છે.

આ માત્ર વ્યક્તિગત ઉદાહરણ નથી. દુનિયાભરમાં 'અનરિટાયરમેન્ટ' યાની સેવાનિવૃત્તિ પછી કામનો સમય શરૂ કરવાનું ચલણ વધી રહ્યું છે. લોકો નવું કામ શોધે છે, નવી કંપનીઓ સ્થાપે છે, કન્સલ્ટિંગ સેવાઓ આપે છે, સામાજિક કામો કરે છે, નવેસરથી અભ્યાસ કરે છે અને સોશ્યલ મીડિયામાં સક્રિયતા વધારે છે.

'હાર્વર્ડ વિશ્વવિદ્યાલય'ના અનેક અભ્યાસ સંકેત આપે છે કે સક્રિય સામાજિક જીવન, નિયમિત વ્યાયામ અને માનસિક સંલગ્નતા ઘડપણની પ્રક્રિયાને સકારાત્મક રીતે પ્રભાવિત કરે છે. અભ્યાસ કહે છે કે જૈવિક (બાયોલૉજિકલ) ઉંમર- એટલે કે શરીર વાસ્તવમાં કેટલું સ્વસ્થ છે- તે હવે કેલેન્ડરમાં દર્જ ઉંમર કરતાં વધુ મહત્ત્વની બની રહી છે. આ કારણથી જ આજના અનેક સિનિયર સિટિઝન્સ અમુક દાયકાઓ પહેલાંના પચાસ વર્ષીય લોકો કરતાં અધિક સ્વસ્થ દેખાઈ રહ્યા છે.



આ બધા વચ્ચે એક મહત્ત્વનું પરિવર્તન આર્થિક મોરચે છે. દુનિયા હવે 'સિલ્વર ઇકૉનૉમી' શબ્દનો ઉપયોગ કરી રહી છે. તેનો અર્થ છે- સિનિયર સિટિઝન્સની વધતી આર્થિક શક્તિ અને સક્રિય ભાગીદારી. પહેલાં બુઝુર્ગોને કેવળ 'પેન્શન ખાતા' સમૂહ તરીકે જોવામાં આવતા હતા. આજે તે કસદાર કન્ઝ્યુમર છે, ઇન્વેસ્ટર છે, ઉદ્યમી છે અને આર્થિક ગતિવિધિઓનો મહત્વનો હિસ્સો છે. ભારત સરકારે પણ આ લોકોને ધ્યાનમાં રાખીને અનેક યોજનાઓ જાહેર કરેલી છે.

બ્રિટિશ લેખક ઍન્ડ્ર્યુ સ્કોટ અને લિન્ડા ગ્રેટન તેમના એક દિલચસ્પ પુસ્તક 'ધ ૧૦૦ યર્સ લાઇફ'માં લખે છે કે મનુષ્ય જો સો વર્ષ જીવતો સમાજ બની રહ્યો હોય તો જીવનને ત્રણ હિસ્સામાં- શિક્ષણ, કામ અને સેવાનિવૃત્તિ- વહેંચવાનું જૂનું મોડલ બદલવું પડશે. જીવન ઘણાં નવાં ચરણોમાં વિભાજિત થશે- જ્યાં લોકો નવેસરથી શીખશે, કામ બદલશે અને જાતને નવા રૂપમાં જોશે.

આમ ઉંમર વધવી એ દરવાજાઓ બંધ થવાનો અવાજ નથી. એ એક નવો રૂમ ખૂલવાનો સંકેત પણ છે. આપણો સમાજ લાંબા સમય સુધી કોઈ બાળકને કહેતો હતો કે તે તેની ઉંમર કરતાં મોટો દેખાય છે અને કોઈ વયસ્કને કહેતો રહ્યો હતો કે તે તેની ઉંમર કરતાં નાનો દેખાય છે. જાણે ઉંમરની પોતાની કોઈ સુંદરતા જ ન હોય. પણ હવે સમય આવી ગયો છે કે આપણે ઉંમરને છુપાવાને બદલે સ્વીકારીએ, કારણ કે ઉંમર વધવી એ વાસ્તવમાં જીવનનું સંકોચનનથી, તે તેનો વિસ્તાર પણ હોઈ શકે છે અને એ પણ સંભવ છે કે આવનારાં વર્ષોમાં આપણને એ સમજાશે કે ઘડપણ અસલમાં યુવાવસ્થાનો અંત નથી બલેક તેનું બીજું પ્રકરણ છે- વધુ શાંત, વધુ સમૃદ્ધ અને કદાચ વધુ સુંદર. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@
bombaysamachar.com

# ન મૂર્તિ, ન પથ્થર... ફક્ત સંગેમરમર



આજે લઈ જઉં તમને પાછો મારા દોરા ફૂટવાના દિવસોમાં. કવિતા તો સાવ જ ઠીક પણ ગદ્ય એટલે કે ભણતર દરમિયાન ટૂંકી વાર્તા અને જ્યોતિન્દ્ર-બકુલના હાસ્યલેખ અને વેકેશનમાં નવલકથા ચાલતા સંખેડાની પબ્લિક લાઈબ્રેરીના પ્રતાપે. એ લાઈબ્રેરીએ બાળપણની બધી વેકેશન એવી સભર, તરબતર કરેલી બકોર પટેલ (હરિપ્રસાદ વ્યાસ), મિયાં ફૂસકી (શતાયુ જીવરામ જોશી) સોટી પોઠી અડૂકિયો દડૂકિયો- છેલ છબો (ગિજુભાઈ બધેકા, રમણલાલ સોની અને ઘનશ્યામ દેસાઈ-કોણે કઈ શ્રેણી લખી એ વિષે મન કાળુધબ્બ)થી... એવામાં આવી હાથ નવલકથા હરકિસન મહેતા (મારો હવે ૩૯ વર્ષનો દીકરો એમને એની કાલી બોલીમાં હર્ષકિશનકાકા કહેતો)ની ‘તરસ્યો સંગમ’. વાત આજની ખરેખર હવે શરૂ થાય છે, અત્યાર સુધી ૨૦૨૧માં હાર્યા પછી પશ્ચિમ બંગાળ હારપ્રુફ બનાવતો હતો એમ સમજવું.

તો નવલકથામાં જેના ઉપરથી શીર્ષક લેવાયું છે મહેતા સાહેબની એ વેણીભાઈ પુરોહિતની ઘણી સારી નહીં પણ અદ્‌ભુત આખી ગઝલ છે જેનાથી વાત માંડું...

*તને હું ક્રૂર પણ કહેતો નથી કાયર નથી કહેતો*
*મને ખામોશીઓ ભોંકાય છે ખંજર નથી કહેતો*

*મિલનના રંગ ઘૂંટું છું, વિરહરસના કસુંબામાં*
*કરું છું કેફ પણ એ, કેફને બખ્તર નથી કહેતો*

*સમંદરના તરંગોનું શમન થાતું સમંદરમાં,*
*બન્યું મઝધારમાં તે હું કિનારા પર નથી કહેતો.*

*કહ્યું કો શિલ્પકારે અણઘડેલા સંગેમરમરને,*
*તને મૂર્તિ નથી કહેતો અને પથ્થર નથી કહેતો.*

*મિલનની બંસરી છેડાય ને હૈયા અજંપામાં*
*ઘડીભર થરથરે તેને કદી હું ડર નથી કહેતો.*

*જીવનમાં આપણો તો આ સદા તરસ્યો જ સંગમ છે,*
*હૃદયના નેક પ્રેમીને કદી પામર નથી કહેતો.*

*રહું છું પ્રેમભક્તિમાં જ ભીંજાતો અને ગાતો,*
*વસું છું જે જિગરમાં તેને હું પિંજર નથી કહેતો.*

*ખરાબામાં ચડે છે નાવ મોજાના ભરોસા પર,*
*અજાણ્યા કોઈ કાંઠાને કદી બંદર નથી કહેતો.*

*કલેજામાં પડી છે રાખ ઊર્મિની ને આશાની,*
*પ્રણયની ભસ્મને હું કોઈ દિન કસ્તર નથી કહેતો.*

*તને તારી સમજદારી મુબારક હો મહોબ્બતમાં,*
*મને આશક કહું છું, પણ હું કીમિયાગર નથી કહેતો.*

અણઘડેલો સંગેમરમર જે નથી મૂર્તિ, નથી પથ્થર અને જગતના સર્વકાલીન સર્વશ્રેષ્ઠ શિલ્પકાર માઈકલેન્જલોને મળવા આજે મારે તમને લઈ જવા છે.

એક તો મૂર્તિકાર શિલ્પકારની કલા વિષે વિશેષ આદર તો હોય જ, કારણ? એક સાવ નઠારા પથરાને એવી કાબેલિયતભર્યા કોતરકામથી કંડારે. એમાંથી જ એ તમને જગતભરની નિરાંત આંખોમાં સમાવી બેઠેલા બુદ્ધના દર્શન કરાવે. એમાંય પાછા માઈકલેન્જલો... વચમાં તમે ઘણાં જ વધારે ગમી ગયા... (સોરી મરીઝ!)

આ અને આવા માઈકલેન્જલો ઈટલીના પોતાના શહેરના સંગમરમર (આરસપહાણ) વેચતા વેપારી પાસે પહોંચ્યા અને કહ્યું કે તમે દુકાનની પેલી તરફ રસ્તાને અડીને એક મોટો આરસ મૂકી રાખ્યો છે. કેટલાંય વર્ષોથી અહીંથી પસાર થતાં હું એને જોઉં છું, એને વેચવો નથી? દુકાનદારે કહ્યું: ‘એ વેચાતો નથી. મેં તો આશા જ છોડી દીધી છે અને સાવ પેલી બાજુ મૂકી દીધો છે. જેને લઈ જવો હોય એ લઈ જાય.’ માઈકલેન્જલો બોલ્યા: ‘હું લઈ જઈશ.’ દુકાનદાર તો ખુશ ખુશ. બોલ્યો: ‘લો, મારી તો જગ્યા ખાલી થઈ ગઈ. સાવ નક્કામો છે આ પથ્થર. લઈ જાઓ તમતમારે. મજૂરી પણ હું આપી દઈશ. લઈ જાઓ. અત્યારે જ... ઝંઝટ ટળી. જગ્યા ખાલી થઈ. હાશ...’ માઈકલેન્જલો પથ્થર લઈ ગયા. એકાદ વરસ પછી એક દિવસ માઈકલેન્જલો દુકાનદાર પાસે આવ્યા અને બોલ્યા ‘મારા ઘરે આવશો? કંઈક દેખાડવા લાયક છે...’ લઈ ગયા દુકાનદારને ઘેર. દુકાનદારે જોયું જે, આંખોથી આનંદના આસુ વહેવા માંડ્યા. બહુ મૂર્તિઓ જોઈ હતી એણે, પણ આવી ક્યારેય નહીં... માઈકલેન્જલોએ પથ્થરને રૂપાંતરિત કરી નાખ્યો હતો. દુકાનદારને તો યાદ પણ ના આવ્યું કે આ એ જ આરસનો નક્કામો જગા રોકીને બેઠેલો પથ્થર છે જે મેં મફત આપ્યો હતો અને મૂકી આવવાની મજૂરી ય ચુકવી હતી. માઈકલેન્જલોએ એ નક્કામાં પથ્થરમાંથી જે પ્રતિમા ઘડી હતી એ હતી જીસસ અને મરિયમની. જીસસને મરિયમે શૂળી પરથી ઉતાર્યા છે, જીસસની લાશને મરિયમ પોતાના હાથમાં લઈને બેઠી છે. કહે છે આવી અદ્‌ભુત પ્રતિમા બીજી જગતમાં બની નથી. દુકાનદાર ભાવાવેશમાં એટલું જ બોલ્યો: ‘આવા નક્કામા પથ્થરમાંથી આવી શ્રેષ્ઠ પ્રતિમા? કેમ માની શકાય?’ માઈકલેન્જલો એટલું જ બોલ્યા: ‘પરમાત્મા કશું નક્કામો બનાવતો જ નથી. આ મૂર્તિ તમે કહો છો એવા આ નક્કામા પથ્થરમાં હતી જ. મેં તો માત્ર એમાંથી બિનજરૂરી હતું એને દૂર કરવાનું જ કામ કર્યું છે...’

બનાવવી છે આપણે આપણી જાતને આવી જ સુંદર? તો ચાલો આજથી દરરોજ કોઈકને કૈંક ને કૈંક જરૂરી આપવાનું શરૂ કરીએ અને અહમ્, જડબુદ્ધિપણું, રાગ-દ્વેષ, મોટો કૃત્રિમ અવાજ, નાની વાતોમાં છંછેડાઈ જવું ઈત્યાદિ બિનજરૂરી કચરો દૂર કરી દઈએ.

આજે આટલું જ... ■

---

વલો કચ્છ

ગિરિરાજ
feedback@
bombaysamachar.com

## સમયની માગ:
# કચ્છ, કલ્પવૃક્ષ જેવી ગાય ને પ્રાકૃતિક ખેતીનો નવો સૂર્યોદય

છેલ્લા કેટલાય સમયથી બદલાતા વિશ્વ અંગે નકરાત્મક પ્રભાવો અંગે ચિંતા થતી આવી છે, આપણે સાંભળીએ, ચિંતા કરીએ પણ અમલમાં મૂકીએ? બસ એ જ, અમલમાં નથી મૂકતા અને રજૂઆત સામે ધરીએ કે મારા એકના અમલ કરવાથી કશુંય બદલાશે નહીં? એટલે જૈસે થે વૈસે. પરંતુ અમુક વ્યક્તિઓ વ્યથિત થવાને બદલે પોતે બદલાઈ લોકોને બદલવા સતત પ્રયત્નશીલ રહે છે. એવું એક વ્યક્તિત્વ ગુજરાત મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું છે. પ્રાકૃતિક ખેતી પ્રત્યેનો એમનો ઝોક, અને લોકોને એ દિશામાં આગળ વધવા સતત મહેનતશીલ રહે છે. હમણાં થોડા સમય પહેલાં કચ્છમાં આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં દેવવ્રતજીએ ચોંકાવનારી અને ચિંતાજનક બાબત તરફ સૌનું ધ્યાન દોર્યું. તેમણે જણાવ્યું કે, ખેતરોમાં અંધાધૂંધ વપરાતાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના કારણે આજે સંશોધનોમાં માતાઓના દૂધમાં પણ યુરિયા અને ઝેરી તત્ત્વો મળી આવ્યાં છે. આ હકીકત એ વાતની ગંભીર ચેતવણી છે કે જો આપણે અત્યારે નહીં બદલાઈએ તો આપણી આવનારી પેઢીઓનું ભવિષ્ય અંધકારમય બની જશે.

આજે માનવજાત પ્રગતિનાં શિખરો સર કરી રહી છે, પરંતુ તેની સામે રોગો અને પ્રદૂષણનું એક મોટું સંકટ પણ ઊભું થયું છે. કચ્છ ફિનિક્ષ પક્ષીની જેમ અવારનવાર રાખમાંથી બેઠું થતું રહ્યું છે. વૈશ્વિક કટોકટીની વચ્ચે, સરહદી અને ખમીરવંત કચ્છ આ દિશામાં આગળ વધી શકે તેવી સક્ષમતા રાખે છે. એની સાબિતી ખુદ રાજ્યપાલે આપી છે, તેમણે કહ્યું હતું કે શહેર કરતાં પણ ભુજ તાલુકાનું કોડકી ગામ સુંદર છે, જે ગ્રામજનોની મહેનત દર્શાવે છે. તેમણે ગામની એકતા અને ભાઈચારાની ભાવનાને બિરદાવતા ગ્રામજનોને ગામ, ગલી તથા જાહેર વિસ્તારોને પોતાના ઘરની જેમ જ સ્વચ્છ રાખવા તેમ જ ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવીને પર્યાવરણ તથા મનુષ્યના સ્વાસ્થ્યને બચાવવા અનુરોધ કર્યો હતો. કચ્છ એટલે માત્ર રણ કે પ્રવાસનનું કેન્દ્ર નહીં, પરંતુ આપત્તિઓને અવસરમાં બદલનારી પ્રયોગશીલ ધરતી. આજે આ જ ધરતી પરથી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની એક નવી ક્રાંતિની શરૂઆત થઈ ચૂકી છે, જે વર્તમાન સમયની સૌથી મોટી માગ છે.

વધુ ઉત્પાદન મેળવવાની આંધળી દોડમાં આપણે આપણી ધરતી માતાને રાસાયણિક ખાતરોથી બંજર બનાવી દીધી છે. કચ્છના અંજાર તાલુકાના નાની નાગલપર ગામના પ્રેરણારૂપ ખેડૂત મેઘજીભાઈ હીરાણીની આપવીતી આનું જીવંત ઉદાહરણ છે. વર્ષ ૨૦૦૩ પહેલાં રાસાયણિક ખેતીના અતિરેકથી તેમની જમીન સાવ નિષ્પ્રાણ થઈ ગઈ હતી. આ માત્ર મેઘજીભાઈની નહીં, પણ ભારતના હજારો ખેડૂતોની કહાની છે. જ્યારે વિજ્ઞાન હારી જાય છે ત્યારે આપણી સનાતન કૃષિ પદ્ધતિ અને દેશી ગાય વહારે આવે છે. મેઘજીભાઈએ પ્રાકૃતિક ખેતી અપનાવી, પરિણામે તેમની જમીનનો ઑર્ગેનિક કાર્બન ઘટીને ૦.૨થી ૦.૭ થઈ ગયો હતો, તે આજે વધીને ૧.૬ થઈ ગયો છે! આ આંકડો સાબિત કરે છે કે પ્રકૃતિ પોતાની જાતને સજીવન કરવાની અદ્‌ભુત ક્ષમતા ધરાવે છે, બસ આપણે તેને તક આપવી પડે.

પ્રાકૃતિક ખેતીનો અસલી આત્મા આપણી દેશી ગાય છે. ગાયનું ગોબર અને ગૌમૂત્ર જમીન માટે અમૃત સમાન છે. આજે ખેડૂતો માત્ર ખેતી જ નથી કરી રહ્યા, પણ ‘કૃષિ આંત્રપ્રિન્યોર’ (ખેતીવાડી ઉદ્યોગસાહસિક) બની રહ્યા છે. મેઘજીભાઈએ માત્ર ૪ એકર જમીનમાં ૪૦ ગાયોની મદદથી પંચગવ્ય (દૂધ, દહીં, ઘી, ગોબર, ગૌમૂત્ર) માંથી ૧૨૫ જેટલી ઇકો-ફ્રેન્ડ્લી પ્રોડક્ટ્સ બનાવીને આખા દેશમાં વેચાણ શરૂ કર્યું છે. ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી બનેલા શૅમ્પુ, તેલથી લઈને ઘર ઉપયોગી દીવા, તોરણ અને ઘડિયાળ સુધીની વસ્તુઓની બજારમાં ભારે માગ છે. એટલું જ નહીં, મોટા ગોબરગૅસ પ્લાન્ટ દ્વારા રસોઈ ગૅસ મેળવવાની સાથે સાથે વીજળી જાય ત્યારે જનરેટરમાં પણ આ ગૅસ વાપરીને ડીઝલની બચત કરવામાં આવી રહી છે. આ મૉડેલ દર્શાવે છે કે એક ગાય આખા પરિવારને આત્મનિર્ભર બનાવી શકે છે.

કુદરતી કમ્પોસ્ટ ખાતર અને ઘન જીવામૃતના પ્રયોગોથી જમીનની ભેજસંગ્રહ શક્તિ વધે છે. વળી, વાડીઓમાં ઊંડા ખાડા કરી વરસાદી પાણીને જમીનમાં ઉતારવાના કચ્છી ખેડૂતોના પ્રયોગો જળસ્તર ઊંચા લાવવામાં મદદરૂપ થઈ રહ્યા છે. તેની સાથે પ્રધાનમંત્રીશ્રીના ‘એક પેડ મા કે નામ’ અભિયાન હેઠળ કોડકી જેવાં ગામોમાં થઈ રહેલું વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન પર્યાવરણને નવપલ્લવિત કરી રહ્યું છે. આજનો જમાનો એ વાત સમજી ચૂક્યો છે કે હૉસ્પિટલોના ખર્ચ અને દવાઓથી બચવું હશે તો ‘ઝેરમુક્ત અન્ન’ તરફ પાછા વળવું જ પડશે. ચાલો, આપણે સૌ સાથે મળીને પ્રકૃતિ તરફ પાછા વળીએ, દેશી ગાયનું જતન કરીએ અને આપણી ધરતીને ફરી સુજલામ્ સુફલામ્ બનાવીએ. ■








---

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@
bombaysamachar.com




આઇબી ચીફ અભયસિંહ રાઠૌડને અજમલ અન્સારી હાથ લાગ્યો નહીં હોવાના માઠા સમાચાર મળે તે પહેલાં અજમલ અન્સારી અકબર પરોઠા હાઉસના આલુ પરોઠા હજમ કરીને કોઈ અજ્ઞાત સ્થળે પહોંચી ગયો હતો... મતલબ એને સલામત જગ્યાએ પહોંચાડી દેવામાં આવ્યો હતો. દિલ્હીમાં બેઠેલા પાકિસ્તાનના હાઈ કમિશનર અબરાર અહમદખાને પોતાની જિમ્મેદારી કહો કે ગદ્દારી... સારી રીતે નિભાવી હતી.

********************

નૅશનલ સિક્યૉરિટી ઍડ્‌વાઇઝર અભિજિત ભલ્લાએ આપેલા છૂટા દોર પછી રાધાના દિમાગમાં રાઘવને ઉડાવવાનો વિચાર સતત ચાલતો રહ્યો, પરંતુ કઈ રીતે ઉડાડી દેવો. રાધા પાસે કોઈ શસ્ત્ર ન હતું. અને શસ્ત્ર હોત તો પણ મંદિરના પરિસરમાં કે એની આસપાસના વિસ્તારમાં કે બેજલમેડ ગામમાં લોહીનું એકપણ ટીપું નહીં વહેવડાવવાનો આઇબી ચીફનો આદેશ હતો. પવિત્રધામમાં પડેલા લોહીના ડાઘ ભાવિકોના મનમાંથી ક્યારેય ભૂંસાતા નથી. રાધાએ રિવૉલ્વર નહીં લેતી વખતે જ શસ્ત્રવિહોણા યુદ્ધની કલ્પના કરી લીધી હતી. યુદ્ધ માટેની સજ્જતા એ જ સાચા યોદ્ધાની નિશાની છે. રાધાએ શસ્ત્રવિહોણું યુદ્ધ લડવાનું હતું... અને એ મનથી સજ્જ હતી... શસ્ત્ર એના દિમાગમાં હતું, માત્ર તકની રાહ જોવાની હતી. જોકે, તક એણે જાતે ઊભી કરવાની હતી.

**********************

રાઘવ બાબુજીના ક્રિયાકર્મ રણછોડ પર છોડીને મંદિર પરિસરમાં દૂધ વેચવા બીજા જ દિવસથી નીકળી પડ્યો. એની ચકોર નજર મંદિર પરિસરમાં ફરતી રહી, પણ એને ખબર ન હતી કે એના પર બીજી કેટલીક નજર ફરી રહી હતી. એણે દૂધ ભરેલું કેન પુરોહિતની ચાની ટપરી પાસે ઉતાર્યું. પુરોહિતે તરત જ એને ચાની કુલ્હડ આપી. પુરોહિતના ચહેરા પર બાબુજીના મોતનો શોક અને ગુસ્સો બંને ભડભડિયા સ્ટવની જેમ ભડભડ બળી રહ્યા હતા. એના મનમાં બાબુજીના કાતિલને ચા પીવડાવી રહ્યાનો વસવસો હતો. રાઘવના ચહેરા પર બાબુજીના મૃત્યુનો કોઈ શોક જણાતો નહતો. રાઘવે જ બાબુજીને ખતમ કર્યા હોવાનો આનાથી વિશેષ કયો પુરાવો હોઈ શકે. પુરોહિતને રાઘવના ચહેરા પર ગરમ ચાનું તપેલું ફેંકવાની ઇચ્છા થઈ. એને લાગ્યું કે એ મંદિર પરિસરમાં એક વિધર્મી, એક આતંકવાદી... દેશના દુશ્મનને ચા પીવડાવીને ઉછેરી રહ્યો છે. એણે ગુસ્સામાં તપેલાની ધાર પર કડછો પછાડ્યો. આ સિવાય એ કરી પણ શું શકે એમ હતો, પણ ચા વેચીને પેટિયું રળનારા પુરોહિતના પેટમાં દેશદાઝ ઊકળી રહી હતી. ક્રિયાકર્મમાં તારે રણછોડની સાથે રહેવું જોઈએ’ પુરોહિતે કહ્યું.

‘બાબુજી કહેતા કે આ પણ દૂધની સેવા છે... આને ક્યારેય બંધ નહીં કરવાની,’ રાઘવે કહ્યું.

ગોપાલેશ્વરનું આવું પવિત્ર કામ તારા હાથે થાય છે એની ખબર જો બાબુજીને પડી હોત તો એમની આંતરડી કેટલી કકડી ઊઠી હોત એની તને ખબર નથી... પુરોહિત બોલવા ગયો, પણ શબ્દોને ચાની સાથે જગમાં ગાળી નાખ્યા.

‘દૂધ વેચવાનું કામ રણછોડને કરવા દેવું હતુંને... એ બાબુજીની વધુ નજીક હતો,’ પુરોહિત બોલ્યો.

‘એ બાબુજીની નજીક હતો એટલે જ મેં એને બાબુજીની પાછળના ક્રિયાકર્મ કરવાનું કહ્યું...’ રાઘવે કહ્યું.

‘રણછોડ છોરો હજી ઉંમરમાં નાનો છે... તું એની સંભાળ રાખજે...’ પુરોહિત બોલ્યો.

‘અરે એ કાંઈ કહેવાની વાત છે... હું એનું બરાબર ધ્યાન રાખીશ... એ મારા ધ્યાનમાં જ છે.’ રાઘવ આ કયા અર્થમાં બોલ્યો... પુરોહિતને રણછોડની ચિંતા થઈ.

**પવિત્રધામમાં પડેલા લોહીના ડાઘ ભાવિકોના મનમાંથી ક્યારેય ભૂંસાતા નથી...**

રાઘવ એનું રાઝ જાણી જનારાને કદાચ માર્ગમાંથી હટાવી નાખતો હશે... પહેલાં બાબુજી અને હવે કદાચ રણછોડ. વિચાર પુરોહિતને હચમચાવી ગયો.

********************

પાણીની પરબ પર સાધુ કળશિયો ઉપર ધરીને પાણી પીતો ઊભો હતો. ત્યાં આવી પહોંચેલા શંકરને જોઈને સાધુએ કળશિયો મૂક્યો. જય ગોપાલા બોલીને શંકર એ જ કળશિયો ઉપાડીને પાણી પીવા લાગ્યો.

‘સાયલેન્ટ ધમાકા...’ સાધુ આસપાસ જોતાં બોલ્યો.

‘કબ...?’ શંકરે પૂછ્યું.

‘થોડા રુકને કા હુકમ હૈ...’

‘ઝ્યાદા રુકને મેં ખતરા હૈ...’

‘ખતરા મોડ લો... લેકિન અપની પોઝિશન બનાયે રખો... હુકમ હૈ...’ સાધુએ કહ્યું.

એ જ વખતે પુરોહિત સ્કૂટી પર નીકળ્યો. સદ્‌નસીબે એનું ધ્યાન બંને પર પડ્યું નહીં, પણ શંકરે પુરોહિતને જોઈ લીધો... ‘ચલતા હું’ કહીને એ ચાલવા લાગ્યો. સાધુ સમજી ગયો કે કંઈક થયું જેથી શંકરે ચાલતી પકડી, પણ એને પૂછવાનો સમય ન હતો. પુરોહિત પાછો વળીને ચાની ટપરી પર આવતાં પહેલાં ગુપ્તાજીની દુકાને ગયો.

‘ચાય પત્તી ઔર શક્કર...’ ગુપ્તાજીની સામે જોઈને બોલ્યો. શંકર ચૂપચાપ જોખવા લાગ્યો. જોખીને સામાન આપ્યો.

‘પાની પીલા દે ભાઈ,’ શંકરે પુરોહિતને પાણી આપ્યું.

‘ગુપ્તા તેરે મટકે કા પાની તો પ્યાઉ કે પાની સે ઝ્યાદા મીઠા હૈ...’ પુરોહિતે ગ્લાસ પાછો આપતાં કહ્યું. ક્યા પુરોહિતને મુઝે સાધુ કે સાથ દેખ લિયા થા યા એસે હી કહા... શંકર અસમંજસમાં પડી ગયો હતો.

*******************

શંકરને બીજી એક મૂંઝવણ પણ સતાવતી હતી. સાયલેન્ટ ધમાકો જલદી પતે તો સારું કેમ કે બહુ વખત ગોપાલેશ્વરમાં રોકાવું ઠીક નથી એવું એને છેલ્લા થોડા સમયથી લાગ્યા કરતું હતું. સાયલેન્ટ ધમાકા અભી નહીં કરના હૈ. સાધુએ ઉપરથી છોડાયેલો હુકમ સાફ શબ્દોમાં કહ્યો હતો. પાણીની પરબ પર સાધુ સાથેની વાત અધૂરી રહી ગઈ હતી. વારેવારે પાણીની પરબ પર જઈને વાતો કરવાથી કોઈની પણ નજર આવી જવાનો ખતરો પણ હતો. એવું તો શું કારણ છે કે સાયલેન્ટ ધમાકાને રોકી રખાયો છે... જાણવું જરૂરી હતું. કોઈ એક રાતે મોકો જોઈને શંકરના મંદિરે જઈને સાધુ સાથે વાત કરવાનો એને વિચાર આવ્યો.

*********************

અજમલ અન્સારી નમાઝ પઢીને ઊભો થયો કે એણે મોબાઇલની રિંગ સાંભળી. બાજુના રૂમમાંથી ઝૈનાબ અલી નામની મહોતરમા બહાર આવી...

‘આપકે લિયે હૈ...’ એ અજમલ અન્સારીને મોબાઇલ આપીને જતી રહી.

‘હેલો...’ અજમલ અન્સારીએ કહ્યું.

‘ફિર સે બાલ બાલ બચ ગયા તૂ... હમારે લડકોં કી ઇન્ફર્મેશન પક્કીથી ઇસ લિયે...’

સમંદરખાન બોલ્યો...

‘જનાબ, માન ગયે આપકી ઇન્ફર્મેશન કો... મેરે લિયે એક ઓર ખબર નિકાલિયેના...’ અજમલ અન્સારીએ કહ્યું.

‘કૌન સી ખબર...?’ સમંદરખાને પૂછ્યું.

‘મિત્સુ આનંદ કહાં મિલેગી... ઉસે હલાલ કરના હૈ...’

‘જબ તક મૈં ના કહું વહાં સે હિલના મત... ઔર ઉસ ઘર મેં અપના મૂંહ બંધ રખના...’ સમંદરખાને અજમલની મૂળ વાત ઉડાવતાં જવાબ આપ્યો. ફોન કટ થવાનો અવાજ આવ્યો. અજમલે ખભા ઉછાળ્યા.

અજમલને મારુતિ કારમાં શિફ્ટ કરાયો ત્યારે જ સમંદરખાને ઝૈનાબના અબુ રહેમત અલીને અજમલને થોડા દિવસ રાખવા માટેનો ફોન કરી દીધો હતો. રહેમત અલી અને એની બીવી નૂર અમદાવાદમાં વસતાં પાકિસ્તાનની એસેટ હતાં. મહત્ત્વની વાત તો એ હતી કે એમની પુત્રી ઝૈનાબ ખુદ અબુ અમ્મીના આ રાઝથી બેખબર હતી.

‘આપકા મોબાઇલ...’ અજમલે અંદરથી જ બૂમ પાડી. ઝૈનાબે અંદર જઈને મોબાઇલ પાછો લીધો.

‘શુક્રિયા... રાસ્તે મેં દરઅસ્સલ મેરા ફોન ખો ગયા...’ અજમલ અન્સારીએ કહ્યું.

હકીકતમાં અજમલ અન્સારીને રહેમત અલીના ઘરે મૂકી જનારા લોકોએ સૌથી પહેલાં એનો મોબાઇલ જપ્ત કરી લીધો હતો.

‘આપ વૈસે ક્યા કરતી હૈ...?’ અજમલે પૂછ્યું.

‘મૈં જોબ કરતી હું...’ ઝૈનાબે કહ્યું.

‘ઔર આપ...?’ ઝૈનાબે પૂછ્યું...

‘મૈં પેશે સે ડૉક્ટર હું...’ અજમલે કહ્યું...

‘આપ અકેલી રહેતી હો...?’

‘નહીં, અબુ ઔર અમ્મી હૈ... કલ રાત આપ આયે તબ વો લોગ નહીં થે... એક દિન કે લિયે બહાર ગયે હૈ... બસ, અભી આને ચાહિયે...’

ઝૈનાબ રૂમની બહાર નીકળી કે તરત જ ડોરબેલ વાગી. ઝૈનાબે દરવાજો ખોલ્યો રહેમત અલી અને નૂર પ્રવેશ્યાં.

‘ડૉક્ટર અજમલ અન્સારી કહાં હૈ...?’ રહેમત અલીએ પ્રવેશતાં જ પૂછ્યું.

‘અંદર હૈ... આપકે મોબાઇલ પર ઉનકે લિયે ફોન આયા થા... અબુ, આપ દો દો મોબાઇલ રખતે હો... ઔર એક મોબાઇલ આપકો ભૂલ જાના હી હૈ... ખૈર, મૈંને બાત કરા દી હૈ...’

‘અચ્છા કિયા...’ કહીને એ અંદર ગયા.

‘મૈં રહેમત અલી. સૂનો, મેરી બેટી ઝૈનાબ કો કૂછ પતા નહીં ચલના ચાહિયે હમારે બારે મેં...’ રહેમત અલીએ ધીમેથી કહ્યું.

અજમલે માત્ર મુંડી હલાવી... સમંદર ખાને મોઢું બંધ રાખવાની આપેલી સૂચના એને યાદ આવી.

‘બહાર આઓ...’ રહેમત અલી બોલ્યા. બંને બહાર આવ્યા...

‘યે નૂર મેરી બીવી ઔર યે ઝૈનાબ મેરી બેટી, અહેમદાબાદ રિજિનલ પાસપોર્ટ ઑફિસ મેં કામ કરતી હૈ...’ એમણે ઓળખાણ કરાવી.

‘ઔર આપ હૈ ડૉ. અજમલ અન્સારી... દિલ્હી સે હૈ... હમારી પુરાની પહેચાન હૈ... થોડી ફૅમિલી પ્રૉબ્લેમ કે કારન... કૂછ દિન યહાં રુકેંગે.’

અજમલ અન્સારી અમદાવાદની રિજિનલ પાસપોર્ટ ઑફિસમાં કામ કરતી ખુબસૂરત ઝૈનાબને જોતો રહ્યો અને ઝૈનાબે ડૉ. અજમલ અન્સારીને ધ્યાનથી જોયો. ઝૈનાબના જોવાનો અંદાઝ અલગ હતો.

(ક્રમશઃ)■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# સોશ્યલ મીડિયા પર અનેકોને કનડતું આ ‘ટ્રોલ’ શું છે ?

## કોઈની હરકત કે વિચાર પસંદ ના પડે ત્યારે સાયબર પ્લેટફોર્મ્સ પર એની પાછળ પડી જઈને ભલભલાને ત્રાહિમામ્ પોકારવાની ચેષ્ટા ‘ટ્રોલ’નું પોસ્ટમાર્ટમ...

**સર્વપ્રથમ** આ કેટલાક તાજા સમાચાર પર આપણે નજર ફેરવી લઈએ,જેમકે...

* સાઉથના સુપરસ્ટાર વિજય થલપતિ વિધાનસભાની ચૂંટણીમાં વિજયી નીવડ્યા પછી તમિળનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. એ સમારોહમાં એની સાથે હૂંફાળા સંબંધ ધરાવતી અભિનેત્રી ત્રિષા કૃષ્ણને હાજરી આપી. એક્ટર સીએમ વિજયનો ડિવોર્સ કેસ ચાલી રહ્યો છે ત્યારે એ ઘટના સોશ્યલ મીડિયા પર ચર્ચાસ્પદ બની. પછી ત્રિષાએ ‘લવ ઈઝ ઓલવેઝ લાઉડર’ એવી પોસ્ટ વહેતી કરી. એમાં સોશ્યલ મીડિયા પર ત્રિષાને જબરજસ્ત ટ્રોલ કરવામાં આવી રહી છે...

* આલિયા ભટ્ટ હમણા ‘કાન ફેસ્ટિવલ’ના રેડ કાર્પેટ પર હાજરી આપી ત્યારે એણે પહેરેલાં ડ્રેસને કારણે ત્યાંના વિદેશી મીડિયાએ એની નોંધ પણ ન લીધી એવા સમાચાર સોશ્યલ મીડિયા પર ગાજ્યા પછી આલિયાને જબરી ટ્રોલ કરવામાં આવી...

* અક્ષર કુમારની આગામી ફિલ્મ ‘વેલકમ -૩’નું હમણાં ટીઝર રજૂ થયું પછી ‘એ તો ૧૮ વર્ષ જૂની એક હોલિવૂડ ફિલ્મની રી-મેક છે.’ એવી સંખ્યાંબંધ ટીકા સાથે અક્ષયને પણ ટ્રોલ કરવામાં આવી રહ્યો છે....

* વિક્રમવીર ક્રિકેટર વિરાટ કોહલીએ જાણે અજાણે એક ફૂટડી જર્મન સિંગર મોડલ લિઝલા (જેનીફર)ની એક તસવીરને ‘લાઈક’ કરી અને પેલી રાતોરાત સોશ્યલ મીડિયા પર જાણીતી થઈ ગઈ, પછી એવા સમાચાર આવ્યા કે લિઝલાએ ઓનલાઈન એવો ઘટસ્ફોટ કર્યો છે કે એ તો વિરાટ કોણ છે એ જાણતી પણ નથી, પણ એની વિરુદ્ધ બોલવા માટે કેટલાક પત્રકારોએ એની મોટી રકમની ઓફર પણ કરી હતી!

આ સમગ્ર ઘટના સોશ્યલ મીડિયામાં ગાજી એમાં વિરાટ પણ એની પેલી ‘લાઈક’ માટે ટ્રોલ કરવામાં આવ્યો.

આમ ટ્રોલના નામે આવા તો અનેક હોબાળા સોશ્યલ મીડિયા પર અવિરત ચાલ્યા જ કરે છે. કોઈ વાર નેતા કોઈ વાર ફિલ્મ અદાકાર તો ઘણી વાર વિવિધ ક્ષેત્રની નામધારી વ્યક્તિઓ પણ શિકાર બનતી રહે છે.

આજના ડિજિટલ યુગના સોશ્યલ મીડિયાના જમાનામાં ભાગ્યેજ કોઈ ‘ટ્રોલ’ શબ્દથી અપરિચિત હશે. આમ છતાં, આપણે આ ટ્રોલની એક સામાન્ય સાવ પરિચિત એવી વ્યાખ્યામાં જાણીએ તો ઈન્ટરનેટ કે સોશ્યલ મીડિયા પર કોઈ ચોક્ક્સ વ્યક્તિ કે જૂથને અમુક તમુક લોકો ઈરાદાપૂર્વક હેરાન કરવા -બદનામ કરવા અપમાનજનક કે ઉશ્કેરણીજનક ટિપ્પણી કરે તો તેને ‘ટ્રોલ’ તરીકે ઓળખાવામાં આવે છે.

આ શબ્દનો ભૂતકાળ કે ઈતિહાસ ફંફોસીએ તો જાણવા મળે કે સ્કેન્ડિનેવિયા દેશની પરિકથા કે ત્યાંની દંતકથાઓમાં એક વામન કદના કદરૂપા પ્રાણીનો અવશ્ય ઉલ્લેખ થતો. એ જુગુપ્સાપ્રેરક પ્રાણી કોઈની પાછળ પડી જઈને હંમેશાં ખરાબીના જ ખેલ કરતું. આવું પ્રાણી ‘ટ્રોલ’ તરીકે બદનામ હતું. એ જ રીતે કોઈ એક યા બીજી રીતે કોઈને પજવતું હોય અને ‘ટ્રોલિંગ’ કહે છે.

હકીકતમાં આવી ચેષ્ટા આજકાલ સોશ્યલ મીડિયામાં વ્યાપક છે. અનેક નામચીન ટ્રોલર લોકપ્રિય હસ્તીઓને સાવ કારણ વગર કે કોઈ બહાનાં હેઠળ વગોવે કે તીવ્ર ટીકા કરે પછી રીતસર પાછળ પડી જાય. ઘણી વાર તો


ટ્રોલ નામનું પ્રાણી

આવા ટ્રોલર ચોક્કસ એજન્ડા- ધ્યેય સાથે જાણીતી વ્યક્તિ પર તૂટી પડે છે.

એમની લોકપ્રિયતાથી ઈર્ષા અનુભવતા પોતાનો ખાર એના પર ઉતારે છે. આપણે ત્યાં ‘ટ્વિટર’ ( હવે X ) પર આવા કેટલાંક બદનામ પણ છે. આમાંના એક છે નિષ્ફળ નિર્માતા-કલાકાર KRK ઉર્ફે કમાલ આર. ખાન.આ બિરાદર એના તેજાબી ટ્રોલ માટે અનેક વાદ-વિવાદ અને પોલીસ-કોર્ટ-કચેરીનાય મામલામાં સંડોવાયેલો છે. સામે સલમાન હોય- શાહરુખ કે પછી સારા અલી ખાન આ નામચીન ખાનને જેની સાથે વાકું પડે એને તોછડી ભાષામાં એ ‘2 Rs પીપલ’ અર્થાત ‘દો ટકે કે લોગ’ તરીકે બોલાવે છે!

જોકે આવા ટ્રોલરને જડબાતોડ જવાબ આપનારા પણ છે. સદ્ગત રિષી કપૂર એને ન ગમતી કોઈ પણ સમાજિક ઘટના વિરુદ્ધ સોશ્યલ મીડિયા પર શબ્દો ચોર્યા વગર કડક શબ્દોમાં વિરોધ પ્રગટ કરતા.

પરિણામે એ ખુદ ટ્રોલ થતા, પણા આવા ટ્રોલિંગ વખતે એને ટ્રોલ કરનારાને પણ તેજાબી જવાબ આપીને સામેવાળાની બોલતી બંધ કરી દેતા...

મનોવિજ્ઞાનીઓ કહે છે તેમ કમાલ આર. ખાન જેવા ‘ટ્રોલરવીર’ માનસિક રીતે બીમાર હોય છે. કોઈનું સારું ન જોઈ શકનારા ઈર્ષા- વૈરવૃતિ અને લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે. એક સર્વે અનુસાર સાયબર સ્પેસ પર ૫૮ ટકાથી વધુની એક યા બીજી રીતે જે હેરેસમેન્ટ-હેરાનગતિ કરવામાં આવે છે એમાં ટ્રોલનું જ હથિયાર વધુ વપરાય છે. આ છે ભલભલાને પજવતા ટ્રોલની નકારાત્મક બાજુ. જેમ સોશ્યલ મીડિયા પર કોઈને ટ્રોલ દ્વારા પજવી શકાય છે તેમ સકરાત્મક ‘ટ્રોલ‘થી કોઈને ‘દાનવીર’ પણ બનાવી શકાય ખરું ?

વેલ, ધારી લો કે એશિયા-ઈન્ડિયાના સૌથી શ્રીમંત એવા મૂકેશ અંબાણીને કોઈ સોશ્યલ મીડિયા પર પૂછે : ‘આપણા વિદ્યાર્થીઓના લાભાર્થે તમે તમારી મિલકતમાંથી કેટલું અને કઈ રીતે દાન કરી શકો?’ અને ધારી લો કે મૂકેશભાઈ ટ્વિટ કરીને જવાબ પણ આપે : ‘દેશના બધા જ વિદ્યાર્થિઓના અભ્યાસ માટે આજથી દસ વર્ષ સુધી અમે જિયો સ્માર્ટ ફોન તથા ડેટા સાવ નિઃશુલ્ક આપવા ઈચ્છીએ છીએ. બોલો, બીજા કયા કયા ઉદ્યોગપતિઓ અમારા આ મિશનમાં કઈ કઈ રીતે ઉપયોગી થવા ઈચ્છે છે?’

મૂકેશ અંબાણીની જેમ અન્ય ઉદ્યોગપતિઓ પણ આ જ પ્રકારની સમાજ કલ્યાણ માટે તત્પરતા દેખાડે તો ભારતીય સમાજ-સંસ્કૃતિની શિકલ જ બદલાય જાય પણ અહીં કલ્પના અને વાસ્તવિકતા વચ્ચે તેર મણનો ‘તો’ છે.

આમ છતાં, આ શક્ય છે એવી આશા થોડા સમય પહેલાં વિશ્વના સૌથી શ્રીમંત એવા ઈલોન મસ્કે જગાડી છે.

ઈલોન મસ્ક, જે અમલમાં મૂકી રહ્યા છે એવા સકારાત્મક ટ્રોલની વાત જાણ્વા જેવી છે. મસ્ક Out of Box એટલે કે ચીલાચાલુને બદલે કઈંક નવા પ્રકારનું વિચારવા માટે જાણીતા છે. એ અન્ય ધનવાનોની જેમ દાનવીર તરીકે જાણીતો નથી. આમ છતાં, ૮૩૯ અબજ ડૉલર (૧ ડૉલર = આશરે આજના આપણા રૂપિયા ૯૬ !) ના આ માલિકે બધા ચોંકી ઊઠે એવી એક ટ્વિટ પોસ્ટ કરી છે. ઈલોન મસ્ક પૂછે છે : ‘દુનિયાનો ભૂખમરો મટાડવા ૮ અબજ ડૉલરની જરૂર છે અને આ રકમ ઈલોન મસ્ક દાનમાં આપી શકે છે’ એવું ‘યુનો’ કહે છે તો મને કોઈ પ્લીઝ સમજાવો કે આ કઈ રીતે શક્ય છે તો હું અમારી કંપનીની ‘ટેસ્લા’ કારના બહુ મૂલ્યવાન બધા જ શેર્સ વેંચીને એ રકમનું દાન આપવા તૈયાર છું..!’

ઈલોન મસ્કની આ પોસ્ટથી - પ્રતિક્રિયાથી ઘણા દાનવીરો પ્રભાવિત પણ થયા છે. અમેરિકાના અર્થશાસ્ત્રીઓ પણ કહેવા લાગ્યા છે કે અન્ય શ્રીમંત દાનવીરોને પણ ઈલોન મસ્કની જેમ આ જ રીતે ‘ટ્રોલ’ કરીને એમની દાનવૃતિને ‘ઉશ્કેરવી’ જોઈએ!


આવી ‘ટ્રોલ ફિલેન્થ્રપી-દાનવૃત્તિ’ આપણે ત્યાં પણ વિકસે તો?! ■


દક્ષિણની અભિનેતી ત્રિષા કૃષ્ણન


વિરાટ કોહલી


રિષી કપૂર


એક્ટર KRK ઉર્ફે કમાલ આર.ખાન


ઈલોન મસ્ક

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# કળાનો ‘ઓરા’ ને આત્માવિહોણી AI એટલે મૌલિકતાનું ક-મોત

કલ્પના કરો કે તમે મોબાઈલમાં કોઈ નવું ગીત સાંભળી રહ્યા છો. અવાજ બિલકુલ જાણીતો છે, શ્વાસ લેવાની લય, હરકત અને મુરકી પણ એ જ છે, જે તમે દાયકાઓથી સાંભળતા આવ્યા છો.

જોકે એક હકીકત તમને અંદરથી હચમચાવી દે છે જે ગાયકનો આ અવાજ છે તે વર્ષો પહેલા મૃત્યુ પામી ચૂક્યો છે. આ કોઈ ફિક્શન નથી, પણ એકવીસમી સદીના ત્રીજા દાયકાની નવી વાસ્તવિકતા છે. હોલિવૂડથી લઈને ગ્લોબલ મ્યુઝિક ઇન્ડસ્ટ્રી સુધી અત્યારે એક નવો ખેલ શરૂ થયો છેઃ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના જોરે મૃત કલાકારોને ડિજિટલ સ્વરૂપે પુનર્જીવિત કરવાનો ખેલ, જેમકે...

જેમ્સ ડીન જેવા અભિનેતાઓ દાયકાઓ પછી નવી ફિલ્મોમાં ‘એક્ટિંગ’ કરતા દેખાય છે અને જૂના ગાયકોના અવાજને ક્લોન કરીને નવા ગીતો બજારમાં ફેંકવામાં આવે છે. હમણાં જ આપણે ‘સૈયારા’ અને ‘ડન્કી’ ફિલ્મોનાં ગીતને કિશોર કુમાર અને મોહમ્મદ રફીના અવાજમાં સાંભળ્યા છે.

આ સમયમાં જર્મન ફિલસૂફ વોલ્ટર બેન્જામિનને યાદ કરવા પડે. ૧૯૩૫ માં બેન્જામિને એક અદ્ભુત નિબંધ લખેલો- ‘The Work of Art in the Age of Mechanical Reproduction’. તેમણે એક બહુ જ ગહન કન્સેપ્ટ આપ્યો હતોઃ કળાનો ‘ઓરા’. બેન્જામિનના મતે જ્યારે કોઈ કલાકૃતિ સાચી હોય છે ત્યારે તેની આસપાસ એક ‘ઓરા’ હોય છે. તે ઓરા સમય અને અવકાશમાં તેની અજોડ હાજરીનું પરિણામ છે. મોનાલીસાના અસલી ચિત્ર સામે ઊભા હોઈએ ત્યારે જે અનુભૂતિ થાય છે તે અનુભૂતિ મોનાલીસાનો ફોટો મોબાઈલની સ્ક્રીન પર જોતી વખતે નથી થતી, કારણ કે નકલમાંથી ‘ઓરા’ ગાયબ થઈ જાય છે.

જ્યારે ટેકનોલોજી માત્ર નકલ જ નથી કરતી, પણ કલાકારના અસ્તિત્વની જ ઉઠાંતરી કરે છે ત્યારે કળાના પાયા હચમચી જાય છે. ગયા મહિને જ જ્યારે આશા ભોંસલે જેવી મહાન ગાયિકાએ વિદાય લીધી ત્યારે આપણે માત્ર એક અવાજને નહિ, પણ ભારતીય સંગીતના એક જીવંત, શ્વાસ લેતા યુગની વિદાયનો શોક મનાવ્યો હતો. તેમના અવાજમાં જે દર્દ, જે ઊંડાણ




અને જે નજાકત હતી તે તેમના દાયકાઓના સંઘર્ષ, અંગત અનુભવો અને માનવીય સંવેદનાઓમાંથી નીતરીને આવતી હતી. એ અવાજનો પોતાનો એક ઐતિહાસિક ‘ઓરા’ હતો. હવે ધારો કે કોઈ મ્યુઝિક કંપની AI ના અલ્ગોરિધમમાં ડેટા ફીડ કરીને આજે એ જ સ્વરમાં એક નવું નક્કોર ગીત જનરેટ કરે. તે ટેકનિકલી પરફેક્ટ હશે, સુર-તાલ ક્યાંય ચૂકશે નહિ, પણ તે માત્ર એક યાંત્રિક ધ્વનિ હશે. તેમાં આત્મા નહિ હોય કારણ કે તેને ગાનાર ડિજિટલ યંત્રો પાસે ધબકતું હૃદય નથી.

સાચી કળા હંમેશાં માનવીય મર્યાદાઓમાંથી જન્મે છે. સર્જન પ્રક્રિયામાં કલાકાર જે પીડામાંથી પસાર થાય છે તે કલાકૃતિને મહાન બનાવે છે. આ સમજવું હોય તો ઈરાનીયન સિનેમાના મેકર્સ તરફ નજર કરવી પડે. ઈરાનમાં સરકારની અત્યંત કઠોર સેન્સરશિપ અને સામાજિક પાબંદીઓ છે. ત્યાંના ડિરેક્ટર્સ ફિલ્મોમાં સ્ત્રીઓના ખુલ્લા વાળ કે રાજકીય બળવાઓ સીધી રીતે બતાવી શકતા નથી, પરંતુ આ જ મર્યાદાએ તેમના સિનેમાને વિશ્વનું સૌથી ઊંડું અને પ્રભાવી સિનેમા બનાવ્યું છે. એ ફિલ્મસર્જકો અત્યંત મિનિમલિઝમનો સહારો લે છે. બાળકના હાથમાં રહેલા ફુગ્ગા કે બારીમાંથી આવતા તડકા જેવા સામાન્ય રૂપકો (Metaphors) દ્વારા તે આખા દેશની પીડા અને રાજકીય ગૂંગળામણનો અહેસાસ કરાવી દે છે. આ માનવીય મનનો વિજય છે. AI ક્યારેય મર્યાદાઓ વચ્ચે રહીને આવું ગહન અને પીડાદાયક સર્જન ન કરી શકે, કારણ કે અલ્ગોરિધમ પાસે સેન્સરશિપનો ડર કે જિંદગીની તડપાપડનો કોઈ અનુભવ જ હોતો નથી.

આપણી બોલિવૂડ અને મુંબઈની મ્યુઝિક ઇન્ડસ્ટ્રી માટે આ બહુ મોટો એલાર્મ છે. પહેલેથી જ આપણી ઇન્ડસ્ટ્રી ‘માસ અપીઝમેન્ટ’ (સામૂહિક તુષ્ટિકરણ) અને મેરિટીક્રેસી એટલે કે પ્રતિભાના અભાવથી પીડાઈ રહી છે. રિમેક અને રિ-મિક્સના જમાનામાં મૌલિકતા તો ક્યારનીય ઓક્સિજન પર છે. હવે જો પ્રોડ્યુસરો પૈસા બચાવવા માટે કે જૂના કલાકારોના નોસ્ટાલ્જીયા- સુખદ ભૂતકાળને વટાવવા માટે લેખકો અને ગાયકોની જગ્યાએ AI નો સહારો લેશે તો તે સિનેમા અને સંગીતની ઔપચારિક અંતિમવિધિ સાબિત થશે.

કળા કોઈ ગણિતનો દાખલો નથી, જેને ફોર્મ્યુલાથી સોલ્વ કરી શકાય. એ તો એક મનુષ્યનો અવાજ છે, એક અભિવ્યક્તિ છે. માણસ અમર નથી અને માટે જ તેની કળા અમર થાય છે. જ્યારે આપણે ટેકનોલોજી દ્વારા કલાકારને ‘અમર’ કરવાનો નિરર્થક પ્રયાસ કરીએ છીએ... ભવિષ્યમાં સૌથી મોટી લક્ઝરી પરફેક્શન નહિ હોય, પરંતુ માનવીય અપૂર્ણતા હશે, કારણ કે જ્યાં ભૂલ છે, જ્યાં મર્યાદા છે ત્યાં જ મૌલિકતા જીવે છે. બાકી બધું માત્ર ડેટા છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com


# બ્રાન્ડ બનાવવાનો શું ફાયદો? યે ટોફી ખાઓ ઔર ખુદ જાન જાઓ...!

ઘણીવાર અમુક વાત અજાણતાં થઈ જાય અને તેનું પરિણામ જે આવે તે ચોંકાવનારું હોય...

હાલમાં આવું જ કંઈક માર્કેટિંગની દુનિયામાં બન્યું. આપણા પ્રધાનમંત્રીએ તેમના ઇટલીના પ્રવાસ દરમિયાન ત્યાંના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીને ‘પાર્લે’ કંપનીની ‘મેલોડી’ બ્રાન્ડની ટોફી ભેટ તરીકે આપી... મેલોડી ફોર મેલોની. અને પછી શું થયું આપણે સૌ જાણીયે છીએ. મેલોનીજીએ વીડિયો પણ પોસ્ટ કરીને કહ્યું : વેરી ગુડ ટોફી. બસ, પછી તો ઇન્ટરનેટ પર તોફાન મચી ગયું. આના મીમ્સ બનવા લાગ્યા.

મેલોડીનો સ્ટૉક ક્વિક કૉમર્સ પ્લૅટફૉર્મ્સ પર ખલાસ થઈ ગયો. સૌથી મોટી વાત એ થઈ કે પાર્લે ઇન્ડસ્ટ્રીઝ નામની એક સંપૂર્ણપણે અસંબંધિત રિયલ એસ્ટેટ કંપનીએ શૅરબજારમાં ઉપરની સર્કિટ લગાવી, કારણ કે રોકાણકારોએ ખોટી પાર્લે કંપનીના શૅર ખરીદ્યા અને આમ એક રૂપિયાની કૅન્ડીએ દલાલ સ્ટ્રીટને હલાવી નાખ્યું. ‘પારલે’ જે મેલોડી ચૉકલેટ બનાવે છે તે કંપનીએ કંઈ કર્યું નહીં. ભારતના વડા પ્રધાને ભેટ આપી, ઇટાલીના વડા પ્રધાને વીડિયો પોસ્ટ કર્યો, અને બાકીનું કામ આપણા દેશના લોકોએ કર્યું. ફક્ત આપણા દેશમાં નહિ આ વાત વૈશ્વિક સ્તરે વાયરલ થઈ.

વૈશ્વિક સ્તરે અનાયાસે ઘણી બ્રાન્ડો સાથે આમ થયું છે. આપણને થશે આવું કંઈક આપણી સાથે થઈ જાય તો કેવી મજા પડે. હવે આ વાતને અલગ રીતે વિચારો. આ આઇડિયા પહેલેથી વિચારેલી નહોતી, કદાચ પ્રધાન મંત્રી પણ નહિ જાણતા હોય કે આનું આવું પરિણામ આવશે. આ જે ચૉકલેટ સાથે થયું તે એક બ્રાન્ડ હતી અને ના કે કૉમોડિટી. મેલોડી બ્રાન્ડ વર્ષોથી પ્રખ્યાત છે અને તેથી પ્રધાન મંત્રીએ તેની પસંદ કરી, કારણ બંનેના નામમાં સામ્યતા છે. આ વાત આપણને સમજાવે છે કે બ્રાન્ડનું મહત્ત્વ શું છે. મેલોડીનો સ્ટૉક ખલાસ થયો તે મહત્ત્વનું નથી પણ આ બ્રાન્ડ વૈશ્વિક સ્તરે પ્રચલિત થઈ ગઈ એ મહત્ત્વનું છે. આ બ્રાન્ડને PR કવરેજ કેટલું મળ્યું તેનો હિસાબ નથી. આ બ્રાન્ડ પ્રચલિત આપણા દેશમાં હતી જ પણ આ ઘટનાથી




બ્રાન્ડ પાછી લાઇમલાઇટમાં આવી ગઈ. આની ટેન્જિબલ વૅલ્યુ-નક્કર કિંમત કરતાં ઇન્ટેન્જિબલ વૅલ્યુ વધી ગઈ. બ્રાન્ડ હંમેશાં તમારા વેપારને ઇન્ટેન્જિબલ વૅલ્યુ પ્રદાન કરે છે. પ્રોડક્ટની કિંમત એક રૂપિયો હોઈ શકે પણ બ્રાન્ડની કિંમત તેનાથી ઘણી વધુ થશે.

રિસર્ચ કહે છે કે, આજનો કન્ઝ્યુમર દિવસમાં આશરે ૫૦૦૦ માર્કેટિંગના મેસેજને જાણતાં-અજાણતાં ગ્રહણ કરે છે. સવારે ઊઠતાંની સાથે જ ૧૦-૧૫ બ્રાન્ડનાં દર્શન તો ૧૦-૧૫ મિનિટમાં જ કરી લે છે.

આ શું સૂચવે છે? આવા સમયે જો હું રાબેતા મુજબનો વેપાર કરીશ તે ચાલશે? આથી આ ઘટનાને ફક્ત માર્કેટિંગ ગિમિક તરીકે ના જોતાં બ્રાન્ડની અગત્યતા તરીકે જોવો. આ વાતે આપણને સાબિતી આપી કે જો આજની તારીખે તમે બ્રાન્ડ નહીં બનાવો તો કૉમોડિટી બનીને રહેશો. બ્રાન્ડ બનાવશો તો ફોકસ આવશે, કસ્ટમર વિશેની સ્પષ્ટતા આવશે, તમારે શું વેચવું છે તે નહીં પણ કસ્ટમર માટે તેમાં શું છે તેની વાત તમે કરતા થશો ને કસ્ટમર કેન્દ્રિત અભિગમ અપનાવશો.

બીજી મહત્ત્વની વાત એટલે આજે જ્યારે કન્ઝ્યુમર આપણને બદલાવ માટે દોરી રહ્યો છે ત્યારે હું શું મારા ઍડ્વર્ટાઇઝિંગ મેસેજ તેને અનુરૂપ બનાવું છું? તેને ધ્યાનમાં રાખી, તેની આદત, શોખ, ગમા-અણગમા સમજીને કમ્યુનિકેશન બનાવવું પડશે. કારણ આજે કન્ઝ્યુમર કઈ વાતથી આકર્ષિત થશે એ કોઈ નથી જાણતું. આથી આ વાત વધુ મહત્ત્વની થઈ જાય છે કે તેને અનુરૂપ બનાવો. મેલોડીની જે ઘટના થઈ તેને વેગ કોણે આપ્યો? કન્ઝ્યુમરે અને તેથી આજે કન્ઝ્યુમર એન્ગેજમેન્ટ ઘણું જરૂરી થઈ ગયું છે.

આપણને લાગશે કે હવે તો બ્રાન્ડ બનાવવી જ છે, પણ બ્રાન્ડ બનાવવી લાગે છે તેટલી સહેલી નથી. બ્રાન્ડ બનાવવા માટે મૂડીના રોકાણ કરતાં વધારે ધીરજનું અને સમયનું રોકાણ જરૂરી છે. બ્રાન્ડ બનાવવા માટે ધીરજ રાખવી પડે છે. બ્રાન્ડ બનાવવી એક પ્રોસેસ છે, જે તમને સમય જતાં સેલ્સ વધારવામાં પણ સહાય કરે છે. કોઈ પણ પ્રોડક્ટનું બ્રાન્ડિંગ, માર્કેટિંગ અને જાહેરાત એટલાં જ જરૂરી છે જેટલી એ પ્રોડક્ટની ક્વૉલિટી. આથી જરૂરી છે કે આપણે રાબેતા મુજબના ધંધાની પરે જઈ બ્રાન્ડ બનાવવા તરફ મીટ માંડીયે.

જો તમે બ્રાન્ડ વ્યવસ્થિત રીતે બનાવશો તો તે હાર્ટ શૅર અને માઇન્ડ શૅરની સાથે સાથે માર્કેટ શૅર અને વૉલેટ શૅર પણ આપશે. હવે આ વાક્યને આ ટોફીની તાજી ઘટના બની તેની સાથે સરખાવો. બ્રાન્ડ બનેલી હતી, પ્રચલિત પણ છે આ દેશમાં, તેનો વેપાર પણ થઈ રહ્યો છે અને તેથી તે આટલાં વર્ષોથી માર્કેટમાં વેચાઈ રહી છે. આનો અર્થ તે લોકોના મગજમાં છે, આ ઘટનાથી હાર્ટ શૅર પણ વધ્યો, ચોક્કસપણે માર્કેટ શૅર પણ વધશે અને વૉલેટ શૅર તે દિવસે તો વધી જ ગયો, કારણ કે મોટાભાગનાં પ્લેટફૉર્મ પરથી લોકોએ આ બ્રાન્ડ ખરીદી.

બ્રાન્ડ ‘મેલોડી’ માટે આ વાત જીવનભરનું સંભારણું બની રહેશે. માન્ય છે કે એક ગિમિક થઈ અને બ્રાન્ડને માન્યતા મળી પણ આ શક્ય ત્યારે બન્યું જયારે ‘મેલોડી’ એક બ્રાન્ડ તરીકે માર્કેટમાં આવી અને નહિ કે એક પ્રોડક્ટ તરીકે. હજુ પણ જો આપણને પ્રશ્ન હોય કે બ્રાન્ડ બનાવવાનો શું ફાયદો? તો ‘મેલોડી’ ખાઓ ખુદ જાન જાઓ. ■

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com


# ગુજરાતી ગઝલના અવિસ્મરણીય શાયરઃ મરીઝ

(ગતાંકથી શરૂ)

ગુજરાતી ગઝલના ઇતિહાસમાં જો કોઈ શાયર લોકહૃદયમાં સૌથી જીવંત રહ્યો હોય તો તે મરીઝ છે. તેમની ગઝલોમાં પ્રેમ છે, પીડા છે, જીવનની નિરાશા છે, તત્ત્વભાષાની મીઠાશ અને આત્મીયતા આપનાર કવિ તરીકે મરીઝનું સ્થાન અદ્વિતીય ગણાય છે.

જીવન જગજાહેર હતું છતાં ભાવિ પેઢીને ધ્યાનમાં રાખીને વાત કરીએ તો અબ્બાસ અબ્દુલઅલી વાસિનો જન્મ ૨૨ ફેબ્રુઆરી ૧૯૧૭ના રોજ સુરતમાં થયો હતો. તેઓ ઔપચારિક શિક્ષણમાં બહુ આગળ વધી ન શક્યા, પરંતુ જીવનના અનુભવો તેમની સાચી વિદ્યાશાળા બન્યા. જીવનભરની આર્થિક અસુરક્ષા, આંતરિક એકલતા અને લાગણીના સંઘર્ષોએ તેમની ગઝલને અનોખી કરુણતા આપી હતી.

મરીઝે પત્રકારત્વ, લેખન અને અન્ય નાના-મોટા વ્યવસાય કર્યા, પરંતુ તેમની સાચી ઓળખ ગઝલકાર તરીકે જ બની રહી. તેઓ પરંપરાગત શાયરોની માફક ભાષાના આડંબરથી દૂર રહ્યા. તેમના શબ્દોમાં સીધી સાદી માનવીય અનુભૂતિ હતી.


મરીઝ

*સ્નેહી જનોના પ્રેમમાં શંકા નથી મગર*
*લાગે છે કેમ કોઈ અમારું થયું નહીં*

મરીઝની ગઝલની વિશેષતાઓની વાત કરીએ તો નોંધવું રહ્યું કે મરીઝની ગઝલોનું સૌપ્રથમ આકર્ષણ તેમની ભાષા છે. તેમણે ગુજરાતી ગઝલને ઉર્દૂની ભારે-ભરખમ શબ્દાવલિમાંથી બહાર કાઢીને સામાન્ય ગુજરાતી વાચક સુધી પહોંચાડી. જુઓ આ શેરઃ

*બસ એટલી સમજ મને પરવરદિગાર દે,*
*સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાનો વિચાર દે*

આ શેરમાં આધ્યાત્મિકતા અને માનવતાનો અદ્ભુત સમન્વય છે. સરળ ભાષામાં ઊંડું તત્ત્વચિંતન વ્યક્ત કરવું મરીઝની વિશેષતા છે.

દુઃખનું પણ એક સૌન્દર્ય હોય છે. મરીઝના જીવનમાં પીડા સતત સાથે રહી. આ પીડા તેમને ગઝલોમાં કરુણ સંગીત બનીને પ્રગટે છે. જીવન થોડુંક છે, સમય ઓછો છે ને ગળતા જામની જેમ કાળ અકાળે ત્રાટકવા માટે ટપકી રહ્યો છે. દરેક ગુજરાતીના હૈયે અને હોઠે રમતો આ શેર જુઓઃ

*જિંદગીના રસને પીવામાં કરો જલદી મરીઝ*
*એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે*

અહીં જીવનની ક્ષણભંગુરતા અને અપૂર્ણતાનો ભાવ દારૂના પ્રતીક દ્વારા વ્યક્ત થાય છે. મરીઝ માટે મદિરા માત્ર શાબ્દિક નથી, તે જીવનરસનું પ્રતીક છેઃ

*પીઠામાં મારું માન છે સતત હાજરીથી*
*મસ્જિદમાં જાઉં તો કોણ આવકાર દે*

મરીઝની ગઝલમાં પ્રેમ માત્ર રોમાંસ નથી, તે અસ્તિત્વનો પ્રશ્ન બની જાય છે. તેમના પ્રેમમાં મિલનના આનંદ કરતાં વિરહનું દુઃખ વધારે છે. જીવનના એકાંત અને એકલતા પ્રેમની સાથે કદમ મિલાવી તે ચાલતાં હતાં. તેમના ઘણા શેરોમાં એકાંત અને આંતરિક ખાલીપો ગુંજે છે. આ એકાંત વ્યક્તિગત હોવા છતાં સર્વમાનવીય બની જાય છેઃ

*હું એકલો જ રહ્યો છું જીવનના રસ્તા પર*
*લોકો મળ્યા ઘણા પણ કોઈ મારા ન થયા*

આ ભાવવૈશ્વિકતા મરીઝને સામાન્ય વાચક સાથે જોડી આપે છે.

મરીઝની કાવ્યદૃષ્ટિ નોખી અને અનોખી છે. મરીઝના કાવ્યમાં જીવન પ્રત્યેનો નિરાશાવાદ દેખાય છે, પરંતુ બધું જ અંધકારમય નથી. તેમની ગઝલોમાં કરુણા અને માનવતા સતત પ્રવાહિત રહે છે, તેઓ માણસની નબળાઈને સ્વીકારે છે અને તેને સૌંદર્યમાં ફેરવે છે.

તેમણે ગુજરાતી ગઝલને ત્રણ અગત્યની ભેટ આપી છેઃ

* લાગણીની સચ્ચાઈ
* ભાષાની સરળતા
* સામાન્ય માણસનો અવાજ

મરીઝનું યોગદાન શાશ્વત છે. ગુજરાતી ગઝલમાં મરીઝે જે પરિવર્તન કર્યું તે અનન્ય અને ઐતિહાસિક છે. એમના સમયમાં ઉર્દૂ શબ્દોનો પ્રભાવ હતો ત્યારે મરીઝે ગુજરાતી સંસ્કૃતિ, લોકભાવના અને માનસિક અનુભૂતિ સાથે જોડીને નવી ઓળખ આપી હતી.

એમની ગઝલોમાં ઉર્દૂ ગઝલની નજાકત છે, ગુજરાતી લોકબોલીની મીઠાશ છે, અસ્તિત્વવાદી ચિંતન છે અને માનવીય સંવેદનાનો ઊંડો સ્પર્શ છે.

મરીઝના સાથીસંગાથી શાયરોએ તેમની વિશિષ્ટતા સાથે જે પ્રદાન કર્યું તે અવિસ્મરણીય છે. એ વખતે અમૃત ઘાયલ, બેફામ, શૂન્ય પાલનપુરી, સૈફ પાલનપુરી જેવા શાયરોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, પરંતુ મરીઝની વિશેષતા તેમની આત્મસ્વીકૃતિમાં છે. તેઓ ક્યારેય કૃત્રિમ લાગ્યા નથી. તેમની ગઝલોમાં જીવન જીવતો માણસ સીધો બોલે છે. અમૃત ઘાયલમાં રજૂઆતનું તેજ છે, બેફામમાં ભાવુકતા છે, શૂન્યમાં વિચારોનું ઊંડાણ છે, સૈફ રમતાં રમતાં રડાવી જાય છે. મરીઝમાં મનની સાચુકલી સચ્ચાઈ છે.

દરેક સર્જકનું વારંવાર મૂલ્યાંકન થવું જોઈએ. જેથી ઘણાં અણનોંધ્યા પાસાં ઉજાગર થઈ શકે છે. મર્યાદાઓ બધામાં હોવાની મરીઝની ગઝલોમાં એકસરખી વ્યથા પુનરાવર્તિત થાય છે, શૈલીમાં વૈવિધ્ય ઓછું જણાય છે અને ક્યારેક નિરાશા અત્યંત ઘેરી બની જાય છે.

મરીઝની ગઝલોની અસર કાયમી છે કારણ કે તે અનુભૂતિમાંથી પ્રગટે છે, એમાં કોઈ જાતનો આડંબર કે અભિનય નથી.

મરીઝ સૌથી વધારે લોકપ્રિય ગણી શકાય કારણ કે તેઓ માણસના આંતરિક દુઃખને સ્પર્શે છે અને તે પણ સાદીસીધી બોલચાલની ભાષામાં. દરેક પેઢી તેમના શેરોમાં પોતાનું પ્રતિબિંબ જુએ છે. એમના સર્જનમાં ક્યાંય કૃત્રિમતા નથી. ગઝલો માત્ર સાહિત્ય નથી પણ જીવનનો અનુભવ છે.

બરકત વીરાણી 'બેફામ' એકવાર કહ્યું હતું કેઃ 'બાલાશંકર' કંથારિયા એટલે પ્રથમ ગઝલકારે ઉર્દૂથી પ્રેરણા લઈને ગુજરાતી ગઝલ સર્જન શરૂ કર્યું. બાલાશંકર, મણિલાલ, નભુભાઈ અને કલાપીએ ગુજરાતી ગઝલનું આકર્ષણ વધાર્યું. ગઝલ એક સાધના હતી. બાલાશંકરનું આસન વ્યાઘ્રચર્મનું હતું. ગઝલની સિદ્ધિ વડે ગઝલસમ્રાટ શયદાસાહેબનું આસન સિંહાસન થયું, અને મરીઝે ગઝલની એવી કલા દર્શાવી કે એમનું આસન મયુરાસન બન્યું.

ગુજરાતી ગઝલના મયુરાસનના માલિક મરીઝની બારીકીઓ, આકાર, ઊંડાણ, ધ્વનિ, સૌન્દર્યછટા વગેરે પર ખૂબ લખાયું છે એટલે એની શાસ્ત્રીય છણાવટ નથી કરતો. મરીઝે ગઝલના રંગની, અંતરંગની અને અંતસ્તત્વની હિફાજત કરીને જે વિચાર સૌંદય આપ્યું છે તે નોખું અને અનોખું પ્રદાન છે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# હાસ્યક્રાઈમનું કોકટેલઃ ગુના+જ્ઞાન+ગમ્મત!

*ટાઈટલ્સઃ*
*પ્રેમ ને ક્રાઇમ છૂપે નહીં. (છેલવાણી)*

૭૬ વરસે, ૨૦૨૧માં અશ્વેત લેખક અબ્દુલ રઝાક ગુર્નાહને સમગ્ર લેખન માટે સાહિત્યનું 'નોબેલ પારિતોષિક' ઘોષિત થયું ત્યારે એ ટેન્શનમાં આવી ગયા કે હવે શું લખવું? લખવા આદરેલી નોવેલ અડધેથી અટકાવી મૂકી. દિમાગ સુન્ન થઇ ગયું. પછી વિચાર્યું કે જેને કારણે તે લેખક બન્યા એ જિંદગી ઝંઝોડનારી ઘટના કઇ હતી? એમને બાળપણની ઘટના યાદ આવીઃ એમની જ ઉંમરનો એક નાનકડો ગરીબ છોકરો હોટેલમાં નોકરી કરતો હતો. માત્ર બે બિસ્કિટ ચોરવાના આરોપસર એને વરસો સુધી જેલ થયેલી. એક લાચાર નિસઃહાય અશ્વેત છોકરાને જિંદગીએ કશું જ નથી આપ્યું અને આપ્યો છે આરોપ અને આઘાત! હવે ચોરના લેબલ સાથે કેવી રીતે જીવશે? બસ, એ વિચાર પરથી નોબેલ વિજેતા અબ્દુલજીને 'થેફ્ટ' કે 'ચોરી' નવલકથાની પ્રેરણા મળી.

કહે છે ગુનો કરનારા કોઇને કોઇ ભૂલ કરીને પૂરાવા મૂકી જ જતા હોય છે, પણ હિમાચલ પ્રદેશના કસૌલી શહેરમાં ગુનેગારોએ ગુનો કરવામાં જ ભૂલ કરી. ૨૩ ભોળા ગુનેગારો બેંકનું એ.ટી.એમ. મશીન ચોરવા ગયા. બિચારાઓને લખતાવાંચતાં નહીં આવડતું હોય એટલે ભૂલથી એ.ટી.એમ. મશીનની જગ્યાએ પાસબુક પ્રિન્ટિંગ કરવાનું મશીન ચોરી ગયા ને પકડાઇ ગયા. છેને ગુના સાથે ગમ્મત?




ગયા વર્ષે પ્રખ્યાત કાર કંપની 'કિયા'ના આંધ્ર પ્રદેશના પ્લાન્ટમાં એક નહીં, બે નહીં, પણ અધધધ ૯૦૦ ગાડીમાંથી એન્જિન ચોરાઇ ગયા! પોલીસ તપાસ મુજબ ૯૦૦ એન્જીનો છેલ્લાં પાંચ વરસથી ધીમે ધીમે ચોરી ચોરી ચુપકે ચુપકે ગાયબ થયા છે. લોકો કાર હપ્તેથી લેતા હોય છે, પણ હવે તો ચોરો હપ્તે હપ્તે ચોરી પણ કરવા માંડ્યા! જોકે આ દેશમાં ચોરી અંગે કંઇપણ શક્ય છે. નેશનલ આર્કાઇવમાંથી ફાઇલો ગુમ થાય, લોન લીધેલા કૂવા ચોરી થાય, એક લેખિકા બીજી લેખિકાની રચના બિંદાસ ચોરી લે, ગુલઝાર જેવા વિદ્વાનો હિંદી કવિ સર્વેશ્વરદયાલ સક્સેનાના ગીતની લાઇનો ચોરી લે!

આપણે ત્યાં 'ચોર્યશાસ્ત્ર' જેવો રીતસરનો ગ્રંથ છે, ભૈ.

કાનપુરમાં ત્રણ વિદ્યાર્થી કાર ચોરી કરવા ગયા. ત્યાં પહોંચ્યા પછી ખબર પડી કે ત્રણેયમાંથી કોઈને ગાડી ચલાવતા તો આવડતું જ નથી! છતાં એ લોકો હિંમત ન હાર્યા. એ લોકો ગાડીને ધક્કો મારીને ચોરવા માંડ્યા અને પકડાઈ ગયા. પણ હિમ્મતની દાદ આપવી જોઇએ!

*ઇન્ટરવલઃ*
*આંખે ના ચુરાઓ દિલ મેં રહ કર*
*ચોરી ન કરો ખુદા કે ઘર મેં*
*( મુજ્તર ખૈરાબાદી)*

હર્ષદ મહેતાએ શેરબજારમાં ચોરી નહોતી કરી, પણ સડેલી સિસ્ટમમાંની છટકબારીઓનો લાભ ઉઠાવેલો. આમાં 'મેરા ભારત મહાન' સિવાય બીજા દેશોમાંયે છટકબારીની છલનાની ચોર્યકળાનાં ચતુરાઓ હોય છે. ઈંગ્લેન્ડમાં એડ વાઈઝ નામનો ફાઇનાન્સ એક્સપર્ટે, બ્રિટિશ રેલવેનાં નિયમોમાં છટકબારીનું છીંડુ શોધીને લાખો કમાણો. યુ.કે. રેલવેનો નિયમ છે કે જો ટ્રેન ૧૫ મિનિટ મોડી પડે તો ૨૫% પૈસા પાછા મળે અને ૩૦ મિનિટ લેટ થાય તો ૫૦% ને એક કલાક કે એનાથી વધારે મોડી પડે તો ટિકિટના પૂરેપૂરા પૈસા પાછા. પેલા ફાઈનાન્સ પ્લાનર એડ વાઈઝએ ટ્રેન ક્યારે, કેમ ને કેટલા સમય માટે લેટ થાય છે એનો ગહન અભ્યાસ કર્યો. એક કલાક અથવા વધારે સમય કઈ ટ્રેન ક્યારે લેટ થશે? એવી જ ટ્રેનની ટિકિટો સતત ખરીદીને એ પૂરું રિફંડ વારેવારે મેળવે રાખતો. આવું ૧-૨ મહિના નહીં પણ ૩૩ વર્ષ માટે રેલવેને ચૂનો ચોપડતો રાખ્યો અને રેલવેમાં સફર પણ કરી વત્તા રિફંડમાં ૧૦૦૦ પાઉન્ડ એટલે ૧ લાખ રૂ. બનાવ્યા! પછી તો ચાલબાઝ અળવીતરા આ ભાઇ ફાઈનાન્સ પ્લાનિંગની સાથે 'મફત મુસાફરી કેમ કરવી?' એની લોકોને સલાહો આપતા થઈ ગયા. આવી રિફંડકળા દરમિયાન, ટ્રેન મોડી પડે ત્યારે સાથે ૨-૪ સેન્ડવિચ, થર્મોસમાં કોફી ને એક પુસ્તક સાથે રાખવાની સલાહ પણ એડભાઇ આપે છે ને એ પણ જાહેરમાં સોશ્યલ મીડિયા પર! પણ બ્રિટિશ રેલવે લાચાર છે. આપણાં ભારતને ૧૯૦ વરસ લૂંટનારને કોઇ લૂંટે તો આપણને ગુના સાથે ગમ્મત મળેને?

ગુનેગારીની ગાથાઓમાં ૧૯૭૦-૮૦ની 'મનમોહન દેસાઇ છાપ' મસાલા ફિલ્મી વાર્તાઓ પણ હોય છે. ફ્રાંસમાં જોદાવીદ નામના માણસનું ક્રેડિટ કાર્ડ ચોરાઈ ગયું. એણે કાર્ડ બ્લોક કરાવ્યું ત્યારે ખબર પડી કે ચોરનારે કાર્ડથી લોટરીની ટિકિટ ખરીદેલી. ચોરના નસીબે પૂરા ૫ લાખ યુરો એટલે ૪ કરોડ ને ૫૫ લાખ રૂ.ની લોટરી લાગી ગઇ! પણ અફસોસ કે પૈસા મળે એ પહેલા ચોરે ભાગવું પડ્યું. પેલા કાર્ડધારક જોદાવીદે ઉતાવળે પોલીસમાં ફરિયાદ લખાવેલી પણ હવે નાછૂટકે ચોરોને ખુલ્લી ઓફર મૂકી કે જો ચોરટાઓ લોટરીની રકમના અડધા પૈસા આપે તો એ પોલીસ ફરિયાદ પાછી ખેંચવા તૈયાર છે! હવે કાર્ડધારક અને ચોરટાઓ બેઉનું સાપે છછુંદર ગળ્યા જેવું થયું છે! ઈનામી લોટરીની ટિકિટ જમા ન થાય ત્યાં સુધી ઈનામની રકમ ન મળે અને જો એ ટિકિટ જમા કરાવવા જાય તો પોલીસ પકડી લે! આને કહેવાય ગુનેગારીનો ફાંકડો ફિલ્મી પ્લોટ.

યુ.પી ને બિહારમાં પોલીસ સ્ટેશનોમાંથી 'હજારો લિટર દારૂ કે કરોડોનાં ડ્રગ્સ 'ઉંદર' ઓહિયા કરી જાય છે' પણ હવે તો 'આમચા મહારાષ્ટ્ર' પણ આમાં પાછળ નથી. અમુક વરસોમાં નવી મુંબઈનાં કસ્ટમ વિભાગે દાણચોરો પાસેથી ૪૬૦૦ લેપટોપ જપ્ત કરેલા જેમાંથી '૩૯૫૩' લેપટોપ ચોરાઈ ગયાં છે!' કેમ નહીં? પોલીસ પ્રપંચ કરે તો કસ્ટમ પણ કળા કરી જ શકેને? કહે છેનેઃ 'ચુરાનેવાલેં તો આંખોસે કાજલ ભી ચૂરા લેતે હૈં!'

*એન્ડટાઇટલ્સઃ*
*આદમઃ તેં કદી ચોરી કરી છે?*
*ઇવઃ કદી પકડાઇ નથી...* ■


ટૂંકું ને ટચ

એન. કે. અરોરા
feedback@bombaysamachar.com

# ચાર હજાર વર્ષ પહેલાં પણ હતી ભારતમાં એક સ્માર્ટ સિટી...!

જ્યારે દુનિયાના અનેક ભાગોમાં લોકો પાયાની વસાહતની રીત શીખી રહ્યા હતા, ત્યારે કચ્છના સૂકા અને કઠોર ભૂ-ભાગમાં એક એવી 'સ્માર્ટ સિટી' અસ્તિત્વમાં હતી, જેમાં વરસાદના દરેક ટીપાને બચાવવાની સંપૂર્ણ વૈજ્ઞાનિક વ્યવસ્થા હતી. રસ્તાઓનું આયોજિત નેટવર્ક હતું અને જીવન શિસ્તમાં બંધાયેલું હતું. જી હા, આપણે ધોળાવીરાની વાત કરી રહ્યા છીએ, જે ઈ.સ. પૂર્વે આશરે ૩૦૦૦ થી ૧૫૦૦ ના સમયગાળા દરમિયાન અસ્તિત્વમાં હતું. આ માત્ર એક સાધારણ નગર નહોતું પરંતુ ત્રણ ભાગમાં વહેંચાયેલું આજની પરિભાષામાં કહીએ તો એક 'સ્માર્ટ સિટી' હતું. તેના ઉપલા ભાગમાં કિલ્લો હતો અને ત્યારબાદ મધ્ય તથા નીચલું નગર હતું. આ વિભાજન માત્ર વહીવટી નહોતું, પરંતુ સામાજિક અને કાર્યકારી દ્રષ્ટિએ પણ અત્યંત ઉન્નત હતું. આજે આપણે જેને 'ઝોનિંગ સિસ્ટમ' કહીએ છીએ, તે સિસ્ટમ ૪૦૦૦ વર્ષ જૂની સ્માર્ટ સિટી ધોળાવીરામાં મોજૂદ હતી.

આ બધું ફક્ત કાલ્પનિક નથી, પરંતુ ઇતિહાસની



નક્કર હકીકત છે. ધોળાવીરા પથ્થરોમાં છુપાયેલી એક એવી નગરી હતી, જેના ખંડેરો આજે પણ સવાલ પૂછે છે કે, શું આપણે આજે ખરેખર આધુનિક છીએ કે માત્ર આધુનિકતાનો ભ્રમ પાળી બેઠા છીએ? ધોળાવીરાના ખંડેરો વચ્ચે ઉભા રહીને આજે પણ એવું લાગે છે જાણે અહીં સમય થંભી ગયો હોય અને ભૂતકાળ આપણા કાનમાં ગણગણી રહ્યો હોય કે, 'અમે તમારાથી આગળ હતા.' અહીંના જળાશયો, શહેરની ગટર વ્યવસ્થા અને સૌથી મોટી વાત અહીં મળેલી રહસ્યમય લિપિ, પોતાનામાં ન જાણે કેટલીય અનકહી વાર્તાઓ સમેટીને બેઠી છે. આ માત્ર એક શહેર નથી પરંતુ આપણી વિચારધારા, આપણા વિકાસ અને આપણી સમજણ માટે એક પડકાર છે. આજે જ્યારે આપણે બેંગલુરુ, ચેન્નાઈ કે દિલ્હી જેવા શહેરોને પાણીના સંકટ સામે ઝઝૂમતા જોઈએ છીએ, ત્યારે ધોળાવીરા આપણને શીખવે છે કે 'સ્માર્ટનેસ' માત્ર ટેકનોલોજીમાં નથી હોતી, પરંતુ સંસાધનોના સમજદારીપૂર્વકના ઉપયોગમાં પણ હોય છે. આજે પણ કોઈપણ શહેરની સાચી પરીક્ષા એ વાતથી થાય છે કે તેનું જળ વ્યવસ્થાપન કેવું છે, અને આશ્ચર્યની વાત એ છે કે ધોળાવીરા હજારો વર્ષો પછી પણ આ કસોટી પર માત્ર ખરું જ નહીં પણ સર્વશ્રેષ્ઠ ઉતરે છે. અહીંના વિશાળ જળાશયો, જળાશયમાંથી નીકળતી નહેરો અને વરસાદી પાણીના સંગ્રહ કરવાની પદ્ધતિ આજે પણ એક મિસાલ સમાન છે. કચ્છ જેવા શુષ્ક પ્રદેશમાં, જ્યાં પાણીના એક-એક ટીપાની અછત હોય છે, ત્યાં વરસાદી પાણીનો સંગ્રહ કરીને હર્યું-ભર્યું શહેર વસાવવું એ કોઈ કલ્પનાથી ઓછું લાગતું નથી. ■

કરિયર

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

# કારકિર્દી માટે ગેમ ચેન્જર સાબિત થતી ઈન્ટર્નશિપ

કારકિર્દીની દોડ હવે માત્ર ડિગ્રી અને માર્ક્સ પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ તે અનુભવ વિશે પણ છે, જે ઉમેદવારને ભીડથી અલગ તારવે છે. આવા સમયમાં ઇન્ટર્નશિપ એ માત્ર એક સામાન્ય વિકલ્પ નહીં પણ ગેમચેન્જર બનીને ઊભરી છે. કારકિર્દીની દૃષ્ટિએ ઇન્ટર્નશિપ એવું મંચ છે જ્યાં વિદ્યાર્થીઓ પુસ્તકોની મર્યાદાઓમાંથી બહાર નીકળીને વાસ્તવિક દુનિયાના પડકારોનો સામનો કરે છે. ઇન્ટર્નશિપ ફક્ત કામ નથી શીખવતી, પરંતુ તે એવી સમજણ પણ આપે છે કે વ્યાવસાયિક જગતમાં કેવી રીતે વિચારવું, કેવી રીતે જાતે નિર્ણયો લેવા અને કેવી રીતે ભીડમાં પોતાની જાતને સૌથી અલગ સાબિત કરવી? ધ્યાન રાખો, આજે કંપનીઓ માત્ર જ્ઞાન જ નહીં પણ તેને ઉપયોગ કરવાની ક્ષમતા પણ જુએ છે અને આ ક્ષમતા ઇન્ટર્નશિપ દ્વારા જ પ્રાપ્ત થાય છે. આજ કારણ છે કે હવે ફ્રેશરની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. જે વિદ્યાર્થીઓ પહેલાંથી જ કાર્ય-અનુભવ મેળવી ચૂક્યા છે તેઓ મોખરે છે. આ બદલાતા પરિદૃશ્યમાં ઇન્ટર્નશિપ એ કેરિયરની માત્ર પહેલી સીડી નથી, પરંતુ તે એક મજબૂત પાયો બની ગઈ છે, જેના પર આજકાલ સફળતાની આખી ઇમારત ઊભી થાય છે.

આજે જૉબ-માર્કેટ સંપૂર્ણપણે સ્કિલ આધારિત બની ગયું છે. આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ, ઑટોમેશન અને ડિજિટલ ટ્રાન્સફૉર્મેશનને કારણે આજે કામ કરવાની તમામ પદ્ધતિઓ બદલાઈ ગઈ છે. હવે કંપનીઓ એવા ઉમેદવારો ઇચ્છે છે જે પહેલા દિવસથી જ કામ સંભાળી શકે અને આ ઇન્ટર્નશિપ દ્વારા જ શક્ય બને છે. વાસ્તવમાં, ઇન્ટર્નશિપ એ થિયરી અને પ્રૅક્ટિકલ વચ્ચે બ્રિજનું કામ કરે છે. કૉલેજમાં શીખેલી બાબતો જ્યારે વાસ્તવિક દુનિયાના પ્રોજેક્ટ્સમાં લાગુ કરવામાં આવે છે ત્યારે જ ખરેખર તેનું મૂલ્ય સમજાય છે. તેથી જ આજકાલ ઇન્ટર્નશિપ વગર ફ્રેશર હોવું એટલે અનપ્રિપેયર્ડ હોવા સમાન છે. જો તમે ઇન્ટર્નશિપ કરી હોય તો તેનો અર્થ એ છે કે તમારી પાસે કાર્યસ્થળનો અનુભવ છે, તમે ટીમમાં કેવી રીતે કામ કરવું તે જાણો છો અને ચોક્કસ સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવાનું મહત્ત્વ પણ સમજો છો. એટલા માટે જ માત્ર એક ફ્રેશર અને ઇન્ટર્નશિપ કરેલા ફ્રેશર વ્યક્તિ વચ્ચે મોટો તફાવત છે.

ઇન્ટર્નશિપ માત્ર કામ શીખવાનું માધ્યમ નથી, પરંતુ એક રીતે આ કામની પાયાની જાણકારીઓ શીખવવા ઉપરાંત નેટવર્કિંગનો પણ મજબૂત માર્ગ છે. જ્યારે તમે કોઈ કંપનીમાં ઇન્ટર્નશિપ કરો છો ત્યારે ત્યાંના પ્રોફેશનલ્સ, મૅનેજર્સ અને સહકર્મીઓ સાથે તમે સંપર્કમાં આવો છો.



વાસ્તવમાં આ જ સંપર્ક ભવિષ્યમાં રેફરન્સ બની શકે છે અને તમને જૉબ અપાવી શકે છે અથવા કોઈ નવા અવસરના દરવાજા ખોલી શકે છે. આજના સમયમાં તમે કોને જાણો છો તે પણ એટલું જ મહત્ત્વનું બની ગયું છે, જેટલું તમે શું જાણો છો મહત્ત્વનું છે. ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં સ્ટાર્ટઅપ કલ્ચરે ઇન્ટર્નશિપની વૅલ્યુમાં અનેકગણો વધારો કરી દીધો છે. સ્ટાર્ટઅપ્સમાં કામનું ક્ષેત્ર વિશાળ હોય છે, જવાબદારીઓ વહેલી અને વિવિધ પ્રકારની મળે છે, જેનો અર્થ એ છે કે શીખવાની ગતિ ઝડપી બને છે. કોઈ સ્ટાર્ટઅપમાં, ઇન્ટર્ન માત્ર સહાયક તરીકે જ નહીં, પરંતુ ટીમના મુખ્ય સભ્ય તરીકે પણ કામ કરે છે. આ જ કારણ છે કે ઘણીવાર ઇન્ટર્નશિપમાંથી સીધા જ ફુલટાઇમ જૉબ ઑફર પણ મળી જતી હોય છે.

કોવિડ પછી ઇન્ટર્નશિપની દુનિયામાં એક મોટો બદલાવ આવ્યો છે, અને તે છે રિમોટ અને ઑનલાઇન ઇન્ટર્નશિપ. હવે વિદ્યાર્થીઓ માટે એ જરૂરી નથી રહ્યું કે તેઓ કોઈ મહાનગરમાં જઈને જ ઇન્ટર્નશિપ કરે, પરંતુ આ અનુભવ તેઓ પોતાનાં નાનાં શહેરો, કસબાઓ કે ગામડાંઓમાંથી પણ મેળવી શકે છે. ઇન્ટર્નશિપની તકો ફક્ત સ્થાનિક કંપનીઓ સુધી મર્યાદિત નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં પણ આજે ઇન્ટર્નશિપની ભરપૂર તકો ઉપલબ્ધ છે. તમે કોઈ પણ આંતરરાષ્ટ્રીય કંપની સાથે ઇન્ટર્નશિપ માટે પ્રયત્ન કરી શકો છો અને તેમની સાથે ફ્રીલાન્સ પ્રોજેક્ટ્સ પર કામ કરી શકો છો. આનાથી તમને બેવડો ફાયદો થશે, કામનો અનુભવ તો મળશે જ, સાથે ગ્લોબલ એક્સપોઝર પણ પ્રાપ્ત થશે. સૌથી મોટી વાત એ છે કે, ક્યાંય પહેલાં નોકરી કર્યા વગર પણ તમારું રિઝ્યુમ સામાન્ય ફ્રેશર કરતાં વધુ મજબૂત બનશે, કારણ કે આજની તારીખમાં સ્માર્ટ રિઝ્યુમનો અર્થ માત્ર ડિગ્રીઓ દર્શાવવી એવો નથી, પરંતુ તેમાં સામેલ પ્રોજેક્ટ્સ અને ઇન્ટર્નશિપ પણ મહત્ત્વનાં પાસાં તરીકે ઊભરી આવ્યાં છે. જો તમારી પાસે ઇન્ટર્નશિપનો અનુભવ છે, વાસ્તવિક પ્રોજેક્ટ્સનું પોર્ટફોલિયો છે અને પ્રૉબ્લેમ-સૉલ્વિંગની ક્ષમતા છે તો તમે કોઈ પણ કંપની માટે પહેલા દિવસથી જ મહત્ત્વના કર્મચારી સાબિત થઈ શકો છો. એટલે કે, આજે સારા કેરિયર માટે ઇન્ટર્નશિપ એક અત્યંત જરૂરી સાધન બની ગઈ છે.

ઇન્ટર્નશિપ માત્ર ટક્નિકલ કૌશલ્ય જ નથી શીખવતી, તે જીવન માટે જરૂરી સૉફ્ટ સ્કિલ્સ પણ વિકસાવે છે. કૉમ્યુનિકેશન, ટાઇમ મૅનેજમેન્ટ, ટીમવર્ક અને પ્રોફેશનલ એપ્ટિટ્યુડ આ એવા ગુણો છે જે કોઈ પણ નોકરીમાં લાંબા સમય સુધી તમારી સફળતા સુનિશ્ચિત કરે છે. આ બાબતો માત્ર પુસ્તકો દ્વારા શીખી શકાતી નથી. ઘણીવાર વિદ્યાર્થીઓ માટે એ નક્કી કરવું મુશ્કેલ હોય છે કે તેઓ આખરે કયા ક્ષેત્રમાં કરિયર બનાવે, ઇન્ટર્નશિપ તેમને આ સમજવામાં મદદ કરે છે. અને ઇન્ટર્નશિપ માત્ર વિદ્યાર્થીઓ કે ફ્રેશર્સ માટે જ મહત્ત્વની નથી, તે કંપનીઓ માટે પણ એટલી જ ઉપયોગી છે. કંપનીઓ પણ ઇન્ટર્નશિપ દ્વારા ખૂબ જ ઓછા ખર્ચે પ્રતિભાને પારખી શકે છે. તેઓ ભવિષ્યના કર્મચારીઓને ટ્રેનિંગ આપી શકે છે અને તેમની જરૂરિયાત મુજબ તેમનામાં સ્કિલ વિકસાવી શકે છે. કુલ મળીને ઇન્ટર્નશિપ આજે એટલા માટે ખૂબ મહત્ત્વની છે કારણ કે -

આના દ્વારા નોકરી મેળવતાં પહેલાં વાસ્તવિક કાર્ય-અનુભવ મળે છે.

મજબૂત રિઝ્યુમ વધુ સારી પસંદગીની શક્યતાઓ વધારે છે.

ઇન્ટર્નશિપ કરવાથી વ્યાવસાયિક નેટવર્કિંગની તક મળે છે.

ઇન્ટર્નશિપ કારકિર્દીની દિશા નક્કી કરવામાં અને સૉફ્ટ અને ટેક્નિકલ કૌશલ્યો વિકસાવવામાં મદદ કરે છે.

સારી ઇન્ટર્નશિપ તમને પ્રી-પ્લેસમેન્ટ ઑફર મેળવવાની તક આપે છે. ■




# ‘નેશનલ પેન્શન સિસ્ટમ’ શું છે ?

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

તમે નોકરી કરો તો નિવૃત્તિ પછી તમને પ્રોવિડન્ટ ફંડ કે પેન્શન ફંડ મળે, પણ નોકરીને બદલે પોતાનો નાનો બિઝનેસ કરો તો તમને પીએફ કે પેન્શન મળવાનો કોઈ સ્કોપ નથી રહેતો. એમને માટે ખાસ પેન્શન સ્કીમ ચાલે છે, જેનું નામ છે ‘નેશનલ પેન્શન સિસ્ટમ’ (એનપીએસ). આ સિસ્ટમ વિશે જાણી- સમજીને એનો લાભ લેવા જેવો છે.

દેશમાં બહુ મોટો વર્ગ એવો છે, જેમના કામકાજ-સ્વરોજગારને કારણે તેમને કોઈ પીએફ કે પેન્શન મળવાનું નથી, જેમ કે શાકભાજી, ફળો કે દૂધ સહિત અનેક પ્રકારની ચીજ વસ્તુઓ વેચતા ફેરિયા, રીક્ષાવાળા, ટેકસીવાળા ઉપરાંતના સ્વરોજગાર ધરાવતા લાખો લોકોને પીએફ અને પેન્શન મળવાની કોઈ સુવિધા નથી. આવા વ્યાપક વર્ગને પેન્શનનો લાભ મળે એ હેતુથી સરકારે દાયકાથી વધુ સમય પૂર્વે નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ) નામે યોજના ઓફર કરી હતી, જેમાં દેશની કોઈપણ વ્યકિત ભાગ લઈ શકે છે અને પોતાની - પરિવારની આર્થિક સલામતીને વધુ નકકર બનાવી શકે છે.

આ ‘એનપીએસ’ને દાયકા ઉપરાંતનો સમય થઈ ગયો હોવાછતાં બિન-સંગઠિત ક્ષેત્રમાં કામ કરતો દેશનો બહુ મોટો વર્ગ એનપીએસથી અજાણ હોવાથી તેના લાભથી દૂર છે અને પૂરતી માહિતીના અભાવે લાખો લોકો ખોટી યોજનાઓમાં નાણાં રોકી કે મૂકી દે છે ને ફસાઈને મૂડી રોકાણ ગુમાવે છે.

## ‘એનપીએસ’માં થતાં રોકાણનું શું ?

સરકાર દ્વારા અર્થાત પેન્શન રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (પીએફઆરડીએ) દ્વારા નિયુકત કરાયેલા પેન્શન ફંડ મેનેજર આ નાણાંનુ રોકાણ ઈકિવટી, ડેટ, બોન્ડસ, ડિબેન્ચર્સ, સરકારી સિકયોરિટીઝ, મની માર્કેટ વગેરે જેવા સાધનોમાં રોકાણ કરે છે. પેન્શન ધારકને આ માટે ત્રણ વિકલ્પ અપાય છે. તેમનું બધું જ રોકાણ કયારેય માત્ર ઈકિવટીમાં કરાતું નથી. પેન્શન એકાઉન્ટ ધારક પોતાની જોખમ લેવાની ક્ષમતાને આધારે રોકાણના વિકલ્પ પસંદ કરે છે. તેમને એક યોજનામાંથી બીજી યોજનામાં શિફટ થવાની છુટ પણ મળે છે.

## ઈક્વિટી શૅરોમાં રોકાણ

ફંડ મેનેજર પોતાની મરજી મુજબ આમ કરી શકતો નથી. તેને એક મર્યાદા આપવામાં આવી હોય છે. જો કે હવે પછી ખુદ પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (પીએફઆરડીએ) તરફથી ઈકિવટીમાં રોકાણ વધારવાની મંજૂરી મળે એવા પ્રયાસ ચાલુ થયા છે. બાય ધ વે, રોકાણકાર-સબ્સક્રાઈબર પોતે કેટલું જોખમ લેવા માગે છે તેના આધારે તે ઈકિવટીનો હિસ્સો વધુ-ઓછો રાખી શકે છે.

આ સ્કીમમાં જેમ-જેમ ધારકની ઉંમર વધતી જાય તેમ તેમ તેમના રોકાણની ટકાવારી બદલાતી જાય છે. સરકાર ભવિષ્યમાં વધુ ને વધુ લોકો આમાં જોડાય એવી અપેક્ષા રાખે છે. આને પગલે મુડીબજાર અને અર્થતંત્ર બંનેને વેગ મળવાની આશા છે, કારણ કે આ નાણાં ઉત્પાદકીય હેતુસર વપરાશે. બેંક ડિપોઝિટ સહિત સરકારી બચત યોજના પરના ઘટતા વ્યાજદરના માહોલમાં ‘એનપીએસ’ બહેતર વિકલ્પ બની શકે છે, જેમાં ભાવિ આર્થિક સલામતીનો પણ સમાવેશ થાય છે.

આ સ્કીમમાં રોકાણ કરનારાને તેમની કરપાત્ર રકમમાંથી અતિરિક્ત રૂ.૫૦,૦૦૦ની મુક્તિ અપાઈ છે. આ અતિરિક્ત રૂ.૫૦,૦૦૦ની છૂટ રોકાણ માટેનું મોટું પ્રોત્સાહન છે. રૂ.૧૦ લાખથી અધિક આવક ધરાવતા અને ૩૦ ટકાના સ્લેબમાં આવતા રોકાણકારો આ જોગવાઈને કારણે ટેકસમાં રૂ.૧૫,૪૫૦ની બચત કરી શકશે. હવે નવી સુવિધા રૂપે આ સ્કીમમાં રોકાણકાર નાણાંકીય વરસમાં ચાર વાર તેની રોકાણ પેટર્ન બદલાવી શકે છે. આમાં ઓટો સ્કીમ હેઠળ વિવિધ પસંદગી ઉપલબ્ધ છે. ■

### ‘એનપીએસ’નું ટૂંકું ને ટચ...

આ સ્કીમમાં ૧૮ થી ૭૦ની વયની કોઈપણ વ્યકિત ભાગ લઈ શકે છે.

આ સ્કીમમાં માસિક મિનિમમ ફાળો રૂ. ૫૦૦ છે, જયારે મેક્સિમમ વાર્ષિક ફાળો રૂ.૧૦૦૦ છે. નાનાં શહેરોમાં આનાથી પણ નાની રકમમાં રોકાણ થઈ શકે છે.

પેન્શન ફંડના રોકાણ માટે ધારકને ત્રણ વિકલ્પ મળે છે : ફંડનું ઈકિવટી- ડેટ અને સરકારી સિકયોરિટીઝમાં રોકાણ થાય છે. જો ઈન્વેસ્ટર પોતે કોઈ વિકલ્પ પસંદ ન કરે તો તે ઓટો સિલેકશનમાં જાય છે.

આ પેન્શન ફંડમાં રોકાણ કરો તે વાર્ષિક પચાસ હજાર સુધી કરમુકિતને પાત્ર છે, જયારે તેના ઉપાડ પર ટેકસ લાગે છે. ચોકકસ ધોરણોને આધિન એનઆરઆઈ પણ આમાં ભાગ લઈ શકે છે.

---

# ગામમાં ૫૦૦ વર્ષથી એકેય લગ્ન થયાં નથી!

હેં... ખરેખર?! પ્રફુલ શાહ feedback@bombaysamachar.com

ઘણાં ગામ, સ્થળ અને માણસમાં કેટલીક વિશિષ્ટતા હોય કે જે માનવામાં ન આવે. મહારાષ્ટ્રના એક ગામની ધરતી ઉપર ૫૦૦ વર્ષથી લગ્ન નથી થયાં. આ અચંબો ઓછો હોય એમ આ ગામમાં નથી સોફા, પલંગ અને માળાવાળાં મકાનો!

આ ગામ છે છત્રપતિ સંભાજીનગર જિલ્લાના પૈઠણ તાલુકામાં આવેલું ચૌંડાળા. આ નાનકડા ગામમાં ૪૦૦થી ૫૦૦ ઘર છે ને એમાં વસ્તી અંદાજે ૮૦૦થી ૧૦૦૦ જેટલી.

ન લગ્ન, ન પલંગ, ન સોફા કે ન ઊંચાં મકાન. એની પાછળ પરંપરા, માન્યતા, શ્રદ્ધા અને લોકવાયકા છે.

એ લોકકથા જોઈએ જે ચૌંડાળા ગામમાં રેણુકા દેવીના મંદિર સાથે સંકળાયેલી છે. આ મંદિર માહૂરની રેણુકા દેવીનું ઉપપીઠ માનવામાં આવે છે. પ્રાચીન સમયમાં રેણુકા માતાનાં લગ્ન નિર્ધારિત થયાં હતાં. નિયત સમયે વરરાજા ને જાનૈયા ગામમાં આવી પહોંચ્યા, પણ રેણુકા માતાને આ લગ્ન સ્વીકાર્ય નહોતાં. રેણુકા માતા કોપાયમાન થવાથી લગ્ન માટે આવેલું આખું વરઘોડું પથ્થરમાં પરિવર્તિત થઈ ગયું. આ લોકકથા મુજબ તો આજે પણ ગામની આસપાસ હજારોની સંખ્યામાં ગોળાકાર શિલાઓ એટલે કે પથ્થરો જોવા મળે છે. ગામની આજુબાજુ ખુલ્લા મેદાનમાં પડેલા આ હજારો પથ્થરોનો કોઈ પણ ઉપયોગ કરવામાં આવતો નથી.

લોકકથા મુજબ આ દેવી અવિવાહિત જ રહ્યાં હતાં. તેથી રેણુકા માતાનો આદર જળવાઈ રહે અને તેમના કોપના શિકાર બનવામાંથી બચવા માટે ગામમાં છેલ્લાં ૫૦૦ વર્ષથી કોઈપણ ઘરના આગળ લગ્નનો માંડવો બંધાયો નથી. અમુક લોકોએ ગામમાં લગ્ન કરવાનો પ્રયાસ કર્યો હતો ખરો, પરંતુ તે લગ્ન સાંગોપાંગ કે સુખરૂપ પાર પડ્યાં નહોતાં, એવું પણ ગામલોકોનું કહેવું છે.

અલબત્ત, આ પ્રથાને લીધે ચૌંડાળામાં કોઈ કુંવારું રહેતું નથી. ગામના છોકરા, છોકરીઓનાં લગ્ન ગામની અંદર થઈ શકતાં નથી. આથી ચૌંડાળા ગામલોકો એક ઉપાય અજમાવે છે.



ગામથી ત્રણ કિલોમીટર દૂર આવેલા હનુમાન મંદિરમાં બજરંગબલીની સાક્ષીએ લગ્નવિધિઓ પૂર્ણ થાય છે. આને લીધે ગામમાં છેલ્લાં પાંચસો વર્ષથી ન તો વરરાજાના કે કન્યાના દરવાજે મંડપ બંધાયો છે. આજે પણ ગામવાસીઓ આ નિયમોનું કડક પાલન કરે છે અને ગામની બહાર લગ્નવિધિ પૂર્ણ કરે છે.

ગામમાં દોઢમાળું ઘર બાંધવામાં આવતું નથી. આવું કેમ એ થોડું સમજીએ. રેણુકા દેવીના મંદિરની એક નિશ્ચિત ઊંચાઈ છે. આ મંદિરની ઊંચાઈ કરતાં વધુ ઊંચું ઘર બાંધવામાં આવતું નથી કે જેથી માતાજી અને મંદિરનું માન જળવાઈ રહે. કોઈપણ ઘરની છત રેણુકા દેવીના મંદિર કરતાં ઊંચી હોઈ શકતી નથી. તેથી ગામમાં એકપણ દોઢમાળું ઘર જોવા મળતું નથી. ભૂતકાળમાં કોઈએ આ લક્ષ્મણરેખા પાર કરવાનો પ્રયાસ કર્યો ત્યારે સફળતા મળી નહોતી. આને લીધે પૂર્વજોએ અપનાવેલી આ પરંપરાનું પાંચસો વરસેય નવી પેઢી પાલન કરે છે.

દેવી-દેવતાઓના આદરરૂપે ચૌંડાળામાં ઘરમાં સૂવા માટે સાદો ખાટલો, સોફા, બેડ કે પલંગ પણ વપરાતા નથી. હા, આખા ગામમાં કોઈપણ ઘરમાં સોફા, પલંગ કે ખાટલો જોવા મળતો નથી. આ ગામમાં જમીન પર જ સૂવું પડે છે. તેમાં પ્રસૂતા સ્ત્રીઓ પણ જમીન પર જ સૂએ છે. વર્ષોથી ચાલતી આવતી આ પરંપરાનું આજે પણ કડક પાલન થાય છે. છોકરાનાં લગ્ન થાય ત્યારે બધો સામાન આપવામાં આવે છે, પરંતુ પલંગ આપવામાં આવતો નથી. દરેક ગ્રામજન આજે પણ જમીન પર જ સૂએ છે.

તેઓ પરંપરાગત ચટાઈ અથવા પાળિયાં પર જમીન પર સૂએ છે. સ્થાનિક લોકકથાઓ મુજબ ગામના આરાધ્ય દેવ પ્રત્યે વિનમ્રતા દર્શાવવા માટે આ પ્રથા શરૂ થઈ હતી. એવું માનવામાં આવે છે કે માણસે જમીન સાથે જોડાયેલું રહેવું જોઈએ અને અતિશય વૈભવથી દૂર રહેવું જોઈએ.

ચૌંડાળાની અનોખી સંસ્કૃતિ તેમના દૈનિક જીવન અને માળખામાં પણ જોવા મળે છેઃ

જે રીતે માણસો માટે નિયમો છે, એ જ રીતે જાનવરો માટે પણ નિયમો છે. ખેતરમાં કામ કરતા બળદોને શિંગોટી કે ઝૂલ પણ પહેરાવવામાં આવતી નથી. મહારાષ્ટ્રના કેટલાંક આદિવાસી અને પરંપરાગત ગામોમાં માન્યતા કે પ્રથા મુજબ ગાય-બળદને ‘શિંગોટી’ (શિંગ પરનો શણગાર) અથવા ‘ઝૂલ’ (પીઠ પર નખાતું શણગાર કાપડ) પહેરાવવામાં આવતું નથી. આની ધાર્મિક-પરંપરાગત માન્યતા એવી હોઈ શકે કે પશુઓને કુદરતી સ્વરૂપમાં જ રાખવા જોઈએ. આની પાછળ દેખાડા કે વૈભવથી દૂર રહેવાની સાદગીની જૂની રીત પણ હોય. આ સિવાય સ્થાનિક દેવતા અથવા વ્રત સાથે જોડાયેલી માન્યતા અનુસાર પશુઓને વધારાનો શણગાર કરવો મનાઈ હોઈ શકે છે. ■

---

# સ્માર્ટફોન ભલે ગમે તે હોય, પણ એસેસરી ઈન્ડિયા જેવી ક્યાંય નહીં જડે...

ટેક વ્યૂહ વિરલ રાઠોડ feedback@bombaysamachar.com

નોકિયા મોબાઇલ કંપનીનો એક યુગ હતો, આ એ સમય હતો જ્યારે ૧ જીબી ઇન્ટરનેટ આખા મહિના સુધી ચાલતું. વીડિયો ઍપ્લિકેશન તો ભાગ્યે જ ખૂલતી, પણ વોટ્સઍપ અને ટેલિગ્રામ જેવી ઍપ્લિકેશન પર ફટોફટ વાતચીત થતી. સ્માર્ટફોનની શરૂઆત થઈ અને નોકિયા કંપનીનો સૂર્યાસ્ત થયો એમ કહેવામાં કંઈ ખોટું નથી. નોકિયાની મોનોપોલીની વિરુદ્ધ જઈ સૅમસંગે એની માર્કેટ તોડી. એક સામાન્ય સૅમસંગ ફોનમાં તમામ ફીચર્સ જે મોંઘા ફોનમાં પણ હોય એ બધું જ આપીને સામાન્ય બજેટ ધરાવતા વ્યક્તિને પણ પ્રીમિયમ ફીચર્સ આપીને મજા કરાવી દીધી. ખાસ વાત એ છે કે, એ સમયે મોબાઇલની ખરીદી કરવા જઈએ ત્યારે આઉટલેટમાંથી કવર, સ્ક્રીનગાર્ડ, ચાર્જર, ચાર્જરના એક્સ્ટ્રા કેબલ કે ફૅન્સી કીચેઇન જેવી વસ્તુઓ ફ્રીમાં આવતી. ડીલર્સ સારા હોય અને દિવાળી જેવો માહોલ તો બીજી ગિફ્ટ ફ્રી મળે એ પણ મફત. દિવાળી પર મોબાઇલ ખરીદનારા રાહ જોઈને બેઠા હોય, કારણ કે મોબાઇલની ખરીદી સાથે પ્રીમિયમ હૅન્ડ્સ ફ્રી પણ મફત મળતા.

## દરેક એસેસરીનો અલગથી ચાર્જ

અત્યારનો સમય અલગ છે. હવે મોબાઇલની ખરીદી કરીએ તો માત્ર ડિવાઇસ જ મળે છે. કંપનીએ પણ મોબાઇલ ચાર્જર આપવાનું બંધ કરી દીધું. માત્ર વૉલ્ટેજ સપોર્ટ કરતો વાયર આપીને કંપનીએ હાથ ઊંચા કરી દીધા. આ પાછળનું કારણ સમજવા જેવું અને રેવન્યૂ મોડલની દૃષ્ટિએ ઘણાયે સ્વીકારવા જેવું છે. અગાઉ થતું એવું કે જે તે મોબાઇલ ફોન કંપની સાથે એસેસરી બનાવતી કંપનીની કેટલીક ટકાવારી રહેતી. ઘણીવાર માત્ર મોબાઇલ લઈને લોકો બિલ પે કરીને બીજી વસ્તુ ખરીદતા ન હતા.

આ કારણે મોબાઇલ ફોન સાથે આવતી સમગ્ર કિટને માર પડતો. નફાની દૃષ્ટિએ એસેસરી બનાવતી કંપનીને નફો રળવા માટે બીજી યુક્તિ સૂઝી. એટલે અલગથી કંપની બ્રાંડ સાથે એ જ નામથી બિઝનેસ શરૂ કરીને ડબલ પ્રૉફિટનું સાહસ શરૂ કર્યું, જે માર્કેટમાં ચાલી ગયું. બ્રાંડેડ કંપનીના ચાર્જર, કેબલ્સ, પિનની ડિમાન્ડ વધી. આ સાથે ફૅન્સી કવરની એન્ટ્રી થઈ અને એ માર્કેટ પણ શૅરમાર્કેટમાં આવેલી અચાનક તેજીની જેમ ધમધમવા લાગ્યું. હવે મોબાઇલ ખરીદતી વખતે આવી દરેક એસેસરીના અલગથી ચાર્જ ચૂકવા પડે છે.



## 3000 મિલ્યન ડૉલરનું માર્કેટ

આ આંકડો જોઈને આંચકો અવશ્ય લાગશે. આ માત્ર ભારત દેશનો મોબાઇલ એસેસરી માર્કેટમાં એક વર્ષમાં થયેલી વેચાવલી અને રોકાણનો કુલ આંકડો છે. ૩૩૩૫ મિલ્યન ડૉલરના એસેસરી માર્કેટમાં એક આખી ચૅનલ કામ કરતી હોય છે અને કમાતી પણ હોય છે. દરેકના ખિસ્સાને પોસાય એવા બજેટમાં હાઈફાઈ લૂક્સ, હાઈ રિઝોલ્યુશન ફીચર્સ, મોબાઇલની સુરક્ષા કરતા સ્ક્રીન ગાર્ડ, કવર, ચાર્જર કૅપ, કેબલ ગાર્ડ જેવી વસ્તુઓ અન્ય કંપનીઓએ તૈયાર કરી.

બીજી તરફ સ્થાનિક ધોરણે સાદા રબરના કવર પર અનોખી ક્રિએટિવિટી કરતા આર્ટિસ્ટ વધ્યા, એમ્બોસિંગ વધ્યુ, એમાં લાગતા સ્ટાર્સ, આર્ટવર્ક, પૅકેજિંગ, પૅકેજિંગ માટેના પોલિથિન, પૅકર્સ, ટ્રાન્સપોર્ટ આ તમામ ચેઇન એકસાથે ઊભી થઈ. આનાથી મોબાઇલ ભલે ૧૦ હજારનો હોય પણ ટેબલ પર પડ્યો હોય તો એસેસરીના કારણે લાખ રૂપિયાના દાગીના જેવો લાગે. ખાસ કરીને યુવાવર્ગમાં આવા લૂક્સનો ટ્રેન્ડ કાયમી ધોરણે સેટ થયો એટલે માત્ર ૪૦ રૂપિયાથી શરૂ થતી વસ્તુનું માર્કેટ છેક ૪૦૦૦ સુધી પહોંચ્યું. આ ૪૦૦૦ રૂપિયા કંઈ એક વસ્તુનો ભાવ નથી. ૪૦ રૂપિયાના જુદા જુદા થીમવાળા કવર કે ચાર્જિંગ કૅપ વાપરીને મૂકી દેવાના, માર્કેટમાં નવા આવે એટલે ડાયરેક્ટ પર્ચેસ. કોહેરન્ટ માર્કેટિંગ રીસર્ચ ઑફ ટેક્નૉલૉજી નામની સંસ્થાએ મોબાઇલ એસેસરી પર કરેલા સર્વેના આં આંકડા છે.

## સ્વદેશી માર્કેટ - દેશી ઠાઠ

કંપનીના કવરમાં કંપનીનું નામ આવતું, પણ મોબાઇલ આપણો અને નામ બીજાનું હોય એવું થોડી ચાલે? આ એક વિચારે એસેસરીની દુનિયામાં ક્રિએટિવિટીના દ્વાર ખોલ્યા. માન્યમાં ન આવે એવી ડિઝાઇન, દેશી જુગાડ, લૂક્સ, ફિનિશિંગ, ડેકોરેશન, વર્ક, ડિટેલિંગ અને કલર્સની દુનિયામાં છોત્તરાં કાઢી નાખ્યાં. દિલ્હીની સદર માર્કેટમાં મોબાઇલ એસેસરી સાથે સ્ટૉકિંગ અને જથ્થાબંધ સપ્લાય સાથે જોડાયેલા વેપારી ત્યાં સુધી કહે છે કે, જે વસ્તુ કંપની બનાવતી ન હતી એ વસ્તુ આપણા જ દેશના યુથે બીજા યુથવર્ગ માટે બનાવી છે. ગુરુગ્રામ, નોઈડા, લુધિયાણામાં આવા કારખાનાના આખા યુનિટ છે, જેમાં માગો એવા કવર, કાચ, ચાર્જરની કૅપ, કેબલ્સથી લઈને મોબાઇલ કિચન સુધી બધું જ મળે છે એટલે દેશી રંગો સાથે આપણા જ ઘર આંગણે તૈયાર થતી થીમથી પરિવર્તન આવ્યું. મુંબઈમાં એસેસરીના પૅકેજિંગ સાથે જોડાયેલા સુપરવાઇઝર કહે છે કે, આવો કાચો માલ તો ચાઇના પણ બનાવે છે, પણ આપણા દેશમાં એસેસરી મામલે ઘણું વૈવિધ્ય આવ્યું છે એટલે ચીન પરની નિર્ભરતા ઘટી છે. કિંમત ઓછી હોવાને કારણે આની માર્કેટ વૅલ્યૂ નથી પણ યુવાવર્ગમાં એક મોટા વૉલ્યુમ સાથે ખરીદીથી માર્કેટ કરોડો સુધી પહોંચી રહ્યું છે.

### આઉટ ઑફ બોક્સ

દિલ્હીની ગફાર માર્કેટ મોબાઇલ એસેસરીનું એપી સેન્ટર છે. જે સ્ક્રીનગાર્ડ ૧૦૦થી ૧૫૦માં મળે એ ત્યાં માત્ર ૩૦ રૂપિયામાં મળી જાય! ■

---

# ચુંબન લેતી ગ્રન્ટ માછલી!

ફોકસ કે.પી.સિંહ feedback@bombaysamachar.com

ગ્રન્ટ માછલી એક અદ્ભુત દરિયાઈ માછલી છે. ‘ગ્રન્ટ’ એ અંગ્રેજી ભાષાનો શબ્દ છે, જેનો અર્થ થાય છે ‘ઘુરઘુર અવાજ કરવો’. તેના ગળામાં એક વિચિત્ર પ્રકારના દાંત હોય છે. ગ્રન્ટ માછલી પોતાના ગળા અને ગળાના દાંતની મદદથી એક વિચિત્ર પ્રકારનો ઘુરઘુરતો અવાજ કાઢે છે, તેથી જ તેને ગ્રન્ટ માછલી કહેવામાં આવે છે. આ ગરમ સમુદ્રની માછલી છે, તેથી તે વિશ્વના મોટાભાગના ઉષ્ણ કટિબંધીય મહાસાગરોમાં જોવા મળે છે. તે એકલી અથવા ટોળામાં તરે છે. ગ્રન્ટ માછલીનું ટોળું ખૂબ નાનું હોય છે, જે મોટે ભાગે સમુદ્ર કિનારાની નજીક કોરલ રીફ પાસે જોવા મળે છે. ગ્રન્ટ માછલીના આંતરિક સંબંધો ખૂબ જ આકર્ષક, રસપ્રદ અને જોવાલાયક હોય છે, ખાસ કરીને તેમનું ચુંબન. સામાન્ય રીતે, તેઓ એકબીજાને ચુંબન કરતી વખતે પોતાનું આખું મોં ખોલીને એકબીજા તરફ આગળ વધે છે, અને પછી એકબીજાના હોઠોમાં સમાઈ જાય છે. વાસ્તવમાં, ગ્રન્ટ માછલી અન્ય માછલીઓ કરતાં સાવ અલગ છે. ચુંબન કરતી આ ગ્રન્ટ માછલીઓ દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના દરિયા કિનારાની નજીક ખૂબ મોટી સંખ્યામાં જોવા મળે છે. આ માછલીઓને સ્વીટ-લિપ્ડ ગ્રન્ટ્સ પણ કહેવામાં આવે છે.

ગ્રન્ટ માછલીની અનેક પ્રજાતિઓ હોય છે. પરંતુ તે બધાની શારીરિક રચના, આદતો, વર્તન વગેરેમાં ઘણી સમાનતા જોવા મળે છે. ગ્રન્ટ માછલી, ‘પર્ચ’ માછલી જેવી હોય છે. તેની શારીરિક રચના પણ પર્ચ માછલીને ખૂબ મળતી આવે છે. તેની ફિન ખૂબ લાંબી અને ઊંચી હોય છે. તેની પીઠ પરની ફિનનો પાછળનો અડધો ભાગ થોડો નીચો હોય છે અને તેના પર મુલાયમ કાંટા હોય છે. ગ્રન્ટ માછલીની પૂંછડીનો ફિન ત્રિકોણાકાર હોય છે. ગ્રન્ટ માછલીની પીઠ અને પૂંછડી બંનેની ફિન્સ પર ખૂબ જ સુંદર અને આકર્ષક રંગો હોય છે. તેની ફિન પીળા રંગની હોય છે અને તેના પર બ્રાઉન રંગના પટ્ટા હોય છે. ગ્રન્ટ માછલીના શરીર પર પણ પટ્ટા હોય છે. તેની પીઠ અને શરીરનો ઉપરનો ભાગ લાલાશ પડતા ઘાટા પીળા રંગનો હોય છે, જ્યારે પેટ અને શરીરનો નીચેનો ભાગ થોડા આછા રંગનો હોય છે.

ગ્રન્ટ માછલીનું માથું ઘણું મોટું અને આગળથી ગોળ હોય છે. ગ્રન્ટ માછલીનું મોં તેના શરીરના પ્રમાણમાં થોડું મોટું હોય છે. તેનો ઉપરનો જડબો મોટો અને જાડો હોય છે, જ્યારે નીચેનો જડબો પાતળો હોય છે. ગ્રન્ટ માછલીના ગળામાં ઘણા નાના-નાના દાંત હોય છે તેમજ તેના શરીરની અંદર એક નાનું ‘સ્વિમ બ્લેડર’ હોય છે. ગ્રન્ટ માછલી પોતાના સ્વિમ બ્લેડરમાં હવા ભરી લે છે, જેનાથી તેનું શરીર હલકું થઈ જાય છે અને તેને તરવામાં સરળતા રહે છે. ગ્રન્ટ માછલી પોતાના ગળાના દાંતની મદદથી વિવિધ પ્રકારના ઘુરઘુરતા અવાજો કાઢે છે. આ અવાજ



ગળામાંથી સીધો તેના સ્વિમ બ્લેડરમાં પહોંચે છે, જે અવાજને વધુ તીવ્ર બનાવી દે છે. ગ્રન્ટ માછલીના સ્વિમ બ્લેડરમાંથી નીકળતા અવાજો એટલા મોટા હોય છે કે તેને ઘણા દૂરથી પણ સરળતાથી સાંભળી શકાય છે. ગ્રન્ટ માછલીની જુદી-જુદી પ્રજાતિઓ અલગ-અલગ રીતે અવાજ કાઢે છે અને ચુંબન કરવાની રીત પણ અલગ-અલગ હોય છે. ગ્રન્ટ માછલીની જેમ જ ‘ગૌરામી’ માછલી પણ આપસમાં એકબીજાને ચુંબન કરે છે. એટલા માટે જ ગૌરામી માછલીને ‘કિસિંગ ગૌરામી’ કહેવામાં આવે છે. ચુંબન કરતી ગૌરામી માછલી પર ઘણું બધું સંશોધન કરવામાં આવ્યું છે કે તે ક્યારે ચુંબન કરે છે, કઈ રીતે ચુંબન કરે છે અને કેટલા પ્રકારના ચુંબન કરે છે? આ બધા વિષયો પર પૂરી માહિતી ઉપલબ્ધ છે. પરંતુ હજી સુધી ગ્રન્ટ માછલી અને તેના ચુંબનના સ્વરૂપો તેમજ તેના હેતુઓ પર કોઈ સંશોધન કાર્ય કરવામાં આવ્યું નથી. તેથી, આ બાબતે ચોક્કસપણે કંઈ પણ કહી શકાય નહીં.


ગ્રન્ટ માછલીનું સંવનન અને પ્રજનન અન્ય દરિયાઈ માછલીઓ કરતા સંપૂર્ણપણે અલગ હોય છે. તેમનામાં બાહ્ય સમાગમ અને બાહ્ય ગર્ભાધાન જોવા મળે છે. પ્રજનન કાળ દરમિયાન નર માછલી, માદા ગ્રન્ટ માછલીની શોધ કરે છે અને મિલનની ઇચ્છુક માદા મળી જતાં તે તેની સાથે સમુદ્રના તળિયે જુદી-જુદી પ્રકારની ક્રીડાઓ કરે છે તેમજ તેની સાથે-સાથે તરે છે. અંતમાં નર અને માદા બંને એકબીજાને ગાઢ ચુંબન કરે છે અને ત્યારબાદ જોડી બનાવે છે. માદા ગ્રન્ટ માછલી જોડી બનાવ્યા પછી ઈંડા મૂકે છે. આ સમયે નર માછલી માદાની પાછળ રહે છે. માદા ગ્રન્ટ ઈંડા મૂકતી જાય છે અને નર તે ઈંડા પર શુક્રાણુ છોડીને તેને ફલિત કરતો જાય છે. ગ્રન્ટ માછલીના ઈંડા પરિપક્વ થતાં જ ફૂટે છે અને તેમાંથી નાના-નાના બચ્ચાં બહાર આવે છે. આ બચ્ચાં થોડા સમય સુધી ઈંડાના બાકી રહેલા પોષક ભાગમાંથી પોતાનું પોષણ મેળવે છે અને આ યોલ્ક સમાપ્ત થઈ ગયા પછી સ્વતંત્ર રીતે તરવાનું અને ખોરાક લેવાનું શરૂ કરી દે છે. તેઓ ટૂંક સમયમાં જ મોટી માછલીઓ જેવા દેખાવા લાગે છે. પ્રાચીન કાળથી લોકો ગ્રન્ટ માછલીથી પરિચિત છે. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# અગમબુદ્ધિ વાણિયો ને પચ્છમબુદ્ધિ બ્રહ્મ, તરતબુદ્ધિ તરકડો ને પછી ધોલ મારે ધમ્મ

આ કહેવત પાછળની મજેદાર કહેવત કથા જાણતાં પહેલા એમાં આવતા શબ્દોના અર્થથી વાકેફ થઈએ. અગમબુદ્ધિ એટલે આગળથી કે અગાઉથી - કામ શરૂ કરતાં પહેલાં કે વિચાર અમલમાં મૂકતાં પહેલાં બુદ્ધિ ચલાવનારી કે ભવિષ્યનો પહેલેથી વિચાર કરનારી વ્યક્તિ. પચ્છમબુદ્ધિ એટલે જેને પાછળથી બુદ્ધિ સૂઝે તેવું, પાછળમતિયું, કાર્ય કર્યા પછી સાચી બુદ્ધિ સૂઝે તેવું, કર્યા પછી પસ્તાય તેવું, અગમચેતી વિનાનું. તરતબુદ્ધિ વિચાર કર્યા વિના વર્તન કરતી વ્યક્તિ અને તરકડો એટલે બેશરમ કે ઉદ્ધત વ્યક્તિ. કહેવત કથામાં બે મિત્રોની વાત છે.



એકબીજા માટે અપાર પ્રેમ-લાગણી ધરાવતા બે મિત્રોમાં એક હતો વાણિયો અને બીજો હતો બ્રાહ્મણ. કોઈ પ્રયોજન નિમિત્તે બંને મિત્ર મુસાફરીએ નીકળ્યા. રસ્તામાં એક અજાણી વ્યક્તિનો પરિચય થયો. વાટ કાપવા અને સમય ખુટાડવા ત્રણે અલકમલકની વાતોએ વળગ્યા. ત્રણે જણા વાતો કરતા ચાલ્યા જાય છે. વાત કરતાં કરતાં કેટલીક અનોખી અને કોઈને વિચિત્ર લાગી શકે એવી માન્યતાઓનો વિષય નીકળ્યો. પરસ્પર મજાક-મશ્કરી પણ થયા. બ્રાહ્મણે ટીખળ સ્વરૂપે ત્રીજી વ્યક્તિને કશું કહ્યું અને પેલી વ્યક્તિને ક્રોધ ચડ્યો અને તેણે બ્રાહ્મણને ધોલ મારી. વાણિયાએ વચમાં પડી સમાધાન કરાવ્યું. જોકે, આ ભાઈને બરાબર પાઠ ભણાવવો જોઈએ એવો નિર્ધાર કર્યો. આગળ ચાલતા બ્રાહ્મણ તુલસીના છોડને શ્રદ્ધાપૂર્વક પગે લાગ્યો ત્યારે પેલી ત્રીજી વ્યક્તિએ ઝાડ ઝાંખરાંને નમન કરવાનું કારણ પૂછ્યું. 'એ તો અમારી માતા સમાન છે' એવો જવાબ મળ્યો ત્યારે પેલી વ્યક્તિએ 'તમે લોકો મૂરખના સરદાર છો' એમ કહી ટીકા કરી. વાણિયાએ સાનમાં બ્રાહ્મણને સમજાવી ચૂપ રહેવા કહ્યું. થોડા આગળ વધ્યા ત્યાં કૌવચ (પાન, ફૂલ અને ફળને રૂંવાટી ધરાવતી વનસ્પતિ જે શરીરને અડતા ખૂબ ખંજવાળ આવે)નો વેલો નજરે પડ્યો. વાણિયાએ એને નમીને પ્રણામ કર્યા એ જોઈ 'મામૂલી વેલાને કેમ નમન કરે છે?' એવું કટાક્ષના સ્વરમાં ત્રીજી વ્યક્તિએ કહ્યું. જવાબમાં વાણિયાએ કહ્યું કે 'એ તો અમારા પિતા સમાન છે.' આ સાંભળી ક્રોધાવેશમાં ત્રીજી વ્યક્તિએ ઝનૂનથી વેલાને ફેંદી નાખ્યો. જોકે, એમ કરવા જતાં કૌવચો એના શરીર ઉપર રગદોળાઈ. થોડી વારમાં શરીરમાં ભયંકર ખંજવાળ ઊપડી. ખૂબ બૂમો પાડી પણ વાણિયો અને બ્રાહ્મણ તો ઘણા આગળ નીકળી ગયા હતા. થોડીવાર પછી ત્યાંથી પસાર થતા એક ભરવાડે પૂછતાછ કરી વાત વિગતે જાણી. પરગજુ સ્વભાવના ભરવાડે પેલી વ્યક્તિને મુશ્કેલીમાંથી ઉગારી લીધી અને સાથે શિખામણ આપી કે **'અગમબુદ્ધિ વાણિયો, પચ્છમબુદ્ધિ બ્રહ્મ, તરત બુદ્ધિ તરકડો કે ધોલ મારે ધમ્મ.** એટલે કોઈની પણ મજાક મશ્કરી કે ટીખળ કરતાં પહેલાં વિચાર કરવો.'

ભાષા વૈભવ

## કહેવતોમાં સચવાયેલાં નગરો



આણંદ જિલ્લાના તાલુકા મથક ઉમરેઠને વર્ષો પહેલાં અમરાવતી તરીકે ઓળખવામાં આવતું હતું. આ સિવાય ઉમરેઠ તેમજ **છોટાકાશી અને ચરોતરના ઊંબરા** તરીકે પણ જાણીતું બન્યું છે. આજે પણ ઉમરેઠને છોટાકાશી કે પછી ચરોતરનો ઊંબરો તરીકે પણ ઓળખવામાં આવે છે. માત્ર આઠ પરિવારના વસવાટ સાથે વસેલું આ ગામ આજે તાલુકાના મુખ્ય ગામ તરીકે પ્રસિદ્ધ છે. સમગ્ર ભારતમાં માત્ર કાશી અને ઉમરેઠના ચંદ્રમોલેશ્વર મહાદેવના શિવાલયમાં ઐતિહાસિક **આષાઢી તોલવાની પરંપરા છે.** છેલ્લાં ઘણાં વર્ષોથી માત્ર અહીં જ આષાઢી તોલાય છે. આ પ્રક્રિયામાં પ્રથમ ગુરુપૂર્ણિમાના દિવસે નવ ધાન્ય (મગ, ડાંગર, જુવાર, ઘઉં, તલ, અડદ, કપાસ, ચણા, બાજરી) અને માટીને એક એક તોલા જેટલું તોલીને કોરા કપડામાં બાંધી માટીના ઘડામાં મૂકીને મંદિરના ગોખમાં રાખવામાં આવે છે. અષાઢ સુદ એકમના દિવસે આ પોટલીઓ બહાર કાઢી ફરીથી તોલવામાં આવે છે. જે ધાન્યના વજનમાં વધારો થયો હોય તે પાકનું ઉત્પાદન વર્ષ દરમિયાન સારું રહે છે. વજન ઘટે તો તે પાક નબળો જવાનો અંદાજ લગાવવામાં આવે છે. આ વરતારાના આધારે ખેડૂતો આગામી સમયમાં કયા પાકની વાવણી કરવી તેનું આયોજન કરે છે. વર્ષો પહેલાં પત્રવ્યવહારની પ્રથા હતી ત્યારે ગુજરાતના સૌરાષ્ટ્ર અને બીજા વિસ્તારમાંથી આષાઢી તોલવાના થોડા દિવસ પહેલાં પત્ર આવી જતો હતો. ગુરુપૂર્ણિમાના દિવસે આષાઢી તોલી લીધા બાદ પત્ર લખીને દૂર દેશાવરના ખેડૂતને માહિતી આપવામાં આવતી હતી. આ ઉપરાંત કાશીની જેમ ઉમરેઠની સિલ્કની સાડી, મહાદેવના મંદિર અને વિદ્વાનો ખૂબ જ પ્રસિદ્ધ છે. ઇતિહાસકારોના માનવા મુજબ કાશી અને ઉમરેઠ વચ્ચે અનેક સામ્યતા હોવાના કારણે તેને છોટાકાશીનું ઉપનામ આપવામાં આવ્યું છે. કાશીની જેમ ઉમરેઠ પણ ભોલેનાથની નગરી છે. અહીં ચારેય દિશામાં ભગવાન શિવનાં મંદિર આવેલાં છે. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# વંદા પાર્ટીનો આ તે કેવો હાહાકાર...




અચાનક રસોડાનું 'ગુપ્ત સંગઠન' રસ્તા પર આવ્યું!

ગઈકાલે રાત્રે જ્યારે આખું શહેર ઘસઘસાટ ઊંઘતું હતું ત્યારે મારા ઘરના રસોડાના ઓટલા નીચે, ડાર્ક રૂમમાં એક ઐતિહાસિક ઘટના સર્જાઈ રહી હતી.

સામાન્ય રીતે રાત્રે બે-ત્રણ વાગ્યે પાણી પીવા જઈએ ત્યારે એકાદ-બે વંદા 'હાય-હેલ્લો' કરીને ફ્રીજની પાછળ સંતાઈ જતા હોય છે. પણ ગઈકાલે તો દૃશ્ય જ અલગ હતું. રસોડાના પ્લેટફોર્મ પર જાણે આંતરરાષ્ટ્રીય મહાસંમેલન ભરાયું હતું!

હા, તમે સાચું વાંચ્યું. એ હતી 'અખિલ બ્રહ્માંડ વંદા મહાસભા' (ABVM) ની વાર્ષિક જનરલ મીટિંગ. વિષય હતોઃ

'બળાપો અને ભવિષ્યની રણનીતિ.'

વિશ્વના ખૂણે-ખૂણેથી વિવિધતામાં એકતાના દર્શન સ્વરૂપ મૂછું ફરકાવતા વંદાઓ ભેગા થયા હતા. રસોડાની સિંકના હોલમાંથી, ગેસના સિલિન્ડર પાછળથી અને બાથરૂમની નાની ગટરના રસ્તેથી દેશભરના વંદાઓ ઊમટી પડ્યા હતા. લોકશાહીનો સાચો નમૂનો અહીં જોવા મળતો હતો.

આટલા તો અહીં હતા, પરંતુ સેટેલાઈટ દ્વારા મેટ્રો સિટીના હાઈ-ફાઈ વંદા પ્રમુખ તે બધાને માર્ગદર્શન આપી રહ્યા હતા. ધડાધડ સભ્યો બની રહ્યા હતા.

સોસાયટીની ફાઈવ-સ્ટાર ડ્રેનેજ લાઈનમાંથી, એકદમ ચળકતા અને સ્માર્ટ, ગામડાની નાની ગટરના દેશી વંદા જે કદમાં થોડા નાના પણ ચીવટવાળા અને કડક હતા તે, સોફિસ્ટિકેટેડ વંદા જે રસોડાના મસાલાના ડબ્બા પાછળ રહીને આખી જિંદગી એલચી અને તજની સુગંધ માણી ચૂક્યા હતા તે આમ અલગ અલગ પ્રાંતમાંથી અલગ અલગ વિશેષતા ધરાવતા મૂછાળા નાજુક ડરામણા વંદાઓ ધા એ ધા જોડાવા માંડ્યા.

અમુક વિદેશી ટાઈપના ઊડતા વંદા જે જરાક હવા ભરાય એટલે હેલિકોપ્ટરની જેમ ઊડીને સીધા સડસડાટ સ્ત્રીઓના માથા પર જ લેન્ડિંગ કરવાની કુખ્યાત ક્ષમતા ધરાવતા હતા તે બધા પણ જોડાઈ ગયા.

વડા વંદાનું ઐતિહાસિક ભાષણ સાંભળવા જેવું હતું.

સ્ટેજ પર એક મોટો ખાંડનો દાણો મૂકવામાં આવ્યો હતો, જેના પર ઊભા રહીને પ્રમુખ વંદાએ (જેની મૂછો અને દાઢીને કારણે થોડો લઘર વઘર લાગતો હતો. ટૂંકમાં હોય તેવો લાગતો હતો) માઈક વગર જ પોતાની તીણી મૂછો હલાવીને ભાષણ શરૂ કર્યું :

'ભાઈઓ અને બહેનો (અને આપણા અસંખ્ય બચ્ચાઓ)...' પ્રમુખે ગળું ખંખેર્યું, 'આપણે આપણી શક્તિને ભૂલી ગયા છીએ. ડાયનાસોર આવ્યા અને જતા રહ્યા, પણ આપણે હજુ જીવતા છીએ! આપણી તાકાત જુઓ, આ દેશની સરકાર ભલે ગમે તેટલી પાવરફુલ હોય, પણ સરકાર આખરે તો એક પત્ની જેવી છે. અને પત્ની ગમે તેવી સિંહણ હોય, પણ એક નાનકડા વંદાથી બીવે છે!'

આ વાક્ય સાંભળતા જ આખા રસોડામાં 'ચીં-ચીં' ના અવાજો સાથે તાળીઓનો ગડગડાટ થઈ ગયો. ચારે બાજુ મૂછો ફરકવા મંડી. બે-ત્રણ ઉત્સાહી જુવાનિયા વંદા તો ગેસના લાઈટર પર ચડીને નાચવા લાગ્યા. પ્રમુખે આગળ વધતાં કહ્યું :

'તમે વિચારો, જે ઘરમાં પત્ની સિંહણ બનીને ફરે છે, ત્યાં આપણી એન્ટ્રી થતાં જ સિંહણ સોફા પર ચડીને ચીસો પાડે છે અને આખો આલીશાન બંગલો માથે લે છે. આપણા એક ઈશારે આખી માનવજાત કૂદાકૂદ કરવા લાગે છે. આ છે આપણો પાવર !'

આપણો મુખ્ય એજન્ડા છે 'માત્ર પત્ની જ નહીં, આખું જગત ડરવું જોઈએ.'

જોકે, પ્રમુખ વંદાના આ આત્મસંતોષ સામે વિરોધ પક્ષના નેતા (જે ગટરના પાઈપમાંથી સીધો આવ્યો હતો અને થોડો કાળોપીળો હતો) એ વાંધો ઉઠાવ્યો. એણે પાંખો ફફડાવીને કહ્યુંઃ

'પ્રમુખ સાહેબ, આ તો અધૂરી જીત છે. માત્ર પત્નીઓ ડરે એનાથી આપણું પેટ નહીં ભરાય. અમારો એજન્ડા સ્પષ્ટ છે આ દેશના પુરુષો, બાળકો અને ખાસ કરીને પેલા કાળા કલરના હિટ (HIT) સ્પ્રેવાળા લોકો પણ આપણાથી ડરવા જોઈએ!.. અને જે ઘરમાં પત્ની ન હોય પુરુષ એકલો હોય તેને ડરાવવા માટે શું કરવું તે પણ ફોડ પાડો...'

વિપક્ષના નેતાએ પોતાની માગણીઓનું લિસ્ટ રજૂ કર્યું, જે ખરેખર હસવા જેવું છતાં વિચારવા જેવું હતું.

ચોખ્ખી જગ્યાઓમાં અનામતની માગણી કરી કહ્યું 'વંદાઓને માત્ર કચરાપેટી કે ગંદી નાળીઓમાં જ કેમ રહેવું પડે? લિવિંગ રૂમના કાચના ટેબલ પર, ડાઇનિંગ ટેબલ પર અને બેડરૂમના એસી (AC) ના વેન્ટમાં પણ વંદાઓને સન્માનજનક સ્થાન મળવું જોઈએ.'

હિટ (HIT) સ્પ્રે પર વિરોધ પ્રગટ કરતા એક જ સુરે વંદાઓએ આંતરરાષ્ટ્રીય કોર્ટમાં જઈને કેમિકલ વેપન્સ (રાસાયણિક હથિયારો) વાપરવા બદલ માણસો સામે કેસ કરવો જોઈએ. આ સ્પ્રે નૈતિકતાની વિરુદ્ધ છે!

રસોડામાં ડે-નાઈટ શિફ્ટ માણસો માત્ર રાત્રે જ રસોડું ખાલી કરે છે, જે ખોટું છે. દિવસે પણ બે-ત્રણ કલાક 'વંદા કરફ્યુ' જાહેર થવો જોઈએ જેથી તેઓ શાંતિથી લંચ લઈ શકે એવી રજૂઆત પણ કરી.

ભાષણો પત્યા પછી 'વંદા સંગઠન' દ્વારા એક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એમાં બે ઊડતા વંદાએ 'હવામાં પ્રગટ થવું અને અચાનક ગાયબ થઈ જવું' વિષય પર લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપ્યું. સભાના અંતે ભવ્ય રાત્રિભોજન (ડિનર)નું આયોજન હતું, જેમાં મેનૂમાં હતું ગઈકાલની વધેલી દાળના ટીપાં, પ્લેટફોર્મ પર વેરાયેલી ખાંડની ચાસણી અને સિંકમાં પડેલી એંઠી થાળીઓનો અમૂલ્ય રસ! એકાદ બે પિઝાના બટકા...

ચાલો તેમને આરામથી જમવા દો...

એક બુદ્ધિજીવી લેખક તરીકે આ તમામ વંદાઓને એક ખુલ્લો પત્ર પાઠવું છું.

પ્રિય વંદાઓ,

તમે ભલે એમ માનતા હો કે તમારાથી પત્નીઓ ડરે છે, પણ વાસ્તવમાં એ ડર નથી, એ તિરસ્કાર છે! અને હા, જ્યારે પત્ની તમારાથી ડરીને ચીસ પાડે છે, ત્યારે અમારે (પુરુષોએ) વધ કરવો પડે છે. અમારે હાથમાં ચંપલ લઈને રસોડાના ખૂણે-ખૂણે ઓપરેશન ચલાવવું પડે છે. તમારી લડાઈમાં વગર વાંકે અમારું બીપી વધી જાય છે.

તમે ગમે તેટલી સભાઓ ભરો, ગમે તેટલા ઠરાવો પસાર કરો, પણ યાદ રાખજો જ્યાં સુધી ભારતીય ગૃહિણીના હાથમાં કચરાપોતું, સાવરણી અને 'હિટ'ની બોટલ છે, ત્યાં સુધી તમારું 'રસોડા રાજ' ક્યારેય કાયમી નહીં બને! ■

**વિચારવાયુ**

*... ત્યાં અચાનક લાઈટ થતાં જ વંદા પ્રમુખ, વિરોધ પક્ષના નેતા અને પેલા ઊડતા હેલિકૉપ્ટરો બધા જ પોતપોતાનો એજન્ડા ભૂલીને, લોકશાહીના લીરેલીરા ઉડાવીને ભાગીને ફ્રિજની પાછળ છૂપાઈ ગયા!*

પ્રકૃતિ

અનુ આર.
feedback@bombaysamachar.com

# અત્યારથી જ કરી લો ચોમાસાની શાકભાજીની તૈયારી



ઉનાળો અત્યારે તેની ચરમસીમાએ છે. મે મહિનો પૂરો થતાં જ ચોમાસાની ઋતુ શરૂ થઈ જશે, તેથી જો તમારે ચોમાસામાં તમારા ઘરની અગાશી, ગેલેરી કે નાની જગ્યામાં શાકભાજી ઉગાડવા હોય, તો તેના માટે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દો.

જો ચોમાસું આવ્યા પહેલાં કિચન ગાર્ડનની સારી રીતે તૈયારી થઈ જાય, તો સમયસર વધુ સારા શાકભાજી ખાવા મળે છે. તાજેતરનાં વર્ષોમાં નાનાં-મોટાં તમામ શહેરોમાં કિચન ગાર્ડનનો ટ્રેન્ડ ખૂબ જ ઝડપથી વધ્યો છે. આવું માત્ર એટલા માટે નથી કે ઘરમાં શાકભાજી ઉગાડવાથી રસોડાનું બજેટ કાબૂમાં રહે છે, પરંતુ એટલા માટે પણ કે બજારમાં મળતા શાકભાજી દિવસેને દિવસે કેમિકલ્સથી ભરપૂર અને ઝેરી થતા જઈ રહ્યા છે. આથી તે સ્વાસ્થ્ય માટે સતત જોખમ ઊભું કરી રહ્યા છે. આ જ કારણ છે કે છેલ્લા કેટલાંક વર્ષોથી શહેરોમાં ઘરોમાં ઉગાડવામાં આવતા શાકભાજીનું પ્રમાણ સતત વધી રહ્યું છે.

મોટાભાગના પરિવારો હવે બધી શાકભાજી નહીં, તો ઓછામાં ઓછા કોથમીર, મરચાં, ટમેટાં, દૂધી અને ભીંડા જેવી રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ તો ઘરમાં જ ઉગાડી રહ્યા છે. તેથી નિષ્ણાતોનું કહેવું છે કે જો તમે ઈચ્છો છો કે જૂનની શરૂઆત સુધીમાં તમારા ચોમાસાના શાકભાજીના છોડ ઊગી જાય અને વરસાદ શરૂ થતાં જ તે ઝડપથી વધવા લાગે, તો જરૂરી છે કે અત્યારથી જ તેની તૈયારી કરી લો.

મે મહિનાની આકરી ગરમીમાં જ્યારે શાકભાજી વાવવા માટે માટી તૈયાર કરવામાં આવે છે, ત્યારે તે આકરા તડકાને કારણે ખૂબ જ ઝડપથી બેક્ટેરિયા મુક્ત થઈ જાય છે. મે મહિનાની ગરમીમાં સારી રીતે સુકાયેલી માટી છોડના વિકાસ માટે ખૂબ જ ફળદ્રુપ બને છે. કારણ કે જો મે મહિનાના અંત સુધીમાં જ માટી તૈયાર કરીને શાકભાજી વાવી દેવામાં આવે, તો તે માત્ર ઝડપથી વધે છે એટલું જ નહીં, પણ પહેલા વરસાદથી તેને પૂરતો ભેજ પણ મળી રહે છે.

વળી, પહેલા વરસાદનું પાણી પણ વધુ ફળદ્રુપ હોય છે. જો કે, ચોમાસાના દિવસોના શાકભાજી વાવવા માટે જો અગાશી પર જગ્યા ન હોય તો બાલ્કનીમાં કુંડાં, ગ્રો બેગ અથવા પ્લાસ્ટિકના કન્ટેનરનો પણ ઉપયોગ કરી શકાય છે. જો અગાશીમાં થોડી જગ્યા હોય, તો તો કહેવું જ શું! ત્યાં ખૂબ જ આરામથી વેલાવાળા શાકભાજી જેવા કે દૂધી, તુરિયા અને કાકડી સરળતાથી ઉગાડી શકાય છે. દીવાલોના સહારે જાળી લગાવીને વર્ટિકલ ગાર્ડન પણ બનાવી શકાય છે, જેનાથી ઓછામાં ઓછી જગ્યામાં વધુ છોડ અને વધુ શાકભાજી ઉગાડી શકાય છે.

ચોમાસાની ઋતુ માટે ભીંડા, તુરિયાં, દૂધી, કારેલાં, ચોળી, મરચાં, પાલક અને કાકડી જેવા શાકભાજી ઉત્તમ માનવામાં આવે છે. આ એવા શાકભાજી છે, જે ઓછી કાળજી અને ચોમાસાના પાણીના કારણે ઝડપથી વધે છે અને સારા પ્રમાણમાં પાક આપે છે.

ભીંડા અને મરચાના છોડને તો કુંડામાં પણ સારી રીતે ઉગાડી શકાય છે. જ્યારે વેલાવાળા શાકભાજી માટે થોડી ખુલ્લી જગ્યા વધુ સારી રહે છે, પરંતુ જો જગ્યા ન હોય, તો મોટા કુંડામાં વધુ ઊંડાઈ સુધી દેશી ખાતર અને માટી સાથે તે ભરપૂર પાક આપી શકે છે.

એ સુનિશ્ચિત કરવું મહત્ત્વપૂર્ણ છે કે જમીનમાં ગાયના છાણનું પ્રમાણ ઓછામાં ઓછું માટીના જથ્થા જેટલું હોય. સડેલું ખાતર, વર્મી કમ્પોસ્ટ અને એક તૃતીયાંશ ભાગ રેતી ભેળવીને તેને વધુ ફળદ્રુપ બનાવી શકાય છે.

જો કે, આજકાલ બજારમાં રેડીમેડ પોટિંગ મિક્સ પણ ઉપલબ્ધ છે, પરંતુ ઘરગથ્થુ જૈવિક ખાતરનો ઉપયોગ વધુ ફાયદાકારક માનવામાં આવે છે. તમે થોડી સજાગતા રાખીને દરરોજ તમારા રસોડામાંથી નીકળતા કચરામાંથી પણ ખૂબ સારું કમ્પોસ્ટ તૈયાર કરી શકો છો.

ઉનાળાની આ ઋતુમાં ઉગતા નાના-નાના છોડને સીધા તડકાથી બચાવવા જોઈએ. ખાસ કરીને બપોરના તડકાથી તો ગમે તે સંજોગોમાં બચાવવા જ જોઈએ. મે અને જૂન મહિનામાં જ્યારે વરસાદ નથી પડતો, ત્યારે સવાર-સાંજ બંને સમયે થોડી માત્રામાં પણ નિયમિત પાણી આપવું જોઈએ. વધારે પડતું પાણી નાખવાથી છોડના મૂળિયાં સડી જાય છે અને ઓછું પાણી છોડનો વિકાસ અટકાવી દે છે. તેથી જ્યાં સુધી ચોમાસું ન બેસે, ત્યાં સુધી છોડને નિયમિતપણે પાણી આપવું જોઈએ...

અને હા, ચોમાસું શરૂ થતાં જ છોડમાંથી પાણીના નિકાલની વ્યવસ્થા હોવી પણ ખૂબ જરૂરી છે, જેથી પાણી જમીનમાં કે કુંડામાં ભરાઈ ન રહે. આજકાલ સોશ્યલ મીડિયા અને યુટ્યૂબે પણ કિચન ગાર્ડન સંસ્કૃતિને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું છે. તેથી જો તમે તમારા ઘરમાં કિચન ગાર્ડન બનાવ્યું છે અથવા બનાવવા જઈ રહ્યા છો, તો તમે સોશ્યલ મીડિયા પર ઉપલબ્ધ ઉપયોગી માહિતી પણ મેળવી શકો છો.

જ્યાં ઘણા લોકો તેમના પ્રત્યક્ષ અનુભવો શેર કરે છે, જેનાથી તમે પણ ઘણું બધું શીખી શકો છો. એટલું જ નહીં, પણ સચ્ચાઈ તો એ છે કે તાજેતરનાં વર્ષોમાં લાખો લોકોએ સોશ્યલ મીડિયાના માધ્યમથી જ કિચન ગાર્ડન બનાવવાનું, તેની દેખરેખ રાખવાનું અને તેનાથી વધુ સારો ફાયદો મેળવવાનું શીખ્યું છે.

ઘરમાં કિચન ગાર્ડન હોવાથી બાળકો પર એક સકારાત્મક અસર એ થાય છે કે તેઓ પ્રકૃતિ વિશે ઘણું જાણે છે અને તેમનો પ્રકૃતિ પ્રત્યે લગાવ પણ વધે છે. આ કારણે પણ ઘરમાં કિચન ગાર્ડન હોવું એક સારી બાબત છે.

કિચન ગાર્ડનમાં થોડો સમય વિતાવવાથી આપણે સ્ટ્રેસ-ફ્રી પણ થઈએ છીએ અને સકારાત્મક ઊર્જા પણ મેળવીએ છીએ. આ જ કારણ છે કે આજકાલ નોકરી કરતા યુવાનોથી લઈને નિવૃત્ત વડીલો સુધીના બધામાં કિચન ગાર્ડન પ્રત્યે આકર્ષણ જોવા મળી રહ્યું છે. હવે ફરી મૂળ વાત પર આવીએ. ચોમાસું શરૂ થતાં પહેલાં જો આપણે આપણા કિચન ગાર્ડનની અગાઉથી તૈયારી કરી લઈએ, તો જુલાઈ મહિનામાં ઘરની અગાઉથી અગાશી કે બાલ્કનીમાંથી આપણે રોજ એટલા શાકભાજી મેળવી શકીએ છીએ કે મોટાભાગના સમયે ઘરના શાકભાજીથી જ કામ ચાલી શકે. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર ધર્મતેજ આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર તન-મન-ધનથી રહો તરોતાજા મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર ઈન્ટરવલ થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર લાડકી પુરુષ સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર મેટિની મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર વીક એન્ડ વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર ઉત્સવ અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ




# ચોખવટ ક્યારે કરવી ક્યારે ન કરવી?!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

કોકિલાબહેન છેલ્લા કેટલાય દિવસથી રઘવાટમાં રહે. જરૂર હોય કે ના હોય પણ દરેક વાતે સફાઈ આપે. ઘરના કહે પણ ખરા કે આવી નાની-નાની બાબતે શું આટલી ચોખવટો કરવાની? પાણીપુરી ભાવે તો ખાઈ લીધી, એમાં શું? બપોરે આંખ લાગી ગઈ ને કુરિયર પાછું ગયું તો એમાં શું તકલીફ થઈ ગઈ?! આજે વહેલા ના ઉઠાયું તો રાત્રે સરખી ઊંઘ પણ નહોતી જ આવીને?! બહેનપણીને મળવા ગયા એમાં રસોઈ કરતાં ૧૫ મિનિટ મોડું થયું, હવે કોઈ વાર તો ચાલે જ ને?!

પણ ના, કોકિલાબહેન તો પાણીપુરી કેમ ખાધી, કુરિયર કેમ પાછુ ગયું, વહેલા કેમ ના ઉઠાયું, રસોઈ મોડી કેમ બની વગેરે જેવા ના પુછાયેલા સવાલના જવાબ પણ પહેલેથી જ આપી દે છે કેમ કે જે પ્રશ્નોના જવાબ આપવા તેમને નહોતા ગમતા કે જરૂરી નહોતા લાગતા તે આપવાની હવે તેમને આદત પડી ગઈ છે. અને કદાચ એટલે જ કોકિલાબહેન કોઈના પ્રશ્ન પૂછવાની રાહ નથી જોતાં. પોતે જે કર્યું હોય તેનું કારણ જણાવીને ચોખવટ કરી લે છે

આપણા કહેવાતા આધુનિક સમાજમાં આવાં અસંખ્ય કોકિલાબહેનો જીવે છે, જેમને જરૂર ન હોય તો પણ સફાઈ આપવાની આદત પડી ગઈ છે. જીવનનાં વિવિધ પાત્રો ભજવતાં-ભજવતાં, તે જવાબ આપવા ટેવાઈ ગયાં છે, દીકરી, ગર્લફ્રેન્ડ, પત્ની, વહુ, મા, દાદી આ દરેક પાત્રમાં જે સામ્યતા દેખાય છે તે એ છે કે તેમને આજે પણ પુછાયેલા પ્રશ્નનો સાચો જવાબ આપીને સામે ઠપકો લેવાનો હોય છે. જ્યાં હજીએ પ્રશ્નો પુછાય છે અને સ્ત્રીઓ તેના જવાબ આપે છે કે આ કારણસર હું મોડી પહોંચી, પેલા કારણસર વાત ના કરી શકી વગેરે.

સોશ્યલ મીડિયા પર અવારનવાર જોવામાં કે સાંભળવામાં આવે છે કે પોતાની જાતને મહત્ત્વ આપો, તમે સાચા છે એવો વિશ્વાસ રાખો, દરેકની સામે ચોખવટ ના કરો, જ્યાં જરૂર લાગે ત્યાં જ બોલો... પણ જૂની આદતો સહેલાઈથી થોડી જાય? આપણે તો બસ, કોકિલાબહેન બનવાનું એ સમજ્યા વગર કે છેવટે નુકસાન આપણું જ છે.

કેવી રીતે? ચાલો, વિગતે જોઈએ.

પહેલાં તો ચોખવટ કરવાનાં કારણો જોઈએ. પહેલું કારણ છે આદત. તો આદત કેવી રીતે પડી? નાનપણથી જ મમ્મી પપ્પાને જાણ કરીને જ કંઈ પણ કરવાનો ઉછેર. જો જાણ ના કરો તો શિક્ષા મળે. મા-બાપ સારા બાળઉછેરમાં શારીરિક શિક્ષા ના કરે ત્યારે ના બોલીને, ખોટું લગાડીને બાળકને અપરાધભાવનો અનુભવ કરાવતાં હોય છે. આ આખી પ્રક્રિયા બાળકનાં માનસપટ પર ઘણીવાર નકારાત્મત છાપ છોડે છે અને માટે એ ભયથી દૂર રહેવા બાળક મા-બાપની આગળ ચોખવટ કર્યા કરે છે. ઉંમરના દરેક પડાવ પર સામેવાળી વ્યક્તિ બદલાય પરંતુ ચોખવટો ચાલુ રહે છે.

આમ આદત, અપરાધભાવ ને ભય એમ આ ત્રણ પરિબળ વ્યક્તિને સતત ખુલાસા કરવા પ્રેરે છે.

-તો આ વિચાર-વાણી-વર્તનને શું બદલી શકાય?

હા, જરૂર બદલી શકાય. નક્કી કરો કે સામેવાળી વ્યક્તિ તમારા કોઈ પણ એક્સપ્લેનેશન એટલે કે ચોખવટને લાયક છે કે નહીં. બીજું કે વાતને કેટલું મહત્ત્વ આપવા જેવું છે. જો વાત જ બહુ નાની હોય તો તેમાં ચોખવટની જરૂર જ નથી. ત્રીજું કે પોતાના વિચારોને જુઓ કે તમે આદતને વશ થઈને તો સફાઈ નથી આપી રહ્યાને? ચોથું કે તે એક વાત સ્વીકારો કે દરેક વ્યક્તિને ભૂલ કરવાનો, પોતાની મરજીથી જીવવાનો અધિકાર છે માટે પોતાને ગમતી વસ્તુ કરવામાં અપરાધભાવ નહીં લાવો તો ચોખવટ કરવાનું આપોઆપ ઓછું થઈ જશે. પાંચમું કે એવા લોકોની સાથે વધુ રહો જે તમને આત્મબળ પૂરું પાડે, તમારો આત્મવિશ્વાસ વધારે.

આમ કરવાથી પણ સંબંધમાં સફાઈ આપવા માટે બહુ જરૂર નહીં પડે તમે સફાઈ આપવાવાળા કે સફાઈ માગવાવાળા એ મનમાં નક્કી કરી જોજો!

આ વિશે બોલો, **તમે શું કહો છો?** ■

# તરસ છીપાવવાને પુણ્ય માનતી સંસ્કૃતિ થઈ રહી છે અદશ્ય...

ફોકસ પ્લસ
ધીરજ બસાક
feedback@bombaysamachar.com

**સદીઓથી** ઉત્તર ભારતમાં ઉનાળાની ઋતુમાં, ખાસ કરીને વૈશાખ અને જેઠ મહિનામાં તરસ્યા વટેમાર્ગુઓની તરસ છિપાવવા માટે જળ પરબ શરૂ કરવામાં આવતી હતી અથવા લોકો પોતે ઊભા રહીને ગરમીથી બેહાલ થયેલા લોકોને ઠંડું પાણી કે શરબત પીવડાવતા હતા. કારણ કે આપણી સંસ્કૃતિમાં તરસ છિપાવવાને પુણ્યનું કામ માનવામાં આવે છે, પરંતુ હવે ધીમે-ધીમે આ સંસ્કૃતિ લુપ્ત થતી જઈ રહી છે. ખાસ કરીને શહેરોમાં જેઠ મહિનાના ધગધગતા બપોરે હવે દૂર-દૂર સુધી ક્યાંય રસ્તાના કિનારે કે ચાર રસ્તાની આસપાસ પાણીનું માટલું મૂકેલું દેખાતું નથી.

દિલ્હી જેવા શહેરમાં લગભગ દરેક રસ્તા પર એકાદ કિલોમીટરના અંતરે વૃક્ષોની નીચે પાણીથી ભરેલાં માટલાં રાખવામાં આવતાં હતાં, જેથી મુસાફરો ઉનાળામાં જાતે પાણી નીકાળીને પીતા. કાનપુર, લખનઊ, અલાહાબાદ અને બનારસ જેવાં શહેરોમાં તો શ્રીમંત અને પ્રતિષ્ઠિત લોકો પરબ ખોલાવતા હતા, જ્યાં લોકો 'પાણી પીઓ, પાણી પીઓ'ની બૂમો પાડીને ચાલતા મુસાફરોને પાણી પીવડાવતા. ભારતીય સમાજનું આ ચિત્ર માત્ર એક અતિથિ સત્કારનું દશ્ય નહોતું, પરંતુ તે સાંસ્કૃતિક ચેતનાનો ભાગ હતો, જેમાં જળને જીવન, ધર્મ અને પુણ્ય ત્રણેયનો આધાર માનવામાં આવ્યો છે. આ જ કારણ છે કે ભારતીય પરંપરામાં જળ દાનને લોક ધર્મ સમજવામાં આવ્યો છે. આજથી ૭૦-૮૦ વર્ષ પહેલાં મોટા-મોટા શેઠ, શાહુકારો ધર્મના નામે કૂવા અને તળાવો ખોદાવતા હતા, પરંતુ હવે આ બધી પરંપરા માત્ર યાદો અને પુસ્તકો પૂરતી સીમિત રહી ગઈ છે.

ભારતીય સંસ્કૃતિમાં જળનું મહત્ત્વ છે. ઋગ્વેદથી લઈને પુરાણો સુધી જળને પવિત્રતા અને જીવનનું પ્રતીક માનવામાં આવ્યું છે. નદીઓને માતા કહેવામાં આવી છે, સરોવરોને તીર્થની ઉપાધિ આપવામાં આવી છે અને વરસાદને ઈશ્વરની કૃપા. આ રીતે ધાર્મિક માન્યતાઓમાં જળ માત્ર શરીરની તરસ છિપાવવાનું સાધન નથી પરંતુ આત્મિક શુદ્ધિનું માધ્યમ પણ રહ્યું છે. આ જ કારણ છે કે દાનની અનેક પરંપરાઓમાં જળ દાનનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. વિશેષ રૂપે જેઠ મહિનાની ગરમીમાં જળ દાનને મહાપુણ્ય ગણાવવામાં આવ્યું છે, કારણ કે તે સમયે પાણી કોઈ વ્યક્તિ માટે જીવન બચાવવાના સાધન સમાન હોય છે.

રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ, દક્ષિણ ભારત, પંજાબ, હરિયાણા વગેરેમાં વાવ અને જળ સંરચનાઓની લાંબી પરંપરા એ વાતની સાક્ષી પૂરે છે કે જળ સંરક્ષણ અને જળ સેવા



ભારતીય જીવનશૈલીનો અભિન્ન ભાગ રહ્યા છે. જૂના સમયમાં રાજાઓ, વેપારીઓ અને સંપન્ન પરિવારો ઉનાળામાં જળ દાન દ્વારા પુણ્ય કમાતા હતા. ઉનાળામાં પરબ લગાવવાની પરંપરામાંથી જ શીખ ધર્મમાં વિશેષ કરીને ઉનાળાની ઋતુમાં મુસાફરોને મીઠું શરબત પીવડાવવાની 'છબીલ' પરંપરા વિકસી.

શહેરો અને નગરોમાં તમામ સેવાભાવી સંસ્થાઓ, મંદિરો અને સ્થાનિક લોકો દ્વારા વૈશાખ અને જેઠ મહિનાની અગનઝાળ વરસાવતી કાળઝાળ ગરમીમાં ઠંડું પાણી, લીંબુ શરબત અને ક્યાંક-ક્યાંક શેરડીનો ઠંડો રસ પણ વહેંચવાની પરંપરા રહી છે. માત્ર માણસો માટે જ નહીં, પરંતુ પક્ષીઓ અને પશુઓ માટે પણ આ ઋતુમાં પાણીની વ્યવસ્થા કરવામાં આવતી રહી છે. હવે આ પરંપરા અમુક અંશે પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ તેમજ મધ્ય પ્રદેશમાં જ ગણ્યાં-ગાંઠ્યાં સ્થળોએ બચી છે. મોટાં-મોટાં શહેરોમાંથી તો ગાયબ થઈ ગઈ છે, કારણ કે જગ્યાએ-જગ્યાએ પાનના ગલ્લાઓથી લઈને કરિયાણાની દુકાનો સુધી પાણી અને જાત-જાતનાં શરબતો તેમજ સોફ્ટ ડ્રિંકની નાની-મોટી બોટલો ઉપલબ્ધ છે. ઘરોની છત પર માટીનાં વાસણો રાખવા, વૃક્ષોની નીચે પશુઓ માટે પાણી ભરવું, કૂવાઓની સફાઈ કરવી એ એક જમાનામાં મે-જૂન મહિનામાં ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સાથે શિસ્તબદ્ધ રીતે જીવન જીવવાની પરંપરાનો ભાગ હતા. જોકે આધુનિક વિકાસ મોડેલે આ સંસ્કૃતિને માત્ર નબળી જ નથી પાડી, ધીમે-ધીમે ગાયબ પણ કરી દીધી છે. શહેરોનો વિસ્તાર, કોંક્રિટનાં જંગલો, અંધાધૂંધ ભૂગર્ભ જળના શોષણને કારણે સુકાઈ રહેલા પરંપરાગત જળસ્રોતો વગેરે એવાં કારણો છે, જેના લીધે હવે જળ દાનની પરંપરા જ લુપ્ત થતી જઈ રહી છે અથવા તો અમુક અંશે લુપ્ત થઈ પણ ચૂકી છે.

કારણ કે આજે પુણ્યના રૂપમાં પાણી પીવડાવનારો દેશ પોતે ગંભીર જળ સંકટ તરફ આગળ વધી રહ્યો છે. તળાવો લગભગ લગભગ સુકાઈ ગયાં છે, માત્ર ૧૫-૨૦ ટકા તળાવો જ અંતરિયાળ ગામડાઓમાં બચ્યાં છે, બાકીની જગ્યાઓ પર તો કાં તો હેન્ડપંપ લાગી ગયા છે અથવા નળ દ્વારા પાણી આવી રહ્યું છે. આ વ્યવસ્થા એટલી મર્યાદિત અને નબળી છે કે જૂન આવતા-આવતા મોટાભાગના હેન્ડપંપ સુકાઈ જાય છે અને જ્યાં નળથી પાણી આવી રહ્યું છે, ત્યાં સવાર-સાંજ થોડીવાર માટે એક ચોક્કસ સમયે જ આવે છે. કૂવાઓ અને તળાવોની વાત કરીએ તો ભારતીયોની બેજવાબદારીને કારણે આજે તો નદીઓ પણ સુકાઈ રહી છે.

ભૂગર્ભ જળનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે અને કેટલીક જગ્યાએ તો જમીને હાથ અધ્ધર કરી દીધા છે, પાણી મળવાનું જ બંધ થઈ ગયું છે. કેટલાંય મોટાં શહેરો ઉનાળામાં 'ડે-ઝીરો' જેવી ચેતવણીઓનો સામનો કરી રહ્યા છે, જ્યાં પીવાનું પાણી ખૂબ જ મર્યાદિત થઈ ગયું છે. જ્યારે બીજી તરફ, દરેક જગ્યાએ બોટલબંધ પાણી અને સોફ્ટ ડ્રિંક જેટલું ખરીદવું હોય એટલું ઉપલબ્ધ છે.

આનાથી એ સ્પષ્ટ થાય છે કે સામાજિક રીતે પાણીની કટોકટી છે, પરંતુ વ્યાવસાયિક રીતે પાણી બધે જ ઉપલબ્ધ છે. આ જ આજના સમયનું સૌથી મોટું સત્ય છે. જો કે, ભારે પ્રચારના કારણે તાજેતરનાં વર્ષોમાં જળ સંરક્ષણથી લઈને જાગૃતિ જોવા મળી રહી છે. ઘણાં ગામો વરસાદી પાણીના સંગ્રહ અને પરંપરાગત જળ સંરચનાઓને પુનર્જીવિત કરવાની દિશામાં કામ કરી રહ્યા છે. શાળાઓ અને સામાજિક સંસ્થાઓ દ્વારા 'વર્લ્ડ વોટર પોટ' અભિયાન, પરબ સેવા અને 'પાણી બચાવો' આંદોલન ચલાવવામાં આવી રહ્યા છે, જે એ વાતનો સંકેત છે કે ભારતીય સમાજ પોતાની જૂની સાંસ્કૃતિક બુદ્ધિમત્તા તરફ પાછો ફરવા માગે છે. પરંતુ વેપારની લાલસા તેને અમુક અંશે નિરુત્સાહિત પણ કરે છે. જો પાણીને ફરીથી જીવન અને લોકધર્મ સાથે જોડવું હોય, તો ભારતીય પરંપરાની જળ સંસ્કૃતિ ફરીથી શરૂ કરવી પડશે. ■

# આર્ટ થેરેપી

## રચનાત્મકતા દ્વારા સારવાર

વિશેષ
કીર્તિશેખર
feedback@bombaysamachar.com

આજકાલ મેન્ટલ હેલ્થ પર જેટલું ધ્યાન આપવામાં આવી રહ્યું છે તેટલું ઇતિહાસમાં પહેલાં ક્યારેય આપવામાં આવ્યું નથી. આ કારણે જ અનેક રચનાત્મક કારકિર્દીનાં ક્ષેત્રો ઊભરી આવ્યા છે, જે પહેલાં અસ્તિત્વમાં નહોતાં. આમાંનું એક ક્ષેત્ર આર્ટ થેરેપી છે. ખરેખર તો, આર્ટ થેરેપી એ માત્ર ચિત્ર દોરવા કે રંગ પૂરવા પૂરતી સીમિત કલા નથી, પરંતુ તે એક વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેમાં કલાના માધ્યમથી વ્યક્તિની લાગણીઓ, તેનો તણાવ અને માનસિક સમસ્યાઓનો ઉપચાર કરવામાં આવે છે.

આર્ટ થેરેપી હેઠળ વ્યક્તિને પેઇન્ટિંગ, ડ્રૉઇંગ, શિલ્પકળા, સંગીત અથવા અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પોતાની લાગણીઓ વ્યક્ત કરવાની તક આપવામાં આવે છે. પ્રશિક્ષિત આર્ટ થેરેપિસ્ટ આ પ્રવૃત્તિઓ દ્વારા લોકોના તણાવ, ડિપ્રેશન અને એન્ઝાયટીને દૂર કરવામાં મદદ કરે છે. આ રીતે આર્ટ થેરેપી દ્વારા બાળકો, વૃદ્ધો અને કોઈપણ ઉંમરના માનસિક દર્દીઓને ભાવનાત્મક ટેકો આપવામાં આવે છે. સવાલ એ છે કે આ ક્ષેત્રમાં કેરિયર છે? વાસ્તવમાં, આ ક્ષેત્ર હેઠળ તમે હૉસ્પિટલ અથવા ક્લિનિકમાં માનસિક રોગીઓ, કેન્સરના દર્દીઓ વગેરે સાથે કામ કરો છો અને આર્ટ પ્રવૃત્તિઓ દ્વારા તેમને રિકવરી મેળવવામાં મદદ કરો છો. શાળા અને કૉલેજોમાં આ પ્રવૃત્તિ દ્વારા બાળકોના વર્તન અને લાગણીઓને સમજવાનું કામ થાય છે અને વિશેષ જરૂરિયાત ધરાવતાં બાળકો સાથે નિયમિતપણે કામ કરવામાં આવે છે. આ કારકિર્દી હેઠળ વિવિધ બિન-સરકારી સંસ્થાઓમાં કાઉન્સેલિંગ સેન્ટરો બનાવવામાં આવે છે, જેમાં તેઓ ઘરેલુ હિંસા અને તણાવ સામે ઝઝૂમી રહેલા લોકો સાથે કામ કરે છે.

સાથે જ આ કારકિર્દી હેઠળ કૉર્પોરેટ સેક્ટરમાં એવા કર્મચારીઓ કે જેઓ તણાવ અને 'બર્નઆઉટ'નો શિકાર છે, તેમને સામાન્ય સ્થિતિમાં લાવવાના હોય છે, જેના માટે આર્ટ થેરેપીનો સહારો લેવો પડે છે. આ ક્ષેત્રમાં તમે પોતાનું ફ્રીલાન્સ ક્લિનિક પણ ખોલી શકો છો અને વ્યક્તિગત સમસ્યા ધરાવતા લોકોને વર્કશૉપ દ્વારા ઉપચાર આપી શકો છો. જ્યાં સુધી આ ક્ષેત્રમાં પગારનો સવાલ છે, તો નોકરીની શરૂઆતનાં વર્ષોમાં વાર્ષિક ૩થી ૬ લાખ રૂપિયાનું પૅકેજ મળી રહે છે. જ્યારે અનુભવ મળ્યા પછી વાર્ષિક ૮થી ૨૦ લાખ રૂપિયા સુધીનું સૅલરી પૅકેજ સરળતાથી મેળવી શકાય છે. જો તમે ફ્રીલાન્સ કામ કરી રહ્યા હો તો શરૂઆતમાં ૫૦૦ રૂપિયા પ્રતિ સેશનથી શરૂ કરીને ૩૦૦૦ રૂપિયા પ્રતિ સેશન સુધી ચાર્જ કરી શકો છો.



### આવશ્યક કુશળતા

જેમ કે અગાઉ જણાવવામાં આવ્યું છે, આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે તમારામાં સૌથી પહેલાં તો આર્ટ સ્કિલ હોવી જોઈએ, જેના કારણે ડ્રૉઇંગ, પેઇન્ટિંગ અને ક્રિએટિવિટીનાં કૌશલ્યો તમારામાં હોય. તમારામાં જે બીજી સ્કિલ્સ હોવી જરૂરી છે એ છે સહાનુભૂતિ, એટલે કે બીજાને સમજવાની શક્તિ, સાંભળવાનું કૌશલ્ય અને ધીરજ હોવી તો ખૂબ જ જરૂરી છે.

આ બધા ઉપરાંત, તમારામાં એ ગુણ પણ હોવો જોઈએ કે તમે તરત જ કોઈને 'જજ' કરવાની કોશિશ ન કરો. જ્યાં સુધી આ ક્ષેત્રમાં કારકિર્દીની વૃદ્ધિ અથવા ઉજ્જવળ ભવિષ્યનો સવાલ છે તો ચોક્કસપણે ભારતમાં માનસિક સ્વાસ્થ્યને લઈને લોકોમાં સતત જાગૃતિ વધી રહી છે.

શાળા અને કંપનીઓમાં હવે સતત કાઉન્સેલિંગને જરૂરી માનવામાં આવી રહ્યું છે. તેથી આર્ટ થેરેપીમાં કારકિર્દીની ઘણી તકો ઉપલબ્ધ છે. આ ક્ષેત્રમાં તકોની ઉપલબ્ધતાનું એક મોટું કારણ એ પણ છે કે અત્યારે આ ક્ષેત્રમાં કૉમ્પિટિશન બહુ વધારે નથી.

આગામી દસ વર્ષમાં આ ક્ષેત્રમાં સ્પર્ધા વધુ તીવ્ર બનવાની અપેક્ષા છે, અને તકો આજ કરતાં ઘણી વધારે હોઈ શકે છે. આ સાથે દરેક અન્ય ક્ષેત્રની જેમ, આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાના પોતાના પડકારો પણ છે. શરૂઆતમાં તમને મર્યાદિત માન્યતા મળી શકે છે, લોકોને સમજાવવા પડશે, તમારી કળા ધીમે ધીમે વિકસાવવી પડશે. તેથી, આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવતાં પહેલાં ખાતરી કરો કે તમને તેમાં રસ છે કે નહીં?

### નોકરી અથવા પોતાનું કામ

જો નોકરી કરવી હોય તો કોઈ શાળામાં કાઉન્સેલર બનો અથવા હૉસ્પિટલમાં થેરપિસ્ટની નોકરી શોધો અથવા કોઈ એનજીઓમાં કાર્યકર્તા બનો.

જો પોતાનું કામ કરવું હોય તો હોમ ક્લિનિક ખોલો, ઑનલાઇન સેશન લો અથવા તો વર્કશૉપનું આયોજન કરો. આ ક્ષેત્રમાં નોકરી શોધવાનો અથવા તમારો પોતાનો વ્યવસાય શરૂ કરવાનો આ એકમાત્ર રસ્તો છે.



## સ્ટેપ બાય સ્ટેપ આર્ટ થેરેપીમાં કારકિર્દી કંઈ રીતે બનાવવી?

### તમારી રુચિ ઓળખો

હા, આ માટે કોઈ બીજાને નહીં પણ પોતાને જ સવાલ પૂછો કે શું તમને કલા એટલે કે પેઇન્ટિંગ અને ડ્રૉઇંગ ગમે છે? બીજી વાત જે તમારે પોતાને પૂછવાની છે તે એ કે શું તમે લોકોની લાગણીઓને સમજી શકો છો? વાસ્તવમાં, આર્ટ થેરેપીનું ક્ષેત્ર કલા અને મનોવિજ્ઞાનનું મિશ્રણ છે.

### ૧૨મા ધોરણ પછી આ દિશા પસંદ કરો

જો આર્ટ થેરેપીના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી હોય તો તમે કોઈ પણ પ્રવાહના વિદ્યાર્થીઓ હોઈ શકો છો; એટલે કે આર્ટ્સ, સાયન્સ કે કૉમર્સ કોઈ પણ પ્રવાહનો વિદ્યાર્થી આર્ટ થેરેપીને પોતાની કારકિર્દી તરીકે પસંદ કરી શકે છે. પરંતુ જો તમે સાઇકૉલૉજી અથવા ફાઇન આર્ટ્સ ભણ્યા હોવ અથવા આ વિષયોમાં તમારી રુચિ હોય તો તે વધુ સારું રહેશે, કારણ કે આર્ટ થેરેપીની કારકિર્દી વાસ્તવમાં મનોવિજ્ઞાન અને માનવતા સાથે ઊંડો સંબંધ ધરાવે છે.

### આ વિષયોમાં ગ્રેજ્યુએશન કરો

બી.એ. સાઇકૉલૉજી અને બેચલર ઑફ ફાઇન આર્ટ્સમાં ગ્રેજ્યુએશન કરનારાઓને આ ક્ષેત્રમાં ઘણી સરળતા રહે છે.

જો દિલ્હી યુનિવર્સિટી અથવા બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન કરવાની તક મળે તો તે તમારા ભવિષ્ય માટે વધુ સારું રહેશે, કારણ કે આ બંને સંસ્થાઓમાં સાઇકૉલૉજીની ફૅકલ્ટી ખૂબ જ ઉત્તમ છે.

ખરેખર તો આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે મનોવિજ્ઞાનની પાયાની સમજ હોવી ખૂબ જરૂરી છે. આ સાથે જ તમારે તમારી આર્ટ સ્કિલ પણ વિકસાવવી પડશે.

### આર્ટ થેરેપીમાં સ્પેશ્યલાઈઝેશન

વાસ્તવમાં આ સૌથી મહત્ત્વનો તબક્કો છે. જો આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી હોય તો અભ્યાસની દૃષ્ટિએ આ એક રીતે અંતિમ તબક્કો છે.

આ અંતર્ગત તમારી પાસે ઘણા વિકલ્પો છે જેમ કે ડિપ્લોમા ઇન આર્ટ થેરેપી, સર્ટિફિકેટ કોર્સ અને એમ.એ. ઇન આર્ટ થેરેપી, જે દેશની ઘણી મહત્ત્વની સંસ્થાઓ દ્વારા કરાવવામાં આવે છે.

જ્યાં સુધી આર્ટ થેરેપીમાં સ્પેશ્યલાઇઝેશન ક્યાંથી કરવું તેનો સવાલ છે, તો ૬ મહિનાથી લઈને ૨ વર્ષ સુધીના આ અભ્યાસક્રમો ગમે ત્યાંથી કરી શકાય છે.

કોઈ બિન-સરકારી સંસ્થા (એનજીઓ), ખાનગી સંસ્થા (પ્રાઇવેટ ઇન્સ્ટિટ્યૂટ) અથવા ઑનલાઇન ઇન્ટરનૅશનલ કોર્સ પણ કરી શકાય છે.

જ્યાં સુધી ઇન્ટર્નશિપ અને પ્રૅક્ટિકલ અનુભવનો સવાલ છે, તો તેના માટે કોઈ હૉસ્પિટલ, શાળા અથવા કાઉન્સેલિંગ સેન્ટર સાથે જોડાવું જોઈએ; કારણ કે વાસ્તવિક દર્દીઓ સાથે કામ કરવા સિવાય વ્યવહારિક રીતે આ સ્કિલ બીજે ક્યાંયથી શીખી શકાતી નથી. આ સંસ્થાઓમાં 'કેસ સ્ટડી' કરવાની તક પણ મળે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મમતાએ ડિઝાઈન કરેલું ધડ વગરનું ‘ફૂટબૉલ શિલ્પ’ તોડી પાડવામાં આવ્યું




કોલકાતા: પશ્ચિમ બંગાળ સરકારના આદેશને પગલે કોલકાતાના વિવેકાનંદ યુવા ભારતી ક્રીડાંગણ તરીકે જાણીતા સૉલ્ટ લૅક સ્ટેડિયમના વીવીઆઈપી ગૅટ પાસે આવેલું ફૂટબૉલનું વિવાદાસ્પદ શિલ્પ શનિવારે સવારે તોડી પડાયું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. માત્ર પગ ધરાવતું ને ધડ વગરનું આ શિલ્પ વિવાદાસ્પદ રહ્યું હતું.

રાજ્યના રમતગમત ખાતાના પ્રધાન નિશિથ પ્રામાણિકે અગાઉ જાહેરાત કરી હતી કે અનેક ફૂટબૉલ પ્રેમીઓ આ શિલ્પની ટીકા કરતા હતા અને તેમનું માનવું હતું કે આ વિચિત્ર, અર્થહિન અને વિવાદાસ્પદ શિલ્પને સ્ટેડિયમના પરિસરમાંથી હટાવી દેવું જોઈએ.

વર્ષ ૨૦૧૭માં સ્ટેડિયમના રિનોવેશન દરમિયાન ખુદ મમતા બેનરજીએ ડિઝાઈન કરેલું આ શિલ્પ ત્યાં મૂકવામાં આવ્યું હતું. આ શિલ્પ કમર સુધીના બે પગ દર્શાવતું હતું અને તેની ઊપરના ભાગમાં ‘વિશ્વ બાંગ્લા’નો લોગો હતો અને ફૂટબૉલ પર ‘જૉય’ શબ્દ કોતરેલો હતો.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ આ શિલ્પની ડિઝાઈનની કલ્પના કરી હોવાનું માનવામાં આવે છે.

આ શિલ્પ જ્યારથી ત્યાં ગોઠવવામાં આવ્યું ત્યારથી તે ફૂટબૉલ પ્રેમીઓ અને મુલાકાતીઓ માટે ચર્ચાનો વિષય રહ્યું છે. (એજન્સી) ■

# પંજાબ જીત્યું અને બચ્યું

▶ શ્રેયસની પ્રથમ સદી: અર્જુન તેન્ડુલકરે પહેલી મૅચમાં યૉર્કરથી લીધી વિકેટ

લખનઊ: લખનઊ સુપર જાયન્ટ્સ (૬/૧૯૬)ને ૨૦૨૫ના રનર-અપ પંજાબ કિંગ્સે (૧૮ ઓવરમાં ૩/૨૦૦) શનિવારે સાત વિકેટે હરાવીને પ્લે-ઑફ માટેની આશા જીવંત રાખી હતી અને એ માટે સૌથી મોટો જશ કૅપ્ટન શ્રેયસ ઐયર (૧૦૧ અણનમ, ૫૧ બૉલ, પાંચ સિક્સર, અગિયાર ફોર)ને ફાળે જાય છે. તેણે ખરા સમયે આઇપીએલમાં પોતાની ડેબ્યૂ સેન્ચુરીથી પંજાબની આબરૂ સાચવી લીધી હતી.

પંજાબ સતત છ મૅચ હાર્યા બાદ હવે અણીના સમયે મૅચ જીત્યું છે અને ચોથા સ્થાને રહ્યું છે. રવિવારે રાજસ્થાન જો વાનખેડેમાં મુંબઈને હરાવશે તો પંજાબ ઉપરાંત કોલકાતા અને નજીવી આશા રાખીને બેઠેલી દિલ્હી સહિત બધી ટીમો ટૂર્નામેન્ટની બહાર થઈ જશે અને પ્લે-ઑફમાં બેંગ્લૂરુ, ગુજરાત, હૈદરાબાદ સાથે રાજસ્થાન જોડાઈ જશે. પંજાબ વતી શ્રેયસ ઉપરાંત ઓપનર પ્રભસિમરન સિંહ (૬૯ રન, ૩૯ બૉલ, બે સિક્સર, સાત ફોર)નું પણ મહત્ત્વનું યોગદાન હતું. બન્ને વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૪૦ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી. પ્રભસિમરનની મહત્ત્વની વિકેટ લખનઊ વતી ડેબ્યૂ કરનાર લેફ્ટ-આર્મ પેસ બોલર અર્જુન તેન્ડુલકરે (૪-૦-૩૬-૧) લીધી હતી. તે અર્જુનના યૉર્કરમાં એલબીડબ્લ્યૂ થઈ ગયો હતો.

એ પહેલાં, લખનઊએ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૯૬ રન બનાવ્યા એમાં જૉશ ઇંગ્લિસના ૭૨ રન હાઈએસ્ટ હતા. ■

**આજે કઈ બે છેલ્લી મૅચ?**

મુંબઈ વિરુદ્ધ રાજસ્થાન
વાનખેડેમાં, બપોરે ૩.૩૦

કોલકાતા વિરુદ્ધ દિલ્હી
ઈડનમાં, સાંજે ૭.૩૦

## ચૅમ્પિયન બનીને પાછી આવો એવી શુભેચ્છા




વાઈસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના અને બીજી ભારતીય ખેલાડીઓ શનિવારે ટી-૨૦ વર્લ્ડ કપ માટે ઈંગ્લૅન્ડ જવા માટે મુંબઈથી રવાના થઈ ત્યારે નજીકમાં ઊભેલી તેમની ફૅન્સે ‘૧૪૦ કરોડ લોકોનો પ્રેમ’ એવા બૅનર સાથે તેમને શુભેચ્છા આપી હતી. નવેમ્બર, ૨૦૨૫માં ભારતીય મહિલા ટીમે વન-ડેનો વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર બાદ હવે તેમની પાસે ટી-૨૦ના પ્રથમ વિશ્વ કપની ટ્રોફીની પણ આશા છે. (પીટીઆઇ)

# અમદાવાદમાં મીટિંગ: ક્રિકેટના નિયમોમાં ધરખમ ફેરફારની સંભાવના

અમદાવાદ: આઇપીએલની ૩૧મી મેએ અમદાવાદમાં રમાનારી ફાઇનલના જ અરસામાં (શક્યત: ૩૦મી મેએ) આ શહેરમાં ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ની મહત્ત્વની બોર્ડ મીટિંગ યોજાશે જેમાં આગામી પહેલી ઑક્ટોબરથી લાગુ થાય એવા કેટલાક નિયમો બનાવાશે અથવા ફેરફારો કરાશે. આઇસીસીની ક્રિકેટ કમિટીમાં સૌરવ ગાંગુલી પણ સામેલ છે. અહેવાલ મુજબ ટેસ્ટ-મૅચમાં જો નબળો પ્રકાશ હશે તો ત્યારે લાલને બદલે ગુલાબી બૉલ વાપરી શકાશે એવો નિયમ આવી રહ્યો છે. વન-ડેમાં હાલમાં માત્ર સબસ્ટિટ્યૂટ જ ડ્રિન્ક્સ-બ્રેક વખતે મેદાન પર જઈ શકે છે. એવું કહેવાય છે કે હવેથી ટીમના હેડ-કોચને પણ આવા બ્રેક દરમ્યાન સીધા મેદાન પર જવાની છૂટ મળશે કે જેથી તે પોતાના ખેલાડીઓને સાથે વ્યૂહરચના ઘડી શકે. ટી-૨૦ મૅચમાં બે ઇનિંગ્સ વચ્ચે હાલમાં જે ૨૦ મિનિટનો બ્રેક હોય છે એ પાંચ મિનિટ ઘટાડીને ૧૫ મિનિટનો કરવા વિચારણા થઈ રહી છે. એવું પણ કહેવાઈ રહ્યું છે કે હવેથી મૅચ દરમ્યાન અમ્પાયરને કોઈ બોલરની બોલિંગ ઍક્શન પર શંકા થશે તો તેઓ હૉક-આય ટેક્નિકનો ઉપયોગ કરીને મેદાન પર જ તેની બોલિંગ ઍક્શનને ક્રિકેટના નિયમો મુજબ ગેરકાનૂની અથવા ‘ચકિંગ’ તરીકે જાહેર કરી શકશે. અત્યાર સુધી એવો નિયમ છે કે બોલરની ઍક્શન શંકાસ્પદ હોય તો એને ખાસ લૅબમાં ચકાસવામાં આવે છે. ■

# કિંગ કોહલીએ ટ્રૅવિસ હેડ સાથે હાથ ન મિલાવ્યા!

▶ બન્ને વચ્ચે રસાકસીભર્યા મુકાબલા દરમ્યાન બોલાચાલી થઈ હતી: મૅચ બાદ વિરાટે ઑસ્ટ્રેલિયન ખેલાડીને અવગણ્યો




હૈદરાબાદ: અહીં શુક્રવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે આઈપીએલની જે ૬૭મી લીગ મૅચ રમાઈ ત્યાર પછી આરસીબીના લેજન્ડ વિરાટ કોહલીએ હૈદરાબાદના ઑસ્ટ્રેલિયન ઓપનિંગ બૅટ્સમૅન ટ્રૅવિસ હેડ સાથે હાથ નહોતા મિલાવ્યા.

આ મૅચમાં એવું કંઈક બન્યું હતું કે હૈદરાબાદની જીત સાથે મૅચનું પરિણામ આવી ગયું ત્યાર પછી વિરાટ કોહલીએ લાઇનબંધ ઊભેલા હૈદરાબાદના ખેલાડીઓમાંથી કેપ્ટન પેટ કમિન્સ અને ઓપનર અભિષેક શર્મા સાથે હૅન્ડ શેક કર્યા હતા, પરંતુ ટ્રૅવિસ હેડે હાથ લાંબો કર્યો એમ છતાં કોહલીએ તેની સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું.

હૈદરાબાદે ચાર વિકેટે ૨૫૫ રન કર્યા ત્યાર બાદ બેંગ્લૂરુની ટીમ ચાર વિકેટે ૨૦૦ રન કરી શકી હતી. ૪૬ બૉલમાં ૭૯ રન બનાવનાર હૈદરાબાદના ઈશાન કિશનને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ મળ્યો હતો.

આરસીબીની ટીમ ૨૫૬ રનનો લક્ષ્યાંક ચેઝ કરી રહી હતી એ દરમ્યાન કોહલી અને ટ્રૅવિસ હેડ વચ્ચે કંઈક બોલાચાલી થઈ હતી. બંને વચ્ચે કયા મુદ્દે ખટપટ શરૂ થઈ હતી એ જાણવા નહોતું મળ્યું. જોકે કોહલી બૅટિંગમાં હતો ત્યારે ટ્રૅવિસ હેડે કંઈક કમેન્ટ કરી એના જવાબમાં કોહલી બોલ્યો ‘ઓકે, તું બોલિંગ કરવા આવ અને થોડા બૉલ તો ફેંકી જો.’ થોડી જ વારમાં કોહલી આઉટ થઈ ગયો ત્યારે ટ્રૅવિસ બોલ્યો, ‘દોસ્ત, હું બોલિંગ કરવા આવું એ પહેલાં જ તું આઉટ થઈ ગયો.’

આરસીબીના ૨૦૦ રનમાં કેપ્ટન પાટીદારના ૫૬ રન હાઈએસ્ટ હતા. વિરાટ કોહલી ૧૫ રનના પોતાના સ્કોર પર સાકિબ હુસૈનના બૉલમાં કવર તરફ ફટકારેલા શૉટમાં રવિચંદ્રન સ્મરણના હાથમાં કૅચઆઉટ થયો હતો. ■

# રોક સકો તો રોકો

## વૈભવને આજે વાનખેડેમાં મુંબઈનો કોઈ બોલર ગેઈલનો સિક્સરનો વર્લ્ડ રેકૉર્ડ તોડતા રોકી શકશે?






મુંબઈ: પંદર વર્ષનો વૈભવ સૂર્યવંશી આ વખતની આઇપીએલમાં સોળે કળાએ ખીલ્યો છે અને સીઝનમાં સૌથી વધુ રન બનાવનારાઓમાં કુલ ૫૭૯ રન સાથે ભલે ચોથા નંબરે છે, પરંતુ આ વખતે સૌથી વધુ છગ્ગા ફટકારવામાં તે મોખરે છે અને બીજું કોઈ તેને ઓળંગી શકે કે કેમ એ વાત જરા બાજુ પર રાખીએ તો રવિવાર, ૨૪મી મેનો દિવસ વૈભવના નામે લખાશે તો નવાઈ નહીં લાગે. વાત એમ છે કે વૈભવે આ વખતની સીઝનમાં કુલ ૫૩ છગ્ગા ફટકાર્યા છે. એક આઇપીએલ સીઝનમાં સૌથી વધુ ૫૯ સિક્સર ફટકારવાનો રેકૉર્ડ ક્રિસ ગેઇલ (બેંગ્લૂરુ)ના નામે છે અને વૈભવને તેનો એ વિક્રમ તોડવા રવિવારે વાનખેડેમાં તક મળવાની છે. વૈભવને ગેઇલનો ૧૪ વર્ષ જૂનો વિક્રમ તોડવા સાત સિક્સરની જરૂર છે.

### છઠ્ઠી સિક્સરથી રેકૉર્ડની બરાબરી અને પછી...

રવિવારે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ અને રાજસ્થાન વચ્ચે મુકાબલો છે અને એમાં વૈભવ જો છ છગ્ગા ફટકારશે તો ગેઇલની બરાબરીમાં થઈ જશે અને સાતમી સિક્સર મારશે એટલે રેકૉર્ડ વૈભવના નામે થઈ જશે.

### બુમરાહ રોકશે વૈભવને?

ક્રિસ ગેઇલે ૨૦૧૨ની સાલની સીઝનમાં બેંગ્લૂરુ વતી રમતી વખતે કુલ ૫૯ સિક્સર ફટકારી હતી. તેનો એ વિક્રમ ૧૪ વર્ષ પછી પણ કોઈ તોડી નથી શક્યું. જોકે વૈભવને રવિવારે ગેઇલના એ રેકૉર્ડને ભૂતકાળ બનાવી નાખવાની તક છે. જોકે વૈભવે મુંબઈ ઇન્ડિયન્સના જસપ્રીત બુમરાહ, દીપક ચાહર, કૉર્બિન બૉશ્ચ, હાર્દિક પંડ્યા, એએમ ગઝનફર, રઘુ શર્મા, વિલ જૅક્સ કે બીજા કોઈ બોલરનો સમજદારી અને હિંમતથી સામનો કરવો પડશે. વૈભવ થોડા જ દિવસ પહેલાં બુમરાહ સામે પહેલા જ બૉલમાં સિક્સર ફટકારી હતી. બની શકે કે બુમરાહ તેને આઉટ કરીને ગેઇલના વિક્રમ સુધી પહોંચતો અટકાવી શકે.

બની શકે કે વૈભવ રવિવારે ફરી એક વખત લાંબી ઇનિંગ્સ રમશે, પરંતુ એમાં તે છ કે સાત છગ્ગા ફટકારી શકશે કેમ એ પણ એક સવાલ છે. બીજું, રાજસ્થાન આ મૅચ જીતશે તો જ પ્લે-ઑફમાં પહોંચી શકશે. એ જોતાં, વૈભવને ગેઇલનો રેકૉર્ડ બ્રેક કરવા માટે શક્યત: રવિવારે છેલ્લો મોકો છે. જો રાજસ્થાન પ્લે-ઑફમાં જશે તો વૈભવને ગેઇલનો વિક્રમ તોડવા વધુ તક મળશે. ■

**આ વખતની આઈપીએલમાં કોની કેટલી સિક્સર?**

(૧) વૈભવ સૂર્યવંશી (રાજસ્થાન): ૫૩ છગ્ગા
(૨) અભિષેક શર્મા (હૈદરાબાદ): ૪૩ છગ્ગા
(૩) રાયન રિકલ્ટન (મુંબઈ): ૩૭ છગ્ગા
(૪) મિચલ માર્શ (લખનઊ): ૩૬ છગ્ગા
(૫) પ્રિયાંશ આર્ય (પંજાબ): ૩૨ છગ્ગા

**એક સીઝનમાં કોની હાઈએસ્ટ સિક્સર?**

(૧) ક્રિસ ગેઇલ (બેંગ્લૂરુ): ૨૦૧૨માં ૫૯ છગ્ગા
(૨) વૈભવ સૂર્યવંશી (રાજસ્થાન): ૨૦૨૬માં ૫૩ છગ્ગા
(૩) આન્દ્રે રસેલ (કોલકાતા): ૨૦૧૯માં બાવન છગ્ગા
(૪) ક્રિસ ગેઇલ (બેંગ્લૂરુ): ૨૦૧૩માં ૫૧ છગ્ગા
(૫) જૉસ બટલર (રાજસ્થાન): ૨૦૨૨માં ૪૫ છગ્ગા

# કોણ જશે ફાઈનલમાં? બેંગ્લૂરુ કે ગુજરાત?

▶ હૈદરાબાદ શુક્રવારે જીતીને પણ ત્રીજા નંબરે રહ્યું

હૈદરાબાદ: શુક્રવારે રાત્રે અહીં હૈદરાબાદે બેંગ્લૂરુને ૫૫ રનથી હરાવી દીધું એમ છતાં હૈદરાબાદની ટીમમાં જીત્યા જેવો ઉત્સાહ નહોતો જેનું કારણ એ હતું કે પૅટ કમિન્સના નેતૃત્વમાં આ ટીમ પોઇન્ટ્સ ટેબલમાં પહેલા બે સ્થાનમાં આવવામાં નિષ્ફળ રહી હતી અને બેંગ્લૂરુની ટીમ હારી જવા છતાં ટોપ-ટૂમાં રહી હતી.

### બેંગ્લૂરુ-ગુજરાત વચ્ચે મંગળવારે ટક્કર

નિયમ મુજબ લીગ રાઉન્ડને અંતે જે બે ટીમ પહેલા બે સ્થાનમાં રહે એ બે ટીમ ક્વૉલિફાયર-વનમાં રમે અને એ મુકાબલામાં જીતનારી ટીમ સીધી ફાઇનલમાં જાય. બેંગ્લૂરુ અને ગુજરાતની ટીમ પહેલા બે સ્થાનમાં રહી છે અને એમની વચ્ચે મંગળવારે ધરમશાલામાં ક્વૉલિફાયર-વન રમાશે. પ્લે-ઑફમાં અગાઉ જ પહોંચી ગયેલી હૈદરાબાદની ટીમ ત્રીજા નંબરે છે અને એણે ચોથા નંબરની ટીમ સામે બુધવારે એલિમિનેટરમાં રમવું પડશે.

પ્લે-ઑફની ચોથા નંબરની ટીમ બનવા માટે રાજસ્થાન, પંજાબ, કોલકાતા અને (અમુક અંશે) દિલ્હી વચ્ચે હરીફાઈ છે. મુંબઈ, લખનઊ તથા ચેન્નઈની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે બેંગ્લૂરુની ટીમ ૨૦૨૫માં પહેલી વખત ચેમ્પિયન બની હતી. ગુજરાતની ટીમે ૨૦૨૨ની ડેબ્યૂ સીઝનમાં જ ટ્રોફી જીતી લીધી હતી.

### કિશન મૅન ઑફ ધ મૅચ


શુક્રવારે હૈદરાબાદે બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૫૫ રન કર્યા હતા. એમાં ઈશાન કિશન (૭૯ રન, ૪૬ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર), અભિષેક શર્મા (૫૬ રન, બાવીસ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર), હિન્રિક ક્લાસેન (૫૧ રન, ૨૪ બૉલ, પાંચ સિક્સર, બે ફોર) અને નીતીશકુમાર રેડ્ડી (૨૯ અણનમ, ૧૨ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર)ના સૌથી મોટા યોગદાન હતા. બેંગ્લૂરુ વતી પેસ બોલર રસિખ સલામે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. હૈદરાબાદની ટીમ ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૦૦ રન બનાવી શકી હતી. કેપ્ટન રજત પાટીદાર (૫૬ રન, ૩૯ બૉલ, એક સિક્સર, છ ફોર), ઓપનર વેંકટેશ ઐયર (૪૪ રન, ૧૯ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર), કૃણાલ પંડ્યા (૪૧ અણનમ, ૩૧ બૉલ, પાંચ ફોર)ના યોગદાન એળે ગયા હતા. ઇશાન કિશનને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■

# પડિક્કલે ખોલ્યું સફળતાનું રહસ્ય, ‘કોહલી સાથે બેટિંગ કરવાથી ઘણો ફરક પડ્યો’

બેંગલૂરુ: રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ આઈપીએલ ૨૦૨૬માં શાનદાર ફોર્મમાં છે. આરસીબી નોકઆઉટ તબક્કા પહેલા પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. તેમના અંતિમ ગ્રૂપ સ્ટેજ મેચની તૈયારી કરી રહી છે. ત્યારે સ્ટાર બેટ્સમેન દેવદત્ત પડિક્કલે અનુભવી ભારતીય બેટ્સમેન વિરાટ કોહલી સાથે બેટિંગ કરવાના તેના અનુભવ અને તેનાથી તેની બેટિંગ પર શું અસર થઈ તેની ચર્ચા કરી હતી.

પડિક્કલે કહ્યું હતું કે, જ્યારે મેં ૨૦૨૦ સીઝનમાં આરસીબી સાથે આઈપીએલમાં ડેબ્યૂ કર્યું ત્યારે હું સંપૂર્ણપણે તૈયાર હતો. મારું સ્થાનિક ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન હતું. તેથી મને ખબર હતી કે જ્યારે મને તક મળશે ત્યારે હું સંપૂર્ણપણે તૈયાર રહીશ અને મારું ૧૦૦ ટકા આપીશ. અને રમતના મહાન ખેલાડીઓમાંના એક વિરાટ કોહલી સાથે બેટિંગ ખૂબ મદદરૂપ સાબિત થઈ હતી. તે ઉંમરે તેને ઇનિંગ્સ કેવી રીતે આગળ વધારવી તે જોવાથી મને મદદ મળી હતી. તેનાથી મારા વિકાસમાં મોટો ફરક પડ્યો છે. ■

## બેંગ્લૂરુને મળશે નવું ક્રિકેટ સ્ટેડિયમ




કર્ણાટકમાં બેંગ્લૂરુ શહેરના સૂર્યાનગર વિસ્તારમાં બનનારા નવા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનું મૉડેલ. (પીટીઆઇ)

# બુમરાહ કેમ ધારદાર બોલિંગ ન કરી શક્યો?

▶ મુંબઈ ઈન્ડિયન્સના હેડ-કોચ જયવર્દનેએ આપ્યું ચોંકાવનારું નિવેદન

મુંબઈ: જસપ્રીત બુમરાહ માટે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ થોડાં વર્ષોથી ખાસ વર્કલૉડ મૅનેજમેન્ટની વ્યવસ્થા રાખી છે અને તેને વર્ષ દરમ્યાન અમુક મૅચ કે સિરીઝ કે ટૂર્નામેન્ટમાંથી આરામ આપવામાં આવતો હોય છે, પરંતુ તાજેતરમાં ભારતે જીતેલા ટી-૨૦ વર્લ્ડ કપમાં બુમરાહ ઈજા છતાં રમ્યો હતો અને ત્યાર પછી તેને એ ઈજા હોવા છતાં આઇપીએલ-૨૦૨૬માં રમ્યો હોવાથી શરૂઆતની મૅચોમાં તેની ‘ધારદાર’ બોલિંગ નહોતી જોવા મળી, એવું મુંબઈ ઇન્ડિયન્સના હેડ-કોચ માહેલા જયવર્દનેએ અહીં શનિવારે પત્રકારોને કહ્યું હતું.

જયવર્દનેએ જર્નલિસ્ટોને એવું પણ કહ્યું હતું કે ‘આઇપીએલના આરંભ પહેલાં મુંબઈ ઇન્ડિયન્સના ફ્રૅન્ચાઇઝીએ બુમરાહને ઈજામાંથી બહાર આવવા તેમ જ સારવાર માટે પૂરતો સમય આપ્યો હતો. બુમરાહ વર્લ્ડ કપમાં ઈજા સાથે રમ્યો હતો એટલે એ ટૂર્નામેન્ટ બાદ અમે તેને પૂરતો આરામ આપ્યો હતો.’

વાસ્તવમાં મુંબઈ ઇન્ડિયન્સે ભારતના ચાર આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ બુમરાહ તેમ જ કૅપ્ટન હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ અને તિલક વર્માને આઇપીએલના આરંભ અગાઉના પાંચ દિવસ પહેલાં જ પ્રી-સીઝન કૅમ્પમાં આવવાની છૂટ આપી હતી. બુમરાહે વર્લ્ડ કપમાં ૧૪ વિકેટ લીધી હતી, પણ આઇપીએલમાં શરૂઆતની પાંચ મૅચમાં વિકેટ વગરનો તે રહ્યો અને કુલ ૧૩ મૅચમાં તે માત્ર ચાર વિકેટ લઈ શક્યો છે.

જયવર્દનેએ પત્રકારોને કહ્યું, ‘બુમરાહ પહેલી ચાર-પાંચ મૅચમાં ઈજામાંથી ધીમે-ધીમે મુક્ત થયો હતો. તમે જોયું હશે કે એ મૅચોમાં એના કારણે તેના બૉલની ઝડપ ઓછી હતી. હવે તેની અસલ પેસ જોવા મળી રહી છે. છેલ્લી ચાર-પાંચ મૅચમાં તેણે અગાઉ કરતાં સારી પેસથી બોલિંગ કરી. જોકે ઈજામાંથી બહાર આવવાના આ સમયમાંથી પસાર થનાર કોઈ પણ બોલરની અસ્સલ ધારદાર બોલિંગ ન જ જોવા મળે.’ ■

# ફોગાટને એશિયન ગેમ્સની ટ્રાયલમાં એન્ટ્રી

નવી દિલ્હી: દિલ્હી હાઈ કોર્ટે કુસ્તીબાજ વિનેશ ફોગાટને આગામી એશિયન ગેમ્સ માટેની સિલેક્શન ટ્રાયલમાં ભાગ લેવાની છૂટ આપી છે. મૅટરનિટી લીવ પરથી પાછી આવેલી ફોગાટ વિશેનો ચુકાદો આપતી વખતે અદાલતે જણાવ્યું કે આવી આઇકૉનિક પ્લેયર વિશે રેસલિંગ ફેડરેશન ઑફ ઇન્ડિયાએ કાળજીપૂર્વકના જજમેન્ટ વગર જ તેને ટ્રાયલની બહાર રાખી હતી.

ચીફ જસ્ટિસ ડી. કે. ઉપાધ્યાય તેમ જ ન્યાયાધીશ તેજસ કારિયાની બેન્ચે આદેશ આપ્યો હતો કે આગામી ૩૦-૩૧મી મેએ યોજાનારી ટ્રાયલનું ફેડરેશન દ્વારા વીડિયો રેકૉર્ડિંગ કરવું જોઈશે અને ટ્રાયલ દરમ્યાન સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા તથા ઇન્ડિયન ઑલિમ્પિક અસોસિયેશનના એક-એક સ્વતંત્ર નિરીક્ષક હાજર રહેશે. ■

# તમારી પાસે એમએસ ધોની છે તો પછી બીજા કોઈને શોધવાની જરૂર જ શું છે!: અશ્વિને આવું શા માટે કહ્યું?

ચેન્નઈ: પાંચ ટાઇટલ જીતી ચૂકેલી ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમ આ વખતે ૧૪માંથી ફક્ત આઠ મૅચ જીતી અને પ્લે-ઑફ રાઉન્ડના ઘણા દિવસ પહેલાં જ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ એટલે એના ખેલાડીઓ ઉપરાંત કોચિંગ સામે પણ સવાલ ઊભા થઈ રહ્યા છે ત્યારે સ્પિન-લેજન્ડ રવિચન્દ્રન અશ્વિને સમજી શકાય એવું છતાં થોડું ચોંકાવનારું નિવેદન આપ્યું છે. આ ટીમ એમએસ ધોનીને આવનારા મહિનાઓમાં કદાચ નવા રૂપમાં જોશે એવો સંકેત આપ્યો છે.

ધોની અનફિટ હોવાને કારણે આ વખતે એકેય મૅચ ન રમી શક્યો. તે મોટા ભાગની મૅચો વખતે ટીમ સાથે ડ્રેસિંગ-રૂમમાં અને ડગઆઉટમાં હતો, પણ ટીમનો પર્ફોર્મન્સ એટલો બધો નબળો હતો કે સાથી ખેલાડી તરીકેનું તેનું માર્ગદર્શન પણ ટીમને પ્લે-ઑફમાં ન પહોંચાડી શક્યું. ન્યૂ ઝીલૅન્ડનો મહાન ખેલાડી સ્ટીફન ફ્લેમિંગ ઘણાં વર્ષોથી સીએસકેનો કોચ છે અને હવે તેનું સ્થાન ધોની લઈ શકે એવો ઇશારો અશ્વિને ‘એક્સ’ પર કર્યો છે.

ધોની જો આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પછી હવે આઇપીએલમાંથી (સીએસકેમાંથી) નિવૃત્તિ લઈ લેવાનું નક્કી કરશે તો સીએસકેનું ફ્રેન્ચાઇઝી તેને છોડશે જ નહીં અને બની શકે કે તેને કોચિંગનો રોલ ઑફર કરશે. ૨૦૨૬ની આઇપીએલમાં સીએસકેએ ખૂબ ખરાબ પર્ફોર્મ કર્યું એને પગલે અટકળ થઈ રહી છે કે આ ફ્રેન્ચાઇઝી સ્ટીફન ફ્લેમિંગને કદાચ છૂટો કરી દેશે.

‘એક્સ’ પર એક ક્રિકેટચાહકે અશ્વિનની યુટ્યૂબ ચૅનલને ધ્યાનમાં રાખીને મજાકમાં લખ્યું, ‘સીએસકે જો સ્ટીફન ફ્લેમિંગને ગુડબાય કરવાનું નક્કી કરશે તો કોચિંગની જવાબદારી અશ્વિનને નહીં જ સોંપે, કારણકે તે ટૉસ પહેલાં જ પ્લેઇંગ-ઇલેવન જાહેર કરશે.’ અશ્વિને આ ક્રિકેટપ્રેમીને જવાબમાં લખ્યું, ‘હું તમારી વાત સાથે બિલકુલ સહમત છું. હું અગિયાર ખેલાડીઓના નામ જાહેર કરી દઈશ અને હરીફો બૅટિંગ તથા બોલિંગના પ્લાન ધ્યાનમાં રાખી લે એની પણ તકેદારી રાખીશ. હકીકત એ છે કે આવું બધુ કરીશ તો ઍન્ટિ-કરપ્શન યુનિટ મારી ખબર લઈ નાખશે અને હું પોતે જ મારી નિષ્ફળતા આવકારીશ.’

અશ્વિને વળતી પ્રતિક્રિયા વ્યક્ત કર્યા પછી ધડાકો કરતા લખ્યું, ‘એમએસ ધોની તમારી પાસે છે તો પછી તમે બીજા કોઈની શોધ જ શા માટે કરો છો?’ ■

# ગિફ્ટ સિટીમાં કરોડોના કૌભાંડમાં અરવલ્લી કૉંગ્રેસના પ્રમુખ સહિત બેની ધરપકડ: ફરાર આરોપીની મિલકત જપ્તીની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગિફ્ટ સિટીમાં કરોડોના રોકાણ કૌભાંડના સંબંધમાં અરવલ્લી જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ સહિત બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી અને એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ની રચના કરવામાં આવી હતી. આ કેસમાં ગિફ્ટ સિટી સ્થિત એક કંપની પર ડિજિટલ ક્લાઉડ સ્ટોરેજ સ્પેસ વેચવાનો અને રોકાણકારોને ઉચ્ચ વળતર આપવાની લાલચ આપવામાં આવી હોવાનો આક્ષેપ છે અને આ અંગે ડભોડા પોલીસ સ્ટેશનમાં ૧૩ જણ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. હાલ મુખ્ય આરોપી ઉત્પલ પટેલ ફરાર છે અને તેને પકડવા માટે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાથમિક તપાસમાં આ કૌભાંડનો કુલ આંકડો કરોડો સુધી પહોંચી શકે છે.

મળતી વિગતો અનુસાર, આ કંપનીએ પોતાને ડિજિટલ ડેટા સ્ટોરેજ એન્ટરપ્રાઇઝ તરીકે રજૂ કરી હતી અને રોકાણકારોને ૮૪ મહિના સુધી નિશ્ચિત માસિક ભાડું આપવાની લાલચ આપીને ટેરાબાઈટ ડિજિટલ સ્ટોરેજ સ્પેસ વેચી હતી. પોન્ઝી સ્કીમની મોડસ ઓપરેન્ડી મુજબ લોકોનો વિશ્વાસ જીતવા કંપની શરૂઆતમાં વળતર પણ ચૂકવતી હતી, દાખલા તરીકે એક પરિવારને વિદેશ પ્રવાસ અને નફાની લાલચ આપી રૂ. ૩૨.૭૫ લાખનું રોકાણ કરાવાયું હતું, જેની સામે શરૂઆતમાં રૂ. ૨૦.૯૭ લાખ ચૂકવાયા પણ બાદમાં ચૂકવણી બંધ કરી દેવાઈ હતી. હકીકતમાં, કંપની પાસે આવી સુવિધા આપવા માટે પૂરતું સર્વર ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ ન હતું અને તેઓ માત્ર નકલી બિલ તથા ખોટા નાણાકીય રેકોર્ડ ઊભા કરી લોકોના પૈસા ખંખેરતા હતા.

તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાને બદલે રોકાણકારોના આ નાણાં 'ક્લાઉડજી ટેક્નોલોજી લિમિટેડ' અને 'હેરી હૉસ્પિટાલિટી' જેવી સંલગ્ન કંપનીઓમાં ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કૌભાંડની તપાસ દહેગામ ડિવિઝનના એએસપી આયુષ જૈનની દેખરેખ હેઠળ રચાયેલી એસઆઈટીને સોંપવામાં આવી છે. ઝડપાયેલા બંને આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા અને અનરેગ્યુલેટેડ ડિપોઝિટ સ્કીમ્સ એક્ટ હેઠળ વિશ્વાસઘાત, છેતરપિંડી, ગુનાહિત કાવતરું, બનાવટ અને નાણાકીય ગેરરીતિ સહિતના ગંભીર ગુનાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. આ કૌભાંડની કાર્યવાહીમાં ફરાર ઉત્પલ પટેલની મિલકતો જપ્ત કરવામાં આવી શકે તેમ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ફરાર આરોપી ભારતથી દુબઈ નાસી ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું અને આથી તેને પોલીસ પકડમાં લેવા માટે ઉત્પલ પટેલ વિરુદ્ધ લૂક આઉટ નોટિસ પણ ઇસ્યૂ કરવાની પોલીસની તૈયારીઓ હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ગુજરાતમાં ડીઝલની માગ ગત વર્ષની સરખામણીમાં ૪૧ ટકા જેટલી વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે ત્યારે ગુજરાતમાં ડીઝલના વપરાશમાં મોટો ઉછાળો નોંધાયો છે. દેશની વિવિધ ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ રાજ્યમાં ૧ થી ૨૧ મે દરમિયાન ડીઝલના રિટેલ વેચાણમાં ગયા વર્ષની સરખામણીએ ૪૧ ટકા જેટલો વધારો થયો છે.

મળતી વિગત મુજબ, ગુજરાતમાં આ વર્ષે ૪૫,૨૭૨૬ કિલોલિટર ડીઝલનું વેચાણ થયું છે, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં ૩૨,૦૩૯૯ કિલોલિટર ડીઝલનું વેચાણ નોંધાયું હતું. એક કિલોલિટર એટલે ૧ હજાર લિટર થાય છે. જે અનુસાર રાજ્યમાં ૨૧ દિવસમાં જ ૪૫.૨૭ કરોડ લિટર ડીઝલનું વેચાણ થયું છે. જે ગત વર્ષે આ ૨૧ દિવસના સમયગાળામાં ૩૨.૦૩ કરોડ લિટર હતું. એટલે કે ગતવર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે ૧૩.૨૪ કરોડ લિટર ડીઝલનું વધુ વેચાણ થયું છે.

રાજ્યમાં ડીઝલની વપરાશ મુખ્યત્વે ખેતીવાડી, ઉદ્યોગ અને ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રે વધુ થતી હોવાથી ડીઝલની માગ વધી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ડીઝલની માગમાં ભારે વધારો નોંધાતા ઓઇલ કંપનીઓએ પુરવઠો જાળવવા માટે વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૭૫ ટકાનો વધારો નોંધાયો છે, જ્યાં ૪૮૩૭૮ કિલોલિટર ડીઝલનું વેચાણ થયું છે. ગીર સોમનાથમાં ૭૬ ટકા અને બોટાદ જિલ્લામાં ૭૯ ટકા વૃદ્ધિ નોંધાઈ છે. બનાસકાંઠામાં ૬૫ ટકા, ભાવનગરમાં ૫૯ ટકા અને રાજકોટમાં ૫૪ ટકા વધારો નોંધાયો છે.

રાજ્યના વેપાર-ઉદ્યોગના મોટા કેન્દ્ર મનાતા અમદાવાદ શહેર અને જિલ્લામાં ૪૪૪૧૪ કિલોલિટર ડીઝલનું વેચાણ થયું છે, જે ગયા વર્ષની સરખામણીએ ૩૯ ટકા વધુ છે. સુરતમાં ૩૮૧૭૨ કિલોલિટર અને વડોદરામાં ૨૫૪૪૦ કિલોલિટર ડીઝલ વેચાયું છે. ■

# ₹ ૧૦૦ કરોડના ખર્ચે નવનિર્મિત દમણ એરપોર્ટ જૂનથી શરૂ થશે: વડા પ્રધાન મોદી કરશે લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પર્યટન સ્થળ તરીકે નામના મેળવી ચૂકેલા સંઘપ્રદેશ દમણમાં દેવકા રોડ પર અંદાજે રૂ. ૧૦૦ કરોડના ખર્ચે આ ભવ્ય સિવિલ એરપોર્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ નવા એરપોર્ટની કામગીરી હવે છેલ્લા તબક્કામાં છે. આ સિવિલ એરપોર્ટના લોકાર્પણ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જૂનના પહેલા અઠવાડિયામાં દમણની મુલાકાતે આવે તેવી પ્રબળ સંભાવના છે. તેઓ અન્ય ૨૫થી વધુ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે. આ એરપોર્ટ શરૂ થતાની સાથે જ દમણ-દિલ્હી વચ્ચેની ફ્લાઈટ સેવાનો પ્રારંભ કરી દેવામાં આવશે. ત્યાર બાદ ટૂંક સમયમાં જ દમણ-મુંબઈ અને દમણ-અમદાવાદ વચ્ચેની એર કનેક્ટિવિટી પણ શરૂ થવાની સંભાવના છે. આ ડોમેસ્ટિક એરપોર્ટનો લાભ પ્રવાસીઓને થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ એરપોર્ટ લગભગ ૧ લાખ ચોરસ મીટર જેટલી વિશાળ જગ્યામાં ફેલાયેલું છે. એરપોર્ટ પર ૫,૪૬૦ ચોરસ મીટરનું અત્યાધુનિક ટર્મિનલ બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે. અહીં ૧૮૦ મુસાફરોની ક્ષમતા ધરાવતો વેઇટિંગ રૂમ અને ૧૬ વ્યક્તિઓ માટે ખાસ વીવીઆઈપી લોન્જ તૈયાર કરાયો છે. હાલમાં ૧૨ ચેક-ઇન કાઉન્ટર્સ તૈયાર છે, જે ભવિષ્યમાં વધારીને ૧૬ કરાશે. આ ઉપરાંત, રનવે પર એ-૩૨૦ સાઇઝના બે મોટા એરક્રાફ્ટ પાર્ક થઈ શકશે અને મુસાફરો માટે ૫૭ ગાડીઓનું પાર્કિંગ સ્ટેન્ડ પણ બનાવાયું છે. દમણના આ નવા ડોમેસ્ટિક એરપોર્ટનું સંચાલન સુરત એરપોર્ટ ઓથોરિટી દ્વારા કરવામાં આવશે. ■

# ગુજરાતના વિવિધ ૨૦ માર્ગોની ₹ ૧,૧૪૭ કરોડના ખર્ચે ગ્રીન ટેક્નોલોજીથી કાયાપલટ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટો ફેરફાર કરવામાં આવી રહ્યો છે. ગુજરાત સરકારે રાજ્યના માર્ગોને વધુ આધુનિક બનાવીને પર્યાવરણને અનુકૂળ ટકાઉ વિકાસની દિશામાં આગળ વધવા માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. જેના ભાગરૂપે આ વર્ષના બજેટમાં રૂપિયા ૧૧૪૭ કરોડના ખર્ચે માર્ગોના નિર્માણ કાર્યમાં ક્લાઈમેટ રેઝિલિયન્ટ અને નવી ગ્રીન ટેકનોલોજીના ઉપયોગની જોગવાઈઓ કરવામાં આવી છે.

આ યોજના હેઠળ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૦ મહત્વપૂર્ણ રસ્તાઓનું નિર્માણ અને પુનઃનિર્માણ ગ્રીન ટેક્નોલોજી દ્વારા કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ પાટણ, ગીર સોમનાથ, મહીસાગર, ભરૂચ, મોરબી, સુરેન્દ્રનગર, સુરત, વડોદરા, છોટા ઉદેપુર, આણંદ, મહેસાણા, કચ્છ, ભાવનગર, જામનગર અને નર્મદા એમ વિવિધ જિલ્લામાં કુલ ૨૦ માર્ગો પર કામગીરી કરવામાં આવશે. આ માર્ગો પર જરૂરિયાત મુજબ રસ્તા પહોળા કરવા, આરસીસી ગટરલાઈન, રિસરફેસિંગ, વ્હાઇટ ટોપિંગ, અને જિયોગ્રીડ સહિતની કામગીરી થશે.

ભરૂચ જિલ્લામાં જંબુસર-ટંકારી-દેઓલા રોડ માટે પણ રૂ.૫૦ કરોડનું ગ્રીન ટેક્નોલોજી પ્રોજેક્ટ મંજૂર થયું છે, જે બલ્ક ડ્રગ પાર્ક, ઓએનજીસી પ્લાન્ટ અને કિનારાના ઔદ્યોગિક વિસ્તારોને વધુ સારી કનેક્ટિવિટી આપશે. આ માર્ગ ફાર્માસ્યુટિકલ બલ્ક ડ્રગ પાર્ક અને ઓએનજીસી પ્લાન્ટને જોડતો મુખ્ય માર્ગ છે. આ ઉપરાંત, મીઠાની ખેતી અને દરિયા કિનારા પાસે ઝીંગા ઉછેર ઉદ્યોગ માટે પણ તે મહત્ત્વપૂર્ણ ધોરીમાર્ગ છે. આ માર્ગ તૈયાર થતાં વડોદરાથી રેલવે, એરપોર્ટ તેમજ એક્સપ્રેસ-વે દ્વારા સીધું જોડાણ મળશે.

તે જ રીતે લાણવા, માણુંદ, સાંદર, બાલીસણા રોડ (પાટણ), રાધનપુર, મશાલી, મધાપુરા રોડ (પાટણ), ભીડીયા સોમનાથ રોડ (ગીર સોમનાથ), સંતરામપુર, જાલોદ રોડ (મહીસાગર), દયાદરા, નબીપુર, જનોર રોડ (ભરૂચ), ઇલાવ, કોસંબા રોડ (ભરૂચ), મોરબી, નાની વાવડી, બાઘથલા રોડ (મોરબી), સુરેન્દ્રનગર બાયપાસ રોડ (સુરેન્દ્રનગર), ડિંડોલી, કરાડ, વાઇક, લેરા રોડ (સુરત), માંગલેજ, નરેશ્વર રોડ (વડોદરા), કરજણ, આમોદ રોડ (વડોદરા), કોસિન્દ્રાભાખા રોડ (છોટાઉદેપુર), ઇસરવાડાઉંડેલ રોડ (આણંદ), વડતાલ, જોલ, બાકરોલ રોડ (આણંદ), વાલમ કડી રોડ (મહેસાણા), પેપલુંક, પરા રોડ (મહેસાણા), લૂણી, ગુંડાળા, પત્રી, ટપ્પર, બાબિયા રોડ (કચ્છ), તળાજા ગોપનાથ રોડ (ભાવનગર), કાલાવડ, જામવંથલી ફલા રોડ (જામનગર), કોઠારા એપ્રોચ રોડ (નર્મદા) સહિતના માર્ગોને વધુ મજબૂત, લાંબા સમય સુધી ટકાઉ અને ક્લાઈમેટ-રેઝિલિયન્ટ બનાવવામાં આવશે. ■

# સુરતના ડુમ્મસ બીચનું સંચાલન ખાનગી એજન્સીને સોંપવામાં આવે તેવા સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડુમ્મસ બીચ ફરવા માટે આગામી દિવસોમાં સુરતીલાલાઓને ફી ચૂકવવી પડી શકે તેવા સંકેત છે, કારણ કે સુરત મહાનગરપાલિકા આ પ્રોજેક્ટનું સંચાલન અને જાળવણી ખાનગી એજન્સીને સોંપવાની યોજના બનાવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે મુલાકાતીઓની વધતી સંખ્યા, ટ્રાફિકનું દબાણ અને સુવિધાઓના વધુ સારા સંચાલન અને જાળવણીની જરૂરિયાતને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અંદાજે ૨૪૪ કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલ ડુમ્સ સી ફેસ પ્રોજેક્ટ અત્યાર સુધી મુલાકાતીઓ માટે મફતમાં ખુલ્લો રાખવામાં આવ્યો હતો. જોકે, દૈનિક મુલાકાતીઓની સંખ્યામાં સતત વધારો થવાને લીધે મનપા માટે સુરક્ષા, સ્વચ્છતા, ટ્રાફિક વ્યવસ્થાપન અને મુલાકાતીઓની સુવિધાઓ જાળવવી પડકાર બની ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, મનપા દ્વારા પસંદ કરાયેલી ખાનગી એજન્સીને શરૂઆતમાં પ્રોજેક્ટના સંચાલન અને સંચાલન માટે ૧૦ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવામાં આવશે. કામગીરીના આધારે કરારને બીજા પાંચ વર્ષ માટે લંબાવી શકાય છે. મનપાએ આશરે ૫૦ કરોડની સંભવિત આવકનો અંદાજ લગાવ્યો હતો. જો કે, અંતિમ રકમ ભાગ લેતી એજન્સીઓ તરફથી મળેલા દરખાસ્તો પર આધારિત રહેશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રવેશ માટે સ્થળ પર તેમજ અને ડિજિટલ ટિકિટિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવી શકે છે. એન્ટ્રી ફી ઉપરાંત, પાર્કિંગ અને મનોરંજન સુવિધાઓ જેવી સેવાઓ માટે અલગ ફી પણ વસૂલવામાં આવી શકે છે તેવું સૂત્રોએ જણાવ્યું હતું. હજુ ટિકિટનો ભાવ નક્કી કરવામાં નથી આવ્યો પણ તેનો આધારે ભાગ લેતી એજન્સીઓ દ્વારા સબમિટ કરાયેલા દરખાસ્તો, ખર્ચ માળખા અને મેનેજમેન્ટ મોડેલો પર આધાર રાખશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રાજકોટના સાંઢિયા પુલનું જાતે જ લોકાર્પણ કરવા ગયેલા 'આપ' કાર્યકરોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરમાંથી જામનગર તરફ જવા માટે રેલવે લાઈન પર હયાત સાંઢિયા પુલ પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૭૪.૩૨ કરોડના ખર્ચે નવો બ્રિજ બનાવવા માટે બનતો રેલવે ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. જોકે, હાલ તેની કામગીરી પૂર્ણ થઇ ગઈ છે, પરંતુ હાલ તેનું લોકાર્પણ ટૂંક સમયમાં કરવામાં આવનારું હોવાથી હાલ લોકો તેનો ઉપયોગ કરી શકતા નથી. પુલની કામગીરી પૂર્ણ થઇ ગઈ હોવા છતાં તંત્ર દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો ન હોવાથી આ મુદ્દે આમ આદમી પાર્ટીએ વિરોધ નોંધાવ્યો હતો.

સાંઢિયા પુલને ખુલ્લો મૂકવાની માગ સાથે આમ આદમી પાર્ટી (આપ) દ્વારા જો તંત્ર સમયસર ખુલ્લો નહિ મૂકે તો પાર્ટી દ્વારા ખુલ્લો મૂકવાની ચીમકી ઉચ્ચારી હતી. આ ચીમકી પૂર્ણ થતાં 'આપ'ના અંદાજે ૧૫ જેટલા કાર્યકરો પુલ તરફ પહોંચ્યા હતા.

મળતી વિગતો અનુસાર, 'આપ'ના કાર્યકરો બ્રિજ ખુલ્લો મૂકવાની માગ સાથે હાથમાં ગદા અને જય શ્રી રામના નારા તેમ જ ''પ્રજાના પૈસા પ્રજાનો બ્રિજ હવે ખુલ્લો મુકો પ્લીઝ'' ના નારા અને પોસ્ટર લઈને સ્થળ પર પહોંચ્યા હતા. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ સ્ટાફને મોટી સંખ્યામાં તૈનાત કરી દેવામાં આવ્યો હતો. બ્રિજનું લોકાર્પણ કરવા માટે સ્થળ પર પહોંચેલા તમામ કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. પોલીસ દ્વારા કાર્યકરોને કસ્ટડીમાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઘટનાને લઈને થોડા સમય માટે તણાવપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો. સાંઢિયા પુલ મુદ્દે સ્થાનિક લોકો અને રાજકીય વર્તુળોમાં ચર્ચા ગરમાઈ છે. એક તરફ સરકાર પેટ્રોલ અને ડીઝલ બચાવવાની અને સરકારી ખર્ચ ઓછો કરવાની પહેલ કરી રહ્યા છે તે સમયે ઈંધણ બચાવી આપે તેવા નવા બનેલા બ્રિજને પ્રજા માટે ખુલ્લો મૂકવામાં નથી આવી રહ્યો તેવી પણ ચર્ચા થઈ રહી છે. ■

# અમરેલી-લાઠી હાઈવે પર ખાનગી બસ અને કાર વચ્ચે અકસ્માત: ત્રણનાં કમકમાટીભર્યા મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં માર્ગ અકસ્માતો રોજિંદા બન્યા છે, આ ભયાનક દુર્ઘટનાઓમાં નિર્દોશ લોકોના મોતથી પરિવારો વિખેરાઈ જાય છે. આવો જ એક ગમખ્વાર અકસ્માત અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના કેરાળા ગામ નજીક બન્યો હતો. એક ખાનગી બસ અને કાર વચ્ચે ભીષણ ટક્કર થતાં કારમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતો. બન્ને વાહનો વચ્ચેની ટક્કર એટલી જોરદાર હતી કે, કારના ફૂરચા નિકળી ગયા હતા. આ અકસ્માતને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ લાઠી પોલીસનો કાફલો અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

જોકે, કારમાં રહેલા ત્રણેય લોકોના મોત થયા હતા. ત્રણ પૈકીના બે મૃતકો જીતેન્દ્રભાઈ ધનજીભાઈ પાટડિયા અને બાલુબેન ચતુરભાઈ ગઢીયા તરીકે થઈ છે. પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. અકસ્માતનું કારણ જાણવા માટે પોલીસે ખાનગી બસના ચાલકની શોધખોળ હાથ ધરી છે, તેમજ બસમાં સવાર મુસાફરોના નિવેદનો લેવામાં આવ્યા હતા. અકસ્માતના પગલે હાઈવે પર સ્થાનિક લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા, જેના કારણે રોડ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. ■

# ડ્રાઇવરને ઢોર માર મારનાર કરજણના ભાજપના ધારાસભ્યના પુત્ર સહિત પાંચ સામે ગુનો દાખલ

## પોલીસે ધારાસભ્યના પુત્ર સહિત પાંચ હુમલાખોરો સામે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સત્તાધારી ભાજપના કરજણના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર ઋષિ પટેલ અને તેના સાગરીતો સામે આદિવાસી ડ્રાઇવરને ઢોર માર મારવાના મામલે ગુનો નોંધાયો છે. પોલીસે ધારાસભ્યના પુત્ર સહિત પાંચ હુમલાખોરો સામે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ સમગ્ર ઘટનાક્રમ અંગે મળતી વિગત મુજબ વડોદરા જિલ્લાના કરજણના ભાજપના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર ઋષિ પટેલ કરજણના નારેશ્વર, લીલોડ સહિતના વિસ્તારોમાં રેતીની લીઝ ચલાવે છે.

તેમની સામે ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઇન્દોરગામ નવીનગરીમાં રહેતા ડમ્પર ડ્રાઈવર નટવર વસાવાએ ફરિયાદ નોંધાવી છે. રેતીના ફેરા મારવાનું કામ કરતા ડમ્પર ડ્રાઈવર નટવર પર ડીઝલ ચોરીના આરોપ લગાવી ધારાસભ્ય પુત્ર ઋષિ પટેલે તેમને ઓફિસે બોલાવ્યો હતો. ત્યાર બાદ તે ડ્રાઇવરને બકાપુર ઓફિસમાં દોરડાથી ઊંધા મોઢે લટકાવી પાઈપના ફટકા માર્યા હતા. તે ઉપરાંત પગાર વધારો જોઈએ છે તેમ કહી જાતિ વિરુદ્ધ અપશબ્દો પણ બોલ્યા હતા. આ મામલે ઋષિ પટેલ, જયદતબાપુ, સાહીલ પટેલ, જાવીદ પઠાણ અને વિજયે સામે ફરિયાદ નોંધાઇ છે.

આદિવાસી ડ્રાઇવરને ઢોર માર મારવાના આ બનાવને પગલે સમગ્ર આદિવાસી સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આદિવાસી સમાજે પોલીસ સ્ટેશનને ઘેરાવ કરી ભારે વિરોધ પણ કર્યો હતો.

તેમણે ફરી આંદોલનનો કાર્યક્રમ જાહેર કરતાં ગાંધીનગર સુધી તેની અસર પડી હતી. આખરે ચાર દિવસના ભારે હોબાળા બાદ વલણ પોલીસે ધારાસભ્યના પુત્ર સહિત પાંચ હુમલાખોરો સામે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

# આદિપુરમાં 'ફ્રી' હરિદ્વાર યાત્રાના નામે ઠગાઈ: ૨૦૦ શ્રદ્ધાળુઓ પાસેથી ₹ ૧૦ લાખ પડાવી ઓફિસને તાળાં મારી ત્રણેય ગઠિયા રફુચક્કર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આદિપુર શહેરમાં 'હરિદ્વાર નિઃશુલ્ક સેવાયાત્રા' અને શ્રીમદ્ ભાગવત કથાના નામે ચોપાનિયાં છપાવી આશરે ૨૦૦ જેટલા શ્રદ્ધાળુઓ પાસેથી લાખો રૂપિયા પડાવી લઈ, પ્રવાસમાં ન લઈ જઈ છેતરપિંડી આચરવા બદલ ત્રણ શખ્સો સામે આદિપુર પોલીસ મથકે રૂ. ૧૦ લાખની ઠગાઈનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બનાવની વિગત મુજબ, ગાંધીધામના ગુરુકુળ વિસ્તારમાં રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધ કાંતિભાઇ દેવજી ચૌહાણના ઘરે ગત દિવસોમાં અખબાર સાથે એક ચોપાનિયું આવ્યું હતું. આ પોસ્ટરમાં 'ચાલો હરિદ્વાર ફ્રીમાં' તથા 'શ્રી આશાપુરા માતાની કૃપાથી હરિદ્વાર મુકામે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કર્યું છે' તેવું લખાણ હતું. તેમાં યાત્રા પ્રસ્થાન તારીખ ૨૨-૫-૨૦૨૬ અને પરત આવવાની તારીખ ૩૦-૫-૨૦૨૬ દર્શાવવામાં આવી હતી. આ આયોજનના સૌજન્ય તરીકે નરેન્દ્રસિંહ રાજપૂતનું નામ લખેલું હતું. આ આકર્ષક પત્રિકામાં એવી પણ લાલચ આપવામાં આવી હતી કે, કથા શ્રવણનો લાભ લેવા માટે રજિસ્ટ્રેશન પેટે રૂ. ૫,૦૦૦ રાખવામાં આવ્યા છે, પરંતુ કથા સાંભળનાર ભક્તોને પ્રોત્સાહન તરીકે દૈનિક રૂ. ૭૦૧ લેખે સાત દિવસના કુલ રૂ. ૪,૯૦૭ પરત ચૂકવવામાં આવશે.

અધિક માસનો પવિત્ર સમય હોવાથી તેમજ રહેવા-જમવાની સગવડ સાથે આ યાત્રા તદ્દન સસ્તી પડતી હોવાથી, નિવૃત્ત જીવન જીવતા ફરિયાદી કાંતિભાઈને હરિદ્વાર જવાની ઈચ્છા થઈ હતી. આથી, ગત તારીખ ૨જી મેના રોજ કાંતિભાઈ અને તેમના મિત્ર મણિલાલ પ્રેમજી વાઢેર પોતાના ઓળખના દસ્તાવેજો અને પાસપોર્ટ સાઇઝના ફોટા લઈ આદિપુરમાં મદનસિંહ સર્કલ પાસે નગરપાલિકા કોમ્પ્લેક્સમાં આવેલી ઓફિસ નંબર-૧૧ ખાતે પહોંચ્યા હતા. ત્યાં કેતન પરમાર નામનો શખ્સ લોકો પાસેથી પૈસા ઉઘરાવી રહ્યો હતો અને એક મોટી ઉંમરના વડીલ ફોર્મ આપવાનું કામ કરતા હતા. કાંતિભાઈ અને તેમના મિત્રએ પણ ત્યાં રોકડા રૂપિયા આપી બુકિંગ કરાવી લીધું હતું.

દરમિયાન, ગત તારીખ ૮મી મેના રોજ ફરિયાદી અને તેમના મિત્ર મણિલાલ સાથે બેઠા હતા ત્યારે અખબારમાં છપાયેલા સમાચાર દ્વારા જાણવા મળ્યું હતું કે, પાલનપુર કેન્દ્રથી આ જ પ્રકારે હરિદ્વાર યાત્રાનું બુકિંગ કરીને મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આ વાંચીને બંને મિત્રો તાત્કાલિક આદિપુર સ્થિત ઓફિસે દોડી ગયા હતા, પરંતુ ત્યાં ઓફિસને તાળાં લટકેલાં જોવા મળ્યાં હતાં. એટલું જ નહીં, પત્રિકામાં આપેલા તમામ મોબાઈલ નંબરો પણ સ્વીચ ઓફ આવતા હતા.

કાંતિભાઈએ આસપાસ તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે, આ ગઠિયાઓએ આદિપુરની આ દુકાન પણ ભાડે રાખી હતી અને અંદાજે ૨૦૦ જેટલા સ્થાનિક લોકો પાસેથી બુકિંગના નામે લાખો રૂપિયા ઉઘરાવી લીધા હતા. આ પ્રકારે આયોજક નરેન્દ્રસિંહ દિલીપજી વિહોલ (રાજપૂત), કેતન પરમાર તથા અન્ય એક અજાણ્યા પ્રૌઢ સાથે મળીને શ્રદ્ધાળુઓ સાથે અંદાજે રૂ. ૧૦ લાખની છેતરપિંડી આચરી હોવાનું સપાટી પર આવ્યું છે. આદિપુર પોલીસે કાંતિભાઈ ચૌહાણની ફરિયાદના આધારે ત્રણેય ઠગબાજો વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી તેમની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

# અમદાવાદમાં આરબીઆઈની કરન્સી ચેસ્ટમાંથી ₹ ૮.૭૦ કરોડની ચોરી કરનાર કસ્ટોડિયન સોલાથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના કાલુપુર વિસ્તારમાં આવેલી બેન્ક ઓફ બરોડામાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) કરન્સી ચેસ્ટના સંયુક્ત કસ્ટોડિયનની તિજોરીમાંથી ૮.૭૦ કરોડ રૂપિયાની ચોરી કરવા અને તેમાંથી કેટલાક પૈસાનો ઉપયોગ મિલકતો ખરીદવા અને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવા બદલ પોલીસે ધરપકડ કરી હતી. અત્યાર સુધીની તપાસ દરમિયાન ૨.૨૦ કરોડ રૂપિયા રોકડા રિકવર કરી લેવામાં આવ્યા હતા અને આરોપી દ્વારા આ પૈસા થકી ખરીદવામાં આવેલી સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ કેસના આરોપી હર્ષસિદ્ધ કડિયાર બેંક ઓફ બરોડામાં સ્થિત આરબીઆઈ કરન્સી ચેસ્ટના સંયુક્ત કસ્ટોડિયન તરીકે ફરજ બજાવતા હતા.

કાલુપુર પોલીસ સ્ટેશનમાં શાખાના મુખ્ય મેનેજર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ અનુસાર, નવા નિયુક્ત કસ્ટોડિયનો દ્વારા કરવામાં આવેલા ઓડિટ અને જ્યારે તપાસ કરવામાં આવી હતી તેમાં ૫૦૦ રૂપિયાની નોટોમાં ૮.૭૦ કરોડ રૂપિયાની ઘટ જોવા મળી હતી.

તપાસ દરમિયાન, પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીએ બૅંકમાંથી રોકડ ભરેલા બોક્સમાં ભંગારનો સામાન હોવાનું કહીને તે બૅંકમાંથી બોક્સ લઈને બહાર નીકળતો સીસીટીવીમાં જોવા મળ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે કથિત ચોરી પછી પણ આરોપી લગભગ ત્રણ મહિના સુધી બૅન્કમાં કામ કરતો હતો, તેનું કારણ હતું કે આરોપી એવું માનતો હતો કે ૯૦ દિવસ પછી સીસીટીવી ફૂટેજ આપમેળે ડિલીટ થઈ જશે. થોડા દિવસ બાદ તેમણે બીમાર હોવાનું કહીને બૅન્કમાંથી રજા લીધી હતી અને બાદમાં અંદાજે એક મહિનાથી તે બૅંકમાં આવ્યા નહોતા. પોલીસ ફરિયાદના આધારે પોલીસે આરોપીની સોલા વિસ્તારમાંથી ધરપકડ કરી હતી અને તેમના નિવાસસ્થાન પાસે પાર્ક કરેલી કારમાંથી ૨.૨૦ કરોડ રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા. તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીએ બૅન્કમાંથી ચોરેલા પૈસાનો મોટો ભાગ ખર્ચી નાખ્યો હતો. આરોપીએ ચાંદખેડામાં ૨ કરોડ રૂપિયાથી વધુનો બંગલો, ૧.૪૦ કરોડ રૂપિયાની દુકાન, વાહન તેમજ ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત તેમણે અન્ય એક મહિલાને ઘર લેવા માટે ૨૮ લાખ રૂપિયાની મદદ કરી હોવાનું પણ જાણવા મળ્યું હતું, હવે પોલીસે તેની પણ તપાસ હાથ ધરી હતી. ■

## ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.00 દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# જીવો અને શાંતિથી જીવવા દો

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

જીવો અને જીવવા દો નહીં પણ જીવો અને શાંતિથી જીવવા દોની જરૂરિયાત છેલ્લા દશકાથી જણાઇ છે તે બીજા વિશ્વયુદ્ધ પછી કયારેય અનુભવાઇ નથી. ૨૧મી સદીમાં પ્રમાણમાં વિકસિત કે વિકાસશીલ દેશો કે પછી કહેવાતા ગરીબ દેશોમાં ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજીના આવિષ્કારને લઇને પ્રમાણમાં લોકો સ્માર્ટ ફોન અને ટીવીના મનોરંજન અને માહિતીસભર કાર્યક્રમોમાં જિંદગી ઉત્સાહ અને શાંતિથી જીવતા હોય છે પણ ૪ વર્ષ પહેલાં શરૂ થયેલા યુક્રેન, રશિયા, ઇઝરાયલ, પેલેસ્ટાઇન અને છેલ્લે ઇરાન-ઇઝરાયલ અમેરિકા યુદ્ધના કારણે જગતભરમાં લોકોના સુખ ચેન હણાઇ ગયા છે. અખાતના યુદ્ધમાં સિવિલ કેઝયુલ્ટી પ્રમાણમાં બહુ નજીવી છે પણ લોકો અજંપામાં જીવે છે કે ક્યારે ઇરાન અડપલા કરીને મોટું જાનહાનીની નુકસાની ના કરી બેસે.

વૈશ્વિક અર્થતંત્ર પણ આગામી ત્રિમાસિક ગાળા માટે એક જટીલ અને મિશ્ર ચિત્ર રજૂ કરે છે. ડૉલરના કારણે તૂટતો રૂપિયો અને ઓઇલ અને ગૅસની કૃત્રિમ અછતના કારણે અમેરિકા જેવા દેશમાં ગૅસના ભાવ ૫ ટકા જેવા વધી ગયા છે અને આજ વસ્તુ યુ. કે., યુરોપ, જાપાન, પાકિસ્તાન જેવા દેશોમાં જોવા મળે છે. આમાં સવાલ એ પણ થાય છે કે જ્યારે દુનિયાભના દેશો ઓઇલ અને ગૅસના ભાવ વધારાના મારને ઝીલી રહ્યા છે તો ભારત તેમાં કયાં સુધી અપવાદ રૂપે રહી શકશે?

આઇએમએફ અને વર્લ્ડ બૅન્ક જેવી સંસ્થાઓને સંસય છે કે જગત ૨૦૨૬માં પોઝિટિવ આર્થિક પ્રગતિ કરી શકશે કે કેમ.

મિડલ ઇસ્ટમાં વધતા જતા તણાવ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ જેવા મહત્ત્વના દરિયાઇ માર્ગની અનિશ્ચિતતાના કારણે સમુદ્ર રસ્તે ઓઇલ અને માલની આવાજાની બહુ ખરાબ રીતે અસર થઇ રહી છે અને દુબઇ વગેરે શહેરોમાં બંદરો ઉપર માલનો ભરાવો થઇ રહ્યો છે. પણ માલ શિપમાં લોડ નથી થઇ શકતો.

આ ઉપરાંત હોર્મુઝના કંટ્રોલ માટે અમેરિકા ઇરાન વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. ક્રૂડ ઓઇલના ઊંચા ભાવના કારણે વધતા ભાવ વધારાની કેસકેડિંગ ઇફેકટથી ચારે તરફ ભાવ વધારાનો અજગર ભીસમાં લઇ રહ્યો છે.

અધૂરામાં પૂરું સેન્ટ્રલ બૅન્કો પણ ભાવ વધારાને કંટ્રોલમાં રાખવા વ્યાજના દર વધારી રહી છે તેથી ૨૦૨૬માં વ્યાજના દર ઘટવાની શકયતા નહીંવત રહેશે જેનાથી ઇએમઆઇ ઘટવાની શકયતાઓ તો નથી પણ જે રીતે મલ્ટિનેશનલ કંપનીઓ પિંક સ્લિપ આપીને નોકરિયાતોને નોકરીમાંથી પાણીચું આપી રહી છે તે પણ સારી સાઇન નથી અને આવા સંજોગોમાં મુંબઇ જેવાં શહેરોમાં રિયલ એસ્ટેટના ભાવોમાં જે આગ લાગી છે તે સસ્ટેઇન થવી મુશ્કેલ રહેશે, કારણકે આવનારા સમયમાં ઇકોનોમી ઉપર બહુ પ્રેસર આવવાનું છે જેથી લોકોનો પરચેજિંગ પાવરને બહુ મોટી અસર થવાની છે.

આ બાજુ આવા વિપરીત સંજોગોમાં પણ અમેરિકા ઊંચી ટૅરિફની તરફેણ કરી રહી છે જે માગ અને ભાવ બન્નેને વિપરીત અસરો કરશે.

એક જ સિલ્વર લાઇન આ સંજોગોમાં છે તે દુનિયાભરમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ફિલ્ડમાં થઇ રહેલું મોટું ઇન્વેસ્ટમેન્ટ કે જેના કારણે કરોડો નોકરીઓ ઊભી થઇ રહી છે અને અત્યારે જે ટૅક્નોલૉજીમાં ખાસ કરીને શેર માર્કેટમાં આ કંપનીઓના શૅરના ભાવમાં જે ઘટાડો જોવા મળે છે તે ટેમ્પરરીની જર્ક રિએક્શનમાં છે. કારણ કે આર્ટિફિશયલ ઇન્ટેલિજન્સ અને સોફટવેર અને હાર્ડવેર બહુ અલગ વસ્તુ છે તે એક બીજાના પૂરક નથી તેથી બધા એક સાથે સર્વાઇવ થઇ શકે છે અને હા સેમિકન્ડક્ટર એક બીજું સનરાઇઝ સેક્ટર છે અને સિલ્વર અને ગોલ્ડ તો એવરગ્રીન સેકટર છે જ.

આવતા ત્રિમાસિક કે અર્ધવાર્ષિક સમય દરમિયાન વિશ્વના અલગ અલગ દેશો ઉપર ફુગાવો, સ્લોડાઉન, કરન્સી વીકનેસ, ફોરેન રિઝર્વ ઉપર પ્રેસરની અસરો એક સરખી ના હોય અને કદાચ આ બધામાં ભારત વૈશ્વિક વિકાસ દરમાં અગ્રગણ્ય કંઇક અંશે આગળ હોય શકે જેટલો ૨ વર્ષ પહેલાં દેખાતો હતો તેટલો નહીં તો પણ કંઇક અંશે અગ્રગણ્ય હોય શકે પણ તેના માટે દેશવાસીઓએ સરકારને સાથ આપવાની અને પરિસ્થિતિને સાચા અર્થમાં મૂલ્યાંકન કરવાની જરૂર રહેશે, કારણકે પરિસ્થિતિ નિર્માણ બીજાઓના કારણે થઇ છે. ધ સેવન હેબીટસ ઓફ હાયલી ઇફેકિટવ પીપલના લેખક સ્ટીફન કોવેએ સાચું જ કહ્યું છે કે ''લીસન વીથ ધ ઇન્ટેન ટુ અંડરસ્ટેન્ડ, નોટ ધ ઇન્ટેન ટુ રિપ્લાઇ.'' ■

# વિદેશી હૂંડિયામણની અનામત આઠ અબજ ડૉલર ઘટી

મુંબઈ: ગત ૧૫મી મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૮.૦૯૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૮૮.૮૯૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. જોકે, આ પૂર્વેના સપ્તાહે અનામત ૬.૨૯૫ અબજ ડૉલર વધીને ૬૯૬.૯૮૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અગાઉ અમેરિકા અને ઈઝરાયલે મળીને ઈરાન પર હુમલા કર્યા તે પૂર્વે ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ વધવાને કારણે ડૉલર સામે રૂપિયામાં થઈ રહેતા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા સમયાંતરે બજારમાં હસ્તક્ષેપ થતો રહ્યો હતો અને ડૉલરમાં વેચવાલી થઈ રહી હોવાથી અનામતમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું.

વધુમાં ગત ૧૧મી મેના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની જનતાને વિદેશી હૂંડિયામણ બચાવવા માટે જનતાને એક વર્ષ માટે ઈંધણનો મર્યાદિત વપરાશ કરવા, વિદેશ પ્રવાસોમાં કાપ મૂકવા અને અનાવશ્યક સોનાની ખરીદી ટાળવા માટે અનુરોધ કર્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૬.૪૮૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૪૫.૯૦૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

ગત સપ્તાહ દરમિયાન વિદેશી ચલણી અસ્ક્યામતો ઉપરાંત સોનાની અનામત ૧.૫૩૬ અબજ ડૉલર ઘટીને ૧૧૯.૩૧૭ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૪.૯ કરોડ ડૉલર ઘટીને ૧૮.૮૨૪ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨.૫ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૮૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# માર્ચ મહિનામાં રિઝર્વ બૅન્કે હાજર બજારમાં ૯.૭૫૮ અબજ ડૉલરની ચોખ્ખી વેચવાલી કરી

મુંબઈ: રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ગત માર્ચ મહિનામાં ફોરેક્સ બજારમાં હાજરમાં ૯.૭૫૮ અબજ ડૉલરનું વેચાણ કર્યું હોવાનું માસિક બુલેટિનમાં જણાવ્યું છે.

રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર આ પૂર્વે ગત ફેબ્રુઆરીમાં રિઝર્વ બૅન્કની હાજર બજારમાંથી ૭.૪૦૯ અબજ ડૉલરની ખરીદી રહી હતી. જોકે, ગત માર્ચ મહિનામાં કેન્દ્રવર્તી બૅન્કની ૧૯.૮૮૦ અબજ ડૉલરની ખરીદી સામે ૨૯.૬૩૮ અબજ ડૉલરની વેચવાલી કરી હતી. ગત એપ્રિલ મહિનામાં ડૉલર સામે ભારતીય રૂપિયામાં ઘસારો જોવા મળ્યો હતો. જોકે, મધ્ય પૂર્વમાં કામચલાઉ ધોરણના યુદ્ધવિરામના નિર્દેશો અને રિઝર્વ બૅન્કે લીધેલા નીતિવિષયક પગલાંઓને કારણે ઘસારો મર્યાદિત રહ્યો હતો. જોકે, ક્રૂડતેલના ભાવમાં જોવા મળતી વધઘટની અસર રૂપિયા પર જોવા મળે છે.

વધુમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૧૧ મહિનાની આયાત અને ગત ડિસેમ્બર, ૨૦૨૫ના બાહ્ય દેવાના ૯૦ ટકાના સ્તરે સંતોષજનક સપાટીએ રહી હોવાનું બુલેટિનમાં ઉમેર્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને શક્યત: રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપને કારણે સતત બીજા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતાં ૭૬ પૈસાના સુધારા સાથે ૯૫.૭૩ની સપાટીએ બંધ રહ્યો હતો. તે પૂર્વે ગુરુવારે રૂપિયામાં ડૉલર સામે ૫૦ પૈસા વધી આવ્યા હતા. ■

# ક્રૂડતેલના ભાવવધારા સાથે વૈશ્વિક સોનામાં પીછેહઠ

## સોના-ચાંદીમાં ડ્યૂટી વધારા પશ્ચાત્ ઠપ પડેલી માગ, રિટેલ ગ્રાહકો અવઢવમાં

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થઈ જવાનો બન્ને દેશો તરફથી આશાવાદ વ્યક્ત કરવામાં આવી રહ્યો હોવા છતાં રોકાણકારોમાં શાંતિ કરાર વાસ્તવિકતામાં પરિણમવા બાબતે અને દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ ખુલવા અંગે આશંકા સેવાઈ રહી હોવાથી ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહેતા ફુગાવામાં વધારાની ચિંતા સપાટી પર રહેવાની સાથે અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ પણ ઊંચા સ્તરે રહી હોવાથી સતત બીજા સપ્તાહમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. આમ એક તરફ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક સ્તરે આ મહિનાના આરંભે સરકારે ગબડતા રૂપિયાને કારણે સોના-ચાંદીની આયાત પેટે થતાં ડૉલરના બાહ્યપ્રવાહને ખાળવા માટે આયાત જકાત વધારીને ૧૫ ટકા કરી હતી. તેમ જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશની જનતાને સોના-ચાંદીની અનાવશ્યક ખરીદી ટાળવા માટે અનુરોધ કર્યો હોવાથી દેશમાં રિટેલ ગ્રાહકો અવઢવમાં મુકાઈ જતાં ગત સપ્તાહે રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં ગત બુધવાર સુધી ડૉલર સામે રૂપિયામાં એકતરફી ધોવાણ થઈ રહ્યું હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં સ્થાનિક સોનામાં ભાવઘટાડો મર્યાદિત માત્રામાં જોવા મળ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં વેરારહિત ધોરણે હાજરમાં ૯૯૯ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૫મી મેના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૮,૨૧૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૧,૫૭,૮૨૧ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૧,૫૭,૭૩૯ અને ઉપરમાં રૂ. ૧,૫૯,૦૭૭ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૯૩ના ઘટાડા સાથે રૂ. ૧,૫૮,૧૧૭ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ચાંદીના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૫મી મેના કિલોદીઠ રૂ. ૨,૬૮,૫૦૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૨,૬૬,૭૭૮ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૬૪,૬૭૯ અને ઉપરમાં રૂ. ૨,૭૦,૨૨૧ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૨૫૦૦ના ઘટાડા સાથે રૂ. ૨,૬૬,૦૦૦ના મથાળે બંધ રહ્યા હતા.

એકંદરે વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં નરમાઈનું વલણ અને સ્થાનિક સ્તરે સરકાર દ્વારા આયાત ઘટાડવા માટે આયાત જકાતમાં કરવામાં આવેલા વધારા અને અનાવશ્યક ખરીદીથી દૂર રહેવા કરેલા આહ્વાનને ધ્યાનમાં લેતાં હાલ રિટેલ સ્તરના ગ્રાહકો અવઢવ અનુભવી રહ્યા હોવાથી અને ભાવમાં સ્થિરતા આવે તેની રાહ જોઈ રહ્યા હોય તેમ નવી ખરીદી મોકૂફ રાખી હોવાનું જણાય છે, એમ કોલકાતા સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું. વધુમાં હવે લગ્નસરાની મોસમ પણ પૂરી થવાના આરે હોવાથી જ્વેલરી ઉત્પાદકો પણ નવી ખરીદીથી દૂર રહ્યા હોવાથી ગત સપ્તાહે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૭૮ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે સોનાના ભાવ પરનાં ડિસ્કાઉન્ટ ઔંસદીઠ ૨૦૭ ડૉલરની ઊંચી સપાટીએ ક્વૉટ થઈ રહ્યા હોવાનું મુંબઈ સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું.

એકંદરે ગત સપ્તાહે અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ વાટાઘાટોનાં મિશ્ર અહેવાલો વચ્ચે વૈશ્વિક મિશ્ર અહેવાલોને ધ્યાનમાં લેતાં સોના અને ચાંદીમાં અનુક્રમે એક ટકાનો અને બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ખાસ કરીને રોકાણકારોએ અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ વાટાઘાટો આસપાસના વિરોધાભાસી નિર્દેશોને ધ્યાનમાં લેતાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો અને ધ્યાન ફુગાવાની ચિંતાઓ અને વૈશ્વિક સ્તરે વ્યાજદર માટેના દૃષ્ટિકોણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ગત સપ્તાહે તહેરાને જણાવ્યું હતું કે અમેરિકાની તાજેતરની દરખાસ્તે બન્ને પક્ષો વચ્ચેના મતભેદોને આંશિકપણે ઘટાડ્યા હોવાથી વાટાઘાટોમાં પ્રગતિ થવાનો આશાવાદ છે. જોકે, પ્રાપ્ત અહેવાલો અનુસાર ઈરાનના સર્વોચ્ચ નેતાએ દેશનાં સમૃદ્ધ યુરેનિયમના ભંડારને ઈરાની સરહદોની અંદર જ રાખવાનો આદેશ આપ્યો હતો, જે પરિસ્થિતિને વધુ જટીલ બનાવે છે. કેમ કે ઈરાનના પરમાણુ કાર્યક્રમને નાબૂદ કરવો એ અમેરિકાનો મુખ્ય ઉદ્દેશ છે.

વધુમાં અહેવાલો એવા પણ સંકેત આપે છે કે ઈરાન ઓમાન સાથેના સહયોગમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગમાં શિપિંગ ટ્રાફિક માટે કાયમી ધોરણે ટોલ યંત્રણા ગોઠવવાની દિશામાં વિચારણા કરી રહ્યું છે. જોકે, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આ પ્રસ્તાવને નકારી કાઢ્યો હોવાનું કહેવાય છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર ઈરાન તેની લશ્કરી ક્ષમતાઓનું અપેક્ષા કરતાં ઝડપભેર પુનઃ નિર્માણ કરી રહ્યું છે, જેના કારણે ફરીથી ભૂરાજકીય તણાવ વધવાની ચિંતા સપાટી પર આવી હતી. તેમ જ વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવવધારાને કારણે ફુગાવામાં થનારી અપેક્ષિત વૃદ્ધિને ધ્યાનમાં લેતા કેન્દ્રવર્તી બૅન્કો કડક નાણાનીતિ અપનાવે તેવી શક્યતા પબળ બની હતી.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે જાહેર થયેલી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકમાં જો ફુગાવો અપેક્ષિત બે ટકા કરતાં ઊંચી સપાટીએ રહે તો ઘણાં અધિકારીઓ વ્યાજદરમાં વધારો કરવા સહમત હતા. એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ એડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું કે હાલની વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૪૨૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૪૭૨૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૫થી ૮૩ ડૉલર આસપાસની રેન્જમાં રહી શકે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સ્થાનિકમાં આગામી સપ્તાહે સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૦,૦૦૦થી ૧,૬૪,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨,૪૫,૦૦૦થી ૨,૮૫,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગત સપ્તાહના અંતે ફુગાવામાં વધારો થવાની અને તેને કારણે અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષના અંતે વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૫૧૫.૮૩ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૪૫૨૩.૨૦ ડૉલરના મથાળે રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૧ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૫.૮૫ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વના ગવર્નર ક્રિસ્ટોફર વૉલર જે અત્યાર સુધી નીચા વ્યાજદરની તરફેણ કરી રહ્યા હતા તેમણે ગત સપ્તાહે જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વે હાલમાં હળવી નાણાનીતિથી દૂર રહેવાની સાથે સંભવિત વ્યાજદરમાં વધારા માટે દરવાજા ખુલ્લા રાખવા જોઈએ. આમ ક્રૂડતેલના ભાવમાં વધારાને કારણે આ વર્ષના અંતે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ૫૮ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો જોઈ રહ્યા છે. આમ વ્યાજદરમાં વધારાના સંજોગોમાં રોકાણકારો સોના અને ચાંદી સહિતની કિંમતી અસ્ક્યામતોમાં રોકાણથી દૂર રહેતાં હોય છે. ■

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં મર્યાદિત માગે ખાદ્યતેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૧ સેન્ટનો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે સપ્તાહનું અંતિમ સત્ર અને બૅન્કો પણ બંધ હોવાને કારણે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતા માત્ર રવાનગીનાં છૂટાછવાયાં કામકાજો થયાં હતાં અને દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના જૂન ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦ અને સોયા રિફાઈન્ડના જૂન તથા જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૮૫, નારાયણ એગ્રોના ઉદગીરથી ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦, ગોલ્ડન એગ્રીના જૂન ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૦, એવીઆઈના મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, પતંજલિ ફૂડ્સના જુલાઈ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, રિલાયન્સ કન્ઝ્યુમરનાં જૂન અને જુલાઈ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને જી-વનના જૂન ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારોનો અભાવ હતો.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૨૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૧૫૦થી ૭૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૪૨૫થી ૭૫૦૦માં થયા હતા. જ્યારે આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૭૫૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૪૦૦૦ ગૂણી મગફળીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૫૦માં થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૨૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૯૦થી ૧૪૯૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૪૦માં થયાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦, સન રિફાઈન્ડ અને સિંગતેલના રૂ. ૧૬૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૭૦ અને સરસવના રૂ. ૧૫૮૦ના મથાળે ટકેલા રહ્યાં હતાં. ■

# ભારત રિટેલ ફુગાવો સારી રીતે નિયંત્રિત રાખવાની સ્થિતિમાં: એસોચેમ

નવી દિલ્હી: પશ્ચિમ એશિયાની ભૂરાજકીય કટોકટીને કારણે પુરવઠાચેઈન વિક્ષેપિત થતાં ક્રૂડતેલના ભાવ વધી આવતા વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની ચિંતા સપાટી પર આવી છે. જોકે, ટોચનાં ૧૦ અર્થતંત્રો પૈકી ભારત રિટેલ ફુગાવો સારી રીતે નિયંત્રિત રાખવાની સ્થિતિમાં હોવાનું ઔદ્યોગિક સંગઠન એસોચેમે તાજેતરમાં જણાવ્યું હતું.

વધુમાં સંગઠને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાને આગામી જૂન મહિનાની નીતિવિષયક બેઠકમાં નિકાસલક્ષી અને એનર્જીલક્ષી એમએસએમઈ માટે પ્રવાહિતા લાવવાની સાથે ઈન્ટરેસ્ટ સબ્વેન્શન અને લોન માફી જેવાં પગલાંની અને વ્યાજદરમાં જૈસે થેની સ્થિતિ જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. ગત ફેબ્રુઆરી, ૨૦૨૬માં ભારતમાં ફુગાવાનો દર જે ૩.૨ ટકા હતો તે એપ્રિલ, ૨૦૨૬માં ૦.૩ પર્સન્ટેજ પૉઈન્ટ વધીને ૩.૫ ટકાના સ્તરે રહ્યો હતો. જે નોંધપાત્ર સારી કામગીરી કહી શકાય, કેમ કે અમેરિકામાં ગત ફેબ્રુઆરી, ૨૦૨૬માં ફુગાવો જે ૨.૪ ટકાના સ્તરે હતો તે એપ્રિલ, ૨૦૨૬માં ૧.૪ ટકા વધીને ૩.૮ ટકાના સ્તરે રહ્યો હોવાનું એસોચેમના પ્રમુખ નિર્મલ મિન્ડાએ જણાવતા ઉમેર્યું હતું કે ભારતમાં ફુગાવો હજુ સૌમ્ય સ્થિતિ આસપાસ પ્રવર્તી રહ્યો છે તેથી અમે રિઝર્વ બૅન્કને આગામી જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં યોજાનારી નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં રિપો રેટ યથાવત્ રાખવાનો અનુરોધ કર્યો છે.

જોકે, ક્રૂડતેલના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતા ફુગાવામાં થોડો વધારો થવાની શક્યતા નકારી ન શકાય. અમને આશા છે કે ફુગાવામાં વધારાનો આ તબક્કો અસ્થાયી હશે અને ટૂંક સમયમાં પુનઃ સૌમ્ય સ્થિતિમાં આવશે. હાલના સમયે રિપો રેટમાં કોઈપણ વધારો બિઝનૅસના સેન્ટિમેન્ટ અને દેશની માગ પર માઠી અસર પાડી શકે છે. આગામી ૨૬મી મેના રોજ પાંચ અબજ ડૉલરના બાય-સેલ સ્વેપ ઑક્શન કરવાના રિઝર્વ બૅન્કના નિર્ણયને અમે આવકારીએ છીએ. આ પગલાંથી બૅન્કિંગ યંત્રણામાં લાંબાગાળાની પ્રવાહિતા લાવી શકાય અને વિદેશી હૂંડિયામણની અનામતને પણ મજબૂત કરી શકાશે. અમારા મતે ઉપરોક્ત પગલાં વૈશ્વિક દબાણ, ભૂરાજકીય તણાવ અને ક્રૂડતેલના ભાવના આંચકાથી તાજેતરમાં રૂપિયામાં થયેલા ધોવાણ વચ્ચે પ્રવાહિતાની સ્થિતિનું સંચાલન કરવામાં અને રૂપિયામાં સ્થિરતા લાવવા મદદરૂપ થશે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ આગેકૂચ

મુંબઈ: વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં પાંખાં કામકાજે ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની લેવાલી જળવાઈ રહેવાની સાથે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરો માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ વધીને રૂ. ૫૨૮૧, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૨૯૮, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને અનુક્રમે રૂ. ૧૨૬૭, રૂ. ૧૧૮૦ અને રૂ. ૧૪૦૬, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૧૮ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૮૦ના મથાળે રહ્યાં હતાં. જોકે, આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણના ઘટાડા સાથે રૂ. ૩૯૨ના મથાળે અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૩૭૫ના મથાળે રહ્યાં હતાં.

આ સિવાય આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં છૂટીછવાઈ ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૨૦, રૂ. ૩૧૩, રૂ. ૨૦૭ અને રૂ. ૧૮૩૨ના મથાળે ટકેલાં રહ્યાં હતાં. ■

# ખાંડમાં મિશ્રણ વલણ

મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૨થી ૪૦૩૨માં ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગ અનુસાર સ્મોલ અને મિડિયમ ગ્રેડની ખાંડમાં સામસામા રાહ જોવા મળ્યા હતા. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૬થી ૩૦નો સુધારો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫થી ૩૦નો સુધારો આવ્યો હતો. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**સિગ્નલિંગ વર્ક**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ & ટેલિકોમ એન્જિનિયર (સાઉથ), ૨જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, ઈ-ટેન્ડર નં.: W_૨૪૦_૨_૨૯૭_SG_WA_R તારીખ: ૨૦/૦૫/૨૦૨૬ મંગાવે છે. કામ અને સ્થળ: મુંબઈ ડિવિઝન પશ્ચિમ રેલવેના MRIDCL દ્વારા કીમી ૮-૯ ખાતે પ્રભાદેવી સ્ટેશન (એલ્ફીસ્ટન રોડ-કરોલ બ્રિજ) ખાતે નવો રોડ ઓવર બ્રિજના કન્સ્ટ્રકશન સાથેના સંબંધમાં સિગ્નલિંગ કામ. કામની અંદાજિત કિંમત: ₹૫૧,૪૦,૮૯૬.૬૩. બારડી: ₹ ૧,૦૨,૮૦૦/-. ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તારીખ અને સમય: ૧૨.૦૬.૨૦૨૬, ૧૫.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડરની ખોલવા માટેની તારીખ & સમય: ૧૨.૦૬.૨૦૨૬ના ૧૫.૩૦ ક. ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0147

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**જૂના હેલ્થ યુનિટનું બદલીકરણ, પોર્ટા કેબિનના બદલીકરણમાં ડ્યૂટી બંધની જોગવાઈ અને અધિકારી વિશ્રામગૃહ બિલ્ડીંગ અને ટાવર વેગન શેડનું સમારકામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૦૩ વર્ષ ૨૦૨૬-૨૭ — તારીખ : ૨૨-૦૫-૨૦૨૬

| અનું. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | અર્નેસ્ટમની (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૬-૨૭-E-૦૪ | રાજકોટ ડિવિઝન :- મોરબી :- મોરબી ખાતે જૂના હેલ્થ યુનિટ (હોસ્પિટલ)નું બદલીકરણ. | ૧,૦૦,૨૦,૩૮૬.૨૮ | ૨,૦૦,૪૦૦.૦૦ |
| ૦૨ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૬-૨૭-E-૦૫ | રાજકોટ ડિવિઝન :- દહીંસરા-વાવણીયા, દહીંસરા-નવલખી અને વાંકાનેર-દહીંસરા સેક્શન્સમાં (૦૮ નંગ) અને રાજકોટ-ઓખા સેક્શન(૦૭ નંગ) પર પોર્ટા કેબિનના બદલીકરણમાં ડ્યૂટી બંકની જોગવાઈ. | ૩,૫૯,૧૦,૬૨૬.૭૮ | ૭,૧૮,૨૦૦.૦૦ |
| ૦૩ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૯૮R | રાજકોટ ડિવિઝન :- દ્વારકા ખાતે અધિકારી વિશ્રામ ગૃહ બિલ્ડીંગ અને ટાવર વેગન શેડનું સમારકામ. | ૭૫,૫૧,૮૬૫.૩૮ | ૧,૫૧,૦૦૦.૦૦ |

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૧૫-૦૬-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ:** www.ireps.gov.in RJT-033

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# મુંબઈગરા પરસેવે રેબઝેબ: ભેજનું પ્રમાણ ૯૧ ટકા

## છેલ્લા એક દાયકાની મે મહિનાની સૌથી ગરમ રાત રહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વાતાવરણમાં ભેજનું પ્રમાણ મોટા પ્રમાણમાં વધી જતા મુંબઈગરા માટે શુક્રવારની રાત ભારે બેચેની અને ઉકળાટભરી રહી હતી. લગભગ ૯૧ ટકા જેટલું ભેજપ્રમાણ નોંધાયું હતું જે મે મહિનાનું છેલ્લા એક દાયકાનું સૌથી વધુ લઘુતમ તાપમાન રહ્યું હતું. ભેજનું સ્તર વધવાની સાથે જ ચોમાસું પણ ઝડપથી આગળ વધી રહ્યું હોવાનો અંદાજો છે.

શુક્રવારના મોડી રાતના સાંતાક્રુઝ વેધશાળામાં લઘુત્તમ તાપમાન ૨૯.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે સામાન્ય કરતાં ૧.૯ ડિગ્રી વધારે છે. જે છેલ્લા ૧૦ વર્ષમાં મે મહિનાના સૌથી વધુ રાત્રિ તાપમાનમાંનું એક છે. અગાઉના તુલનાત્મક ઉચ્ચતમ તાપમાન મે ૨૦૨૪ અને ૨૦૨૦ માં ૨૯.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો. દક્ષિણ મુંબઈ પણ ગરમ રહ્યું હતું. કોલાબા વેધશાળામાં લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે સામાન્ય સ્તરની નજીક

(જુઓ પાનું ૪) ▸▸

# અહિલ્યા નગર બનશે ડિફેન્સ હબ: ફડણવીસ

## દેશનું સૌથી મોટું તોપગોળા બનાવનારું યુનિટ: ડ્રોન અને મિસાઈલના નિર્માણનું કેન્દ્ર



### ફડણવીસની 'વંદે ભારત' યાત્રા

આ કાર્યક્રમમાં આવતા સમયે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કોઈપણ ખાનગી હેલિકૉપ્ટર, વિમાન કે ટ્રેનોના મોટા કાફલાનો ઉપયોગ કર્યા વિના 'વંદે ભારત એક્સપ્રેસ'માં મુંબઈથી શિરડી સુધીની મુસાફરી કરી. તેમણે આ નિર્ણય પ્રધાનમંત્રીની બળતણ બચત માટેની અપીલના પ્રતિભાવમાં લીધો હતો, જેની હાલમાં દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. ■

### શિરડીના MIDC વિસ્તારમાં ૨૦૦ એકર જમીન પર બનેલા ભવ્ય મિસાઇલ સંકુલ અને તોપ ગોળા ઉત્પાદન પ્રોજેક્ટનું તાજેતરમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અહિલ્યા નગર જિલ્લામાં આવેલું શિરડી એક મુખ્ય ધાર્મિક અને આંતરરાષ્ટ્રીય યાત્રાધામ છે જે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. પરંતુ હવે ભક્તિ સાથે દેશની સુરક્ષા માટે શક્તિનો એક નવો પ્રોજેક્ટ શરૂ થયો છે.

શિરડીના MIDC વિસ્તારમાં ૨૦૦ એકર જમીન પર બનેલા ભવ્ય મિસાઇલ સંકુલ અને તોપ ગોળા ઉત્પાદન પ્રોજેક્ટનું તાજેતરમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ સમારોહ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, પાલક પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલ અને વિધાનસભા અધ્યક્ષ રામ શિંદેની હાજરીમાં યોજાયો હતો. ■

### સાઇના શિરડીમાં ભક્તિ સાથે શક્તિનો નવો પ્રોજેક્ટ

કાર્યક્રમ દરમિયાન બોલતા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે આજનો દિવસ દેશ અને મહારાષ્ટ્રના ઇતિહાસમાં એક ઐતિહાસિક દિવસ છે. આપણા દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલા 'આત્મનિર્ભર ભારતના સંદેશને આજે સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના નેતૃત્વમાં, દેશે સંરક્ષણ ક્ષેત્રમાં આટલી મોટી પ્રગતિ કરી છે કે આજે આપણો દેશ માત્ર આત્મનિર્ભર જ નહીં પરંતુ સંરક્ષણ સાધનોનો મોટો નિકાસકાર પણ બની ગયો છે.

તેમણે વધુમાં કહ્યું કે, "મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારના યુવાન ગણેશ નિબેએ અહીં જે કાર્ય સ્થાપ્યું છે તે ખૂબ જ માનનીય અને પ્રશંસનીય છે. નિબેને અપાર આત્મવિશ્વાસ હતો અને આ આત્મવિશ્વાસના બળ પર આજે આ ભવ્ય પ્રોજેક્ટ સ્થાપવામાં આવ્યો છે. તેમણે અહીં જે ઉત્પાદનો બનાવ્યા છે તે દેશની સુરક્ષા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે." ■

### ૩૬૫ દિવસ સુધી ચાલે તેટલા પૂરતા પ્રમાણમાં ઉત્પાદન

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે અહીં જે તોપો બનવા જઈ રહી છે તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ કાર્ય છે. તેઓએ અજોડ તૈયારીઓ કરી છે જેથી આ પ્રોજેક્ટમાં ઉત્પાદન કાર્ય આખા વર્ષ દરમિયાન અવિરત ચાલુ રહે. નિબેએ એવી મિસાઇલો બનાવી છે જે ૧૫૦ થી ૩૦૦ કિલોમીટરની રેન્જ સાથે લક્ષ્યોને ફટકારી શકે છે. જો દેશ યુદ્ધમાં હોય, તો આ એક જ પ્રોજેક્ટ ૩૬૦ થી ૩૬૫ દિવસ સુધી સતત દારૂગોળો પૂરો પાડવાની ક્ષમતા ધરાવે છે. આ સાથે, દુશ્મનને યોગ્ય જવાબ આપવા માટે ખૂબ જ સચોટ રીતે સંચાલિત અત્યાધુનિક ડ્રોન પણ અહીં બનાવવામાં આવી રહ્યા છે. ઓપરેશન સિંદૂર દરમિયાન, આપણને આત્મનિર્ભર ભારતનો સાચો અર્થ જાણવા મળ્યો. પાકિસ્તાને ઘણા દેશોની મદદથી ભારતીય સરહદ પર ઘણા ડ્રોન મોકલ્યા હતા. જોકે, આપણા બહાદુર સૈનિકોએ તે બધા ડ્રોનને હવામાં જ નષ્ટ કરી દીધા અને પાકિસ્તાનની યોજનાઓને નિષ્ફળ બનાવી દીધી. ■

### અહિલ્યા નગર જિલ્લો સંરક્ષણ ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર

હવે અહિલ્યા નગર જિલ્લો સંરક્ષણ ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે. માત્ર અહીં જ નહીં, પરંતુ નાસિક, પુણે અને નાગપુરમાં પણ એક સમાન ભવ્ય 'ડિફેન્સ કોરિડોર' બનાવવામાં આવી રહ્યો છે. સંરક્ષણ પ્રધાને આ પ્રોજેક્ટ્સને પણ મંજૂરી આપી છે. હું ગણેશ નિબેને ખાતરી આપું છું કે સરકાર તમને મહારાષ્ટ્રમાં જ્યાં પણ જમીન ઇચ્છશે ત્યાં આપશે. મહારાષ્ટ્રમાં સંરક્ષણ ક્ષેત્રમાં હવે આપણી પાસે ઘણું કામ છે, એમ દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. ■

# ભારતને હથિયારોના સૌથી મોટા નિકાસકાર બનતા કોઈ નહીં રોકી શકે: રાજનાથ સિંહ

શરડી: સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે કહ્યું હતું કે એક સમયે હથિયારોના આયાતકાર માનવામાં આવતા ભારતને ૨૫-૩૦ વર્ષમાં સૌથી મોટા નિકાસકાર બનતા કોઈ તાકાત રોકી શકશે નહીં. શિરડીમાં દારૂગોળો ઉત્પાદન એકમનું ઉદ્‌ઘાટન કર્યા બાદ સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે 'સંરક્ષણ ઉત્પાદનમાં પ્રાઈવેટ સેકટરનું રોકાણ ૫૦ ટકા સુધી લઈ જવાનું લક્ષ્ય છે. હવે પ્રાઇવેટ ક્ષેત્ર સંરક્ષણમાં કેવળ નટ અને બોલ્ટનો પુરવઠો નથી કરતું, પરંતુ અત્યાધુનિક હથિયાર ઉત્પાદક પણ છે. સરકારની દૂરંદેશી અને પ્રાઈવેટ સેકટરની નવીનતા એકબીજા સાથે હાથ મિલાવે છે ત્યારે દેશ નવી ઊંચાઈઓ પર પહોંચે છે. ભારતને શસ્ત્રો અને ઓટોમેશનનું કેન્દ્ર બનાવવા માટે બધાએ સાથે મળીને કામ કરવું પડશે.' (પીટીઆઈ)■

# ભવિષ્યનાં યુદ્ધમાં ટેક્નોલોજીની ભરમાર હશે: લશ્કરી વડા

શિરડી (મહારાષ્ટ્ર): ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે શનિવારે જણાવ્યું હતું કે ભવિષ્યનાં યુદ્ધો બહુ-ક્ષેત્રીય હશે જેમાં જમીન, સમુદ્ર, હવા, સાયબર સ્પેસ યુદ્ધ એક સાથે ખેલાતા જોવા મળી શકે છે. અહિલ્યા નગર જિલ્લામાં એક સંરક્ષણ ઉત્પાદન એકમનાં ઉદ્‌ઘાટન પ્રસંગે જનરલ ચૌહાણે કહ્યું હતું કે આધુનિક યુદ્ધ ફક્ત માનવશક્તિ, પરંપરાગત શસ્ત્રો અથવા પ્લેટફોર્મ-કેન્દ્રિત કામગીરી પર આધારિત નથી રહ્યાં.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડ્રોન, રોબોટિક્સ, સાયબર સિસ્ટમ્સ, સ્પેસ ટેકનોલોજી, ચોકસાઈ સાથે હુમલો કરતાં શસ્ત્રો અને માહિતીનું પ્રભુત્વ ભવિષ્યના યુદ્ધોને નિર્ણાયક આકાર આપી રહ્યું છે. આગામી દિવસોમાં, ટેકનોલોજી, ઝડપ અને નવીનતા સફળ કામગીરી માટે નિર્ણાયક બનશે.

ભવિષ્યમાં, યુદ્ધના મેદાનો ફક્ત ભૌગોલિક જગ્યા સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ માહિતી નેટવર્ક, ડિજિટલ ઇકોસિસ્ટમ અને સાયબર ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધી મર્યાદિત રહેશે. નવીનતા લાવનારા અને ઝડપથી ઉત્પાદન કરી સશસ્ત્ર દળો ઝડપથી અનુકૂલન કરી શકનારા દેશો વ્યૂહાત્મક પ્રગતિ કરશે એવી જાણકારી પણ તેમણે આપી હતી. (પીટીઆઈ)■

# મેટ્રો-૧૧ વડાલાથી બાંદ્રા સુધી લંબાવવામાં આવશે




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાન્દ્રા (પૂર્વ)માં રેલવે સ્ટેશનને અડીને આવેલા ગરીબ નગરમાં શનિવારે પાંચમા અને અંતિમ દિવસે તમામ બાંધકામને તોડી પાડવામાં આવ્યા હતા. એ બાદ કાટમાળ સાફ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. મોડી સાંજે લગભગ તે પણ પૂર્ણ થઈ ગયું હતું.

બાન્દ્રા પૂર્વમાં ગરીબ નગરમાં ડિમોલિશન અભિયાનનો પાંચમા દિવસે ડિમોલિશન પ્રક્રિયા પૂર્ણ થયા પછી સ્થળ પરથી બાકી રહેલા કાટમાળને સાફ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. રેલવેના અધિકારીના જણાવ્યા મુજબ કામગીરીના અંતિમ તબક્કામાં આ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો તોડી પાડ્યા પછી બાકી રહેલા કાટમાળ અને કાટમાળને દૂર કરવાનો સમાવેશ થાય છે. પશ્ચિમ રેલ્વે દ્વારા બહાર

(જુઓ પાનું ૪) ▸▸

મુંબઈ: બાંદ્રા પૂર્વના ગરીબનગર વિસ્તારમાં અતિક્રમણ હટાવવાની ઝુંબેશ બાદ, હવે મેટ્રોના વિસ્તરણ માટેની હિલચાલ શરૂ થઈ ગઈ છે. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) દ્વારા મુંબઈ મેટ્રો-૧૧ ના વિસ્તૃત તબક્કા માટેનું પ્રાથમિક અંડરગ્રાઉન્ડ સર્વેક્ષણ શરૂ કરવામાં આવશે. આ માટે કન્સલ્ટન્ટ કંપનીની નિમણૂક કરવાની પ્રક્રિયા મેટ્રો વહીવટીતંત્રે શરૂ કરી દીધી છે.

આણિક ડેપોથી ગેટ વે ઓફ ઈન્ડિયા સુધી મુંબઈ મેટ્રો-૧૧ અંડરગ્રાઉન્ડ છે. આ રૂટ પર ધારાવી થઈને વડાલાથી બાંદ્રા ટર્મિનસ વચ્ચેના અંદાજે સાત કિલોમીટરના અંડરગ્રાઉન્ડ મેટ્રો માર્ગને રાજ્ય સરકારે તાજેતરમાં જ મંજૂરી આપી છે. આના કારણે બાંદ્રા ટર્મિનસથી અંડરગ્રાઉન્ડ મેટ્રો દ્વારા સીધા ગેટ વે ઓફ ઈન્ડિયા અને પૂર્વીય ઉપનગરોમાં પહોંચવું શક્ય બનશે.

પ્રસ્તાવિત મુંબઈ મેટ્રો-૧૧ સહિત વડાલાથી બાંદ્રા ટર્મિનસ સુધીના બંને અંડરગ્રાઉન્ડ મેટ્રો રૂટનું ભૂમિગત સર્વેક્ષણ કરવામાં આવશે. આમાં જમીનની અંદર આવેલી વિવિધ સુવિધાઓ તેમજ સંભવિત અવરોધોનું મેપિંગ તૈયાર કરવામાં આવશે. આ સર્વેક્ષણમાં ગ્રાઉન્ડ પેનિટ્રેટિંગ રડાર ટેક્નોલોજીની મદદથી પાંચ મીટરની ઊંડાઈ સુધીની અંડરગ્રાઉન્ડ

(જુઓ પાનું ૪) ▸▸

# વિધાન પરિષદની એક બેઠક માટે મહા યુતિમાં જંગ

## ભાજપના પ્રદેશ પ્રમુખ શિંદેને મળ્યા છતાં કોઈ ઉકેલ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓની ૧૭ બેઠકો પર વિધાન પરિષદની ચૂંટણીઓ યોજાઈ રહી છે, અને એવું લાગે છે કે મહાયુતિનો સામનો મહાવિકાસ આઘાડી સાથે થશે. જોકે, હાલમાં, ચિત્ર એ છે કે બેઠક વહેંચણીના આધારે મહાયુતિમાં જ જંગ થઈ રહ્યો છે. શનિવારે યોજાયેલી મહાયુતિની બેઠકમાં પણ અંતિમ ઉકેલ આવ્યો નથી, અને ૧ બેઠક પર વિવાદ ચાલુ છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાએ આ ચૂંટણીમાં ૭ બેઠકો પર પોતાનો દાવો મજબૂત રીતે રજૂ કર્યો છે. શિવસેનાએ અગાઉની ૫ અને નવી મજબૂત થયેલી ૨ બેઠકો સહિત કુલ ૭ બેઠકો માટે ભાજપને સત્તાવાર પ્રસ્તાવ રજૂ કર્યો હોવાનું જાણવા મળે છે. ભાજપે શિવસેનાને ફક્ત ૩ થી ૪ બેઠકો આપવાની તૈયારી બતાવી હતી. જોકે, એવું માનવામાં આવે છે કે કોકડું હવે ફક્ત એક જ બેઠક પર અટવાયેલું છે.

વિધાન પરિષદની ચૂંટણીમાં મહાયુતિ લગભગ બધી

(જુઓ પાનું ૪) ▸▸

**રાષ્ટ્રવાદી કોંગ્રેસ.**
રાયગઢ-રત્નાગીરી, સિંધુદુર્ગ, હિંગોલી , પરભણી

**શિવસેના**
થાણે, નાસિક, યવતમાલ,

**ભાજપ**
નાગપુર, વર્ધા - ચંદ્રપુર, ગઢચિરોલી, અહિલ્યાનગર છત્રપતિ સંભાજીનગર જાલના, સતારા - સાંગલી, પુણે, જલગાંવ, નાંદેડ, ભંડારા-ગોંદિયા, અમરાવતી, લાતુર, ધારાશિવ, બીડ,સોલાપુર

# ઍર ઈન્ડિયાની ઈમારતમાં નવું મંત્રાલય

## ₹ ૧,૬૦૧ કરોડની ખરીદી ઝડપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નરીમાન પોઈન્ટ ખાતે દરિયા કિનારે સ્થિત બાવીસ માળની એર ઈન્ડિયાની ઈમારતની લાંબા સમયથી પડતર સંપાદન પ્રક્રિયા હવે ઝડપી બનાવવામાં આવી છે. નાણાં વિભાગે ઈમારતની ખરીદી માટે રૂ. ૧,૬૦૧ કરોડનું ભંડોળ જાહેર બાંધકામ વિભાગ (PWD) ના શહેર ઈજનેરોને ટ્રાન્સફર કર્યું છે. ખરીદી કરાર (વેચાણ દસ્તાવેજ)નો ડ્રાફ્ટ કાયદા અને ન્યાય વિભાગને મોકલવામાં આવ્યો છે. AI એસેટ હોલ્ડિંગ કંપની (AIAHL) પાસેથી સંપાદન પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી ઍર ઇન્ડિયા બિલ્ડિંગમાં નવું મંત્રાલય શરૂ થશે.

મંત્રાલયમાં વિવિધ વિભાગો અને મંત્રી કચેરીઓ માટે જગ્યાની અછતને કારણે,

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈનાં સાતેય જળાશયોમાં ૧૮.૮૬ ટકા પાણીનો જથ્થો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: 'એલ-નીનો'ની અસર હેઠળ ચોમાસું નબળું રહેવાની શકયતા વચ્ચે મુંબઈમાં ૧૫ મેથી ૧૦% પાણી કાપ લાદવામાં આવ્યો હોવા છતાં, મુંબઈનાં સાત જળાશયોમાં કુલ ક્ષમતાના માત્ર ૧૮.૮૬% એટલે કે ફકત ૨,૭૨,૯૮૨ મિલ્યન લિટર પાણીનો જથ્થો બાકી બચ્યો છે.

પાલિકાએ તકેદારીના પગલારૂપે મુંબઈમાં ૧૫મી મે ૨૦૨૬થી ૧૦ ટકા પાણીકાપ લાગુ કરી દેતા દૈનિક પુરવઠો ૩,૯૫૦-૪,૧૦૦ થી ઘટાડીને ૩,૬૦૦-૩,૭૫૦ મિલિયન લિટર કરવામાં આવ્યો છે. પાણીકાપ લાગુ કરવાને કારણે જળાશયોમાં બાકી રહેલું પાણી મુંબઈગરાને જુલાઈ સુધી ચાલી રહેશે પણ નબળા ચોમાસાને ડરને કારણે પાલિકાની ચિંતામાં વધારો થયો છે.

પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે હવામાન વિભાગની

(જુઓ પાનું ૪) ▸▸

## સોમવારથી નવી મુંબઈમાં પણ ૧૦ ટકા પાણીકાપ

નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારને પાણી પૂરું પાડતા મોરબે ડેમ જળાશયમાં પાણીના જથ્થામાં ઘટાડો થઈ રહ્યો છે. સાવચેતીના પગલા તરીકે લાંબા સમય સુધી પાણી ઉપલબ્ધ રહે તે માટે અને 'એલ-નીનો' અને ઓછા વરસાદને ધ્યાનમાં રાખીને નવી મુંબઈ મહાનગરપાલિકાએ સોમવાર, ૨૫ મે, ૨૦૨૬ થી ૧૦% પાણી કાપ મૂકવાનો નિર્ણય લીધો છે .નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં એમ.એ.વી. મહામંડળના મોરબે ડેમ અને બારવી ડેમમાંથી દૈનિક પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે. મોરબે ડેમની કુલ પાણી

(જુઓ પાનું ૪) ▸▸

# દ.મુંબઈમાં સતત બીજા દિવસે વીજળીના ધાંધિયા

**ગરમીને કારણે વીજળીની માગ ૪,૫૦૦ મેગાવોટને વટાવી ગઈ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સતત ગરમી અને વધતા તાપમાન વચ્ચે વારંવાર વીજળી ગુલ થવાથી દક્ષિણ મુંબઈના રહેવાસીઓ છેલ્લા અનેક દિવસોથી હાલાકી વેઠી રહ્યા છે. તેમાં પણ કિંગ્સ સર્કલ, ગિરગાવમાં સર્જાયેલી ખામીને કારણે દાદર અને વડાલામાં વીજ પુરવઠો ખંડિત થઈ જતા નાગરિકો પારવાર હેરાન થઈ રહ્યા છે. શુક્રવારે કલાકો સુધી વીજપુરવઠો ખંડિત રહ્યા બાદ મોડી રાત્રે ઘણા બેસ્ટ નેટવર્ક પર વીજળી પુરવઠો પુનઃસ્થાપિત થતા ગિરગાંવના રહેવાસીઓને રાહત મળી હતી, જ્યારે દાદર અને વડાલાના કેટલાક ભાગોમાં શનિવારે સવારે ફરીથી વીજળી ગુલ થઈ ગઈ હતી. બેસ્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે વધુ પડતી ગરમીને કારણે વચ્ચે એર કંડિશનરના વધુ પડતા ઉપયોગને કારણે રેકોર્ડબ્રેક વીજળી

(જુઓ પાનું ૪) ▸▸

**મોબાઈલ હૅક કરવાની નવી પદ્ધતિ**

# ભાજપના કાર્યકરે વૉટ્સઍપ પર આવેલી ફાઇલ ઑપન કરી અને તેમનો મોબાઇલ હૅક થઇ ગયો

## તેમના નંબર પરથી પુત્રના લગ્નની આમંત્રણપત્રિકા ઘણા લોકો સુધી પહોંચી ગઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: 'બેગાની શાદી મેં અબ્દુલ્લા દીવાના' સાંભળ્યું હશે, પણ ઘાટકોપરના ગુજરાતી અને તેમના કોન્ટેક્ટ લિસ્ટમાંના લોકો માટે 'બેગાની શાદી મેં મોબાઇલ હૅક' જેવી કહેવત લખવી પડે એવા સંજોગો થયા. થયું એવું કે ભાજપના કાર્યકર પીયૂષ ચંપકલાલ દાસે વૉટ્સઍપ મેસેજ જોતી વખતે એક ફાઇલ ભૂલથી ઑપન કરી દીધી અને તરત જ તેમનો મોબાઇલ હૅક થઇ ગયો. જોકે વાત આટલેથી પતી નહીં, તેમના કોન્ટેક્ટ લિસ્ટમાંના લોકોને તેમના નંબર પરથી તેમના પુત્રના લગ્નની આમંત્રણપત્રિકા પહોંચી ગઇ. સાથે ગુજરાતીમાં લખાયેલો મેસેજ પણ હતો. એ આમંત્રણપત્રિકા જે જે લોકોએ જોઇ તેમના મોબાઇલ પણ હૅક થયા હતા. છેને સાવ અવનવી ને ચકરાવે ચડાવી દે એવી મોબાઇલ હૅક કરવાની નવી પદ્ધતિ.

(જુઓ પાનું ૪) ▸▸

# પેટ્રોલ - ડીઝલના કાળાબજાર સામે ફડણવીસની ચેતવણી

## ખેડૂતોને પુરવઠાની ખાતરી

શિરડી : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે કહ્યું કે ગ્રામીણ વિસ્તારોમાં ઇંધણ સરળતાથી ઉપલબ્ધ નથી, પરંતુ તેમણે અધિકારીઓને ખેડૂતોને અવિરત ડીઝલનો પુરવઠો મળતો રહે એની તકેદારી રાખવા સૂચના આપી છે. શિરડીમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે ખેડૂતોના નામે બળતણના કાળાબજાર સામે કડક ચેતવણી આપી રાજ્યના કેટલાક ભાગોમાં વેચાણમાં અચાનક ૨૦ થી ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો (જુઓ પાનું ૪) ▸▸

# મંદિરનાં ટ્રસ્ટ મહારાષ્ટ્રના પ્રસ્તાવિત કાયદાનો વિરોધ કરવા સજ્જ

થાણે: મહારાષ્ટ્ર મંદિર મહાસંઘ રવિવારે રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરી પ્રસ્તાવિત રાજ્ય દેવસ્થાન ઇનામ નાબૂદી ડ્રાફ્ટ એક્ટ, ૨૦૨૬ ને પાછો ખેંચવાની માગણી કરશે. પ્રસ્તાવિત કાયદો હિન્દુ મંદિરોની મિલકતોને લક્ષ્ય બનાવી વકફ જમીનને તેના કાર્યક્ષેત્રમાંથી બાકાત રાખે છે એવો આરોપ કરવામાં આવ્યો છે.

આ ડ્રાફ્ટ કાયદાનો ઉદ્દેશ્ય લાંબા સમયથી મંદિર ટ્રસ્ટોની માલિકીની જમીનના ભાડૂતો અને કબજેદારોને માલિકી હકો આપવાનો છે. એમાં વણ ઉકેલાયા વિવાદોનો ઉકેલ લાવવા અને ચાર લાખ હેક્ટર જમીનને મુક્ત કરવાનો પ્રસ્તાવ છે. જોકે, હિન્દુ સંગઠનો તેનો સખત વિરોધ કરી રહ્યા છે.

મહાસંઘે શનિવારે દાવો કર્યો હતો કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, પ્રધાનો અને જિલ્લા કલેક્ટરોને ૩૦૦થી વધુ આવેદન પાત્ર સુપરત કરવામાં આવ્યાં છે જેમાં

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** "મુંબઈ સમાચાર સાપ્તાહિક" પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના "મુંબઈ સમાચાર" પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**